દૈનિક સૌરાષ્ટ્ર આવૃત્તિ

# મુંબઈ સમાચાર

૨૦૩ વર્ષ

R.N.I. No. GUJ GUJ/2013/58486 *

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપના: ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તક: ૨૦૩ ■ Volume 67 ■ Issue 209 ■ વિક્રમ સંવત ૨૦૮૦

■ શ્રાવણ વદ - 30 ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 2 September 2024, Monday ■ REGD.No. MCS/058/2018-20

સોમવાર, ૨ સપ્ટેમ્બર ૨૦૨૪, (૧૨ પાનાં) કિંમત ₹ ૧૦.૦૦ ધર્મતેજ પૂર્તિ ૫ ૬ ૭ ૮ LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# કમર્શિયલ રાંધણગૅસમાં ભાવવધારો

## મુંબઈમાં ૧૯ કિલોના સિલિન્ડરનો ભાવ ₹ ૧૬૪૪ થયો

નવી દિલ્હીઃ ઈંધણના આંતરરાષ્ટ્રીય દરોને આધારે રવિવારે કરવામાં આવેલા ભાવમાં સુધારાને પગલે વિમાનો માટે વપરાતું જેટ ફ્યુઅલ અથવા એટીએફ ૪.૬ ટકા સસ્તું થયું હતું, જ્યારે હૉટેલો અને રેસ્ટૉરન્ટમાં વાપરવામાં આવતા વ્યાવસાયિક ૧૯ કિલોના સિલિન્ડરમાં રૂ. ૩૯નો વધારો કરવામાં આવ્યો છે.

એવિયેશન ટર્બાઈન ફ્યુઅલ (એટીએફ)ની કિંમતમાં રૂ. ૪,૪૯૫.૫૦ પ્રતિ કિલોલીટરનો એટલે કે ૪.૫૮ ટકા ઘટાડો કરવામાં આવ્યો હતો અને હવે દેશની રાજધાનીમાં તેનો ભાવ રૂ. ૯૩,૪૮૦.૨૨ પ્રતિ કિલોલીટર થઈ ગયો છે. ભાવમાં કરવામાં આવેલા આ ઘટાડાને કારણે એરલાઈન્સને રાહત મળશે જેમની ઓપરેટિંગ કોસ્ટમાં લગભગ ૪૦ ટકા ફક્ત ઈંધણનો ખર્ચ હોય છે.

ભાવમાં કરવામાં આવેલો આ ઘટાડો સળંગ બે મહિનાના વધારા બાદ આવ્યો હતો. પહેલી ઑગસ્ટે ઈંધણના ભાવમાં બે ટકા વધારો એટલે કે રૂ. ૧,૮૨૭.૩૪ પ્રતિ કિલોલીટર અને જુલાઈમાં ૧.૨ ટકા વધારો એટલે કે રૂ. ૧,૧૭૯.૩૭ પ્રતિ કિલોલીટરનો કરવામાં આવ્યો હતો. આ પહેલાં જૂન મહિનામાં આંતરરાષ્ટ્રીય કિંમતોમાં આવેલા કડાકાને પગલે ૬.૫ ટકાનો ઘટાડો (રૂ. ૬,૬૭૩.૮૭ કિલોલીટર) થયો હતો. મુંબઈમાં જેટ ફ્યુઅલની કિંમત પ્રતિ કિલોલીટર રૂ. ૮૭,૪૩૨.૭૮ રહી હતી જે પહેલાં રૂ. ૯૧,૬૫૦.૩૪ પ્રતિકિલોલીટર હતી.

દરેક રાજ્યના દરમાં ફરક હોય છે કેમ કે સ્થાનિક કરો અલગ અલગ હોય છે.

આ સાથે દેશની ઑઈલ કંપનીઓએ કમર્શિયલ રાંધણ ગૅસની કિંમતમાં ૧૯ કિલોના સિલિન્ડરની કિંમતમાં રૂ. ૩૯નો વધારો કરતાં હવે આ સિલિન્ડરના દર દિલ્હીમાં રૂ. ૧,૬૯૧.૫૦, મુંબઈમાં રૂ. ૧૬૪૪, કોલકાતામાં રૂ. ૧૮૦૨.૫૦ અને ચેન્નઈમાં રૂ. ૧,૮૫૫ થયા હતા. અહીં ઉલ્લેખનીય છે કે કમર્શિયલ ગૅસની કિંમતમાં આ સળંગ બીજો વધારો છે. એક ઑગસ્ટે રૂ. ૬.૫૦નો વધારો ૧૯ કિલોના સિલિન્ડરમાં કરવામાં આવ્યો હતો. આ પહેલાં સળંગ ચાર મહિના સુધી કમર્શિયલ ગૅસના ભાવમાં ઘટાડો નોંધાયો હતો અને ચાર મહિનામાં ૧૯ કિલોના સિલિન્ડરના દરમાં કુલ રૂ. ૧૪૮નો ઘટાડો થયો હતો. જોકે ઘરગથ્થુ ગૅસની કિંમતમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નહોતો અને આ રાંધણગૅસની કિંમત ૧૪.૨ કિલોના સિલિન્ડરના રૂ. ૮૦૩ રહ્યા હતા. પેટ્રોલ અને ડીઝલની કિંમતમાં પણ કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી.

સરકારે શનિવારથી અમલી (જુઓ પાનું ૨) ▸▸

## સતીશ કુમારે રેલવે બોર્ડના અધ્યક્ષ અને સીઈઓ તરીકે સંભાળ્યો કાર્યભાર

નવી દિલ્હીઃ સતીશ કુમારે રવિવારે રેલવે બોર્ડના ચેરમેન અને ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર (સીઈઓ) નો ચાર્જ સંભાળ્યો હતો. રેલવે મંત્રાલયે એક અખબારી નિવેદનમાં જણાવ્યું હતું. સતીશ કુમારે જયા વર્મા સિન્હાનું સ્થાન લીધું જેઓ ૩૧ ઓગસ્ટ, ૨૦૨૪ના રોજ નિવૃત્ત થયા હતા.

રેલવે બોર્ડે જણાવ્યું હતું કે કેબિનેટની નિમણૂક સમિતિએ અગાઉ સતીશ કુમારની રેલવે બોર્ડના અધ્યક્ષ અને સીઈઓ તરીકે નિમણૂકને મંજૂરી આપી હતી. રેલવે બોર્ડે જણાવ્યું હતું કે ઇન્ડિયન રેલવે સર્વિસ ઓફ મિકેનિકલ એન્જિનિયર્સના ૧૯૮૬ની બેચના અધિકારી કુમારે પોતાના ૩૪ વર્ષોથી વધુના શાનદાર કરિયર દરમિયાન ભારતીય રેલવેમાં મહત્ત્વપૂર્ણ યોગદાન આપ્યું છે.

બોર્ડના એક અધિકારીએ જણાવ્યું હતું કે, "૮ નવેમ્બર, ૨૦૨૨ના રોજ તેમણે ઉત્તર મધ્ય રેલવે પ્રયાગરાજના જનરલ મેનેજર તરીકેનો ચાર્જ સંભાળ્યો હતો અને તેમની જાહેર સેવાની સફરમાં વધુ એક સીમાચિહ્નરૂપ હતું."

તેમણે પ્રતિષ્ઠિત માલવિય નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટેક્નોલોજી, જયપુરમાંથી મિકેનિકલ એન્જિનિયરિંગમાં બીટેક કર્યું છે. ■

## ગુજરાતના મોસ્ટ વૉન્ટેડ સટ્ટાખોર દીપક ઠક્કરની દુબઈથી ધરપકડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરના માધુપુરામાંથી ઝડપાયેલા રૂપિયા બે હજાર કરોડના ક્રિકેટ સટ્ટા બેટિંગ અને ડબ્બા ટ્રેડિંગના કૌભાંડમાં પોલીસને રવિવારે મોટી સફળતા મળી હતી. સ્ટેટ મોનિટરિંગ સેલની ટીમે મોસ્ટ વૉન્ટેડ સટ્ટાખોર દીપક ધીરજલાલ ઠક્કરની દુબઈમાં ધરપકડ કરી હતી. ૪૩ વર્ષીય દીપક ઠક્કર બનાસકાંઠાના ડીસા તાલુકાના બાબર ગામનો છે. તે ડબ્બા ટ્રેડિંગની એક એપ્લિકેશનના મારફતે સટ્ટો રમાડતો હતો અને દુબઈથી સમગ્ર રેકેટને ઓપરેટ કરતો હતો. હવાલાથી રૂપિયા દુબઈ પહોંચતા હતા. દીપકની ધરપકડથી અનેક ખુલાસાઓ થઈ શકે છે.

સટ્ટાખોર દીપક ઠક્કર સામે છેતરપિંડી, બનાવટ, કાવતરું અને આઈટી એક્ટ હેઠળ ગુનો નોંધાયો હતો. દીપક ઠક્કર ઘણા વર્ષોથી તે ભારત છોડીને દુબઈથી સટ્ટાનું નેટવર્ક ચલાવતો હતો. સીબીઆઈએ તેની સામે ઈન્ટરપોલ તરફથી રેડ કોર્નર નોટિસ જારી કરી હતી. સીબીઆઈની રેડ કોર્નર નોટિસ પર પહેલા દુબઈ પોલીસે ધરપકડ કરી અને ત્યારબાદ ગુજરાત પોલીસે દીપકનો કબજો મેળવ્યો હતો. ગુજરાત પોલીસે સીબીઆઈ અને ઈન્ટરપોલના સહયોગથી આ કાર્યવાહી કરી હતી. પોલીસે આરોપી દીપક ઠક્કર વિરુદ્ધ તમામ પુરાવા એકત્ર કરી લીધા છે અને હવે તેને કોર્ટમાં રજૂ કરવામાં આવશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, માધુપુરા સટ્ટા બેટિંગ કેસમાં અત્યાર સુધી ૩૫ વધુ આરોપીઓ ઝડપાઇ ચૂક્યા છે. માધુપુરામાં પીસીબીએ દરોડો પાડીને ગુજરાતના સૌથી મોટા રૂપિયા બે હજાર કરોડના ક્રિકેટ સટ્ટા બેટિંગ અને ડબ્બા ટ્રેડિંગના કૌભાંડનો પર્દાફાશ કરાયો હતો. જો કે આ કેસમાં તે સમયના પીસીબીના પી.આઇ. તરલ ભટ્ટની શંકાસ્પદ કામગીરીને (જુઓ પાનું ૨) ▸▸

## જીએસટીની આવકમાં દસ ટકાનો વધારો

નવી દિલ્હીઃ જીએસટીનું ઑગસ્ટ મહિનાનું કુલ કલેક્શન ૧૦ ટકા જેટલું વધીને રૂ. ૧.૭૫ લાખ કરોડ સુધી પહોંચી ગયું છે, એમ સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલા આંકડામાં જણાવવામાં આવ્યું છે.

ગુડ્સ એન્ડ સર્વિસીસ ટેક્સ (જીએસટી) મહેસૂલી આવક ગયા વર્ષના ઑગસ્ટ મહિનામાં રૂ. ૧.૫૯ લાખ કરોડ હતી, જ્યારે જુલાઈમાં જીએસટીથી રૂ. ૧.૮૨ લાખ કરોડની આવક થઈ હતી.

ઑગસ્ટ ૨૦૨૪માં ડોમેસ્ટિક મહેસૂલી આવકમાં ૯.૨ ટકાનો વધારો થયો હતો અને તે હવે રૂ. ૧.૨૫ લાખ કરોડ પર પહોંચી હતી. જીએસટીની ઈમ્પોર્ટસ પરની કુલ મહેસૂલી આવકમાં ૧૨.૫ ટકાનો વધારો થયો હતો અને તે રૂ. ૪૯,૯૭૬ કરોડ પર પહોંચી ગઈ હતી.

આ મહિના દરમિયાન રૂ. ૨૪,૪૬૦ના રિફન્ડ આપવામાં આવ્યા હતા અને તેમાં એક વર્ષ પહેલાંના સમય કરતાં ૩૮ ટકાનો વધારો નોંધાયો હતો. રિફંડને બાદ કર્યા બાદ જીએસટીની મહેસૂલી આવકમાં ૬.૫ ટકાનો વધારો નોંધાયો છે અને તે રૂ. ૧.૫૦ લાખ કરોડ રહી છે. (પીટીઆઈ)■

## ગુજરાતમાં પૂરથી થયેલા નુકસાનની આકારણી માટે ટીમ રચાઈ

નવી દિલ્હીઃ ગુજરાતમાં પડેલા ભારે વરસાદ અને પૂરની સ્થિતિને કારણે થયેલા નુકસાનની આકારણી કરવા માટે ગૃહ મંત્રાલય દ્વારા એક આંતર-મંત્રાલય ટુકડી ગઠિત કરવામાં આવી છે.

આ ટીમ ગુજરાતના પૂરગ્રસ્ત જિલ્લાઓની મુલાકાત લેશે. ૨૫થી ૩૦ ઑગસ્ટની વચ્ચે ગુજરાતમાં ભારે વરસાદ અને પૂરની સ્થિતિ સર્જાઈ હતી. રાજ્યમાં ૨૬ અને ૨૭ ઑગસ્ટના રોજ ભારે વરસાદ સાથે સંકળાયેલા બનાવોને પગલે ઓછામાં ઓછા ૨૫ લોકોએ પોતાના જીવ ગુમાવ્યા હતા.

કેન્દ્ર સરકાર દ્વારા બહાર પાડવામાં આવેલા નિવેદનમાં જણાવવામાં આવ્યું છે કે ગૃહ મંત્રાલય દ્વારા આંતર-મંત્રાલય ટીમ ગઠિત કરવામાં આવી છે અને તેનું નેતૃત્વ નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ડિઝાસ્ટર મેનેજમેન્ટના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર પાસે રહેશે.

ભારેથી અતિભારે વરસાદની અસર મધ્ય પ્રદેશ અને રાજસ્થાનમાં પણ જોવા મળી હતી. બીજી તરફ ભારે વરસાદના અનેક તબક્કા, વાદળ ફાટવું, ભેખડો ધસી પડવી વગેરે બનાવને કારણે હિમાચલ પ્રદેશમાં પણ ભારે નુકસાન થયું છે.

ગૃહ મંત્રાલય આ રાજ્યોના અધિકારીઓ સાથે પણ સંપર્કમાં છે અને જો ત્યાં પણ ભારે વરસાદને કારણે મોટા નુકસાનની જાણકારી મળશે તો આ રાજ્યો માટે પણ નુકસાનની આકારણી કરવા માટે કેન્દ્રીય ટીમ મોકલવામાં આવશે.

વડા પ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળ કેન્દ્ર સરકાર અસરગ્રસ્ત રાજ્યોને બધી જ સહાય કરવા માટે પ્રતિબદ્ધ છે, એમ પણ નિવેદનમાં જણાવવામાં આવ્યું હતું. (પીટીઆઈ)■

## રિયલ એસ્ટેટમાં તેજી

### ૨૧ મોટી કંપનીએ ત્રિમાસિક ગાળામાં ૩૫ હજાર કરોડની સંપત્તિ વેચી

નવી દિલ્હીઃ દેશમાં રિયલ એસ્ટેટ વિકાસ સાથે સંકળાયેલી ૨૧ મોટી લિસ્ટેડ કંપનીઓએ એપ્રિલ-જૂન ક્વાર્ટર દરમિયાન આશરે ૩૫,૦૦૦ કરોડ રૂપિયાની મિલકતોની સંપત્તિ વેચી હતી. આ પૈકી ગોદરેજ પ્રોપર્ટીઝે સૌથી વધુ વેચાણ બુકિંગ કર્યું હતું. કેટલાકને બાદ કરતાં તમામ મોટા લિસ્ટેડ રિયલ એસ્ટેટ ડેવલપર્સે એપ્રિલ-જૂન ક્વાર્ટરમાં વેચાણ બુકિંગમાં વાર્ષિક વૃદ્ધિ દર્શાવી છે. આમાં રહેણાંક મિલકતો ખાસ કરીને વૈભવી ઘરોની મજબૂત ગ્રાહક માગનું મોટું યોગદાન રહ્યું છે.

શેર બજારને આપવામાં આવેલી માહિતી અનુસાર, ભારતની ૨૧ અગ્રણી લિસ્ટેડ રિયલ એસ્ટેટ કંપનીઓએ નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ના પ્રથમ ત્રિમાસિક ગાળામાં (જુઓ પાનું ૨) ▸▸

## તેલંગણા, આંધ્ર, ઓડિશા અને રાજસ્થાનમાં વ્યાપક વરસાદ

હૈદરાબાદ / ભુવનેશ્વર/ જયપુર : ધોધમાર વરસાદે તેલંગણા, આંધ્ર પ્રદેશ, ઓડિશા અને રાજસ્થાનમાં જોરદાર હાજરી નોંધાવી હતી. મુશળધાર વરસાદે તેલંગણાના હૈદરાબાદ સહિતના અનેક વિસ્તારોને ધમરોળી નાખ્યા હતા. મુખ્ય પ્રધાન રેવંત રેડ્ડીએ પ્રધાનો, અધિકારીઓ અને ચૂંટાયેલા પ્રતિનિધિઓ સાથે બેઠક યોજી હતી. રેડ્ડીએ વરસાદગ્રસ્ત વિસ્તારોની પરિસ્થિતિની સમીક્ષા કરી હતી અને પ્રધાનો ભટ્ટી વિક્રમરકા, એન. ઉત્તમકુમાર રેડ્ડી, તુમ્માલા નાગેશ્વર રાવ, દામોદર રાજા નરસિંહા અને જુપાલી કૃષ્ણા રાવ સાથે ફોન પર વાત કરીને પૂરગ્રસ્ત વિસ્તારોમાં ચાલતી રાહત કામગીરીની સમીક્ષા કરી હતી. હવામાન ખાતાએ રવિવારે એવી ચેતવણી આપી હતી કે તેલંગણાના જિલ્લાઓ અદિલાબાદ, નિર્મળ, નિઝામાબાદ, કામારેડ્ડી, મહબૂબનગર, નાગકુમુલ, વાનાપાર્થી, નારાયણપેટ, જોગુલંબા ગડવાલ, મહબૂબાબાદ અને જનગાંવમાં રવિવારના સવારના સાડાઆઠ વાગ્યાથી બીજી સપ્ટેમ્બરના સવારના સાડાઆઠ વાગ્યા સુધી અતિ ભારેથી પ્રચંડ ભારે વરસાદ પડશે. ભારે વરસાદને લીધે સાઉથ સેન્ટ્રલ રેલવેના અનેક સ્ટેશનોના પાટા પર પાણી ભરાઈ ગયું છે. અનેક પેસેન્જર ટ્રેન રદ કરાઈ અથવા તો બીજે વાળવામાં આવી હતી. ઉત્તર આંધ્ર પ્રદેશ અને ઓડિશાના (જુઓ પાનું ૨) ▸▸

## અમદાવાદમાં સ્ટ્રીટ વેન્ડિંગ પૉલિસીનો ૧૫ દિવસમાં અમલઃ રોડ પરથી લારી-ગલ્લા દૂર થશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજ્યમાં ટ્રાફિકની સમસ્યા દિનપ્રતિદિન વણસી રહી છે. શહેરોમાં ટ્રાફિકની સમસ્યા માટે સૌથી વધારે જવાબદાર રોડ પરના ગેરકાયદેસર લારી-ગલ્લાના દબાણો તેમજ આડેધડ વાહન પાર્કિંગ છે. ખાસ કરીને રોડ પર લારી-ગલ્લાના દબાણો હોવાથી રોડપર વાહનચાલકોથી લઈ રાહદારીઓને હાલાકીનો સામનો કરવો પડે છે. અમદાવાદને દબાણ મુક્ત શહેર બનાવવા માટે મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા સ્ટ્રીટ વેન્ડિંગ પૉલિસીનો આગામી ૧૫ દિવસમાં અમલ શરૂ કરવામાં આવશે. શહેરમાં આવેલા સાત ઝોનના ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનરની અધ્યક્ષતામાં હવે પૉલિસીનો અમલ કરવામાં આવશે.

અમદાવાદ શહેરમાં હવે નોંધાયેલા ફેરિયાઓ જે સ્થળો પર વેન્ડિંગ ઝોન જાહેર કરવામાં આવ્યો છે, ત્યાં જ લારી કે ગલ્લો લઈ ઊભા રહી શકશે. જેના માટે મ્યુનિસિપલ કોર્પોરેશનને દર મહિને રૂ. ૬૦૦થી લઇ ૨૫૦ રૂપિયા સુધીની ફી પણ ચૂકવવાની રહેશે. રોડ પર રાંધણ (કુકિંગ) બનાવનાર ફેરિયાઓનો સ્ટ્રીટ વેન્ડર્સમાં સમાવેશ કરવામાં આવ્યો નથી. શહેરમાં નક્કી કરેલા ૪૧૫ જેટલા રસ્તા ઉપર વેન્ડિંગ ઝોનમાં મ્યુનિસિપલ કોર્પોરેશનમાં નોંધાયેલા ૬૨,૦૦૦ જેટલા ફેરિયાઓ લારી-ગલ્લા લઈને ઊભા રહી શકશે. ખાસ કરીને સાબરમતી રિવરફ્રન્ટ, ભદ્ર, જોધપુર, બોપલ, મણિનગર, ગોતા, ઠક્કરબાપાનગર સહિતના વિસ્તારોમાં અગાઉથી સ્ટ્રીટ વેન્ડર નોંધાયેલા છે. વેન્ડિંગ પૉલિસી મુજબ નવા સ્ટ્રીટ વેન્ડરની નોંધણી પણ શરૂ કરવામાં આવશે.શહેરમાં અંદાજે ૭૫ હજાર જેટલા ફેરિયાઓ છે, તે તમામ ફેરિયાઓનો ફરીથી સર્વે કરી અને તેમના રિન્યુની ચકાસણી કરવામાં આવશે. ■





**ભારે વરસાદ :** રવિવારે ગુવાહાટીમાં ધોધમાર વરસાદ પડ્યો હતો. તસવીરમાં શાકભાજીવાળો જળબંબાકાર ગલીમાં અને બીજી તસવીરમાં એક વ્યક્તિ હંગામી થર્મોકોલ બોટમાં મુસાફરી કરીને અનિલ નગર વિસ્તારમાં આગળ વધી રહ્યો છે. (પીટીઆઈ ફોટો)

## વંદે ભારત સ્લીપર કોચના પ્રોટોટાઈપ વર્ઝનનું અનાવરણ

બેંગલૂરુઃ રેલવે પ્રધાન અશ્વિની વૈષ્ણવે રવિવારે બીઇએમએલની સુવિધામાં વંદે ભારત સ્લીપર કોચના પ્રોટોટાઇપ વર્ઝનનું અનાવરણ કર્યું હતું. આ તકે વૈષ્ણવે પત્રકારોને જણાવ્યું કે કોચને આગળના પરીક્ષણ માટે ટ્રેક પર લઇ જતા પહેલા આગામી દસ દિવસ સુધી સખત પરીક્ષણો અને તપાસમાંથી પસાર થવું પડશે. તેમણે કહ્યું કે આવતા ત્રણ મહિનામાં ટ્રેન પેસેન્જર કામગીરી માટે ખુલવાની અપેક્ષા છે. વંદે ભારત ચેર કાર પછી અમે વંદે ભારત સ્લીપર કાર પર કામ કરી રહ્યા હતા. જેનું નિર્માણ કાર્ય હવે પૂર્ણ થઇ ગયું છે. આ ટ્રેન આજે બીઇએમએલ સુવિધામાંથી પરીક્ષણ અને નિરીક્ષણ માટે જશે. એક વાર વંદે ભારત સ્લીપર કારના પ્રોટોટાઇપનું યોગ્ય રીતે પરીક્ષણ થઇ જાય પછી ઉત્પાદનની શ્રેણી શરૂ થશે. રેલવે પ્રધાને જણાવ્યું કે અમે દોઢ વર્ષ પછી ઉત્પાદનની શ્રેણી શરૂ કરીશું. ત્યારે એવું બનશે કે વ્યવહારિક રીતે દર મહિને બેથી ત્રણ ટ્રેનો દોડવા લાગશે. નવી ટ્રેનની ડિઝાઇન બનાવવી ખૂબ જ (જુઓ પાનું ૨) ▸▸

## રશિયાએ યુક્રેનના ૧૫૮ ડ્રોન તોડ્યા

મોસ્કો : રશિયાના હવાઈ સંરક્ષણે શનિવારે રાત્રે યુક્રેનના ૧૫૮ ડ્રોનને આંતરી એનો ખુરદો બોલાવી દીધો હતો. સંરક્ષણ મંત્રાલયે માહિતી આપી હતી કે આમાંના બે મોસ્કો શહેરની અને નવ મોસ્કોની આસપાસના વિસ્તારમાં ઊડી રહ્યા હતા. ૪૬ ડ્રોન કુર્સ્ક વિસ્તારમાં તોડી પડાયા હતા, જ્યાં યુક્રેને તેના લશ્કરી દળો મોકલીને બીજા વિશ્વયુદ્ધ પછીનું રશિયાની ધરતી પર સૌથી મોટું અતિક્રમણ કર્યું છે. આમાંથી ૩૪ ડ્રોન બ્રીયાન્સ્ક વિસ્તારમાં, ૨૮ ડ્રોન વોરોનેઝ વિસ્તારમાં અને ૧૪ ડ્રોન બેલગોરોડ વિસ્તારમાં તોડી પડાયા હતા. આ ત્રણેય વિસ્તારો યુક્રેનની નજીક આવ્યા છે. રશિયાના અંતરિયાળ વિસ્તાર તવેરમાં અને રશિયાની રાજધાનીથી ઈશાને આવેલા ઈવાનોવોમાં પણ ડ્રોન તોડી પડાયા હતા. (એજન્સી)■

## કેન્દ્ર, રાજ્યોના ઉદ્યોગ પ્રધાનોની ગુરુવારે બેઠક

નવી દિલ્હીઃ દેશના ઔદ્યોગિક વિકાસને વેગ આપવાની પદ્ધતિઓ પર ચર્ચા કરવા માટે ૫ સપ્ટેમ્બરના રોજ કેન્દ્ર અને રાજ્યના ઉદ્યોગ પ્રધાનો વચ્ચે એક બેઠક યોજાશે. આ બેઠકની અધ્યક્ષતા વાણિજ્ય અને ઉદ્યોગ પ્રધાન પીયૂષ ગોયલ કરશે. આ માહિતી એક અધિકારીએ આપી હતી.

અધિકારીએ જણાવ્યું કે ઉદ્યોગ રાજ્યનો વિષય છે. તેથી તેઓ આ ક્ષેત્રને પ્રોત્સાહન આપવા માટે મુખ્ય હિસ્સેદારો છે. આ બેઠકમાં મેન્યુફેક્ચરિંગને પ્રોત્સાહન આપવાના પ્રકારો, ઉદ્યોગને પ્રોત્સાહન આપવા અને રાજ્યના મુદ્દાઓ જેવા મુદ્દાઓ પર ચર્ચા થઇ શકે છે એમ અધિકારીએ જણાવ્યું હતું. આ દિશામાં કેન્દ્ર પહેલેથી જ ઘણાં પગલાં લઇ રહ્યું છે. જેમાં અનુપાલન ભારણ ઘટાડવું, વેપાર કરવામાં સરળતાને પ્રોત્સાહન આપવું અને ઔદ્યોગિક ટાઉનશિપની સ્થાપનાનો સમાવેશ થાય છે.

તાજેતરમાં ભારત સરકારે ઘરેલુ ઉત્પાદનને વેગ આપવા માટે ઉત્તર પ્રદેશના ગ્રેટર નોઇડા અને ગુજરાતના ધોલેરાની તર્જ પર ૧૦ રાજ્યોમાં ૧૨ નવાં ઔદ્યોગિક શહેરોને મંજૂરી આપી છે. જેમાં અંદાજે ૨૮,૬૦૨ કરોડ રૂપિયાનું રોકાણ થશે. આ ઔદ્યોગિક વિસ્તારોમાં ઉત્તરાખંડના ખુરપિયા, પંજાબના રાજપુરા-પટિયાલા, મહારાષ્ટ્રના દિઘી, કેરળના પલક્કડ, ઉત્તર પ્રદેશના આગ્રા અને પ્રયાગરાજ, બિહારના ગયા, તેલંગાણાના (જુઓ પાનું ૨) ▸▸

## કોર્ટ દરેક કેસનો ઝડપી નિકાલ કરેઃ રાષ્ટ્રપતિ

નવી દિલ્હી : ભારતનાં રાષ્ટ્રપતિ દ્રૌપદી મૂર્મુએ રવિવારે કહ્યું હતું કે કેસની સુનાવણી મોકૂફ રાખવાની પ્રથા બદલવા પ્રયાસ કરવાની જરૂર છે, જેથી દરેક નાગરિકને તત્કાળ ન્યાયની ખાતરી મળે. તેમણે કહ્યું હતું કે અદાલતમાં પડતર કેસનો ખડકલો એ આપણી સામેનો મોટો પડકાર છે. દેશના જજની એ જવાબદારી છે કે તેઓ ઝડપી ન્યાય કરીને ન્યાયતંત્રમાંના લોકોના વિશ્વાસનું રક્ષણ કરે. કેન્દ્રના કાયદાપ્રધાન અર્જુન રામ મેઘવાલે રવિવારે કહ્યું હતું કે ભારતમાં ન્યાય આપવાની સિસ્ટમ 'તારીખ પે તારીખ' સંસ્કૃતિથી પીડાય છે. કેસમાં વિલંબ કરવાની સામાન્ય પ્રથાને તોડવાની જરૂર છે અને આવા પ્રયાસથી નાગરિકોમાં અદાલતોમાં રહેલા વિશ્વાસને મજબૂત બનાવશે.

તેમણે કહ્યું હતું કે 'કોર્ટના વિચારાધીન લિટિગેશનમાં ન્યાય આપવામાં વિલંબની ગંભીર વિશ્લેષણ કરવું પડશે. જિલ્લા ન્યાયતંત્રની રાષ્ટ્રીય પરિષદમાં રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂની હાજરીમાં સમાપન પ્રવચન કરતાં તેમણે કહ્યું હતું કે સમાન કેસોને સાથે જોડવાથી અદાલતમાં પડતર રહેલા કેસોની સંખ્યા ઓછી થશે.

તેમણે આવી સિસ્ટમ ઊભી કરવા માટે અમુક વડી અદાલતની પ્રશંસા કરી હતી. તેમણે કહ્યું હતું કે મારા મંત્રાલયે 'બધાને ન્યાય'નું લક્ષ્ય રાખ્યું છે. સામાન્ય જનતાને ઝડપી આપવા બનતા દરેક પ્રયાસ કરીશું.

આ પ્રોગ્રામમાં હાજર રહેલાઓએ ન્યાય આપવાની સિસ્ટમમાંનું 'તારીખ પે તારીખ' કલ્ચર તોડવાની જરૂર છે. (એજન્સી)■

એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# હરિયાણા-મહારાષ્ટ્રમાં મોબ લિંચિંગ, આ ક્યા પ્રકારનું હિંદુત્વ?

**ભાજપ** શાસિત રાજ્યોમાં ગૌમાંસના નામે મોબ લિંચિંગનું ભૂત ફરી ધૂણ્યું છે. માત્ર ૨૪ કલાકના ટૂંકા ગાળામાં જ મહારાષ્ટ્ર અને હરિયાણામાં મોબ લિંચિંગની બે ઘટનાઓ બનતાં સૌ સ્તબ્ધ છે. બંને ઘટનામાં ભોગ બનનારા મુસ્લિમો છે અને બે ઘટનામાંથી એક ઘટનામાં તો કહેવાતા હિંદુ ધર્મના ઠેકેદારોએ જેને ફટકાર્યો તેનું મોત પણ થઈ ગયું.

હરિયાણાના ચરખી દાદરીમાં બંગાળથી મજૂરી કરવા આવેલા મજૂર સાબીર મલિકને કહેવાતા ગૌરક્ષકોએ માત્ર શંકાના આધારે એટલો ફટકાર્યો કે બિચારો મરી ગયો. સાબીર મલિકની સાથે બીજા એક મજૂરને પણ હિંદુત્વના બની બેઠેલા ઠેકેદારોએ ફટકારેલો પણ એ બચી ગયો ત્યારે મલિક ઝીંક ના ઝીલી શકતાં સીધો ઉપર પહોંચી ગયો. બીજી ઘટનામાં મહારાષ્ટ્રમાં ટ્રેનમાં મુસાફરી કરી રહેલા ૭૨ વર્ષના હાજી અશરફ નામના વૃદ્ધને ગૌમાંસ લઈ જતા હોવાની શંકાના આધારે ગાળાગાળી કરીને બેરહમીથી ફટકાર્યા. સદનસીબે તેમનો જીવ બચી ગયો પણ હોસ્પિટલમાં દાખલ કરવા પડ્યા છે.

આ બંને ઘટના શરમજનક અને આઘાતજનક છે કેમ કે સાબીર મલિક કે હાજી અશરફ પાસે ગૌમાંસ હોવાના કોઈ પુરાવા વિના માત્ર મુસ્લિમ હોવાના કારણે શંકાના આધારે ટાર્ગેટ કરવામાં આવ્યા.

સાબીર મલિક મજૂરી કરવા બંગાળથી હરિયાણાના ચરખી-દાદરી જિલ્લામાં આવીને રહેતો હતો. સાબીર મલિકે ગૌમાંસ ખાધું કે નહીં એ ખબર નથી પણ ૨૭ ઓગસ્ટે ગૌમાંસ ખાવાની શંકામાં સાબીરને ફટકાર્યો તેમાં એ ગુજરી ગયો એ હકીકત છે. ગૌરક્ષા દળના અભિષેક, મોહિત, રવિન્દર, કમલજીત અને સાહિલ નામના લોકોને સાબીર તથા તેના સાથીએ ગૌમાંસ ખાધું તેની માહિતી ગમે ત્યાંથી મળી હશે એટલે તેમણે સાબીર મલિકને પ્લાસ્ટિકની ખાલી બોટલો વેચવાના બહાને એક દુકાનમાં બોલાવ્યો હતો.

સાબીર પોતાના સાથી સાથે પહોંચ્યો એટલે દુકાનમાં પૂરીને તેને ઢોર માર માર્યો. કેટલાક લોકોએ તેમને રોકવા માટે પ્રયત્ન કર્યો તેમાં તો આરોપીઓ સાબીર મલિકને બીજી જગ્યાએ લઈ ગયા અને તેને ફરીથી માર માર્યો તેમાં સાબીર ગુજરી ગયા સાબીરને મારનારા પાંચ લોકોમાં બે તો કિશોરો છે.

મહારાષ્ટ્રની ઘટના તેના કરતાં વધારે ગંભીર છે કેમ કે તેમાં સીટને મુદ્દે થયેલા ઝગડાને હિંદુત્વનો રંગ આપી દેવાયો. મુંબઈને અડીને આવેલા થાણે જિલ્લાના કલ્યાણમાં રહેતા ૭૨ વર્ષના વૃદ્ધ હાજી અશરફ મુનિયારે પોતાની દીકરીને મળવા માટે માલેગાંવ જવા માટે ધુલે એક્સપ્રેસ ટ્રેનમાં બેઠેલા. કેટલાંક લોકોએ પહેલાં ધુલે એક્સપ્રેસ ટ્રેનમાં સીટને મુદ્દે ઝઘડો કર્યો અને પછી ગૌમાંસ સાથે મુસાફરી કરવાનો આક્ષેપ મૂકીને ફટકાર્યા.

મુનિયાર પાસે પ્લાસ્ટિકના મોટા બોક્સમાં માંસ જેવું કંઈક નીકળ્યું તેમાં તો યુવકોનું હિંદુત્વ જાગી ગયું. હિંદુઓ માટે પવિત્ર શ્રાવણ માસ ચાલે છે ત્યારે એક મુસલમાન માંસ લઈને જઈ જ કઈ રીતે શકે એવા સવાલ કરીને તેમણે વૃદ્ધને ફટકારવાનો કાર્યક્રમ શરૂ કરી દીધો. આ ઘટનાનો વીડિયો વાઇરલ થયો છે. વીડિયોમાં ટોળું લાચાર વૃદ્ધ મુનિયારને ઘેરીને ફટકારે છે, ગાળો આપે છે અને દીકરી પર રેપ કરવાની ધમકી પણ આપે છે.

કલ્યાણ અને ઈગતપુરી સ્ટેશનો વચ્ચે બનેલી આ ઘટનાનો વીડિયો જોયા પછી રેલવે પોલીસ કમિશનરે તાત્કાલિક વૃદ્ધને શોધીને ફરિયાદ નોંધાવવા માટે કહ્યું. વૃદ્ધ એટલા ડરી ગયેલા કે, શરૂઆતમાં ફરિયાદ નોંધાવવા માટે તૈયાર નહોતા. માંડ માંડ સમજાવીને હિંમત આપીને વૃદ્ધને તૈયાર કર્યા પછી તેમણે ફરિયાદ નોંધતાં આરોપીઓ વિરુદ્ધ કેસ નોંધીને બેની ધરપકડ કરવામાં આવી છે.

વૃદ્ધને બેઈજ્જત કરવામાં બહુ લોકો સામેલ હતા એ જોતાં આ પગલાં પૂરતાં નથી પણ કમ સે રેલવે પોલીસ કમિશનરે સંવેદનશીલતા તો બતાવી. હાથ પર હાથ મૂકીને બેસી રહેવાના બદલે વૃદ્ધને શોધીને તેમને હિંમત આપીને ફરિયાદ નોંધાવવા માટે તૈયાર કર્યા એ પણ મોટી વાત છે. તેની સામે હરિયાણાના મુખ્ય મંત્રી નયાબ સિંહ સૈનીએ તો વિચિત્ર રાગ આલાપ્યો છે.

સૈનીના કહેવા પ્રમાણે, હરિયાણાની સરકારે ગૌમાતાની સુરક્ષા માટે કડક કાયદો બનાવ્યો છે અને આ મુદ્દે કોઈ સમાધાન ના કરી શકાય. લોકોમાં ગૌમાતા પ્રત્યે શ્રદ્ધા છે અને લોકોની લાગણીઓ જોડાયેલી છે તેથી આ પ્રકારની માહિતી આવે ત્યારે ગામના લોકો પ્રતિક્રિયા આપે છે.

ભલા માણસ, ગૌમાતાની સુરક્ષા કરવી જોઈએ તેમાં કોઈને વાંધો નથી, ગૌહત્યા ના થવી જોઈએ એ પણ કબૂલ પણ ગૌહત્યા થઈ છે ખરી ? ને ગૌહત્યા થઈ હોય તો તમારી સરકાર બેઠી બેઠી શું કરે છે ? ખાલી કાયદો બનાવીને સંતોષ માની લીધો છે ?

આ માણસ મુખ્ય મંત્રી બનવાને લાયક જ નથી ને તેને ગાયોના તબેલામાં ગૌમાતાની રક્ષા કરવા બેસાડી દેવો જોઈએ. જે માણસ માત્ર અફવા પર લોકો કોઈની હત્યા કરે નાખે તેને લોકોની આસ્થા સાથે જોડાયેલો મુદ્દો ગણાવે ને તેની સામેની પ્રતિક્રિયાને યોગ્ય ગણાવે તેનાથી મોટો ગમાર બીજો કોઈ હોઈ ના શકે. આ દેશની કમનસીબી છે કે, આવા ગમારો ગાદી પર બેસી ગયા છે.

હિંદુઓ માટે ગાય પવિત્ર છે. હિંદુઓ ગાયની પૂજા કરે છે તેથી ગૌમાંસ સામે તેમને વિરોધ છે. આ પ્રકારની આસ્થામાં કશું ખોટું નથી પણ એ આસ્થાને કારણે કોઈ પણ પુરાવા વિના માત્ર શંકાશીલ બનીને કોઈની હત્યા કરી નાખો, કોઈ વૃદ્ધને ઘેરીને ફટકારો, તેની દીકરી પર બળાત્કાર કરવાની ધમકી આપો એ ધર્મ નથી ને હિંદુ ધર્મ તો બિલકુલ નથી. જે લોકો આ ધંધા કરે છે એ બધા ધર્મનું જ્ઞાન ક્યાંથી લઈને આવ્યા છે એ કહેવાની જરૂર નથી.

કમનીસીબી પાછી એ છે કે, આ પ્રકારનું હિંદુત્વ લાચાર ને એકલ-દોકલ મુસલમાનોને જોઈને જ જાગી ઊઠે છે. બાંગ્લાદેશમાં હિંદુઓની કત્લેઆમ થાય ને આ દેશની સરકાર કશું બોલે નહીં, હિંદુવાદી સંગઠનો મોંમાં મગ ઓરીને બેસી રહે ત્યારે આ શૂરવીરોનું હિંદુત્વ જાગતું નથી. ગૌમાતાની ચિંતા કરો પણ હિંદુઓની ચિંતા પણ કરો, તેમને માટે પણ મર્દાનગી બતાવો. આ દેશમાં જ હિંદુઓની બહેન-દીકરીઓ પર બળાત્કાર થાય, તેમને બેઈજ્જત કરાય ત્યારે મર્દાનગી બતાવો.

મોબ લિંચિંગ સભ્ય સમાજની ઘટનાઓ નથી. ટોળું કાયદો હાથમાં લઈને કોઈને ફટકારે કે હત્યા કરી નાખે એ જંગલરાજ કહેવાય ને આ દેશમાં આવું જંગલરાજ પ્રભાવી બને એ સારી નિશાની નથી.

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

(ઉત્તરાયણ સૌરશરદૠતુ), સોમવાર, તા. ૨-૯-૨૦૨૪

- ભારતીય દિનાંક ૧૧, માહે ભાદ્રપદ, શકે ૧૯૪૬
- વિક્રમ સંવત ૨૦૮૦, શા. શકે ૧૯૪૬, શ્રાવણ વદ-૩૦
- જૈન વીર સંવત ૨૫૫૦, માહે શ્રાવણ, તિથિ વદ-૩૦
- પારસી શહેનશાહી રોજ ૧૯મો ફરવરદીન, માહે ૧લો ફરવરદીન, સને ૧૩૯૪
- પારસી કદમી રોજ ૧૯મો ફરવરદીન, માહે ૨જો અર્દીબહેશ્ત, સને ૧૩૯૪
- પારસી ફસલી રોજ ૧૫મો દએપમહેર, માહે ૬ઠ્ઠો શહેરેવર, સને ૧૩૯૩
- મુસ્લિમ રોજ ૨૮મો, માહે ૨જો સફર, સને ૧૪૪૬
- મીસરી રોજ ૨૮મો, માહે ૨જો સફર, સને ૧૪૪૬
- નક્ષત્ર મધ્યરાત્રે ક. ૨૪-૧૯ સુધી, પછી પૂર્વાફાલ્ગુની.
- ચંદ્ર સિંહમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ સિંહ (મ, ટ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ.૨૫, અમદાવાદ ક. ૦૬ મિ. ૨૨, સ્ટા. ટા.
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૫૧, અમદાવાદ ક. ૧૮ મિ. ૫૬, સ્ટા. ટા.

-: મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ :-

- ભરતી : સવારે ક. ૧૧-૫૬, રાત્રે ક. ૨૩-૫૯
- ઓટઃ સાંજે ક. ૧૭-૫૬, મધ્યરાત્રિ પછી ક. ૦૫-૪૮ (તા. ૩)
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૦, 'રાક્ષસ' નામ સંવત્સર પ્રારંભ, શાલિવાહન શક સંવત ૧૯૪૬, 'ક્રોધી' નામ સંવત્સર, શ્રાવણ કૃષ્ણ - અમાવસ્યા. દર્શ અમાસ, સોમવતી અમાસ, પિઠોરી અમાસ, મન્વાદિ, અમાસ વૃદ્ધિ તિથિ છે. શિવપૂજન, શિવમુષ્ટિ (સત્તુ), કુશગ્રાહિણી અમાસ, હર્ષલ વક્રી, અન્વાધાન.
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ કાર્ય વર્જ્ય છે.
- મુહૂર્ત વિશેષઃ પિતૃપૂજન, વડનું પૂજન, સર્વશાંતિ, શાંતિ પૌષ્ટિક પૂજા, ચાંડાળયોગ પૂજા, કાપસર્પ પૂજા, રાહુ-કેતુ પૂજન, શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા, શ્રી ગણેશ પૂજા, વિશેષરૂપે ભગવાન સૂર્યનારાયણનું પૂજન, શ્રી સત્યનારાયણ દેવતાનું પૂજન.
- શ્રાવણ મહિમાઃ સોમવતી અમાસનું શ્રાવણ માસનું આ પર્વ મહાયોગ દર્શાવે છે. આજ રોજ તીર્થમાં પિતૃશ્રાદ્ધ, તર્પણનો મહિમા છે. ત્ર્યંબકેશ્વર, કુશાવર્ત કુંડમાં પ્રાયશ્ચિત્ત સ્નાન, ગંગા, નર્મદા, કાવેરી, સરયૂ આદિ સંગમ તીર્થમાં સ્નાન, જપ, દાન, બ્રાહ્મણ ભોજન, ગૌપૂજન, સંતો, મહાત્માઓ, ગુરુજનોનો સત્કાર કરવો. યોગ્ય દક્ષિણા આપવી.
- આચમનઃ બુધ-રાહુ અર્ધચતુષ્કોણ નાણાં વ્યવસ્થાના જોખમોથી સતર્ક રહેવું જરૂરી છે.
- ખગોળ જ્યોતિષઃ બુધ-રાહુ અર્ધચતુષ્કોણ
- ગ્રહગોચરઃ સૂર્ય-સિંહ, મંગળ-મિથુન, માર્ગી બુધ-કર્ક, ગુરુ-વૃષભ, શુક્ર-કન્યા, વક્રી શનિ-કુંભ, રાહુ-મીન, કેતુ-કન્યા, હર્ષલ- વૃષભ, વક્રી નેપ્ચ્યુન-મીન, વક્રી પ્લુટો-મકર.

# વાયુસેનાના નાયબ વડાનો પદભાર સંભાળતા એર માર્શલ તેજિન્દર સિંહ

નવી દિલ્હીઃ એર માર્શલ તેજિન્દર સિંહે રવિવારે ભારતીય વાયુસેનાના નાયબ વડા તરીકેનો પદભાર સંભાળ્યો હતો. આ જાણકારી સંરક્ષણ મંત્રાલયે આપી હતી.

એર હેડક્વાર્ટર (વાયુ ભવન) ખાતે કાર્યભાર સંભાળ્યા બાદ એર માર્શલે અહીં રાષ્ટ્રીય યુદ્ધ સ્મારક પર પુષ્પાંજલિ અર્પણ કરીને સર્વોચ્ચ બલિદાન આપનાર વીરોને શ્રદ્ધાંજલિ અર્પી હતી. નેશનલ ડિફેન્સ એકેડમીના ભૂતપૂર્વ વિદ્યાર્થી એર માર્શલ સિંહને ૧૩ જૂન, ૧૯૮૭ના રોજ ભારતીય વાયુસેના(આઇએએફ)ની લડાયક શાખામાં સનદ આપવામાં આવી હતી. મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું હતું કે તે ૪,૫૦૦ કલાકથી વધુ ઉડ્ડયનના અનુભવ સાથે 'એ' કેટેગરી લાયકાત ધરાવતા ફ્લાઇટ પ્રશિક્ષક છે. તેઓ ડિફેન્સ સર્વિસીસ સ્ટાફ કોલેજ અને નેશનલ ડિફેન્સ કૉલેજના ભૂતપૂર્વ વિદ્યાર્થી છે. તેમણે એક ફાઇટર સ્ક્વોડ્રન, એક રડાર સ્ટેશન, એક મુખ્ય લડાયક બેઝની કમાન સંભાળી હતી અને તેઓ જમ્મુ અને કાશ્મીરના એર ઓફિસર કમાન્ડિંગ હતા.

નિવેદનમાં જણાવાયું છે કે તેમની વિવિધ સ્ટાફ નિમણૂકોમાં કમાન્ડ હેડક્વાર્ટરમાં ઓપરેશનલ સ્ટાફ, એર ફોર્સ હેડક્વાર્ટરમાં એર કોમોડોર(કાર્મિક અધિકારી-૧), ઇન્ટિગ્રેટેડ ડિફેન્સ સ્ટાફના ડેપ્યુટી આસિસ્ટન્ટ ચીફ, આઇડીએસ હેડક્વાર્ટરમાં નાણાકીય(પ્લાનિંગ), એર કોમોડોર(એરોસ્પેસ સુરક્ષા), એર ફોર્સ હેડક્વાર્ટરમાં એર ફોર્સ ઓપરેશન્સ(આક્રમક) અને એસીએએસ ઓપરેશન(રણનીતિ)ના સહાયક વડાનો સમાવેશ થાય છે.

તેમની વર્તમાન નિમણૂક પહેલા તેઓ મેઘાલયના શિલોંગમાં ભારતીય વાયુસેનાના પૂર્વીય એર કમાન્ડ હેડક્વાર્ટરમાં વરિષ્ઠ એર સ્ટાફ ઓફિસર હતા. તેમને પ્રશંસનીય સેવાઓના સમ્માનમાં ૨૦૦૭માં વાયુસેના મેડલ અને ૨૦૨૨માં ભારતના રાષ્ટ્રપતિ દ્વારા અતિ વિશિષ્ટ સેવા મેડલ દ્વારા નવાજવામાં આવ્યા હતા.

# આસામમાં ટીએમસીના અધ્યક્ષે છોડી પાર્ટી

ગુવાહાટીઃ આસામ તૃણમૂલ કોંગ્રેસના અધ્યક્ષ રિપુન બોરાએ રવિવારે પાર્ટીમાંથી રાજીનામું આપી દીધું છે. તેમણે દાવો કર્યો હતો કે પૂર્વોત્તર રાજ્યના લોકો તેને પશ્ચિમ બંગાળની ''પ્રાદેશિક પાર્ટી'' માને છે અને તેને પોતાની પાર્ટી તરીકે સ્વીકારવા તૈયાર નથી.

રિપુન બોરાએ ઓલ ઈન્ડિયા તૃણમૂલ કોંગ્રેસના મહાસચિવ અભિષેક બેનરજીને બે પાનાંનો પત્ર લખીને રાજીનામું આપ્યું છે. તેમના રાજીનામાના પત્રમાં બોરાએ જણાવ્યું હતું કે આસામ ટીએમસી પાસે ઘણી સંભાવનાઓ છે, પરંતુ વારંવાર આવતા કેટલાક મુદ્દાઓએ અમારી પ્રગતિમાં અવરોધ ઊભો કર્યો છે, જેમાં ટીએમસીને પશ્ચિમ બંગાળના પ્રાદેશિક પક્ષ તરીકે ગણવામાં આવે છે. રાજ્યસભાના ભૂતપૂર્વ સભ્ય બોરાએ જણાવ્યું હતું કે તેમણે પક્ષના સુપ્રીમો અને પશ્ચિમ બંગાળના મુખ્ય પ્રધાન મમતા બેનરજીને આસામમાં ટીએમસીને સ્વીકાર્ય બનાવવા માટે ઘણા સૂચનો આપ્યા હતા, પરંતુ તેનો અમલ કરવામાં આવ્યો ન હતો.

તેમણે દાવો કર્યો હતો કે તેમણે ટીએમસી માટે રાષ્ટ્રીય સ્તરે આસામી નેતાની જરૂરિયાત સૂચવી હતી, કોલકાતાના ટોલીગંજમાં ભારત રત્ન ડૉક્ટર ભૂપેન હજારિકાના નિવાસસ્થાનને હેરિટેજ સાઈટ તરીકે જાહેર કરવા અને કૂચ બિહારમાં મધુપુર સત્રને સાંસ્કૃતિક કેન્દ્રમાં રૂપાંતરિત કરવાનું સૂચન કર્યું હતું પરંતુ આ મામલે હજુ સુધી કાંઇ કરવામાં આવ્યું નથી. આસામના ભૂતપૂર્વ પ્રધાન બોરાએ કહ્યું કે તેમણે દોઢ વર્ષથી વધુ સમય સુધી આસામ ટીએમસીના અધ્યક્ષના રૂપમાં કામ કર્યું છે. આ સમયગાળા દરમિયાન રાજ્યના લોકો સાથે વ્યાપક રીતે વાતચીત કરી હતી. છેલ્લા દોઢ વર્ષમાં આ ચિંતાઓને દૂર કરવા માટે મમતા દીદી સાથે બેઠક યોજવાના વારંવાર પ્રયત્નો કરવા છતાં હું નિષ્ફળ રહ્યો છું.

# બાંગ્લાદેશમાં હિન્દુઓની સ્થિતિ ગંભીર, હવે નોકરીમાંથી રાજીનામું લેવાઇ રહ્યું છે

ઢાકાઃ બાંગ્લાદેશના લોકોને શેખ હસીના અને તેમની નીતિઓથી સમસ્યા હતી, તો તેમણે રાજીનામું આપી દીધું અને દેશ બહાર જતા રહ્યા. ત્યાર બાદ હવે તો નવી સરકાર આવ્યા બાદ શાંતિ સ્થપાવી જોઇએ, પણ હકીકત તો ઊલટી જ છે. દેશમાં હજી પણ હિંસા અને લઘુમતીઓ પર અત્યાચારનો માહોલ છે અને અલ્પસંખ્યક હિંદુઓ ડરમાં જીવવા મજબૂર છે. બાંગ્લાદેશમાં લઘુમતી હિન્દુઓની મુસીબતોનો કોઈ અંત નથી. હુમલા અને અત્યાચારનો સામનો કર્યા બાદ હવે તેમની આજીવિકા છિનવવામાં આવી રહી છે. હિંદુઓને સરકારી નોકરીમાંથી રાજીનામું આપવાની ફરજ પડી રહી છે. ૫ ઑગસ્ટથી લગભગ ૫૦ હિંદુ શિક્ષકોને રાજીનામું આપવાની ફરજ પડી છે.

બાંગ્લાદેશ છાત્ર એક્યા પરિષદ, જે બાંગ્લાદેશ હિંદુ બૌદ્ધ ખ્રિસ્તી ઐક્ય પરિષદના વિદ્યાર્થી સંગઠન છે, એ શનિવારે એક પ્રેસ કોન્ફરન્સમાં આ વાતનો ખુલાસો કર્યો હતો. ભારતીય મીડિયા હાઉસ પાસે રાજીનામું આપનાર શિક્ષકોની યાદી આવી છે. સરકારી બાકરગંજ કૉલેજના પ્રિન્સિપાલ શુક્લા રોય રાજીનામું આપી રહ્યા હોવાનો ફોટો પણ સામે આવ્યો છે. સાદા કાગળ પર ''હું રાજીનામું આપું છું'' લખાવીને તેમનું રાજીનામું લેવામાં આવ્યું હતું.

કેટલાક શિક્ષકોએ હાલમાં ભારતીય મીડિયા સાથે વાતચીત કરી હતી અને બાંગ્લાદેશમાં હિન્દુ શિક્ષકોના રાજીનામાની પુષ્ટિ કરી હતી.

બાંગ્લાદેશની કાઝી નઝરુલ યુનિવર્સિટીનાં ડિપાર્ટમેન્ટ ઓફ પબ્લિક એડમિનિસ્ટ્રેશન એન્ડ ગવર્નન્સ સ્ટડીઝના એસોસિયેટ પ્રોફેસર સંજય કુમાર મુખર્જીએ જણાવ્યું હતું કે તેમને તેમના વિભાગના વડાના પદ પરથી રાજીનામું આપવાની ફરજ પડી છે. અમે આ સમયે ખૂબ જ અસુરક્ષિત છીએ, એમ લઘુમતી સમુદાયના શિક્ષકો જણાવે છે.

બાંગ્લાદેશના દેશવટો ભોગવી રહેલા લેખિકા તસ્લીમા નસરીને સોશિયલ મીડિયા પર લખ્યું છે કે, 'બાંગ્લાદેશની સ્થિતિ અત્યંત ચિંતાજનક બની ગઈ છે. શિક્ષકોને રાજીનામું આપવાની ફરજ પડી રહી છે. પત્રકારો, મંત્રીઓ અને ભૂતપૂર્વ સરકારી અધિકારીઓને મારી નાખવામાં આવે છે, ત્રાસ આપવામાં આવે છે અને જેલમાં ધકેલી દેવામાં આવે છે. જનરેશન એ અહમદી મુસ્લિમોના ઉદ્યોગોને બાળી નાખ્યા છે અને ઇસ્લામિક આતંકવાદીઓ દ્વારા સૂફી મુસ્લિમોના મંદિરો અને દરગાહને તોડી પાડવામાં આવી રહી છે. આ સમગ્ર સંકટ પર નોબેલ પુરસ્કાર વિજેતા મોહમ્મદ યુનુસ ચૂપ છે.

# આસામ સરકારે પૂરગ્રસ્ત ત્રિપુરાને કરી આર્થિક મદદ

ગુવાહાટીઃ આસામના મુખ્ય પ્રધાન હિમંતા બિસ્વા સરમાએ રવિવારે જણાવ્યું હતું કે રાજ્યએ પૂરગ્રસ્ત ત્રિપુરાને ૫ કરોડ રૂપિયાની નાણાકીય સહાય આપી છે. અગરતલામાં આસામના મંત્રી જયંતા મલ્લાબરુઆએ ત્રિપુરાના મુખ્યમંત્રી માણિક સાહાને ચેક અર્પણ કરવામાં આવ્યો હતો. સરમાએ સાહાની એક પોસ્ટને ટેગ કરીને લખ્યું હતું કે આસામના લોકો આ સંકટની ઘડીમાં ત્રિપુરાના લોકો સાથે ખભે ખભા મિલાવીને ઊભા છે. માનનીય મુખ્ય પ્રધાન ૫ કરોડની આ સહાયતા આસામના ૩.૫ કરોડ લોકોની ત્રિપુરામાં સામાન્ય સ્થિતિમાં પાછા આવવા માટેની પ્રાર્થના સાથે આપી છે સાહાએ હાવભાવ બદલ આસામના લોકો અને સરમાનો આભાર વ્યક્ત કર્યો.

ત્રિપુરાના મુખ્ય પ્રધાને કહ્યું હતું કે તમારી દયા, ઉદારતા અને કરુણા બદલ આભાર! તમારું યોગદાન પૂરના કારણે ઊભા થયેલા પડકારોને પહોંચી વળવામાં અમને ખૂબ મદદરૂપ સાબિત થશે. પૂર પીડિતોની મદદ માટે આગળ આવવા માટે આસામના મુખ્ય મંત્રી હિમંતા બિસ્વા સરમા અને સરકારનો હું હૃદયપૂર્વક આભાર માનું છું.

## પહેલા પાનાનું ચાલુ

### કમર્શિયલ રાંધણગૅસ

બને તેમ સ્થાનિકમાં ઉત્પાદિત થયેલા ક્રૂડ તેલ પરનો વિન્ડફોલ ટેક્સ જે ટનદીઠ રૂ. ૨૧૦૦ હતો તે ઘટાડીને રૂ. ૧૮૫૦ કર્યો છે.

સામાન્યપણે આ ટેક્સ સ્પેશિયલ એડિશનલ એક્સાઈઝ ડ્યૂટી (એસએઈડી) સ્વરૂપે વસૂલવામાં આવે છે. જોકે, ડીઝલ, પેટ્રોલ અને જેટ ફ્યુઅલ (એટીએફ) પરની એસએઈડી શૂન્ય ટકાના સ્તરે જાળવી રાખવામાં આવી છે.

ગઈકાલે મોડી રાત્રે જાહેર કરવામાં આવેલા નોટિફિકેશનમાં જણાવ્યાનુસાર સૂચિત નવા દર ૩૧મી ઑગસ્ટ, ૨૦૨૪થી અમલી બનશે.

દેશમાં સૌ પ્રથમ વખત વિન્ડફોલ ટેક્સ પહેલી જુલાઈ, ૨૦૨૨ના રોજથી લાદવામાં આવ્યો હતો અને એનર્જી કંપનીઓનાં અતિરિક્ત (સુપરનોર્મલ) નફા પર ટેક્સ લગાવનાર દેશોની યાદીમાં ભારત સામેલ થયું હતું.

અત્રે નોંધનીય બાબત એ છે કે ક્રૂડ તેલના સરેરાશ ભાવને ધ્યાનમાં રાખીને દર પખવાડિયે વિન્ડફોલ ટેક્સના દરની સમીક્ષા કરવામાં આવે છે. (પીટીઆઈ)

### ગુજરાતના મોસ્ટ વોન્ટેડ

પગલે સમગ્ર કેસની તપાસ સ્ટેટ મોનિટરિંગ સેલને સોંપવામાં આવી હતી. આ કેસમાં પોલીસે અગાઉ પાર્થ દોશી અને ધવલ પટેલ નામના આરોપીની ધરપકડ કરી હતી.

### તેલંગણા, આંધ્ર, ઓડિશા

દક્ષિણના ભાગમાં હવાના નીચા દબાણનો પટ્ટો સર્જાયો છે અને આના પ્રભાવ હેઠળ ઓડિશા અને આંધ્ર પ્રદેશમાં વરસાદ પડી રહ્યો છે. અધિકારીઓએ કહ્યું હતું કે દક્ષિણ ઓડિશાના અનેક જિલ્લા જેવા કે કોરાપુટ, મલકાગીરી, નબરંગપુર, ગજપતિ અને રાયાગડામાં ભારે વરસાદ પડ્યો હતો.

છેલ્લા છ કલાકથી આ સિસ્ટમ એક કલાકદિઠ ૧૫ કિલોમીટરની ઝડપે આગળ વધી રહી છે. આ સિસ્ટમ ૨૪ કલાકમાં પશ્ચિમ કે વાયવ્ય દિશામાં આગળ વધશે અને નબળી પડી જશે. હવામાન ખાતાએ ચોથી સપ્ટેમ્બર સુધી ઓડિશામાં હળવાથી મધ્યમ વરસાદ પડવાની આગાહી કરી છે

દરમિયાન પૂર્વ રાજસ્થાનના સિરોહી જિલ્લાના શિવગંજમાં ગાજવીજ સાથે વરસાદ પડ્યો હતો. અહીં રવિવારના સવારના સાડાઆઠ વાગ્યા સુધી ૭૧ મિલિમીટર વરસાદ નોંધાયો હતો.

હાલ આંધ્ર પ્રદેશમાં ભારે વરસાદ વરસી રહ્યો છે, વિજયવાડા શહેરમાં ભારે વરસાદને કારણે થયેલા ભૂસ્ખલનમાં પાંચ લોકોનાં મોત થયા છે. ગુંટુર જિલ્લામાં વહેતા પાણીના પ્રવાહમાં કાર વહી જતા ત્રણ મુસાફરોના મોત થયા છે.

અહેવાલ મુજબ, આજે સવારે ૭.૧૫ વાગ્યે વિજયવાડાના મધ્યમાં આવેલા મોગલરાજાપુરમ કોલોનીના સુન્નાપુબત્તી સેન્ટર પાસે આવેલી ટેકરીમાં ભૂસ્ખલન થયું હતું, અચાનક ટેકરી પરથી ભારે પથ્થરો ઘરો પર તૂટી પડ્યા હતાં.

વિજયવાડા પોલીસના એક વરિષ્ઠ પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે, ''એક ઘર સંપૂર્ણ રીતે નાશ પામ્યું હતું જેમાં અંદરના ચાર લોકોનાં મોત થયા છે અન્ય ત્રણ મકાનોને આંશિક નુકસાન થયું હતું.''

રેવન્યૂ અધિકારીઓ સહિત પોલીસની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને બચાવ કામગીરી હાથ ધરી હતી. જો કે, ભારે વરસાદને કારણે બચાવ કામગીરીમાં અવરોધ ઊભો થયો હતો. અસરગ્રસ્ત ઘરો ટેકરીઓની નજીક સ્થિત છે, તેથી વધુ ભૂસ્ખલનની શક્યતાઓ છે.

મુખ્ય પ્રધાન એન. ચંદ્રબાબુ નાયડુએ આ ઘટના પર શોક વ્યક્ત કર્યો હતો અને મૃતકોના દરેક પરિવારને ૫ લાખ રૂપિયાની સહાયની જાહેરાત કરી હતી. તેમણે અધિકારીઓને ટેકરીઓ પર આવેલા વિસ્તારોમાંથી લોકોને સુરક્ષિત સ્થળોએ ખસેડવા જણાવ્યું હતું.

વિજયવાડામાં શુક્રવાર રાતથી ભારે વરસાદ વરસી રહ્યો છે, જેના કારણે આખા શહેરમાં પાણી ભરાઈ ગયા છે.

દરમિયાન, શનિવારે ગુંટુર જિલ્લાના પેડકાકાની બ્લોકના ઉપ્પલાપાડુ ગામમાં કારમાં સવાર એક શાળા શિક્ષક અને બે વિદ્યાર્થીઓ વહેતા પ્રવાહમાં વહી ગયા હતા.

પોલીસે જણાવ્યું હતું કે જ્યારે કાર આ વિસ્તારમાં ભારે વરસાદને કારણે વહેતા પ્રવાહને પાર કરી રહી હતી, ત્યારે શિક્ષકે સ્ટિયરિંગ પરનો કાબૂ ગુમાવ્યો અને તે પાણીમાં પલટી ગઈ અને પૂરના પ્રવાહમાં વહી ગઈ. તેમના મૃતદેહો સાંજે મળી આવ્યા હતા.

બંગાળની ખાડી પરની લો પ્રેશર સિસ્ટમને કારણે આંધ્ર પ્રદેશના અન્ય કેટલાક ભાગોમાં ભારેથી અતિભારે વરસાદ થઇ રહ્યો છે, જે ડીપ ડિપ્રેશનમાં ફેરવાઈ છે. (એજન્સી)

### રિયલ એસ્ટેટમાં તેજી

૩૪,૯૨૭.૫ કરોડ રૂપિયાનું સંયુક્ત વેચાણ બુકિંગ નોંધાવ્યું છે.

આ સંયુક્ત વેચાણ બુકિંગમાંથી મોટાભાગનું વેચાણ રહેણાંક ક્ષેત્રમાંથી આવ્યું હતું. વેચાણ બુકિંગના સંદર્ભમાં ગોદરેજ પ્રોપર્ટીઝ જૂન ક્વાર્ટરમાં ૮,૬૩૭ કરોડ રૂપિયાના વેચાણ બુકિંગ સાથે સૌથી મોટી લિસ્ટેડ કંપની તરીકે ઊભરી આવી હતી.

માર્કેટ કેપિટલાઇઝેશનની દ્રષ્ટિએ દેશની સૌથી મોટી રિયલ્ટી કંપની ડીએલએફ લિમિટેડે ચાલુ નાણાકીય વર્ષના પ્રથમ ત્રિમાસિક ગાળામાં વેચાણ બુકિંગ ત્રણ ગણાના વધારા સાથે ૬,૪૦૪ કરોડ રૂપિયા રહ્યું છે. મુંબઈ સ્થિત મેક્રોટેક ડેવલપર્સ જે 'લોઢા' બ્રાન્ડ હેઠળ પ્રોપર્ટીનું વેચાણ કરે છે. તેણે ૪,૦૩૦ કરોડ રૂપિયાનું વેચાણ બુકિંગ નોંધાવ્યું હતું.

તાજેતરમાં લિસ્ટેડ ગુરુગ્રામ સ્થિત સિગ્નેચર ગ્લોબલે જૂન ક્વાર્ટરમાં ૩,૧૨૦ કરોડ રૂપિયાનું વેચાણ બુકિંગ હાંસલ કર્યું હતું, જે ગયા વર્ષના સમાન ક્વાર્ટર કરતાં ત્રણ ગણું વધુ હતું. બેંગલુરુ સ્થિત પ્રેસ્ટિજ એસ્ટેટ પ્રોજેક્ટ્સે જૂન ક્વાર્ટરમાં ૩,૦૨૯.૫ કરોડ રૂપિયાનું વેચાણ બુકિંગ નોંધાવ્યું હતું, જે ગયા વર્ષના સમાન સમયગાળા કરતાં ઓછું હતું.

બેંગલુરુ સ્થિત ફર્મ્સ શોભા લિમિટેડ અને બ્રિગેડ એન્ટરપ્રાઇઝે આ નાણાકીય વર્ષના એપ્રિલ-જૂન સમયગાળા દરમિયાન અનુક્રમે ૧,૮૭૪ કરોડ અને ૧,૦૮૬ કરોડ રૂપિયાની સંપત્તિનું વેચાણ કર્યું હતું. બેંગલુરુ સ્થિત પૂર્વાંકરા લિમિટેડે ૧,૧૨૮ કરોડ રૂપિયાનું વેચાણ બુકિંગ હાંસલ કર્યું હતું, જે ગયા વર્ષના સમાન સમયગાળાની સરખામણીમાં લગભગ સ્થિર રહ્યું હતું.

### વંદે ભારત

જટિલ કામ છે. તેમણે કહ્યું કે વંદે ભારત સ્લીપર કારમાં ઘણી નવી સુવિધાઓ સામેલ કરવામાં આવી છે. અમે વંદે ભારત ટ્રેનની ડિઝાઇનમાં સતત સુધારો કરી રહ્યા છીએ. અમે અનુભવથી શીખી રહ્યા છીએ અને તેને વધુ સારી બનાવી રહ્યા છીએ. વંદે ભારત મેટ્રો માટે પણ આ જ ફિલસૂફી અપનાવવામાં આવશે.

વૈષ્ણવે વધુમાં જણાવ્યું કે રેલવે ચાર રૂપરેખાઓ પર કામ કરી રહ્યું છે. જેમાં વંદે ભારત ચેર કાર, વંદે ભારત સ્લીપર કાર, વંદે ભારત મેટ્રો કાર અને અમૃત ભારતનો સમાવેશ થાય છે. જે લોકોની મુસાફરી કરવાની રીતને બદલી નાખશે. તેમના જણાવ્યા અનુસાર ૧૬ કોચવાળી વંદે ભારત સ્લીપર ટ્રેન રાતની મુસાફરી માટે છે અને તે ૮૦૦થી ૧૨૦૦ કિમીનું અંતર કાપશે.

### કેન્દ્ર, રાજ્યોના ઉદ્યોગ

ઝહીરાબાદ, આંધ્ર પ્રદેશના ઓરવાકલ અને કોપ્પર્થી, રાજસ્થાનના જોધપુર-પાલી અને હરિયાણામાં એક ઔદ્યોગિક વિસ્તારનો સમાવેશ થાય છે.

આ પ્રકારનાં આઠ શહેરો પહેલેથી જ અમલીકરણના વિવિધ તબક્કાઓમાં છે. જેમાં ગુજરાતના ધોલેરા, મહારાષ્ટ્રના ઓરિક, મધ્ય પ્રદેશના વિક્રમ ઉદ્યોગપુરી અને આંધ પ્રદેશના કૃષ્ણપટ્ટનમમાં ટ્રંક ઇન્ફ્રાસ્ટ્રક્ચર બનાવવામાં આવ્યું છે અને ઉદ્યોગ માટે જમીન પ્લોટની ફાળવણી ચાલુ છે. જ્યારે કર્ણાટકના તુમકુરુ, આંધ્ર પ્રદેશના કૃષ્ણપટ્ટનમ, હરિયાણાના નાંગલ ચૌધરી અને ઉત્તર પ્રદેશના દાદરી અને ગ્રેટર નોઇડામાં સરકારનું સ્પેશિયલ પર્પઝ વ્હીકલ(એસપીવી) રોડ કનેક્ટિવિટી, પાણી અને પાવર સપ્લાય જેવા ઇન્ફ્રાસ્ટ્રક્ચર નિર્માણ પ્રક્રિયામાં છે.

# ગુજરાતના રેસિ. ડૉક્ટરોનું સ્ટાઇપેન્ડ માત્ર ૨૦ ટકા જ વધતા રોષ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજ્યભરના રેસિડેન્ટ ડૉક્ટરો ફરી એકવાર હડતાળનું હથિયાર ઉગામવાની તૈયારીમાં છે, રેસિડેન્ટ ડૉક્ટરો આ વખતે સ્ટાઈપેન્ડ મામલે સોમવારથી હડતાળ પર ઊતરશે. આ હડતાળ દરમિયાન રેસિડેન્ટ ડૉક્ટરો ઈમર્જન્સી સહિતની તમામ સેવાઓથી અળગા રહેશે. તેમણે સરકાર સામે આક્રોશ વ્યક્ત કરતા કહ્યું હતું કે, દર ત્રણ વર્ષે સ્ટાઈપેન્ડ વધારવાનું હોય છે પણ હવેથી ૫ વર્ષે વધારવાનો નિર્ણય કર્યો છે. જેનો અમે વિરોધ કરી રહ્યા છીએ. તેમજ સ્ટાઇપેન્ડ પણ ૪૦ ટકાને બદલે માત્ર ૨૦ ટકા જ વધાર્યું છે. જેથી અમે આવતીકાલથી હડતાળ પર ઊતરીએ છીએ. અત્રે ઉલ્લેખનીય છે કે, ગત ૩૧ ઓગસ્ટના રોજ રાજ્ય સરકારે ઇન્ટર્ન્સ અને રેસિડન્ટ્સ તબીબોના સ્ટાઇપેન્ડમાં ૨૦ ટકાનો વધારો કરવાની જાહેરાત કરી હતી, તેમ છતાં તબીબો હડતાળ પર ઊતરતા આશ્ચર્ય સર્જાયું છે.

ડૉક્ટરોની હડતાળ અંગે જેડીએ (જુનિયર્સ ડોક્ટર્સ એસોસિએશન)ના વાઇસ પ્રેસિડેન્ટ શશાંક આશારાએ જણાવ્યું હતું કે, સ્ટાઇપેન્ડમાં દર ૩ વર્ષે વધારો થતો હોય છે જેથી અમને ૧ એપ્રિલ ૨૦૨૪થી લાભ મળવાનો હતો પરંતુ અમને ઓગસ્ટમાં લાભ મળ્યો છે. ૨૦૦૯થી એમને ૪૦ ટકા વધારો મળતો હતો તેની જગ્યાએ હવે ૨૦ ટકા જ વધારો આપવામાં આવ્યો છે. હવે સ્ટાઈપેન્ડમાં વધારો ૩ વર્ષની જગ્યાએ ૫ વર્ષે થશે. જેથી અમે વિરોધ કરી રહ્યા છીએ. આવતીકાલથી અમે ઇમરજન્સી સહિતની તમામ સેવાઓ માટે હડતાળ પર ઊતરીશું. અમે આ અંગે સરકારમાં ૨૫ વખત રજૂઆત કરી છે.પરંતુ સરકાર દ્વારા અમારી માગણી સ્વીકારવામાં આવી નથી.અમે પણ નથી ઈચ્છતા કે ઇમરજન્સી બંધ રાખીએ અને દર્દીઓ હેરાન થાય પરંતુ અમારી માગણી ઘણા સમયથી પૂરી થતી નથી જેના કારણે અમે વિરોધ કરીએ છીએ.બીજે મેડિકલના ૧૨૦૦થી વધુ તથા ગુજરાતના ૩૫૦૦ થી વધુ રેસિડેન્ટ ડૉક્ટરો હડતાળ પર રહેશે અને રાજ્યના ૩ હજારથી વધુ ઇન્ટર્ન ડૉક્ટર પણ હડતાળ પર રહેશે. બી. જે. મેડિકલ કોલેજ, અમદાવાદના પ્રતિનિધિઓએ જણાવ્યું હતું કે, સતત છેલ્લા છ મહિનાથી સ્ટાઈપેન્ડ વધારા બાબતે આરોગ્યમંત્રી તથા આરોગ્ય વિભાગના અધિકારીઓ સમક્ષ કાયદાકીય રીતે રજૂઆત કરી છે. આ રજૂઆતો મુજબ દર ત્રણ વર્ષે જુનિયર ડૉક્ટરોના સ્ટાઈપેન્ડમાં ૪૦% વધારો થતો હોય છે. જેનો આખરી વધારો ૧ એપ્રિલ, ૨૦૨૧માં થયો હતો. જેના ત્રણ વર્ષ ૩૧ માર્ચ, ૨૦૨૪ના રોજ પૂર્ણ થયાં હતાં. આથી અમારી માગ સરકારના પરિપત્ર મુજબ ૧ એપ્રિલ, ૨૦૨૪થી અમારા સ્ટાઈપેન્ડમાં ૪૦ ટકાના વધારા માટે હતી.

આ તમામ મુદ્દાઓના આધારે અમને સરકાર ઉપરથી વિશ્વાસ ઊઠી ગયો છે. આથી બી. જે. મેડિકલ કોલેજના તમામ વિદ્યાર્થીઓ તારીખ ૨ સપ્ટેમ્બર, ૨૦૨૪ (સોમવાર)થી અમારા હક માટે ગાંધી ચીંધ્યા માર્ગે અમારી તમામ ફરજમાંથી અળગા રહેવા માટે મજબૂર બન્યા છીએ. આ વિરોધથી થનારી કોઈપણ વિપરીત અસરોની જવાબદારી સરકારની રહેશે. ■

# ગુજરાતીઓની ત્રણ મહિનામાં જ બૅન્ક ડિપોઝિટ ૧૫ હજાર કરોડ ઘટી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજ્યમાં બૅન્ક ડિપોઝિટ ચિંતાજનક રીતે ઘટી રહી છે, સ્ટેટ લેવલ બૅન્કર્સ કમિટી (એસએલબીસી)ના રિપોર્ટમાં પણ આ અંગે ચોંકાવનારો ખુલાસો કરવામાં આવ્યો છે. રિપોર્ટ મુજબ છેલ્લા ત્રણ મહિનામાં ગુજરાતીઓની ડિપોઝિટ ૧૫ હજાર કરોડ રૂપિયા ઘટી છે. માર્ચ ૨૦૨૪માં ગુજરાતીઓની ડિપોઝિટ ૧૨.૪૨ લાખ કરોડ રૂપિયા હતી જે જૂન-૨૦૨૪માં ઘટીને ૧૨.૨૭ લાખ કરોડ રૂપિયા થઇ ગઇ છે. છેલ્લા એક વર્ષમાં પ્રથમ વખત ગુજરાતીઓની ડિપોઝિટ ઘટી છે. આ દરમિયાન ગુજરાતમાં ૧ લાખથી વધુ લોકોએ ૧૩ હજાર કરોડની હોમ લોન લીધી છે. જ્યારે ૭ હજારથી વધુ વિદ્યાર્થીઓને ૪૬૬ કરોડ રૂપિયાની એજ્યુકેશન લોન આપવામાં આવી છે.

ગુજરાતીઓએ ૧૦.૪૧ લાખ કરોડની લોન લીધેલી છે, તેમાંથી ૩.૧૦ ટકા એટલે કે ૩૨,૨૭૧ કરોડની લોન નોન-પર્ફોર્મિંગ એસેટ (એનપીએ) થઇ છે. માત્ર ૩ મહિનાના સમયગાળામાં જ ૬૪૩ કરોડની એનપીએ લોન વધી છે. ગુજરાતના લોકોની બૅન્ક ડિપોઝિટના ૬૨ ટકા એટલે કે ૭.૬૫ લાખ કરોડ રૂપિયા સરકારી બૅન્કોમાં જમા છે જ્યારે ખાનગી બૅન્કોમાં ૪.૬૨ લાખ કરોડ જમા છે.

એસએલબીસીના રિપોર્ટ મુજબ માર્ચ ૨૦૨૪માં ગુજરાતમાં કુલ લોનમાંથી ૩૧,૬૨૮ કરોડની લોન એનપીએ હતી જે જૂન ૨૦૨૪માં વધીને ૩૨,૨૭૧ કરોડ થઇ છે. માત્ર ત્રણ મહિનામાં જ એનપીએ લોન ૬૪૩ કરોડ વધી છે. કુલ એનપીએ લોનમાંથી એમએસએમઈ સેક્ટરની ૮ હજાર કરોડ, ખેતી ક્ષેત્રની ૬૧૧૭ કરોડ, હાઉસિંગ ક્ષેત્રની ૨૧૨૯ કરોડ અને શિક્ષણક્ષેત્રની ૪૦ કરોડ રૂપિયાની લોન એનપીએ થઇ છે.

ગુજરાતના ૩૧ જિલ્લા કલેક્ટર પાસે રૂ.૩૯૫ કરોડની લોનના ડિફોલ્ટર્સની મિલકતો ટાંચમાં લેવાની ૮૮૩ અરજી પડતર છે. લોન ભરપાઇ ન કરનારની મિલકત કબજે કરવા કલેક્ટરની મદદની જરૂર પડે છે, પરંતુ અરજીઓ પડતર હોવાથી કબજો કરી શકાતો નથી.

આ ત્રણ મહિના દરમિયાન ૧.૦૧ લાખ લોકોને બૅન્કો દ્વારા ૧૩,૪૩૩ કરોડ રૂપિયાની હોમ લોન આપવામાં આવી છે. જૂન ૨૦૨૪ સુધી ૧૭.૦૯ લાખ લોકોએ ૨.૩૨ લાખ કરોડ રૂપિયાની હોમ લોન ભરવાની બાકી છે. માર્ચથી જૂન દરમિયાન ૭૩૮૫ વિદ્યાર્થીઓને ૪૬૬ કરોડ રૂપિયાની એજ્યુકેશન લોન બૅન્કો દ્વારા આપવામાં આવી છે. અત્યાર સુધી ૫૭ હજારથી વધુ વિદ્યાર્થીઓએ ૫૭૧૬ કરોડની એજ્યુકેશન લોન ભરવાની બાકી છે. ■

# નવસારીમાં પરિણીતા અને આટ ગામના યુવકે આત્મહત્યા કરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ નવસારીના પારસી અગિયારી પાસે મન્નત એપાર્ટમેન્ટમાં રહેતી પરિણીતાએ કોઈ અગમ્ય કારણોસર ગળેફાંસો ખાઈ લીધો હતો. તેમ જ જલાલપોરના આટ ગામે આર્થિક પરિસ્થિતિથી કંટાળી યુવાને ગળેફાંસો ખાધો હતો. આ અંગે પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

નવસારીના તરોટા બજાર પારસીની અગિયારી પાસે મન્નત એપાર્ટમેન્ટમાં રહેતી પરિણીતા શિવાની સોનકરના લગ્ન અઢી વર્ષ અગાઉ જીતેન્દ્ર પ્રકાશભાઈ સોનકર સાથે થયા હતા. જીતેન્દ્ર સોનકર નવસારી ખાતે ફ્રૂટ વેચવાનો ધંધો કરે છે. શિવાની છેલ્લા કેટલાક દિવસોથી હતાશ રહેતી હતી. મધ્ય રાત્રે કોઈ અગમ્ય કારણોસર હોલમાં પંખા સાથે ઓઢણી વડે ગળેફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો.

નવસારી જિલ્લામાં બીજો બનાવ જલાલપોરના આટ ગામે બંગલા ફળિયામાં રહેતો સંદીપ બળવંતભાઈ સલાટ મજૂરી કામ કરતો હતો અને પિતા સાથે એકલવાયું જીવન વિતાવી રહ્યો હતો. છેલ્લા કેટલાક સમયથી સંદીપ સલાટની આર્થિક પરિસ્થિતિ સારી ન હોય ટેન્શનમાં પિતા-પુત્ર દારૂની લતે ચઢી ગયા હતા, પરંતુ કાળઝાળ મોંઘવારીમાં જીવનનિર્વાહ કરવું મુશ્કેલ બન્યું હતું. ઘરની આર્થિક પરિસ્થિતિથી કંટાળીને સંદીપે ઘરમાં મોભનાં લાકડા સાથે દુપટ્ટા વડે ગળેફાંસો ખાઈ લીધો હતો. આ બંને બનાવ અંગે પોલીસે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે. ■

# વડોદરાના સેરખીમાં વકીલની હત્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વડોદરાના સેરખી ગામ નજીક ચાર અજાણ્યા શખ્સ દ્વારા એક વકીલની બોથડ પદાર્થ મારીને હત્યા કરવામાં આવી છે.

મહિલા સાથે વકીલના પ્રેમ પ્રકરણને કારણે હત્યા કરવામાં આવી હોવાનું પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે. વડોદરા ગ્રામ્ય પોલીસે આ મામલે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, વડોદરા નજીક આવેલા સેરખી ગામ પાસે સિંધરોટ જતા માર્ગે વકીલ વિઠ્ઠલ પંડિતની હત્યા કરવામાં આવી છે. પરિણીત મહિલાના પ્રકરણમાં અનૈતિક સંબંધોની આશંકાએ ચાર શખ્સે વકીલને મોતને ઘાટ ઉતારી દીધા છે. સેરખી ગામ પાસે ઘાતક હથિયારોના ઘા ઝીંકી વકીલની હત્યા કરવામાં આવતા સમગ્ર પંથકમાં ભારે ખળભળાટ મચી જવા પામ્યો છે.

આ અંગે જાણ થતા વડોદરા ગ્રામ્ય પોલીસે ઘટના સ્થળે પહોંચી વિઠ્ઠલ પંડિતના મૃતદેહને પીએમ માટે એસએસજી હૉસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો.

વડોદરા ગ્રામ્ય પોલીસે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. પોલીસે તપાસ કરતા એક શંકાસ્પદ દંપતીની અટકાયત કરી પૂછપરછ હાથ ધરી હતી. મહિલા સાથે વકીલના અનૈતિક સંબંધોની આશંકાએ હત્યા કરાઈ હોવાનું મનાઇ રહ્યું છે. ■



**કચ્છમાં લશ્કર :** બોલ્ડ ઈગલ બ્રિગેડના જવાનોએ કચ્છના રણમાં યાંત્રિક દળો અને સ્પેશ્યાલિસ્ટ મોબિલિટી વ્હિકલની મદદથી મિશન તેમ જ લશ્કરી કવાયત પાર પાડી હતી. (પીટીઆઈ ફોટો)

# વાપીમાં આધેડની તીક્ષ્ણ હથિયારથી હત્યા કરેલી લાશ મળી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વાપીના ટાંકી ફળિયામાં ગટર નજીકથી નેપાળી આધેડની હત્યા કરાયેલી લાશ મળતા ચકચાર મચી જવા પામી હતી. આધેડની તીક્ષ્ણ હથિયારથી હુમલો કરેલી લાશ મળતા સમગ્ર પંથકમાં અનેક ચર્ચા થવા લાગી છે. આ અંગે પોલીસને જાણ થતા પોલીસ ઘટનાસ્થળે પહોંચી લાશનો કબજો લઈ આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

મળતી માહિતી મુજબ વાપીના ટાંકી ફળિયામાં પાણીની ટાંકી પાસે અજાણ્યા આધેડની હત્યા કરાયેલી લાશ મળી હતી. રોડ નજીક લાશ જોતા લોકો એકત્રિત થયા બાદ પોલીસને જાણ કરી હતી. પોલીસે મૃતકની ઓળખ કરવા કવાયત કરતા ટાંકી ફળિયામાં બ્રિજેશ પટેલની ચાલમાં રહેતા દિલબહાદુર બાલબહાદુર કારકી તરીકે તેની ઓળખ થઈ હતી.

આધેડને શરીરે તીક્ષ્ણ હથિયાર વડે હુમલો કરી મોતને ઘાટ ઉતાર્યો હતો. આ અંગે પોલીસે ફરિયાદના આધારે ગુનો નોંધી તપાસ આદરી છે. જો કે દિલબહાદુરની કોણે અને કયા કારણોસર હત્યા કરી તે અંગે કોઈ વિગતો બહાર આવી નથી. ■

# વડોદરામાં કુદરતી નહિ પરંતુ સરકાર સર્જિત પૂર

## વિપક્ષના નેતા અમિત ચાવડાનો ગંભીર આરોપ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વડોદરામાં પૂરના કારણે જાનહાનિ અને માલમિલકતોને ભારે નુકસાન થયું છે, આ ગુજરાત વિધાનસભામાં વિપક્ષના નેતા અમિત ચાવડાએ વડોદરાની મુલાકાત લીધી હતી. બાદમાં તેમણે કૉંગ્રેસના નેતાઓ સાથે સર્કિટ હાઉસ ખાતે બેઠક યોજી હતી. આ સમયે તેઓએ વિશ્વામિત્રી નદીમાં આવેલા પૂર મામલે નેતાઓ સાથે ચર્ચા કરી હતી અને ત્યાર બાદ રાજ્યમાં સત્તારૂઢ ભાજપ પર ગંભીર આરોપો લગાવ્યા હતા કે, વિશ્વામિત્રી નદીમાં ભાજપના નેતાએ દબાણ કરીને બંગલો બનાવી દીધો છે. જે અગોરા મોલે વિશ્વામિત્રી નદીમાં દબાણ કર્યું છે, તે અગોરા મોલમાં તત્કાલિન મુખ્ય પ્રધાન આનંદીબેન પટેલના કુટુંબીજનોની ભાગીદારી છે તેવી વાત પણ ચાલી રહી છે, વડોદરામાં આવેલું ઘોડાપૂર એ કુદરતી નહિ પરંતુ સરકાર સર્જિત પૂર છે તેવું જણાવી તેમણે પીડિતોને વળતરની માગ કરી હતી.

કૉંગ્રેસના નેતા અમિત ચાવડાએ વધુમાં જણાવ્યું હતું કે, વિશ્વામિત્રી નદીમાં મોટા પ્રમાણમાં દબાણો થયા અને એનો ભોગ આજે વડોદરાની જનતા બની છે, જે રીતે પરિસ્થિતિનું નિર્માણ થયું અને લોકો પાણી વચ્ચે ચાર ચાર દિવસ સુધી રહ્યા. આ સમયે કોઈ કોર્પોરેશનનો અધિકારી પણ પહોંચ્યો નહીં કે, કોઈ પદ અધિકારી પણ પહોંચ્યો નહીં અને જે સ્થિતિનું નિર્માણ થયું કે જ્યાં પીવાના પાણીની વ્યવસ્થા ના હોય, લાઈટ ના હોય ત્યાં બાળકો માટે દૂધની વ્યવસ્થા ન હોય છતાં પણ વારંવાર લોકોએ મદદ માટે કોલ કર્યા હોવા છતાં પણ તંત્ર ન પહોંચ્યું. અમારી માગ છે કે, દરેક પરિવારને ૧૦,૦૦૦ ઘરવખરીની સહાય મળવી જોઈએ, જે લોકોના જીવ ગયા છે, એના બાળકોને ભવિષ્ય માટે ખૂબ મોટો પ્રશ્નાર્થ ઉભો થયો છે. મૃતકોની જિંદગીની કિંમત થઈ ના શકે પણ ઓછામાં ઓછી ૨૫ લાખ રૂપિયા સહાય સરકારે આપવી જોઈએ. વેપારીઓ અને વાહનોને જે નુકસાન થયું છે તેનો તાત્કાલિક સર્વે કરવામાં આવે અને જેટલું પણ નુકસાન થયું છે એ નુકસાન માટે રાજ્ય સરકાર સ્પેશિયલ પેકેજ જાહેર કરે.

તે ઉપરાંત તેમણે તાત્કાલિક રીતે એક મહિનાની અંદર તમામ નદીકાંઠાના ગેરકાયદે બાંધકામો દૂર કરાવાની અને નદી કિનારાને ગ્રીન ઝોન તરીકે ફરી જાહેર કરવામાં આવે, એની અમે માગણી કરી હતી. પાંચ સપ્ટેમ્બરથી એક એક ઘેર જઈને અને બધાની પાસેથી માહિતી મેળવી સર્વે કરવા અને એ સર્વેના આધારે આવનારા દિવસોમાં લોકોને વળતરની માગ કરવાનો પણ તેમણે નિર્ધાર વ્યક્ત કર્યો હતો. ■

# વડોદરા શહેરમાંથી ૩૦ મગર, ૭૮ સાપ સહિતના પ્રાણીઓનું રેસ્ક્યૂ કરાયું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વડોદરા શહેરમાં ભારે વરસાદ અને વિશ્વામિત્રી નદીમાં આવેલા વિનાશક પૂરને કારણે પાણી નજીકના રહેણાંક વિસ્તારોમાં પ્રવેશ્યું હતું જેથી માર્શ મગર (ક્રોકોડાયલસ પેલસ્ટ્રિસ), સોફ્ટશેલ કાચબા, સાપ સહિતના પ્રાણીઓના કુદરતી રહેઠાણો પર પાણી ફરી વળ્યા હતા. વન્ય પ્રાણીઓના કુદરતી રહેઠાણોમાં પાણી ભરાઈ જવાને કારણે આ પ્રાણીઓ રસ્તાઓ અને રહેણાક વિસ્તારોમાં આવી જતાં લોકોમાં ભય અને ચિંતાનું વાતાવરણ સર્જાયું હતું. આ સ્થિતિમાં, સામાજિક વનીકરણ વિભાગે સ્થાનિક એનજીઓ અને પશુ કાર્યકરો સાથે મળીને આ પ્રાણીઓને વડોદરા શહેરમાં રહેણાંક વિસ્તારોમાંથી રેસ્ક્યૂ કરીને પાણી ઓછું થયા બાદ તેમને તેમના કુદરતી રહેઠાણોમાં છોડ્યા હતા.

સામાજિક વનીકરણ વિભાગના ડીસીએફએ જણાવ્યું હતું કે, વડોદરા શહેરમાં ધોધમાર વરસાદ બાદ વિશ્વામિત્રી નદીમાં પૂર આવ્યું હોવાને કારણે માર્શ મગરોના કુદરતી રહેઠાણને ખલેલ પહોંચાડી હતી. આથી, તેઓ શહેરના રહેણાંક વિસ્તારોમાં ઘૂસી ગયા હતા. તેમને બચાવવામાં અમારી ૧૫ ટીમોએ સ્થાનિક એનજીઓ અને એનિમલ એક્ટિવિસ્ટ સાથે મળીને બે દિવસમાં લગભગ ૨૦ મગરોને બચાવ્યા હતા, જેમાં સૌથી મોટો ૧૪ ફૂટનો હતો અને તેમને પાછા છોડતા પહેલા કેન્દ્રમાં લાવવામાં આવ્યા હતા.

તે જ પ્રકારે વડોદરાના રેન્જ ફોરેસ્ટ ઓફિસરે જણાવ્યું હતું કે, છેલ્લા ત્રણ દિવસમાં સામાજિક વનીકરણની ટીમોએ ૩૦ માર્શ મગર, ૭૮ સાપ, ૬ સોફ્ટ શેલવાળા કાચબા અને એક શાહુડીને બચાવ્યા અને તેમના કુદરતી રહેઠાણોમાં છોડ્યા હતા. શહેરભરના વિવિધ વિસ્તારોમાંથી અને આસપાસના સ્થળોએથી રખડતા મગર, સાપ અને પાંચ વિશ્વામિત્રી કાચબાને બચાવ્યા છે. તેઓને તેમના કુદરતી રહેઠાણોમાં પાછા છોડવામાં આવે તે પહેલાં કેન્દ્રમાં પશુ ચિકિત્સકો દ્વારા સારવાર આપવામાં આવી હતી અને બાદમાં તેમના નિવાસસ્થાનોમાં છોડવામાં આવ્યા હતા.

વડોદરામાં નવલખી કૃત્રિમ તળાવ, ખાસવાડી સ્મશાન, ખિસકોલી સર્કલ, મુજમહોડા ગુજરાત ટ્રેક્ટર, જાંબુઆ શુભમ બંગ્લોઝ, પોલિટેકનિક કોલેજ સહિત ૯ વિસ્તારોમાંથી મગરનું રેસ્ક્યૂ કરાયું હતું. આ ઉપરાંત, કમાટીબાગમાંથી ૧ મોટા કાચબાનું પણ રેસ્ક્યૂ કરાયું હતું. જેમ જેમ રહેણાંક વિસ્તારોમાંથી મગરો નીકળી રહ્યા છે, તેને લઈને સ્થાનિક લોકોમાં ભયનો માહોલ જોવા મળી રહ્યો છે. ■

# કપડવંજ તાલુકાની પરિણીતા પર દુષ્કર્મ આચર્યાની ફરિયાદ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત રાજ્યમાં અવારનવાર શખ્સો મહિલાઓ સાથે દુષ્કર્મ ગુજારતા હોવાની કલંકિત ઘટનાઓ બનતી હોય છે. કપડવંજ તાલુકામાં રહેતી બે સંતાનની માતા સાથે શખ્સે દુષ્કર્મ ગુજાર્યું હતું. આ અંગે પરિણીતાએ પોલીસ ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

મળતી માહિતી મુજબ, કપડવંજ તાલુકામાં રહેતી ૩૧ વર્ષીય પરિણીતાને એકતરફી પ્રેમ સંબંધ બાંધવા માટે રાહુલ ઝાલા દબાણ કરતો હતો. શખ્સે પરિણીતાને અવારનવાર કપડવંજથી બાબરા અને ભાવનગર લઈ જઈ દુષ્કર્મ આચર્યું હતું.

જે બાદ યુવકે તું મારી સાથે નહીં બોલે તો તારા પતિને જાનથી મારી નાખીશ તેવી ધમકી આપતો હતો. આ અંગે પરિણીતાએ કપડવંજ ગ્રામ્ય પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે રાહુલ ઝાલા સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. ■

# અમદાવાદમાં મહિલાઓ માટે લગાવેલા સીસીટીવી અને ઇમરજન્સી કોલબોક્સ ચોરાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અમદાવાદના ગોમતીપુરમાં પોલીસે મહિલાની સુરક્ષા માટે લગાવેલા સીસીટીવી અને ઇમરજન્સી કોલ બોક્સની ચોરી થઈ છે. ગોમતીપુરના પરમાંનદ ચાલીની બહાર લગાવેલા ડિવાઇસની ચોરી થતા પોલીસે ફરિયાદ નોંધીને તપાસ હાથ ધરી છે.

ગોમતીપુરમાં ઈમરજન્સી કોલબોકસ અને સીસીટીવીની ચોરી થતાં પોલીસે અજાણ્યા શખ્સો સામે ગુનો નોંધ્યો છે અને અન્ય સીસીટીવીની મદદથી તપાસ હાથ ધરી છે. મહિલાઓની છેડતી અને સુરક્ષા માટે અમદાવાદ શહેર પોલીસ દ્વારા ઈમરજન્સી ડિવાઈસ લગાવ્યા છે. નિર્ભયા પ્રોજેક્ટ અંતર્ગત કેમેરા લગાવવામાં આવ્યા હતા.

રૂ.૨૩૦૦ કરોડના પ્રોજેક્ટ હેઠળ આઠ શહેરનો સમાવેશ કરવામાં આવ્યો છે, જેમાં અમદાવાદ શહેરનો પણ સમાવેશ થાય છે. અમદાવાદ પોલીસને આ માટે ખાસ રકમની ફાળવણી કરાઈ છે. હાલ શહેરમાં ૮૦ કેમેરા લગાવ્યા છે અને આગામી સમયમાં વિવિધ જગ્યામાં કેમેરા લગાવવામાં આવશે.

આ પ્રોજેક્ટ હેઠળ જ્યાં મહિલા અને યુવતીઓ માટે અસુરક્ષિત સ્થાન હોય ત્યાં વીડિયો બોક્સ મૂક્યા છે. ■

# પંચમહાલના કાલોલમાં ખાડાના કારણે સ્કૂટર ચાલકે કાબૂ ગુમાવતા ગોમા નદીમાં તણાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ પંચમહાલ જિલ્લાના કાલોલમાં ગત રાત્રી દરમ્યાન યુવક ગોમા નદીમાં તણાયો હતો. સ્કૂટર પર યુવક કોઝ વે પસાર કરી રહ્યો હતો તે દરમિયાન ઘટના બની હતી. કોઝ વેના એપ્રોચ રોડ પર પડેલા ખાડાને કારણે નિયંત્રણ ગુમાવતા યુવક મિત્ર સાથે નદીમાં ખાબક્યો હતો.

નદીમાં ગરકાવ થયેલા યુવકને શોધવા માટે તંત્ર સહિત કાલોલ ફાયર ફાઈટરની ટીમો કામે લાગી હતી. મધ્ય રાત્રીએ નદીમાં દૂરના સ્થળે યુવકનો મૃતદેહ મળી આવ્યો હતો. ઘટનાને પગલે તંત્રના ઉચ્ચ અધિકારીઓ ઘટના સ્થળે દોડી આવ્યા હતા. યુવકના મૃત્યુને પગલે પરિવારમાં ઘેરા શોકની લાગણી જોવા મળી રહી છે.

કાલોલ શબનમ સોસાયટીથી અવરજવર માટે કોઝ-વે બનાવવામાં આવ્યો હતો, જેના ઉપરથી મોહમ્મદ સમીર સમુરૂદ્દીન કંસારા (ઉ.વ. ૧૭ વર્ષ) પસાર થઈ રહ્યો હતો. આ કોઝ-વે તાજેતરમાં જ બનાવવામાં આવ્યો છે, જેનું લોકાર્પણ કરવામાં આવે તે પહેલાં ત્રણ દિવસ અગાઉ વરસાદી પાણીમાં ધોવાયો છે.

પાલિકાની ફાયર ટીમને જાણ કરવામાં આવતાં ફાયર ટીમે કોઝ-વેમાં તણાયેલા યુવકની શોધખોળ શરૂ કરી હતી. તેનું સ્કૂટર મળ્યા બાદ યુવકનો મૃતદેહ મળી આવ્યો હતો. કોઝ-વેનું ધોવાણ થયું હોવા છતાં પાલિકા તંત્રએ તેના ઉપર અવરજવર ચાલુ રાખતા આ દુર્ઘટના બની છે. ■

# ૧૦ લાખની લાંચ લેવાના કેસમાં ફરાર પીએસઆઈ એક વર્ષે સુરતમાંથી પકડાયો

અમદાવાદઃ એન્ટી કરપ્શન બ્યૂરો (એસીબી)એ ૧૧ મહિનાથી ફરાર પીએસઆઈ દિલીપ ચોસલાની આખરે સુરતમાંથી ધરપકડ કરી હતી, પીએસઆઈ દિલીપ ચોસલા લાંચ લેવાના એક મહત્ત્વના કેસમાં છેલ્લા ઘણા સમયથી ફરાર હતા. પીએસઆઈ ચોસલા ઉત્રાણ પોલીસ મથકમાં ફરજ બજાવતા હતા અને લાંચ લેવાના આરોપી છે. એસીબીની તપાસમાં પીએસઆઇ ૫૪,૦૦૦નો પગારદાર હોવાનું બહાર આવ્યું છે.

પીએસઆઈ દિલીપ ચોસલાએ એક કેસ રફેદફે કરવા માટે ૧૦ લાખ રૂપિયાની લાંચની માગણી કરી હતી. એસીબીએ અગાઉ આ કેસમાં પીએસઆઇના બે વચેટિયાઓની ધરપકડ કરી હતી, જે બાદ આ કેસમાં પકડાઈ જવાથી બચવા આરોપી પીએસઆઇ ચોસલા માટે ફરાર થઈ ગયો હતો.

સુરત એસીબીની ટીમે ભારે જહેમત બાદ પીએસઆઈ દિલીપ ચોસલાને ઝડપવામાં સફળતા મેળવી હતી. પીએસઆઈ ચોસલાની ધરપકડથી તેમની સામે ભ્રષ્ટાચારના આરોપો અંગે વધુ તપાસ કરવામાં આવશે. ■

# વડોદરામાં રોગચાળો અટકાવવા ૫૦૦ ટીમ મેદાને

અમદાવાદઃ વડોદરા શહેરમાં પૂરની સ્થિતિ બાદ અસરગ્રસ્ત વિસ્તારોમાં રોગચાળાને અટકાવવા માટે તેમજ જરૂરિયાતમંદ લોકોને આરોગ્ય સંબંધિત દુવિધા ઊભી ન થાય તે માટે શહેરમાં આરોગ્ય વિભાગની ટીમો દોડતી થઈ છે. વડોદરા મહાનગરપાલિકાની ૪૪ મોબાઈલ ટીમો ફીલ્ડ પર જઈને આરોગ્યલક્ષી કામગીરી કરી રહી છે. આ ઉપરાંત હાઉસ ટુ હાઉસ સર્વેલન્સ માટે ૪૫૦ કરતા પણ વધારે ટીમો જન-જનના સ્વાસ્થ્યની સંભાળ લઈ રહી છે જેના પરિણામે તા. ૨૯ અને તા. ૩૦ ઑગસ્ટ એટલે કે માત્ર બે દિવસમાં આ ટીમો દ્વારા કુલ ૧.૪૦ લાખ કરતા પણ વધારે ઘરોની તપાસ કરીને કુલ ૭.૫૮ લાખ વસતીનું હેલ્થ સર્વેલન્સ કરવામાં આવ્યું હતું.

આરોગ્ય વિભાગ દ્વારા આ બે દિવસમાં મોબાઈલ ટીમો દ્વારા કુલ ૩૩૬ મેડિકલ કેમ્પ યોજવામાં આવ્યા હતા, જેનો ૪૦ હજારથી વધારે લોકોએ લાભ લીધો હતો. આ સાથે જ ૩૨ હજાર ઉપરાંત ઘરોમાં ફોગીંગ, ૨.૩૧ લાખથી વધારે ક્લોરિનની ગોળીનું વિતરણ તેમ જ ઓ.આર.એસ. પેકેટનું વિતરણ પણ કરવામાં આવ્યું હતું.■

# અરવલ્લી જિલ્લામાં તીડના આતંકથી સ્થાનિકો હેરાન

અમદાવાદઃ અરવલ્લીના ગ્રામ્ય વિસ્તારોમાં તીડનો આતંક જોવા મળ્યો છે. મેઘરજ તાલુકાના જીતપુર, ખાકરિયા, ઈસરી, ખુમાપુર સહિતના પંથકમાં તીડનો આતંક જોવા મળ્યો છે. તીડના ઝૂંડથી ખેતીના ઊભા પાકને નુકસાનની ભીતિ સેવાઈ રહી છે. હાલ ગામમાં કોઈ ખેતી અધિકારીઓ આવ્યા ન હોવાની વાત ખેડૂતો કરી રહ્યાં છે. અરવલ્લીના ગ્રામ્ય પંથકોમાં તીડનો આતંક વધ્યો છે. આ તીડ ફકત ખેતરમાં નહીં પરંતુ લોકોના ઘર સુધી પહોંચી ગયા છે. ખેડૂતોનો આક્ષેપ છે કે કોઈ પણ ખેતી અધિકારી ગામમાં જોવા આવ્યા નથી અને દવાનો છંટકાવ કરવામાં આવ્યો નથી. તીડના ટોળા છેલ્લા બે દિવસથી ખેતરોમાં ફરી રહ્યાં છે અને તૈયાર થયેલા પાકને નુકસાન પહોંચાડી રહ્યાં છે ત્યારે ખેડૂતો આશા રાખીને બેઠા છે કે વરસાદ આવશે તો જ આ તીડ દૂર થશે. અત્યાર સુધી ગુજરાતમાં સૌથી વધુ તીડનો આતંક બનાસકાંઠામાં જોવા મળ્યો છે અને ત્યારબાદ તીડનું ટોળું અરવલ્લીમાં દેખાયું છે. ■

## સંસ્થા સમાચાર

# કોલકાતામાં પર્યુષણ પર્વના શાનદાર વધામણા કરતાં ભાવિકોમાં ધર્મોલ્લાસ





પૂર્વભારતની રાજધાની કોલકાતામાં પૂ. શ્રી. ધીરગુરુદેવના સાંનિધ્યે ડુંગર દરબારમાં પર્યુષણ પર્વનો ધર્મોલ્લાસપૂર્વક પ્રારંભ થયેલ છે.

વિશાળ ધર્મસભાને સંબોધતાં ગુરુદેવે જણાવેલ કે માત્ર ભેગા થવું તેને 'પ્રસંગ' અને એક મેક થવું તેને 'પર્વ' કહેવાય છે. તમારી આંખ સારી હશે તો દુનિયા તમને ગમશે. અને તમારી જીભ સારી હશે તો દુનિયાને તમે ગમશો. વાણીનો વૈભવ વધારવો તમારા હાથમાં છે.

ચંદના સ્વાધ્યાય મંદિર-જૈન શાળા દ્વારા ધન્ના-શાલીભદ્રનો સંવાદ રજૂ કરાયો હતો. દરેક જ્ઞાનદાતાનું ૨૫૦૦/ના કવરથી સંઘે સન્માન કરેલ.

મહાવીર જન્મ વાંચન બાદ વિલાબેન પંચમીયા અને છબલબેન અમીચંદ વોરા પરિવાર તથા મહાવીર જન્મકલ્યાણક (૨૦૨૫)માં ડૉ. પ્રીતીબેન અતુલભાઇ દોશીએ લાડુ પ્રભાવનાનો ચડાવો ૮ લાખમાં લાભ લીધેલ.

આગામી ૧૦ વર્ષ સુધી લાડુ પ્રભાવનાના દાતા તરીકે વોરા અને દોશી પરિવારે ભાવના ભાવતાં અહોદાનંના જયઘોષે ભાવિકો ઝૂમી ઊઠયા હતા.

તા. ૨ના સવારે ૯થી ૧૦.૩૦ કલાકે વર્તનનો વૈભવ, તા. ૩ના વિનયનો વૈભવ, તા. ૪ના જીવનનો વૈભવ અને તા. ૫ના સવારે ૬.૩૦ કલાકે મહાવીરપ્રભાત ફેરી તથા ૯ કલાકે પ્રવચન, તા. ૬ને શુક્રવારે માનવતાનો વૈભવ, તા.૭ને શનિવારે પ્રસન્નતાનો વૈભવ, તા.૮ને રવિવારે ક્ષમાનો વૈભવ વિષય પર પ્રવચન ધારા રહેશે. તા. ૮ને રવિવારે બપોરે ૨.૩૦થી ૪ કલાકે આલોયણા રાખેલ છે. પ્રવચનનું લાઇવ પ્રસારણ યુ ટયૂબમાં 'ધીર પ્રવચન ધારા' ચેનલમાં કરવામાં આવે છે. તા. ૫ને ગુરુવારે સાંજે ૭થી ૯ કલાકે મહાવીર ભક્તિ અને પ્રેરણાના તંત્રી અજયભાઇ શેઠનું વકતવ્ય યોજાશે. ■

# ઈથેનોલ ઉત્પાદન માટે ખાંડના નિયંત્રણો ઉઠાવવાથી મહાયુતિને ફાયદો થવાની આશા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મહારાષ્ટ્ર સરકાર દ્વારા સાકરના કારખાના માટે ઈથેનોલના ઉત્પાદન માટે નિયંત્રણો હટાવવાનો જે નિર્ણય લીધો છે તેનો ફાયદો રાજ્યની મહાયુતિ સરકારને આગામી વિધાનસભાની ચૂંટણીમાં થવાની સંભાવના છે. રાજ્યમાં નવેમ્બરમાં ચૂંટણી થવાનો અંદાજ બાંધવામાં આવી રહ્યો છે અને તે જ સમયમાં લગભગ શેરડીનું પિલાણ ચાલુ થશે. પશ્ચિમ અને ઉત્તર મહારાષ્ટ્ર તેમ જ મરાઠવાડાની મળીને કુલ ૮૦ બેઠકો પર શેરડીના ખેડૂતો મુખ્ય વોટ બેંક છે.

ખાદ્ય મંત્રાલયના જણાવ્યા મુજબ નવેમ્બરથી ઇથેનોલ ઉત્પાદકોને શેરડીનો રસ, બી-હેવી અને સી-હેવી મોલાસીસનો ઉપયોગ કરવાની છૂટ આપવામાં આવશે. ભારતીય જનતા પાર્ટીની આગેવાની હેઠળની કેન્દ્ર સરકારે ડિસેમ્બર ૨૦૨૩માં નબળા વરસાદની સીઝન પછી ખાંડના ભંડારમાં વધારો કરવા માટે શેરડીના રસ અને સીરપનો ઉપયોગ કરીને ઇથેનોલ બનાવવા પર પ્રતિબંધ મૂક્યો હતો.

આના કારણે ઇથેનોલ બનાવવાની ક્ષમતા ધરાવતી શેરડીના કારખાનાઓને ઉત્પાદન બંધ કરવાની ફરજ પડી હતી, જેના કારણે નુકસાન થયું હતું. ખાંડ કરતાં ઇથેનોલ વધુ સારું વળતર આપે છે અને ફેક્ટરીઓએ આ લાભ શેરડીના ખેડૂતોને આપ્યો. ૨૦૨૩-૨૪ પુરવઠા વર્ષ માટે ઇથેનોલ ઉત્પાદન માટે ૧.૭ મિલિયન ટન ખાંડના ડાયવર્ઝનને મંજૂરી આપતા, ૧૪ ડિસેમ્બરે પ્રતિબંધ આંશિક રીતે હટાવવામાં આવ્યો હતો. જો કે, બી-હેવી મોલાસીસ અને શેરડીના રસમાંથી ઇથેનોલના ઉત્પાદન પર પ્રતિબંધ ચાલુ રાખવામાં આવ્યો હતો.

પ્રતિબંધથી ખેડૂતોની આવકને અસર થઈ છે, લોકસભાની ચૂંટણીમાં ભાજપે નારાજીનો સામનો કરવો પડ્યો હતો. તેથી એપ્રિલમાં કેન્દ્ર સરકારે આંશિક પ્રતિબંધ ઉઠાવી લીધો હતો અને ખાંડ મિલોને ઇથેનોલ ઉત્પાદન માટે તેમના હાલના બી-હેવી મોલાસીસના સ્ટોકનો ઉપયોગ કરવાની મંજૂરી આપી હતી.

હવે મહારાષ્ટ્રમાં વિધાનસભાની ચૂંટણીઓ નજીક હોવાથી કેન્દ્ર સરકારે તમામ પ્રકારના ઇથેનોલ ઉત્પાદન પરનો પ્રતિબંધ હટાવી લીધો છે. નેશનલ કો-ઓપરેટિવ સુગર ફેક્ટરી ફેડરેશનના પ્રમુખ હર્ષવર્ધન પાટીલે આ નિર્ણયને આવકાર્યો હતો અને કહ્યું હતું કે તેનાથી શેરડીના ખેડૂતોની આવક વધારવામાં મદદ મળશે.

પાટીલે કહ્યું કે ફેડરેશને કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહને ૧૦ ઓગસ્ટના રોજ ઇથેનોલ ઉત્પાદન પરનો પ્રતિબંધ હટાવવાની વિનંતી કરી હતી.

ફેડરેશનના અનુમાન મુજબ બી-હેવી મોલાસીસમાંથી ઇથેનોલનું ઉત્પાદન ૩.૨૯ અબજ લીટર થશે અને સીધા રસમાંથી ઇથેનોલનું ઉત્પાદન ૭.૧૮૬ અબજ લીટર થશે. વર્તમાન દરે કુલ અપેક્ષિત આવક રૂ. ૨૪,૭૧૯.૧૯ કરોડ હશે. ■

## હિન્દુ મરણ

**ગણદેવી વિશા લાડ વણિક**

માલીની ઉમેશ શાહ (ઉં. વ. ૬૭) હાલ મુંબઇ કાંદિવલી તે સ્વ. વૃજલાલ નાનુભાઇ ચોકસીના પુત્રી. તે રીતેશ અને જલ્પાના માતુશ્રી. તે ભૂમિકા, રીતેશકુમારના સાસુ. તે મિસ્ટીના દાદી. તે સ્વ. ભારતી મનહરલાલ દલાલ, કુમુદ કંચનલાલ શ્રોફ, સ્વ. કોકીલા કિરણકુમાર તલાટી, સ્વ. મનીષા સતીશ શાહ, વર્ષા જીતેન્દ્ર શાહના ભાભી તે ૩૧-૮-૨૪ના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા તા. ૨-૯-૨૪ના સોમવારના ૫થી ૭. ઠે. સનરાઇઝ પાર્ટી હોલ, શ્રીજીમહલ બિલ્ડિંગ, આનંદીબાઇ કોલેજની સામે, બોરીવલી (પ.).

**ખંભાત દશા મોઢ અડાલજા વણિક**

ખંભાતવાળા હાલ મીરારોડ સ્વ. જયાબેન કૃષ્ણકાંત ગાંધીના પુત્ર હેમંત કૃષ્ણકાંત ગાંધી (ઉં. વ. ૫૫) તે કામીનીબેનના પતિ. દીપકભાઇ તથા સ્વ.ધર્મેન્દ્રભાઇનાં ભાઇ. દિશા ભૂષણ મેંદન તથા જાનવી ગૌરવ ધાબલીયાના પિતા. સ્વ. કલ્પનાબેન રામદાસ પરીખનાં જમાઇ તા. ૨૯-૮-૨૪ના શ્રીજીશરણ પામેલ છે.લૌકિક પ્રથા બંધ છે.

**કચ્છી લોહાણા**

સ્વ. રૂક્ષ્મણીબેન વિઠ્ઠલદાસ રામજી ભીંડે કચ્છ ગામ મોટા આસંબીયા હાલ મુલુંડવાળાના પૌત્ર. નયનાબેન દિલીપભાઇ ભીંડેના પુત્ર વિશાલ (ઉં. વ. ૪૩) તા. ૩૧-૮-૨૪ના શનિવારે રામશરણ પામેલ છે. દિપાલીના પતિ. સુનંદા રવીન્દ્ર કડવેના જમાઇ. ચીરાગ-ફાલ્ગુનીબેન મનીષ ઠક્કરના ભાઇ. વંશના કાકા. બન્ને પક્ષની પ્રાર્થનાસભા મહાજન વાડી, ગ્રાઉન્ડ ફ્લોર, તા. ૨-૯-૨૪ના આર.આર.ટી. રોડ, મુલુંડ (વેસ્ટ), સાંજે ૫થી ૭. લૌકિક વ્યવહાર બંધ છે.

**દશા માંડલિયા મોઢ વણિક**

કિલ્લા પારડી નિવાસી હાલ સાયન મુંબઇ ડો. પ્રકાશભાઇ શાહ તે સ્વ. નવમાલિકાબહેન તથા સ્વ. સુંદરભાઇ શાહના સુપુત્ર. અમીના પતિ. અશ્મી અંકિત નાણાવટી અને ઉર્વિ દેવલ શાહના પિતાશ્રી. છાયાબહેન-શૈલેશભાઇ, શ્રેયસ-અંજલિ, નિલીમા-રષેશભાઇના ભાઇ. નીતિનભાઇ જયંતિલાલ મહેતાના બનેવી રવિવાર, તા. ૧-૯-૨૪ના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા મંગળવાર તા. ૩-૯-૨૪ના બપોરના ૨.૩૦થી ૪. ઠે. મલ્ટીપરપઝ હોલ, ટાવર એ/પીપ, બ્યુમોન્ટ, રૂપમ સિનેમાની બાજુમાં, સાયન સર્કલ, મુંબઇ-૪૦૦૦૨૨.

**કચ્છી મોઢ વણિક**

સૂર્યકાન્ત પ્રબોધન મહેતા મુંબઇ નિવાસી (હાલ સુરત) તા. ૩૧-૮-૨૪ના શનિવારના શ્રીજીચરણ પામેલ છે. તે નિયંતિકાબેનના પતિ. દર્પણ અને રૂપલના પિતાશ્રી. મૃદુલાબેન, સરલાબેન તથા અશ્વિનભાઇના મોટાભાઇ. કિશોરભાઇ અને રમેશભાઇના બનેવી. નયન અને દક્ષાના સસરા, ઇંદુબેન અને ગુલાબચંદ ગોવિંદજી દામાણીના જમાઇ. લૌકિક વ્યવહાર રાખેલ નથી.

**મોઢ વણિક**

ગામ સાવરકુંડલાના શશીકાંતભાઇ દલસુખરાય મહેતા (ઉં. વ. ૭૬) તે સ્વ. દલસુખરાય નંદલાલ મહેતાના સુપુત્ર. ગં. સ્વ. પુષ્પાબેન શશીકાંત મહેતાના પતિ તા. ૩૦-૮-૨૪ના શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. નીપાબેન, રૂપલબેન, ચેલના, ગાયત્રી, રાખી અને પૂજાના પિતા અને રાજીવકુમાર, દીપકકુમાર, ચાલ્સકુમાર, સંજયકુમાર, ચિરાગકુમારના સસરા. પ્રાર્થનાસભા તા. ૩-૯-૨૪ના સાંજે ૪થી ૬. ઠે. સ્વામીનારાયણ મંદિર, લવંડર બાગની બાજુમાં, ૯૦ ફીટ રોડ, ઘાટકોપર (ઇસ્ટ). લૌકિક પ્રથા બંધ છે.

**હાલાઈ લોહાણા**

મૂળ ગામ ભાટિયા (સૌરાષ્ટ્ર) હાલ કાંદીવલી, મુંબઈ નિવાસી સ્વ. કંચનબેન તથા સ્વ. લીલાધર રુગનાથ સામાણીના સુપુત્ર તે ઉષાબેનના પતિ શ્રી મહેશભાઈ સામાણી (ઉં.વ. ૭૨) તે અ.સૌ. બિનિતા નિલકુમાર ઠક્કર, અ.સો. સેજલ પંકજ કુમાર સાગરના પિતાશ્રી. તે સ્વ. રમેશભાઈ, સ્વ. વિનુભાઈ, સ્વ. હસુબેન પ્રતાપ કુમાર દતાણી તથા કલુબેન પોપટના ભાઈ. તે સ્વ. માધવજી ઓધવજી કોટકના જમાઈ. તે અનન્યા, ધ્રુવ તથા યુગના નાનાજી તા.૩૦. ૮. ૨૪ શુકવારના રોજ શ્રીજી ચરણ પામેલ છે. તેમની બંને પક્ષની પ્રાર્થનાસભા સોમવાર તારીખ ૨. ૯. ૨૪ ના રોજ સાંજના ૪ થી ૬ દરમ્યાન રાખેલ છે. સ્થળઃ હાલાઈ લોહાણા મહાજન વાડી, (પહેલા માળે) એસ.વી. રોડ, શંકરના મંદિરની બાજુમાં, કાંદીવલી (વેસ્ટ).

**મચ્છુ કઠિયા સઈ સુતાર જ્ઞાતિ સમાજ**

કુતિયાણા વાળા હાલ બોરીવલી ગોરાઇ નિવાસી સ્વ. જેન્તીલાલ પુરુષોત્તમ મકવાણા તથા ગં. સ્વ સવિતાબેનના પુત્ર દીપક (ઉં. વ.૬૦) તા. ૩૧-૮-૨૪ ના રોજ શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ દક્ષાબેનના પતિ, રમેશ ભાઈ, ભાવનાબેન જયંતિલાલ લીંબડ, હરેશ ભાઈ, રાજુભાઈ અને રેખાબેન રાજેશ શાહના ભાઈ, ધૃતિના પપ્પા .તેઓ આણંદ વાળા સ્વ. રમણીકલાલ પોપટલાલ સોલંકીના જમાઇ. પ્રાર્થનાસભા તા. ૨-૯-૨૪ સોમવારે સાંજે ૪ થી ૬ રાખેલ છે. શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન સંઘ, પારેખ લેન, એસવી રોડ કાંદીવલી વેસ્ટ મુંબઈ - ૬૭. સાસરી પક્ષની સાદડી સાથે રાખેલ છે.

**દશા પોરવાડ**

દાભોળ નિવાસી હાલ ચર્નીરોડ જમનાદાસ શાહના પુત્ર. સ્વ. વૈશાલીબેનના પતિ. ડો. અરવિંદભાઈ જમનાદાસ શાહ (ઉં.વ.૭૭) તા. ૩૦/૮/૨૪ના રોજ શ્રીજીશરણ પામેલ છે. તે સ્વપ્નિલ, સ્વરૂપ તથા શિલ્પા ના પિતા, આશા તથા ભાવેશકુમાર ગોહિલના સસરા, રીત્વી, તસ્વી, રીયા તથા રેયાંશના બાપુજી. પ્રાર્થનાસભા તા. ૩/૯/૨૪ ના રોજ ૫ થી ૭ કલાકે નિવાસ સ્થાનેઃ ૨૮૧, જે, એસ એસ રોડ, ભીમારો હાઉસ, ચોથા માળે, ફ્લેટ, નં.૧૮, બેંક ઓફ ઇન્ડિયા ગીરગામ બ્રાન્ચની ઉપર, ઠાકુરદ્વાર મુંબઈ રાખેલ છે.

## પારસી મરણ

મેહેરૂ અરદેશીર દાવર તે મરહુમો જરબાનુ તથા અરદેશર દાવરના દીકરી. તે પરવેઝ, અસ્પી, ફરોખ, કેટી ને ગુલના બહેન. તે રોશની ચોકસી, શેરઝાદે સરકારી, કયોમર્ઝ દાવર ને બેનાઝ માર્કરના ફૂઇ. તે સાયરસ મલેસરીયા ને બરજીસ મલેસરીયાના માસી. તે ફરીદા તથા મરહુમો ગુલશન ને નરગીશના નણંદ. તે મરહુમ સોલી મલેસરીયાના સાલી. (ઉં. વ. ૮૮) રે. ઠે. ૧૫/૮, રૂસ્તમ બાગ, મુસ્તફા બજાર, ભાયખલા, ઇસ્ટ, મુંબઇ-૪૦૦૦૨૭. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૨-૯-૨૪ના રોજે બપોરે ૩.૪૫ કલાકે મેવાવાલા અગિયારી, ભાયખલા.

સફરાઝ જાલ મંચેરજી તે દીલનાવાઝના ખાવીંદ. તે મરુહમો જાલ ને રતી મંચેરજીના દીકરા. તે શીરીન ને અશરફના બાવાજી. તે લીનસી ને કુર્ત દીલીમાના સસરાજી. તે દિનશા, મરહુમ નાદીર, મરહુમ ગુલીન ને હોરમઝના ભાઇ. તે અલીશા, એડીસન, કેડ, ઝેરહને લાયલાના ગ્રેન્ડ ફાધર. (ઉં. વ. ૮૬) રે. ઠે. ફલેટ નં. ૧૧૦૨, વેંકટેશ ફલોરા, ફેઝ ૨, પૂણે-૪૧૧૦૩૬. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૨-૯-૨૪ના રોજ બપોરે ૩.૪૫ કલાકે બેનેટ બંગલી નં-૫, ડુંગરવાડી.

## જૈન મરણ

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

થાનગઢ નિવાસી હાલ કલકતા સ્વ. લીલાવંતીબેન અમૃતલાલ સંઘવીના મોટા દીકરા રમેશચંદ્ર (ઉં. વ. ૮૮) તા. ૩૧-૮-૨૪ના અરિહંતશરણ પામેલ છે. રવિનચંદ્ર, સુમનલાલ, રાજેશભાઇ, સ્વ. મંજુબેન, સ્વ. ઇન્દિરાબેન, અ. સૌ. હંસાબેન, મધુબેન, અ. સૌ. મીનાબેન, અ. સૌ. સુચિતાબેનના ભાઇ. કમલેશ, અજિત, રીટા દિપ્તીનકુમાર અવલાણીના પિતાશ્રી. અ. સૌ. રશ્મિ, અ. સૌ. દીપા, દિપ્તીનભાઇ અવલાણીના સસરા. આર્યનના દાદા. પ્રાર્થનાસભા સોમવારે, તા. ૨-૯-૨૪ના કલકતા ખાતે રાખેલ છે.

**ઘોઘારી વીશા શ્રીમાળી જૈન**

મોટી વાવડી નિવાસી હાલ ડોમ્બિવલી ધીરજલાલ વીનયચંદ સંઘવીના ધર્મ પત્ની કાન્તાબેન (ઉં.વ.૭૨) તે જિતેન્દ્ર, આશીષ, ચીરન તથા સપનાબેન નિલેશકુમાર તથા પ્રતીભા બેન ચેતન કુમારના માતુશ્રી તથા કિંજલ, રીના, બિંદયાના સાસુ તથા પાર્થ, પૂજન, દર્શિલ, ભવ્યના દાદી. પીયર પક્ષ રતીલાલ ગુલાબ ચંદ શાહ (છાપરી વાળા)ની દીકરી તા. ૩૧-૦૮-૨૪ ના સ્વર્ગવાસ પામેલ છે. સાદડી તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે, આશીષ ધીરજ લાલ સંઘવી, બી-ગીતાંજલી એપાર્ટમેન્ટ, પાંડુરંગ વાડી જૈન દેરાસરની બાજુમાં, ડોમ્બિવલી ઈસ્ટ.

**ઝાલાવાડી શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન**

ધ્રાંગધ્રા નિવાસી હાલ કાંદિવલી મુંબઈ, સ્વ. વસંતલાલ ત્રંબકલાલ ડુંગરશી શાહના ધર્મ પત્ની રસીલાબેન (ઉં.વ. ૮૬), તે વર્ષાબેન-ભદ્રેશકુમાર, રાકેશ-વૈશાલીના માતુશ્રી, તેમજ માતુશ્રી ગુણવંતીબેન હિંમતલાલ શાહ, માતુશ્રી વિમળાબેન સુરેશભાઈ ગાંધીના વેવાણ. તે કુનાલ, સ્વ જીનલ, પ્રિયાંશી, યશવીના દાદી, તેમજ બોટાદ નિવાસી હાલ અમદાવાદ સ્વ રતિલાલ ધનજી બગડિયાનાં સુપુત્રી તા. ૧ સપ્ટેમ્બર ૨૪ના અરિહંત શરણ પામેલ છે. પ્રાર્થના તેમ જ લૌકિક વ્યવહારની પ્રથા બંધ છે.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

મોટા આસંબીયાના પ્રભાવતી પ્રેમજી ગડા (ઉં.વ. ૭૫) તા. ૩૦-૮-૨૪ના અવસાન પામેલ છે. લાછબાઇ ઠાકરશી ગડાના પુત્રવધૂ. પ્રેમજીના ધર્મપત્ની. સીમા, જ્યોતિ, નીતા, સંજયના માતુશ્રી. કેસરબેન કેશવજીના પુત્રી. તલકશી, હરખચંદ, ધીરજ, પ્રવિણ, હેમલતા વસનજી, તારા વસનજીના બેન. પ્રાર્થના રાખેલ નથી. ઠે. પ્રેમજી ગડા, મોર્ડન બીલ્ડીંગ, ૨/૨૫, જકેરીયા બંદર, કોટનગ્રીન, મુંબઇ-૧૫.

**રાધનપુરી જૈન**

રાધનપુર નિવાસી મુક્તિલાલ વર્ધીલાલ વિરવાડિયાના સુપુત્ર. સ્વ. ભારતીબેનના પતિ. વિરલ, અમી, રિદ્ધિના પિતાશ્રી. ધીરેનભાઇ પ્રિતેશભાઇના સસરા. જયંતિલાલ ચુનીલાલ શાહના જમાઇ. સુરેશબેન, ભારતીબેન, નયનાબેનના ભાઇ. ચંદ્રેશ વિરવાડિયા તા. ૧-૯-૨૪ના અરિહંતશરણ પામેલ છે. અંતિમયાત્રા તા. ૨-૯-૨૪ના સોમવારે બપોરે ૧ વાગ્યે. ઠે. એ-૩૦૧, ૬૪ ગ્રીન્સ, જે. કે. મહેતા રોડ, પોદાર ઇન્ટરનેશનલ સ્કૂલ પાસે, સાંતાક્રુઝ (વેસ્ટ).

**કચ્છી લોહાણા**

સ્વ. અમીચંદ ભાણજી ગંધા તથા સ્વ. શાંતાબેનના પુત્ર અશોકભાઈ (ઉં.વ.૮૨) હાલ ભાયંદર, તા. ૩૦-૮-૨૪ના રોજ શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. ગોપિબેન તથા સ્વ.હંસાબેનના પતિ. તે સ્વ. દૈવેશ, સોનલ શાહ, રૂપલ મીરાણી, સોનલ ઠક્કરના પિતાશ્રી. તે મનીષા, કમલેશ શાહ, કિરીટ મીરાણી, હેમંત ઠક્કરના સસરા. તે સ્વ.જમનાદાસ, સ્વ.ચંદુલાલ, સ્વ. અરુણભાઇ, સ્વ. રમેશ ભાઈ. સ્વ. વિનોદભાઈ, સ્વ. અજીતભાઈ, સ્વ. સુરેશભાઈ, સ્વ. ભરતભાઈ, સ્વ. બેબીબેન તથા સ્વ. મંજુબેનના ભાઈ. એ પ્રાચી તથા વંશના દાદા. તેમની પ્રાર્થનાસભા રાખેલ નથી, લૌકિક વ્યવહાર બંધ છે.

## પુણેમાં ઘરની માલિકીનો વિવાદ

# બહેનની હત્યા બાદ મૃતદેહના ટુકડા કરી નદીમાં ફેંક્યાઃ ભાઇ-ભાભીની ધરપકડ

પુણેઃ પુણેમાં ઝૂંપડપટ્ટી વિસ્તારમાં આવેલા ઘરની માલિકીના વિવાદમાં ૪૮ વર્ષની બહેનની હત્યા કર્યા બાદ મૃતદેહના ટુકડા કરીને નદીમાં ફેંકવા બદલ ભાઇ-ભાભીની ધરપકડ કરવામાં આવી હતી, એમ પોલીસે જણાવ્યું હતું.

પોલીસે શનિવારે ધરપકડ કરેલા આરોપીઓની ઓળખ અશફાક ખાન અને તેની પત્ની હમીદા ખાન તરીકે થઇ હતી.

પોલીસેને ખર્ડી વિસ્તારમાં મુથા નદીના પટ પર ૨૬ ઑગસ્ટે હાથ-પગ અને માથા વિનાનું મહિલાનું ધડ મળી આવ્યું હતું, જેને હોસ્પિટલમાં મોકલાયા બાદ પોલીસે આ પ્રકરણે તપાસ આદરી હતી. તપાસ દરમિયાન મૃતકની ઓળખ સકીના ખાન (૪૮) તરીકે થઇ હતી.

જોઇન્ટ પોલીસ કમિશનર રંજનકુમાર શર્માએ જણાવ્યું હતું કે મુથા નદીના પટ પર અમને મહિલાનું ધડ મળી આવ્યું હતું. શરીર પર કપડાં નહોતાં. પુરાવા નષ્ટ કરવા માટે આરોપીઓએ મહિલાના શરીરના ટુકડા કર્યા હતા અને નદીમાં ફેંક્યા હતા.

પોલીસને તપાસમાં જાણવા મળ્યું હતું કે શિવાજીનગર સ્થિત ઝૂંપડપટ્ટી વિસ્તારમાં આવેલા ઘરની માલિકીને લઇ સકીના અને તેના ભાઇ અશફાક વચ્ચે વિવાદ ચાલી રહ્યો હતો.

દરમિયાન સકીના અચાનક ગુમ થઇ હતી અને પોલીસે તેના ભાઇ અને ભાભીને શંકાને આધારે તાબામાં લીધાં હતાં.

બંનેએ ગળું દબાવીને સકીનાની હત્યા કરી હતી અને બાદમાં તેના શરીરના ટુકડા કર્યા હતા, જેને નદીમાં ફેંકી દેવામાં આવ્યા હતા. દંપતી વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતાની કલમ ૧૦૩ (હત્યા) અને ૨૩૮ (પુરાવા નષ્ટ કરવા) હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. (પીટીઆઇ)■

# ભૂતપિશાચ ભગાવવાને બહાને ચાર પર બળાત્કારઃ ઢોંગીબાબાને ૨૦ વર્ષની કેદ

નાગપુરઃ નાગપુરમાં કિશોરીને ભૂતપિશાચની બાધા હોવાથી ૨૧ દિવસ ધાર્મિક પૂજા કરવાને બહાને કિશોરી, તેની માતા, મામી અને દાદી પર બળાત્કાર ગુજારવાના કેસમાં સ્પેશિયલ પોક્સો કોર્ટે ઢોંગીબાબા ધર્મેન્દ્ર વિઠોબા નિનાવે ઉર્ફે દુલેવાદે બાબા (૫૦)ને દોષી ઠેરવીને ૨૦ વર્ષની કેદ ફટકારી હતી.

નાગપુરમાં પારડી પોલીસે ૯ જાન્યુઆરી, ૨૦૨૧ના રોજ કિશોરીની ફરિયાદને આધારે ગુનો દાખલ કરીને ઢોંગીબાબાની ધરપકડ કરી હતી. કિશોરીના પિતા આરોપીને ઓળખતા હતા. કિશોરી કાયમ બીમાર રહેતી હોવાથી પિતા તેને બાબા પાસે લઇ ગયા હતા. બાબા પૂજાને બહાને કિશોરીને ઘેનની દવા પીવડાવી દેતો અને બાદમાં દુષ્કર્મ આચરતો હતો. તેણે કિશોરીને નિર્જન સ્થળે લઇ જઇ તેની સાથે કુકર્મ આચર્યું હતું. થોડા દિવસ બાદ કિશોરીની માતામાં પણ ભૂત ભરાયું હોવાનું કહીં તેને પણ ઘેનની દવા આપીને દુષ્કર્મ કરાયું હતું.

દરમિયાન કિશોરી, તેની માતા અને મામીને ચંદ્રપુર, છત્તીસગઢ અને ડોંગરગાંવ લઇ જઇ ત્યાં પણ તેમને વાસનાનો શિકાર બનાવાઇ હતી. ભાનમાં આવતાં જ તેમને કુટુંબના સભ્યોનું મૃત્યુ થઇ શકે એવી બીક આરોપી બતાવતો હતો. આરોપીએ કિશોરીની દાદીને પણ છોડી નહોતી. ચારેય જણને એકબીજાથી અલગ રાખીને આરોપી કુકર્મ આચરતો હતો. ■

# સહકર્મી સાથે છેતરપિંડીઃ ત્રણ શિક્ષિકા સામે ગુનો

થાણેઃ થાણેમાં મહિલા સહકર્મી સાથે છેતરપિંડી આચરવા બદલ ત્રણ શિક્ષિકા વિરુદ્ધ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો, એમ પોલીસે કહ્યું હતું.

ભિવંડી પોલીસ સ્ટેશનના અધિકારીના જણાવ્યા અનુસાર એક શિક્ષિકાએ ફરિયાદીને રાષ્ટ્રીયકૃત બેન્કમાંથી લોન લેવા અને તેને આપવા માટે સમજાવી હતી. જુલાઇ, ૨૦૨૦માં આ ઘટના બની હતી. શિક્ષિકાએ રૂ. ત્રણ લાખ ચૂકવ્યા હતા અને બાકીની રકમ ચૂકવવાને બહાને તેણે ફરિયાદી પાસેથી આધાર કાર્ડ અને પેનકાર્ડ લીધા હતા.

તેણે આધાર કાર્ડ અને પેનકાર્ડનો ઉપયોગ કો-ઓપરેટિવ બેન્કમાંથી બીજી લોન લેવા માટે કર્યો હતો. તેણે ફરિયાદીના નામે રૂ. પંદર લાખની લોન લીધી હતી. આ કેસમાં અન્ય બે શિક્ષિકા સાક્ષી તરીકે રહી હતી. ભિવંડી પોલીસે આ પ્રકરણે ત્રણેય શિક્ષિકા વિરુદ્ધ ગુનો દાખલ કરીને તપાસ હાથ ધરી હોઇ હજી સુધી કોઇની ધરપકડ કરવામાં આવી નથી. (પીટીઆઇ)■

નવમાં પાનાનું ચાલુ

## મુંબઈ રંગાયું

તૈયાર જોવા મળ્યા હતા.

મહાયુતિ અને ખાસ કરીને ભાજપ અને ભાજપની યુવા પાંખ દ્વારા મહાવિકાસ આઘાડીના 'જોડો(જૂતા) મારો આંદોલન'નો વિરોધ કરવા માટે રાજ્યવ્યાપી આંદોલન અને મોરચાનું આયોજન કરવામાં આવ્યું હતું. મહારાષ્ટ્રના દૈવત(દેવતાતુલ્ય પૂજ્ય) શિવાજીના નામે મહાવિકાસ આઘાડી વરવું રાજકારણ રમતી હોવા બદલ મહાયુતિ દ્વારા આ આંદોલન કરવામાં આવ્યું હતું. ભારતીય જનતા યુવા મોરચા દ્વારા મુંબઈ, થાણે, પાલઘર, છત્રપતિ સંભાજીનગર, નાશિક, રત્નાગિરી, રાયગઢ, જળગાંવ, સિંધુદુર્ગ, કરાડ અને પુણે સહિત આખા રાજ્યમાં મહાવિકાસ આઘાડી વિરુદ્ધ આંદોલન કરાયું હતું.

ઉદ્ધવ ઠાકરે જૂથની શિવસેના, શરદ પવાર જૂથની એનસીપી અને કૉંગ્રેસ, મહાવિકાસ આઘાડીના ત્રણેય મુખ્ય પક્ષો દ્વારા ઉદ્ધવ ઠાકરેના નેતૃત્વમાં સવારે દસ વાગ્યે ચર્ચગેટના હુતાત્મા ચોકથી ગેટ-વે ઑફ ઇન્ડિયા સુધી મોરચો કાઢવામાં આવ્યો હતો. આ મોરચામાં શરદ પવાર, કૉંગ્રેસ પ્રદેશાધ્યક્ષ નાના પટોળે પણ સામેલ થયા હતા જ્યારે ઉદ્ધવ ઠાકરેએ આ મોરચાનું નેતૃત્વ કર્યું હતું.

### મહાયુતિની ત્રિમૂર્તિના પોસ્ટરને જૂતાં મરાયાં

ઉદ્ધવ ઠાકરે તેમ જ કૉંગ્રેસના નેતાઓએ આંદોલન દરમિયાન મુખ્ય પ્રધાન એકનાથ શિંદે, નાયબ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ અને નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારના પોસ્ટરને ચપ્પલ મારી પોતાનો વિરોધ વ્યક્ત કર્યો હતો.

### ફરી નહીં આવવા દઇએ શિવદ્રોહી સરકારઃ કૉંગ્રેસ

કૉંગ્રેસના પ્રદેશાધ્યક્ષ નાના પટોળે પણ કાર્યકરો સાથે આ આંદોલનમાં સહભાગી થયા હતા અને આ દરમિયાન તેમણે જણાવ્યું હતું કે અમે સૌથી પહેલા તો શિવાજી મહારાજની માફી માગીએ છીએ કે આવી શિવદ્રોહી સરકારને અમે સત્તામાં આવવા દીધી. અમે પ્રતિજ્ઞા લઇએ છીએ કે આવું ફરીથી નહીં થવા દઇએ. વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ માફી ફક્ત આગામી વિધાનસભાની ચૂંટણીને ધ્યાનમાં રાખીને માગી છે.

### સુરત શહેરને શિવાજી મહારાજે લૂંટ્યું તેવી કૉંગ્રેસની શીખ

આખા ભારતને ખોટો ઇતિહાસ ભણાવવામાં આવ્યો હોવાની ટીકા કરતા ફડણવીસે જણાવ્યું હતું કે સ્વતંત્રતા મળ્યા બાદ કૉંગ્રેસે અભ્યાસક્રમમાં એવું શિખવ્યું કે છત્રપતિ શિવાજી મહારાજે ગુજરાતના સુરત શહેરને લૂંટ્યું હતું. જ્યારે સત્ય એ છે કે તેમણે ક્યારેય સુરત શહેરને લૂંટ્યું જ નહોતું. આજે સુરતના લોકોએ શિવાજી મહારાજની વિશાળ પ્રતિમા બેસાડી છે. શું સતત શિવાજી મહારાજનું અપમાન કરવા બદલ કોંગેસ માફી માગશે? લાલ કિલ્લા પર નહેરુ કે ઇંદિરા ગાંધીએ ભાષણ આપ્યું ત્યારે એક વખત પણ શિવાજી મહારાજનો ઉલ્લેખ કર્યો નહોતો. શું એ બદલ કૉંગ્રેસ માફી માગશે, એવો સવાલ ફડણવીસે કર્યો હતો.

### પગમાં પટ્ટીઓ બાંધી, હાથના ટેકે ચાલતા દેખાયા પવાર

હુતાત્મા ચોકથી ગેટ-વે ઑફ ઇન્ડિયા સુધી લઇ જવાયેલા મોરચામાં શરદ પવાર પણ સામેલ થયા હતા. જોકે તેમનું સ્વાસ્થ્ય ઠીક ન હોય તેવું જણાતું હતું. તેમના બંને પગમાં પટ્ટીઓ બંધાયેલી જોવા મળી હતી અને તે બીજાના હાથના ટેકે ધીરે ધીરે ચાલી રહેલા દેખાયા હતા. પવાર બીજાનો ટેકો લઇ મોરચામાં સહભાગી થયા હોવાનો વીડિયો પણ વાઇરલ થયો હતો. ■

## આરએસએસ અને ભાજપની

પૂરી થયા બાદ બહાર આવતા વખતે તેમને બેઠકમાં શું ચર્ચા થઇ તે વિશે પૂછવામાં આવતો કોઇપણ નેતા-પદાધિકારીએ કે આરએસએસના આગેવાનોએ ફોડ પાડ્યો નહોતો. આ બેઠક એક નિયમિત બેઠક હોવાનું તેમણે કહ્યું હતું. ■

## મહાયુતિમાં

નહીં, પણ જીતવાની તકો તેમાં માપદંડ હશે.

મહાયુતિમાં બેઠકોની વહેંચણીની વાટાઘાટો ૧૦ દિવસમાં પૂર્ણ થશે. અમે નક્કી કર્યું છે કે જીતની ક્ષમતાના આધારે બેઠકો ફાળવવામાં આવશે. અમે અમારા સહયોગીઓ માટે કેટલીક બેઠકો છોડીશું. દરેક કેટલી ચૂંટણી લડશે તે મહત્ત્વનું નથી, એમ તેમણે કહ્યું હતું.

કલ્યાણકારી યોજનાઓની સાતત્યતા સુનિશ્ચિત કરવા માટે ડબલ એન્જિનવાળી સરકાર હોય તે મહત્ત્વનું છે, એમ તેમણે કહ્યું. બાવનકુળેએ એમ પણ કહ્યું હતું કે તમામ ભાજપના કાર્યકર્તાઓને મુખ્ય પ્રધાન એકનાથ શિંદેની શિવસેના અને અજિત પવારના નેતૃત્વવાળી એનસીપી સાથેના ગઠબંધનમાં વિખવાદ પેદા કરી શકે તેવી ટિપ્પણી ન કરવા માટે નિર્દેશો જારી કરવામાં આવ્યા છે. બાવનકુળેએ ઉમેર્યું હતું કે, આ આદેશનું ઉલ્લંઘન કરનારાઓને પાર્ટી તરફથી કડક કાર્યવાહીનો સામનો કરવો પડશે. અગાઉ, શનિવારે, સીએમ શિંદે અને ડેપ્યુટી સીએમ દેવેન્દ્ર ફડણવીસ અને અજિત પવારે આગામી રાજ્ય વિધાનસભાની ચૂંટણીઓ માટે નાગપુરમાં બેઠક-વહેંચણીની વાટાઘાટો કરી હતી, જે ઓક્ટોબર-નવેમ્બરમાં યોજાય તેવી શક્યતા છે. સૂત્રોએ જણાવ્યું હતું કે બેઠક વહેંચણીની અંતિમ ફોર્મ્યુલા વધુ બેથી ત્રણ બેઠકો પછી આવશે. એનસીપીના સૂત્રોએ જણાવ્યું હતું કે ૧૭૩ બેઠકો માટે સર્વસંમતિ સધાઈ છે, જેમાં ભાજપને સૌથી વધુ હિસ્સો મળ્યો છે, ત્યારબાદ શિવસેના અને અજિત પવારના નેતૃત્વવાળી પાર્ટી છે. બાકીની ૧૧૫ બેઠકો ટૂંક સમયમાં મહારાષ્ટ્ર ભાજપના વડા ચંદ્રશેખર બાવનકુળે, સીએમ શિંદે તેમજ એનસીપીના વરિષ્ઠ નેતાઓ સુનીલ તટકરે અને પ્રફુલ પટેલની બેઠકમાં નક્કી કરવામાં આવશે, આ સૂત્રોએ ઉમેર્યું હતું. (પીટીઆઈ)■

## મહારાષ્ટ્રમાં રમખાણો

ઘટના વિશે બોલતા કહ્યું હતું કે મહારાષ્ટ્રમાં છત્રપતિ શિવાજી મહારાજની પ્રતિમા તૂટી પડે છે અને તે છતાં સરકાર વિરુદ્ધ રાજ્યમાં રમખાણો કેમ નથી થઇ રહ્યા. એક ગામમાં શિવાજી મહારાજ કે ડૉક્ટર બાબાસાહેબ આંબેડકરની પ્રતિમાને નાની એવી આંચ આવે તો રમખાણો થતા હતા, પરંતુ આશ્ચર્યની વાત છે કે આટલું મોટું પૂતળું તૂટી પડ્યું છતાં કોઇ રમખાણો કેમ ન થયા એ સમજાતું નથી. રમખાણો થવા જોઇએ.

**મહાવિકાસ આઘાડી રમખાણો ઇચ્છે છેઃ એકનાથ શિંદે**

ખૈરેના આ નિવેદનના આક્રમક પ્રતિસાદ મળી રહ્યા છે અને મુખ્ય પ્રધાન એકનાથ શિંદે સહિતના નેતાઓએ આ નિવેદનને વખોડ્યું છે. ખૈરેના નિવેદન વિશે પ્રતિક્રિયા આપતા તેમણે કહ્યું હતું કે ચૂંટણી પૂર્વે મહાવિકાસ આઘાડી રમખાણોની વાત કરી રહ્યો છે. તેમને મહારાષ્ટ્રમાં અશાંતિ ફેલાય એ જોઇએ છે. તેમને શાંત મહારાષ્ટ્ર સહન નથી થતું. તે જાતિ-પાતિના નામે તે રાજ્યને અશાંત કરવા માગે છે. ■

## જનતા ચોક્કસ

લાલ કિલ્લા પરથી છત્રપતિ શિવાજી મહારાજનું નામ લીધું હોય, શું મહાવિકાસ આઘાડીએ પંડિત નેહરુએ તેમની ડિસ્કવરી ઑફ ઈન્ડિયામાં જે લખ્યું છે તેના માટે માફી માંગશે? દેવેન્દ્ર ફડણવીસે એવો પણ સવાલ કર્યો હતો કે, મહારાજે સુરતને લૂંટ્યું તે ઇતિહાસ કોંગ્રેસે આટલા વર્ષો સુધી શીખવ્યો, શિવાજી મહારાજે ક્યારેય સુરતને લૂંટ્યું નથી, પરંતુ શું તેઓ અમને જાણીજોઈને ખોટો ઇતિહાસ શીખવવા બદલ માફી માંગશે?■

## એમવીએ શિવાજીની પ્રતિમા

સંભાજીનગર અને રાજ્યના અન્ય ભાગોમાં એમવીએને નિશાન બનાવીને વિરોધ પ્રદર્શન કર્યા હતા. આ અગાઉ શિવસેના (યુબીટી), એનસીપી (એસપી) અને કૉંગ્રેસની બનેલી મહા વિકાસ આઘાડી દ્વારા પ્રતીકાત્મક હુતાત્મા ચોકથી દક્ષિણ મુંબઈના ગેટવે ઑફ ઈન્ડિયા સુધી વિરોધ કૂચ યોજી હતી. એમવીએના નેતાઓએ પતન માટે કેન્દ્ર અને રાજ્ય સરકારોની ટીકા કરી હતી, ઉદ્ધવ ઠાકરેએ વડા પ્રધાન મોદીની માફીને અહંકારનો તમાચો ગણાવ્યો હતો, જ્યારે શરદ પવારે કહ્યું હતું કે આ એપિસોડ ભ્રષ્ટાચારનું ઉત્તમ ઉદાહરણ છે. (પીટીઆઈ)■

## અંધેરી-જોગેશ્વરીના

છે. કે-પૂર્વ વોર્ડમાં મજાસ ગામ, સમર્થ નગર, સર્વોદય નગર , ઈંદિરા નગર , હિંદ નગર, જનતા નગર, દત્ત ટેકડી, પ્રતાપ નગર, શિવ ટેકડી, મજાસ બસ ડેપો, મેદવાડી, પ્રેમ નગર, ઓબેરોય ટાવર, જોગેશ્વરી સ્ટેશન (પૂર્વ) અને વેસ્ટર્ન એક્સપ્રેસ હાઈવે દરમિયાનનો વિસ્તાર, નટવર નગર, પી.પી. ડાયસ કમ્પાઉન્ડ, મહાકાલી માર્ગ, તક્ષશિલા માર્ગ, પૂનમ નગર, એમએમઆરડીએ કોલોની, દુર્ગા નગર, પેપર બોક્સ, માલપા ડોંગરી નંબર ૩, શેર-એ-પંજાબ, બિંદ્રા કૉમ્પ્લેક્સ, સુંદર ન ગર, ગૌતમ નગર, મોર્ડન બેકરી, ઓબેરોય સ્પ્લેન્ડર, કેલતી પાડા, ગણેશ મંદિર પરિસર, જોગેશ્વરી-વિક્રોલી લિંક રોડ પરિસર, પાસ્કલ કોલોની, શંકરવાડી વિસ્તારોમાં સંપૂર્ણપણે પાણીપુરવઠો બંધ રહેશે.

કે-પશ્ચિમ વોર્ડમાં સી.ડી.બરફીવાલા રોડ, ઉપાશ્રય રોડ, સ્વામી વિવેકાનદર રોડ, અંધેરી, દાઉદ બાગ, કેવ્હણી પાડા, ધાકૂશેઠ પાડા, માલકમ નગર, નવરંગ થિયેટર નજીકનો વિસ્તાર, અંધેરી વિલેજ, આંબ્રે ઉદ્યાન પંપ અને ગઝધર પંપ, ગિલ્બર્ટ હિલ વિસ્તાર, ગાવદેવી ડોંગરી રોડ, ઉસ્માનિયા ડેરી, પટેલ એસ્ટેટ, વૈશાલી નગર, સૌરાષ્ટ્ર પટેલ એસ્ટેટ, અમૃત નગર, અજીત ગ્લાસ ઉદ્યાન, બેહરામ બાગ, ગુલશન નગર, રાઘવેન્દ્ર મંદિર રોડ, દેવરાજ ચાલ, જયરાજ ચાલ, જોગેશ્વરી બસ ડેપો વિસ્તાર, ચાર બંગલા, ડી.એન. નગર, જૂહૂ-વર્સોવા લિંક રોડ, ગણેશ નગર, કપાસવાડી, ભારત નગર, સાત બંગલા, આઝાદ નગર એક-બે અને ત્રણ, જીવન નગર, વીરા દેસાઈ રોડ, કેપ્ટન સામંત રોડ, અગ્રવાલ કોલોની, હિલ પાર્ક, પારસી કોલોની, શક્તિ નગર, પાટલીપુત્ર ઓશિવરા અને આસપાસના વિસ્તારમાં પુરવઠો બંધ રહેશે. ■

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

# ધર્મતેજ

# કર્મ વિના જીવી નથી શકાતું તો કર્મફળથી કેમ બચવું ?



માનસ મંથન

મોરારિબાપુ
feedback@
bombaysamachar.com

ગોસ્વામીજીનું દૃઢ માનવું છે કે જીવ ક્યાંય પણ જાય પરંતુ કર્મ એનો પીછો કરે છે. કર્મ જીવનું જરાય તાડન ન કરી શકે એટલા માટે જીવનું કર્તવ્ય છે કે એ ઋષ્યમૂક પર ચાલ્યો જાય. ઋષ્યમૂક પર્વતનો અર્થ છે સત્સંગ. સત્સંગની ઊંચાઈ છે સાધુસંગ. ઋષ્યમૂક પર્વતનો અર્થ કરો તો ઋષિનું મુખ. ઋષિનું મુખ એટલે સદ્‌વચન. જ્યાં સદ્‌વાર્તા થતી હોય, સદ્‌કથા થતી હોય, સદ્‌ચર્ચા થતી હોય, સદ્‌સંવાદ થતો હોય એવી મહેફિલમાં જવું એટલે કર્મથી બચવું. અને આ પ્રવૃત્તિઓ, આપણાં કર્મો, આપણી આધિ-વ્યાધિઓ અને ઉપાધિઓ; આપણે જીવ છીએ,અનેક પ્રકારની સમસ્યાઓ આપણી પાછળ દોડી રહી છે, પરંતુ જો આપણે સત્સંગમાં ચાલ્યા જઈએ છીએ તો ત્યાં કર્મરૂપી વાલિ નથી આવી શકતો.

જ્યાં સુધી આપણે અહીં કથાના હોલમાં છીએ ત્યાં સુધી કર્મ નથી આવતું. કેમ કે આપણે ઋષ્યમૂકમાંથી નીકળીએ છીએ ત્યાં જ આપણી પ્રવૃત્તિઓનો વાલિ આપણને પકડી લે છે ! અને નિરંતર સત્સંગમાં બેસી રહેવાનું પણ આપણા માટે સંભવ નથી. કેમ કે આપણા બધાની પ્રવૃત્તિઓ છે. આપણે દેશ-કાળ આધીન છીએ. પરંતુ માણસ જેટલો સત્સંગમાં જીવે એટલો કર્મથી બચી શકે. અને સત્સંગનો મતલબ એવો નથી કે મોરારિબાપુ બોલે અને તમે સાંભળો. મરીઝસાહેબનો એક ગુજરાતી શે'ર છે-

*બે જણા દિલથી મળે તો એક મજલિસ છે મરીઝ,*
*દિલ વિના લાખો મળે એને સભા કહેતા નથી.*

દિલવાળા માત્ર બે જણા મળી જાય તો પણ એક મહેફિલ છે. અને દિલ વગર લાખો મળે તો પણ એને સભા નથી કહેવાતી. લોકમાં કે વેદમાં સત્સંગ સિવાય બીજો ઉપાય, બીજો વિકલ્પ નથી.

ઈશ્ર્વર પાસે કોઈ દિવસ માગો નહીં. અને માગ્યા વિના ન રહેવાય તો એટલું માગો કે, અમને કોઈ સંતનો સંગ આપો. જે અમારા તન-મનને શાંત કરે, અમારા મનને સ્વાન્તઃ સુખથી ભરી દે એવા કોઈ સંતની અનુભૂતિ કરાવો. ‘રામચરિતમાનસ’માં ગોસ્વામીજી કહે છે- बिनु सतसंग बिबेक न होई । राम कृपा बिनु सुलभ न सोई ।। સાધુની વાણીથી, એની દ્રષ્ટિથી, એના મૌનથી,એના આચરણથી વિવેક જાગે. બાપ, આ ક્યારે થાય ? કામના છૂટી, લોભ છૂટ્યો. મારી ને તમારી કામનાઓ જેટલી ઓછી થાય તેટલી અંતઃકરણની વિશુદ્ધિ થાય.

અંતઃકરણની શુદ્ધિ એ જ્ઞાનમાર્ગની શુદ્ધિ છે. રામકથાનો સત્સંગ પણ સિદ્ધી આપે. સિદ્ધી એટલે શુદ્ધિ. કથામાં તમે આવો એટલે થોડી શુદ્ધિ તો આવે જ પણ પાછા આપણે હતાં તેવાં થઈ જઈએ છીએ તે વાત જુદી છે. બાકી કથાઓ બંધ થઇ ગઈ હોત, સીધી વાત છે. જે ફિલ્મ ન ચાલે તે બંધ થઇ જાય. જે થીએટર ન ચાલે તે મગફળીનું ગોડાઉન થઈ જાય. કંઈક થાય છે બાપ. ન થતું હોત તો તમને સત્સંગ ગમત જ નહીં. કેટલો સમય ફેર પડે છે તે આપણી ગંભીરતા પર આધાર રાખે છે. ઔષધિને ખરલમાં જેટલી વધુ ઘૂંટો એટલી એ વધારે ગુણકારી બને છે. એટલે રામકથાનાં સૂત્રોને ઘેર જઈ જેટલાં વધુ ઘૂંટશો એટલાં ગુણવર્ધક બનશે.આપણા ગ્રંથો કહે છે કે તમે સંગથી બહુ સાવધાન રહેજો.



યુવાન ભાઈ-બહેનોને હું ખાસ કહું છું,તમે ભજન ન કરો. કરો તો બહુ સારું છે. પરંતુ હું બહુ દબાવ નથી નાખતો કે તમે ચોવીસ કલાક ભજન કરો. તિલક કરો, માળા કરો, ભજન કરો, પૂજાપાઠ કરો, નહીં, તમે જાઓ, ફિલ્મ પણ જુઓ, એને હું તમને સાડાબારે છોડી દઈશ. એનો અર્થ ખોટો નહીં સમજતા.

તમારામાં રુચિ હોય તો જુઓ. પરંતુ વ્યાસગાદી તમારી પાસે એટલી અપેક્ષા જરૂર કરશે, કે તમે એવો સંગ ન કરો, જે સંગ તમારું પતન કરે, ઉત્તરોત્તર તમારા ચિત્તને નષ્ટ કરી દે. એવો સંગ ન કરો. સ્કૂલ કોલેજમાં ભણતા વિદ્યાર્થીઓ માટે આ બહુ અગત્યનું છે. એવો સંગ ન કરો. આજની દુનિયા બગડી છે, એવાં દ્રશ્યોનો સંગ ન કરો, એવી કિતાબોનો, દોસ્તોનો સંગ ન કરો. એમનો પરિત્યાગ પણ ન કરો, વિવેકથી વર્તો. અપને આપકો બચાઓ.

પૈસા તો છે આપણી પાસે, પછી દુસંગ થઈ જશે, પછી માણસની શું દશા થાય છે ? કરવાની ક્ષમતા તો છે. પૈસા તો છે, એક પલીતો ચાંપવાની જરૂર છે, દુસંગ મળી ગયો, પછી પતન. સિનેમા જોવાની કોઈ મના નથી કરતું, પણ જે દ્રશ્ય તમને કલુષિત કરે, માનસિક સ્તર નીચું કરી દે, એ છોડો. એટલા માટે આ સત્સંગ છે. તમારી રુચિ પણ છે સત્સંગમાં, એને હું આદર આપું છું.

મારાં યુવાન ભાઈ-બહેનો, જીવ પાસે ઇચ્છા છે, પરંતુ સામર્થ્ય નથી. આપણે જીવ છીએ. આપણી પાસે ઈચ્છાઓ ઘણી છે પરંતુ સામર્થ્ય નથી કે (જુઓ પાનું ૬) ▶▶

પર્યુષણ પર્વ વ્યાખ્યાનમાળા

## નમ્રવાણી



-રાષ્ટ્રસંત પરમ ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબ

# સમજવાની તૈયારી છે?

આ જગતમાં જેટલાં પણ રાગ-દ્વેષ થાય છે, જેટલાં પણ સંઘર્ષ થાય છે, જેટલાં પણ problems થાય છે, એ બધાંનું કારણ શું હોય છે? જ્ઞાન હોય કે અજ્ઞાન હોય?

સમજ હોય કે અણસમજ અને ગેરસમજ હોય?

જ્યાં જ્ઞાન અને સમજ હોય, ત્યાં શાંતિ અને સમાધિ હોય.

જ્યાં અજ્ઞાન અને અણસમજ હોય, ત્યાં અશાંતિ અને અસમાધિ હોય.

તમારી અશાંતિ અને શાંતિ વચ્ચેનો ratio શું હશે?

90:10, 80:20 કે 60:40?

અને પરમાત્માની શાંતિ કેટલી હશે? 100%!!

પરમાત્માને ચંડકૌશિક સર્પએ ડંખ માર્યો, પરમાત્માને 20% અશાંતિ થઈ. પરમાત્માને ગોવાળે કાનમાં ખીલા માર્યા પરમાત્માની શાંતિનો ratio 40:60 થઈ ગયો. એવું બને ક્યારેય?

પરમાત્માની આ શાંતિ પાછળનું secret શું હતું? પરમાત્મા પાસે એવી કઈ સમૃદ્ધિ હતી? પરમાત્મા પાસે એવું કયું તત્ત્વ હતું, જેના કારણે પરમાત્માના ચહેરા પર, પરમાત્માના મનમાં, અંતરમાં, અંતરંગ દશામાં અને આત્મામાં શાંતિ અને સમાધિ જ હતાં!

પરમાત્મા પાસે જે સમાધિની સમૃદ્ધિ હતી, એ સમૃદ્ધિ આવે ક્યાંથી? એ સમૃદ્ધિ હોય શેની? એ સમૃદ્ધિ આવે કોની પાસે?

પરમાત્માએ મોક્ષમાર્ગની પ્રરૂપણામાં સૌથી પ્રથમ તત્ત્વ બતાવ્યું, ‘જ્ઞાન’! જ્ઞાન એટલે સમજ!

‘જેમની પાસે સમજની સમૃદ્ધિ હોય, એમના જીવનમાં સમાધિ હોય!’

સુખી કોણ હોય? સંપત્તિવાળા કે સમજવાળા?

મૂળા શેઠાણી પાસે વિશાળ હવેલી અને અઢળક સંપત્તિ હતી. છતાં એમના મનમાં ચંદનબાળાના કારણે અશાંતિ અને અસમાધિ હતાં. એમની અંદરમાં, મનમાં જે ઈર્ષ્યાની આગ હતી, એના કારણે એ સમૃદ્ધ હવેલી પણ એમના માટે પળ પળ મનને બાળનાર સ્મશાન જેવી હતી.

આજે મોટાભાગનાં ઘરોમાં કયા words વધારે વપરાતાં હશે?

You don't understand me, તમે તો મને સમજતાં જ નથી, તમને ક્યારેય મારી વાત સમજાતી નથી, તમને હંમેશાં તમારું જ સાચું લાગે છે! બરાબર!

જ્ઞાની અને સમજદારના ઘરમાં કયા words વપરાતાં હોય? I understand you, હું તમને સમજી શકું છું, હું તમારી ભાવનાઓને સમજું છું, હું તમારા વિચારોને સમજી શકું છું.

જ્યાં સમજ હોય, ત્યાં શાંતિ અને સમાધિ હોય. માટે જ, જીવનસાથી શોધવા તો એવા શોધવા, જેમની પાસે સંપત્તિની સમૃદ્ધિ ભલે ઓછી હોય, પણ સમજની સમૃદ્ધિ વધારે હોય.

જેમની પાસે સમજની સંપત્તિ હોય, એમને જિંદગીના અંતિમ શ્વાસે પણ શાંતિ હોય અને જેમની પાસે સમજ ન હોય, એમને જિંદગીના હર શ્વાસે અશાંતિ હોય.

માટે જ, પરમાત્માએ સૌથી વધારે મહત્ત્વ જ્ઞાનને અર્થાત્ સમજને આપ્યું છે.

જ્ઞાનીની વ્યાખ્યા એ જ છે, જે પોતાને અજ્ઞાની અને અલ્પ જ્ઞાની માનતા હોય.

અજ્ઞાની હજુ પણ પોતાને જ્ઞાની માનતા હોય પણ જ્ઞાની તો પોતાને અજ્ઞાની, અબુધ અને અણસમજુ માનતા હોય. માટે જ, એમને જ્ઞાન અને જ્ઞાનીની value હોય. ગુરુના શ્રીમુખેથી પ્રગટ થતાં એક એક જ્ઞાનનાં વચનો, એમના માટે સુવર્ણના સિક્કાના વર્ષીદાન સમાન હોય.

વિચાર કરો, સુવર્ણના સિક્કાનો વરસાદ વરસતો હોય, ત્યારે તમારું ધ્યાન ક્યાં હોય? તમારું લક્ષ્ય ક્યાં હોય? એ સિક્કાને એકત્રિત કરવામાં! એમ જ્ઞાનીનું લક્ષ્ય હોય પ્રભુની પ્રજ્ઞાના વરસતાં સિક્કાને પ્રાપ્ત કરવાનું. ગુરુના શ્રીમુખથી પ્રગટ થતું એક પણ વાક્ય miss ન થાય, એવી એકાગ્રતાનું!

જ્ઞાન પ્રાપ્તિની એક એક ક્ષણ, જીવનની સાર્થક ક્ષણ હોય.

જ્ઞાની એ હોય, જેમની પાસે સમજની bank હોય. એ જ્ઞાનનાં પ્રત્યેક વચનોને એક diaryમાં લખીને સાચવીને રાખે. એને માટે એ diary કરોડો રૂપિયા કરતાં પણ વધુ મૂલ્યવાન હોય.

જીવનની આ યાત્રામાં ઘણા લોકો એક મોટી mistake કરતાં હોય છે, જેટલું સંપત્તિને મહત્ત્વ આપે છે, એટલું સમજને નથી આપતાં. સમજની સંપત્તિ જે ભવોભવ સાથે આવે છે, તેને નગણ્ય કરે છે અને જે રૂપિયાની સંપત્તિ આ ભવ પૂરતી જ છે, તેના માટે રાત-દિવસ દોડે છે.

પર્વાધિરાજ પર્યુષણ મહાપર્વના આ અવસરે એક સંસ્કારને દ્રઢ કરવાના છે અને એ સંસ્કાર છે, સમજના સંસ્કાર! એ સંસ્કાર છે, જ્ઞાનના સંસ્કાર!

આજ સુધી જેટલાં પણ આત્માઓનો મોક્ષ થયો છે, જેટલાં પણ આત્માઓએ આત્મવિશુદ્ધિ કરી છે, તે સર્વમાં સૌથી પ્રથમ પરિબળ હતું, જ્ઞાનનું!

જેમ જેમ જ્ઞાન વધતું ગયું, જેમ જેમ સમજ કેળવાતી ગઈ, તેમ તેમ તેમની વિષમતા ઘટવા લાગી અને સમતા અને ક્ષમતા વધવા લાગ્યાં અને મોક્ષમાર્ગની સમીપ થતાં ગયાં.

આખો મોક્ષમાર્ગ જ્ઞાનથી જ સર્જાયેલો છે.

દુનિયામાં જેટલાં પણ દુઃખો છે, જેટલી તકલીફો છે, જેટલી સમસ્યા છે, જેટલાં દોષો અને અવગુણો છે, એનું કારણ છે, અજ્ઞાન અને અણસમજ!

Check કરો, તમારી આસપાસ સમજવાવાળા વધારે છે કે અણ સમજવાવાળા?

જે બીજાને સમજતાં નથી, તેને કોઈ સમજતું નથી.

જેમની પાસે સમજની મૂડી છે, એનો ચહેરો સદાય હસતો અને ખીલેલો હોય છે, જ્યારે અણસમજુનો ચહેરો ઉદાસ અને નિરાશ હોય.

માટે જ, પ્રતિદિન સમજની સમૃદ્ધિને વધારવાનો પુરુષાર્થ કરવો જોઈએ. જ્યાં સમજના સિક્કાનો વરસાદ વરસતો હોય એવા ગુરુ અને જ્ઞાનીજનોના સાંનિધ્યમાં જઈ, એને ઝીલવા જોઈએ અને વધારેમાં વધારે સત્સંગ કરવો જોઈએ. દરરોજ પ્રભુવચનોનું શ્રવણ કરવું જોઈએ.

ધર્મને મનોરંજન નહીં, મનોમંથનનું માધ્યમ બનાવવું જોઈએ. સમજ જ્યારે આવે છે, ત્યારે ધર્મ આપોઆપ મનોમંથનનું કારણ બની જાય છે અને સમજ નથી હોતી, ત્યારે વ્યક્તિ ધર્મમાં પણ મનોરંજનને શોધે છે.

તમારામાં સમજ હોવી જોઈએ અને

તમારી આસપાસ સમજુ વ્યક્તિ હોવા જોઈએ.

સમજુ એ હોય જે પોતાની તકલીફ, પોતાના problems કોઈને કહે નહીં, કોઈની પાસે રડે નહીં, તે એકાંતમાં જઈ પોતાની સમજ પ્રમાણે solution લઈ આવે. અણસમજુ આસપાસવાળાને કહે, જે problems solve તો ન કરે, પણ problemsને, દુઃખને વધારી દે.

સંગ કરવો તો સમજદારનો કરવો, જે સમાધિ આપે!

અજ્ઞાની અસમાધિને વધારે અને એકવાર અસમાધિ મનમાં આવી જાય, જીવનમાં આવી જાય, પછી એને જતાં બહુ સમય લાગે.

તમે lifeમાં ઘણા બધાં કલાકો કમાવામાં, મોજશોખમાં અને સંબંધો સાચવવામાં વિતાવો છો, પણ ક્યારેય સમજને પ્રાપ્ત કરવા માટે, સત્સંગ કરવા માટે, જ્ઞાનવૃદ્ધિ કરવા માટે સમયનું planning કર્યું છે?

સમજતાં આપણે નથી અને બીજાને કહીએ છીએ, તમે મને સમજતાં નથી. માટે I love you કહેવાને બદલે, I respect you કહેવાને બદલે, I understand you કહેતાં થઈ જાવ, જીવનમાં શાંતિ અને સમાધિ સહજતાથી વધી જશે.

આપણું અજ્ઞાન જ આપણને, ‘આપણે અજ્ઞાની છીએ’. એ realise થવા નથી દેતું.

આપણું સૌથી મોટું અજ્ઞાન એ છે કે, પ્રભુનું જ્ઞાન પ્રાપ્ત કરવાનો યોગ-સંયોગ હોવા છતાં, તે પ્રાપ્ત કરવાનું મન નથી થતું, કેવું દુર્ભાગ્ય કહેવાય ને!!

કોઈપણ આત્માનો મોક્ષ ક્યારે થાય?

જે દિવસે પ્રભુનું જ્ઞાન અને મારું જ્ઞાન સરખું થઈ જાય, જે દિવસે પ્રભુની સમજ અને મારી સમજ એક થઈ જાય, તે દિવસ પ્રભુ અને હું એક સરીખા થઈ જઈએ.

પ્રભુનું જીવન અને મારું જીવન ભલે સરખું ન હોય, પણ પ્રભુનું જ્ઞાન અને મારું જ્ઞાન સરખા હોવા જોઈએ.

પ્રભુની સમજ અને મારી સમજ એક હોવી જોઈએ, એ ક્યારે થાય?

જ્યારે સ્વયંની સમજવાની તૈયારી હોય! ■

# શ્રાવણ, સોમવાર ને અમાવસ્યાઃ શિવભક્તિનો ત્રિવેણી સંગમ

પ્રાંસગિક

કવિતા યાજ્ઞિક
bhandev@bombay
samachar.com

શ્રાવણનો મહિનો અને સોમવતી અમાવસ્યા હોય એવો સંયોગ વારંવાર નથી આવતો. ભગવાન મહાદેવનો સંબંધ શ્રાવણ માસ, અમાવસ્યા અને સોમવાર ત્રણેય સાથે છે. આ વર્ષે આ ત્રિવેણી સંગમ એક જ દિવસે છે. શું છે સોમવતી અમાવસ્યાનું મહત્ત્વ?

એ કહેવાની જરૂર નથી કે સોમવારને દિવસે આવતી અમાવસ્યાને સોમવતી અમાસ કહેવાય છે. આ રીતે આવતી અમાવસ્યાને હિન્દુ ધર્મમાં મહાપર્વ કહેવામાં આવે છે. સોમવતી અમાવસ્યા એ કળિયુગના શુભ તહેવારોમાંનો એક છે, પરંતુ સોમવતી અમાવસ્યાને અન્ય અમાવસ્યા કરતાં વધુ પુણ્યપૂર્ણ ગણવા પાછળ શાસ્ત્રીય અને પૌરાણિક કારણો છે. સોમવારને ભગવાન શિવ અને ચંદ્રનો દિવસ કહેવામાં આવે છે. અમાવસ્યા બે શબ્દો અમા અને વાસ્યથી બનેલો છે. શિવ મહાપુરાણમાં ભગવાન શિવે માતા પાર્વતીને આ સંધિ વિચ્છેદ સમજાવ્યો હતો. કારણ કે સોમને અમૃત પણ કહેવામાં આવે છે, અમા એટલે ભેગું કરવું અને વાસ્ય એટલે વાસ. અર્થાત જેમાં સર્વનો એક સાથે વાસ થાય છે. તેથી આ દિવસ ભક્તોને અમૃતની પ્રાપ્તિ કરાવતો દિવસ પણ મનાય છે. ધર્મગ્રંથોમાં ચંદ્રની ૧૬મી કલાને ‘અમા’ કહેવાઈ છે. ચંદ્રમંડળની ‘અમા’ નામની



મહાકલા છે જેમાં ચંદ્રની સોળેય કલાઓની શક્તિ શામેલ છે. જ્યોતિષ શાસ્ત્રમાં ચંદ્રને મનના દેવતા કહેવાય છે. શિવ સ્વયં ચંદ્રને પોતાના મસ્તક પર ધારણ કરે છે. આ દિવસે ચંદ્ર દ્રશ્યમાન નથી થતો, જેની મન પર અસર થાય છે. તેથી એવું કહેવાય છે કે ભાવુક વ્યક્તિઓને તેની અસર વધુ થાય છે. કેમકે મનના ભાવો સાથે ચંદ્રનો સંબંધ સંકળાયેલો માનવામાં આવે છે, તેથી અમાવસ્યાના દિવસે મનને સદાશિવની ભક્તિમાં લિન રાખીને, તેને સંતુલિત, અને સકારાત્મક રાખવાનો આધ્યાત્મિક પ્રયોગ આપણાં શાસ્ત્રોએ વર્ષમાં આવતી બધીજ અમાવસ્યાઓ માટે બતાવ્યો છે.

સનાતન ઋષિએ પણ નારદજીને દર મહિને આવતી અમાવસ્યાનું મહત્ત્વ જણાવ્યું છે. ઋષિ અનુસાર, જ્યારે અમાવસ્યા સોમવારે આવે છે, ત્યારે તે સોમવતી અમાવસ્યાનો સંયોગ બને છે. મહાભારતમાં ભીષ્મે યુધિષ્ઠિરને આ દિવસનું મહત્ત્વ સમજાવ્યું હતું અને કહ્યું હતું કે જે વ્યક્તિ આ દિવસે પવિત્ર નદીઓમાં સ્નાન કરે છે તે સમૃદ્ધ, સ્વસ્થ અને તમામ દુઃખોથી મુક્ત રહેશે. એવી પણ માન્યતા છે કે સ્નાન કરવાથી પિતૃઓ પણ સંતુષ્ટ થાય છે. પીપળાના વૃક્ષમાં પૂર્વજો અને તમામ દેવતાઓનો વાસ છે. કહેવાય છે કે, સોમવતી અમાવસ્યાના દિવસે, જો દૂધમાં પાણી અને કાળા તલ ભેળવીને સવારે પીપળાના ઝાડને અર્પણ કરવામાં આવે તો તેમને પિતૃદોષમાંથી મુક્તિ મળે છે. પીપળાના વૃક્ષની પૂજા અને પ્રદક્ષિણા કરવાથી તમામ દેવતાઓ પ્રસન્ન થાય છે.

આ દિવસે મૌન વ્રત રાખવાથી હજારો ગોદાનનું ફળ મળે છે. શાસ્ત્રોમાં અશ્વત્થ પ્રદક્ષિણા વ્રત પણ કહેવામાં આવ્યું છે. અશ્વત્થ એટલે પીપળનું વૃક્ષ. સોહાગણો માટે આ દિવસે દૂધ, જળ, ફૂલ, અક્ષત, ચંદન વગેરેથી પૂજા કરવાની અને ઝાડની આસપાસ ૧૦૮ વાર પ્રદક્ષિણા કરવાની વિધિ છે. અને કેટલીક અન્ય પરંપરાઓમાં પણ ભંવરી આપવાની પરંપરા છે. એવી પરંપરા છે કે પ્રથમ સોમવતી અમાવસ્યાના દિવસે ડાંગર, સોપારીના પાન અને પીસી હળદર મિશ્રિત કરવામાં આવે છે અને ધાર્મિક રીતે તુલસીના ઝાડને અર્પણ કરવામાં આવે છે. તેના પછીની સોમવતી અમાવસ્યાએ પોતાની ક્ષમતા મુજબ ફળો, મીઠાઈઓ, સુહાગ સામગ્રી, ખાદ્યપદાર્થો વગેરેની ભંવરી આપવામાં આવે છે. ભંવરી પર ચઢાવવામાં આવેલ સામાન કોઈ લાયક બ્રાહ્મણ, નણંદ કે ભાણેજને આપી શકાય છે. કોઈના પોતાના ગોત્રને દાન આપવું જોઈએ નહીં અથવા કોઈના કરતાં નિમ્ન ગોત્ર ને આપવું જોઈએ. આ યોગમાં કરેલું દાન શુભ માનવામાં આવે છે. કાલસર્પનો દોષ ધરાવનાર વ્યક્તિ માટે પણ આ દિવસે નાગનું વિધિવત પૂજન કરવાનું ઘણું મહત્ત્વ મનાયું છે. ■

# યાજ્ઞવલ્ક્ય દ્વારા વૈદિક જ્ઞાન ને યજ્ઞવિદ્યામાં એક નવા યુગનો પ્રારંભ

જીવનનું અમૃત

ભાણદેવ
bhandev@bombay
samachar.com

ભગવાન સવિતાનારાયણે યાજ્ઞવલ્ક્યને આશીર્વાદ આપ્યાઃ

‘‘યાજ્ઞવલ્ક્ય ! તારી વિદ્યા પરિપૂર્ણ થઈ છે. આ વિદ્યા તું તારા માનવબંધુઓને આપજે. આ વિદ્યા શુક્લ છે, વિશુદ્ધ છે અને વિશુદ્ધ રહેશે. મારે તને આશીર્વાદ છે.’’

યાજ્ઞવલ્ક્ય ભગવાન સવિતાનારાયણ પાસેથી નવી સંહિતા લઈ આવ્યાઃ શુક્લ-યજુર્વેદ-સંહિતા. યાજ્ઞવલ્ક્ય યજ્ઞનું નવું દર્શન લઈ આવ્યા. સમગ્ર આર્યાવર્તમાં પવનવેગે સમાચાર ફેલાઈ ગયા. હજારો ઋષિઓ, વિદ્યાર્થીઓ યાજ્ઞવલ્ક્ય પાસે આ નવી વિદ્યા ગ્રહણ કરવા માટે આવવા લાગ્યા. બાળક યાજ્ઞવલ્ક્ય મહર્ષિ યાજ્ઞવલ્ક્ય બન્યા.




યાજ્ઞવલ્ક્ય ચારેય વેદના જ્ઞાતા તો છે જ, પરંતુ ‘‘શુક્લ યજુર્વેદ’’ના તો તેઓ પ્રણેતા છે. આમ ‘યજુર્વેદ’ની બે સંહિતાઓ બની. ‘કૃષ્ણ યજુર્વેદ’નું પ્રણયન વ્યવસ્થિત ન હોવાથી તેના વિષયો બુદ્ધિમાં ઊતરતા નથી, બુદ્ધિ કૃષ્ણ બની જાય છે, તેથી તે ‘કૃષ્ણ યજુર્વેદ’ કહેવાય છે. ‘શુક્લ યજુર્વેદ’માં મંત્રભાગ અને બ્રાહ્મણભાગ જુદા-જુદા છે અને પ્રકરણો વ્યવસ્થિત છે, તેથી તે બુદ્ધિમાં તરત ઊતરે છે અને બુદ્ધિ શુક્લ જ રહે છે, તેથી તે ‘શુક્લ યજુર્વેદ’ કહેવાય છે. હવે ‘શુક્લ યજુર્વેદ’નો ઉદ્‌ઘોષ થયો અને તેથી ‘કૃષ્ણ યજુર્વેદ’ ખૂણામાં ધકેલાઈ ગયો. યાજ્ઞવલ્ક્ય દ્વારા વૈદિક જ્ઞાન અને યજ્ઞવિદ્યામાં એક નવા યુગનો પ્રારંભ થાય છે. યાજ્ઞવલ્ક્ય યુગપુરુષ છે. યાજ્ઞવલ્ક્ય ચારેય વેદોના જ્ઞાતા છે. તેમણે યજ્ઞવિધિ માટે મંત્રોનાં નવેસર સંકલન કર્યાં.

‘શુક્લ યજુર્વેદ’ના ચાળીસ અધ્યાયોમાં ભિન્ન-ભિન્ન યજ્ઞોના મંત્રોની વ્યવસ્થિત ગોઠવણ થઈ છે.


પ્રથમ બે અધ્યાયોમાં દર્શ-પૂર્ણમાસ ઈષ્ટિના મંત્રોનું સંકલન છે. ત્રીજા અધ્યાયમાં અગ્નિહોત્ર અને ચાતુર્માસ્યની પ્રક્રિયાના મંત્રો છે. અધ્યાય ૪થી ૮માં સોમયોગના મંત્રોનું સંકલન છે. અધ્યાય ૯ અને ૧૦માં રાજસૂય અને વાજપેય યાગના મંત્રો છે. અધ્યાય ૧૧થી ૧૮માં ‘અગ્નિચયન’નું વિધાન છે. અગ્નિચયનને ચયનયાગ પણ કહે છે. આ અગ્નિચયન એક ઘણી વિશિષ્ટ યજ્ઞવિધિ છે. અગ્નિચયન વૈદિક યજ્ઞવિદ્યા અનેરું સંશોધન (જુઓ પાનું ૬) ▶▶

# મહિલાનું જાતીય શોષણ ક્યાં નથી થતું?

## મલયાલમ ફિલ્મઉદ્યોગને હચમચાવતો જસ્ટિસ હેમા કમિટી રિપોર્ટ આવ્યો, પણ...

વિશેષ

રાજેશ યાજ્ઞિક
feedback@bombaysamachar.com



આજકાલ દેશમાં મહિલા સુરક્ષાને લઈને બે ઘટના ખૂબ ગાજી છે. એક છે કોલકાતામાં એક યુવા લેડી ડૉક્ટર નિર્મમ બળાત્કાર ત્યાર પછી એની નિર્મમ હત્યા.

આ ઘટના પછી આક્રોશથી સમગ્ર દેશ હચમચી ઊઠ્યો. એનો રોષ હજુ શમે એ પહેલાં મલયાલમ ફિલ્મ ઉદ્યોગમાં થતી સ્ત્રીઓના જાતીય શોષણે જાણે પ્રજાના ક્રોધના અગ્નિમાં જાણે પેટ્રોલ છાંટ્યું .

મલયાલમ ફિલ્મઉદ્યોગમાં જાણીતા અભિનેતા-નિર્માતા અને દિગ્દર્શકો દ્વારા ત્યાંની મહિલા કલાકારો સાથે અંદરખાને થતાં જાતીય શોષણના કેટલાક કિસ્સા બહાર આવ્યા પછી જસ્ટિસ હેમા કમિટીનું ગઠન થયું ,જેનો અહેવાલ હમણાં જાહેર થતાં મલયાલમ ફિલ્મ ઉદ્યોગની ચોંકાવનારી કાળી બાજુ પ્રકાશમાં આવી છે.

હેમા કમિટીની રચના ૨૦૧૭માં થઇ, જ્યારે એક અભિનેત્રી ભાવનાનું એની કારમાં અપહરણ કરીને યૌન શોષણ કરવાનો પ્રયાસ થયો. ભાવનાની ‘ભૂલ’ એ હતી કે એણે એ વખતે દિલીપ નામના એક જાણીતા અભિનેતા સાથે નિકટતા; વધારવાનો ઈન્કાર કર્યો પછી એને પાઠ ભણાવવા દિલીપે એનું અપહરણ કરી એનું યૌન શોષણ કરવાનો પ્રયાસ કર્યો હતો . દિલીપ વિરુદ્ધ ભાવનાએ પોલીસ ફરિયાદ નોંધાવી એના પગલે પગલે પછી તો મલયાલમ ફિલ્મજગતની ૧૭ -૧૮ અભિનેત્રીઓ અને મહિલા ટેક્નિશિયનો પણ પોતાની સાથે થયેલા જાતીય દુરવ્યવહારની ફરિયાદ નોંધાવી એમાં ત્યાંના ફિલ્મઉદ્યોગનાં મોટાં મોટાં માથાઓ વિરુદ્ધ આક્ષેપો પણ થયા.પરિણામે મલયાલમ ફિલ્મજગતમાં ધરતીકંપ સર્જાયો. આમ તો ‘હેમા રિપોર્ટ’ ૨૦૧૯માં જ તૈયાર થઇ ગયો હોવા છતાં, સરકાર તેને પાંચ વર્ષથી વધુ સમય સુધી દબાવીને બેઠી રહી. રિપોર્ટ જાહેર થયા બાદ પણ ફિલ્મ ઇન્ડસ્ટ્રીના સુપરસ્ટાર્સ મોઢામાં મગ ઓરીને બેઠા રહ્યા છે. એ પછી ૨૦૧૯માં જ એક અન્ય અભિનેત્રીએ મલયાલમ ફિલ્મના એક દિગ્ગજ અભિનેતાનું નામ લઈને કહ્યું હતું કે ૧૯ વર્ષની ઉંમરમાં તેનું શોષણ કરવામાં આવ્યું હતું. ત્યારે એને જુઠ્ઠાણું કહીને નકારી દેવામાં આવી હતી.

હમણાં જ બંગાળી અભિનેત્રી શ્રીલેખા મિત્રા ઉપરાંત મીનુ મુનીર સહિત અનેક અભિનેત્રીઓએ પોતાની વીતકકથા જાહેર કરી છે. મલયાલી મૂવી કલાકારોના સંગઠન જે ટૂંકમા ‘અમ્મા’ તરીખે ઓળખાય છે એમાંથી જાણીતા અભિનેતા મોહનલાલે રાજીનામું આપ્યા પછી મને આવી કોઈ જાણ નથી અને પુરાવા હોય તો અપરાધીને સજા થવી જોઈએ’ એમ કહીને હાથ ખંખેરી નાખ્યા છે.

હવે અહીં સવાલ એ છે કે શું આ માત્ર મલયાલમ ફિલ્મ ઇન્ડસ્ટ્રી પૂરતી જ આવી સીમિત ઘટના છે? જવાબ સ્પષ્ટપણે ના છે. કાગડા બધે જ ‘કાળા’ ના ન્યાયે બધી ભાષાના ફિલ્મ ઉદ્યોગમાં કામ કરતી મહિલાઓએ એક અથવા બીજા સમયે અવાજ ઉઠાવ્યા છે, પણ એમને ‘સામ-દામ-દંડ -ભેદ’ થી ચૂપ કરી દેવામાં આવે છે. ખાસ કરીને જેમના ઉપર આક્ષેપ થયો હોય એ અતિ સફળ અભિનેતા, નિર્દેશક, કે નિર્માતા હોય તો ફિલ્મજગત સાથે સંકળાયેલી કોઈ મહિલા એમની સાથે પંગો લઈને પોતાની કારકિર્દી ખરાબ કરવા નથી ઈચ્છતી.

હેમા કમિટીના રિપોર્ટની જેમજ તેલુગુ ફિલ્મ ઉદ્યોગમાં પણ ૨૦૧૯માં કમિટી રચવામાં આવી હતી. તેનો રિપોર્ટ ૨૦૨૨માં સરકારને સોંપવામાં આવેલો. અગમ્ય કારણોસર એ રિપોર્ટ પણ હજી સુધી જાહેર કરવામાં આવ્યો નથી.

હવે સામન્થા રૂથ પ્રભુ સહિત તેલુગુ ફિલ્મ ઉદ્યોગની અનેક મહિલાઓએ રિપોર્ટ જાહેર કરવાની માંગણી કરી છે.

બીજી બાજુ ,હિન્દી ફિલ્મ ઉદ્યોગની પણ આ જૂની -જાણીતી કહાણી છે. અહીં પણ કાસ્ટિંગ કાઉચની ફરિયાદ ઘણી અભિનેત્રીઓ કરી ચુકી છે. પોતે પણ જાતીય શોષણની ભોગ બની છે એવી ‘મી ટુ’ પ્રકારની પણ અનેક ફરિયાદો થઈ છે.

પરિણામ શું આવ્યું? શૂન્ય!

આ વાત-ફરિયાદને લઈને ન તો સરકારે કે ન તો ફિલ્મ ઇન્ડસ્ટ્રીએ કોઈ ગંભીરતા દેખાડી છે તેરી ભી ચૂપ, મેરી ભી ચૂપ’ નો અહીં વણલખ્યો નિયમ અમલમાં છે.

જો કે, ફિલ્મ અભિનેત્રી ઈશા ગુપ્તાએ તો જાહેરમાં ત્યાં સુધી કહ્યું કે,કેટલાક નિર્માતાઓએ તો

મને ફિલ્મોમાં કાસ્ટ કરવાની ના પાડી દીધી હતી. આ લોકો મારા વિશે કહેતા હતા કે ‘જો હું કંઈ કરવાની હા ના પાડું’ તો પછી મને એમની ફિલ્મમાં લેવાનો શું અર્થ ?!

હિન્દી ફિલ્મ ઉદ્યોગમાં તો દિગ્ગજ લોકોના નામ આ મામલે ઢસડાયા છે. નાના પાટેકર, અનુમલિક, સાજીદ ખાન, આલોક નાથ, રજત કપૂર, ચેતન ભગત, સહિત લગભગ ૩૮ જેટલા લોકો પર એક અથવા બીજા સમયે આરોપ લાગ્યા છે. કાસ્ટિંગ કાઉચ અને જાતીય સતામણીની ઘટનાઓ વિદ્યા બાલન, રાધિકા આપ્ટે, સ્વરા ભાસ્કર અને કંગના રનૌત સાથે પણ બની હોવાનું એમણે જાહેરમાં સ્વીકાર્યું છે. તમિલ ઉદ્યોગમાં ફિલ્મ અભિનેત્રી કુટ્ટી પદ્મિની અને ખુશ્બુ પણ જાતીય સતામણી મોટા પ્રમાણમાં થતી હોવાનું કહી ચુક્યાં છે. આ જ રીતે બંગાળી ફિલ્મ ઉદ્યોગમાં પણ પ્રચંડ પ્રમાણમાં જાતીય સતામણી થતી હોવાનું રાયમા સેન અને રીતાભરી ચક્રવર્તી કહે છે.

આવું શોષણ અવિરત ચાલુ જ રહે છે,કારણ કે સૌથી પહેલા તો બધીજ ભાષાની ફિલ્મ ઇન્ડસ્ટ્રી પુરુષ પ્રધાન રહી છે. નિર્માતાઓ, દિગ્દર્શકો, અભિનેતાઓ અને કાસ્ટિંગ ડાયરેક્ટર્સ ઇન્ડસ્ટ્રીમાં પોતાના પ્રભાવનો ગેરફાયદો ઉઠાવીને સ્ત્રીઓનું શોષણ કરે છે. એમની આ કાર્ટેલમાં ફિલ્મ જગત સાથે જોડાયેલા અન્ય ટેક્નિકલ સ્ટાફ પણ એમને સાથ આપે છે.

આટઆટલું થયું હોવા છતાં, ભાગ્યેજ કોઈ પુરુષ એવો હશે જેને સજા થઇ હોય. જેમના ઉપર આરોપો લાગે છે એમની કારકિર્દીને ઉની આંચ નથી આવતી, પણ જેમણે અત્યાચાર સહન કર્યા હોય એમની કારકિર્દીઓ રોળાઈ જાય છે. આ ભયને કારણે જ કેટલીય મહિલાઓ મન મારીને ચૂપ રહે છે, સહન કરી લે છે. વાતવાતમાં મીણબત્તીઓ લઈને મોરચા કાઢનારાઓને ક્યારેય આ મામલે બોલતા જોયા નથી.

આ પરિસ્થિતિમાં અત્યાર તો માત્ર ‘રિપોર્ટ-રિપોર્ટ રમી’ ને બધું સંકેલી લેવામાં આવે છે. ■

## માનસ મંથન (પાંચમા પાનાનું ચાલુ)

આપણે હર ઈચ્છા પૂરી કરી શકીએ ! પરમાત્મા પાસે સામર્થ્ય છે પરંતુ ઈચ્છા નથી. પરમાત્મા એને કહેવાય છે, જેનામાં ઈચ્છાનો નિતાંત અભાવ છે અને સામર્થ્ય ભરપૂર છે. અને આપણે એવા છીએ કે આપણી પાસે ઈચ્છાઓ ઘણી છે, સામર્થ્ય બિલકુલ નથી ! કથા ઈચ્છા અને સામર્થ્યને ભેગાં કરી દે છે. અને ત્યારે જીવનના રસમાં આપણે ડૂબી જઈએ છીએ. સુગ્રીવમાં ઈચ્છા ઘણી છે,સામર્થ્ય નથી. રામમાં સામર્થ્ય ઘણું છે પરંતુ જો રામને બ્રહ્મ સમજો તો રામમાં કોઈ ઈચ્છા નથી. અને અહીં ઋષ્યમૂક પર્વત પર જે મિલન થવાનું છે એમાં ઈચ્છાગ્રસ્ત જીવ અને સામર્થ્યમયી શિવનું મિલન છે. પરંતુ એમાં વચ્ચે મિલન કરાવનારા કોઈ હનુમાન જોઈએ. અને હનુમાનને હું કહું છું બુદ્ધપુરુષ. અને હનુમાનતત્ત્વને કહું છું સદ્‌ગુરુ. ઘણાં લોકો કહે છે કે ગુરુની જરૂર નથી. જેમને જરૂર ન હોય એમને ઠીક છે. હું ત્રણ વસ્તુ તમને કહું. તમારી કોઈ પણ ઈચ્છા ન હોય તો તમારે ગુરુની કોઈ જરૂર નથી. તમારામાં વિષયની કોઈ કામના ન હોય તો તમારે ગુરુની જરૂર નથી. અને તમે પૂર્ણ નિર્ભીક હો તો તમારે ગુરુની જરૂર નથી. હું બહુ જવાબદારી સાથે કહી રહ્યો છું. સુગ્રીવને હનુમાનની જરૂર છે કેમ કે સુગ્રીવ નિર્ભીક નથી, સુગ્રીવ નિર્વિષયી નથી અને સુગ્રીવ ઈચ્છામુક્ત નથી. જો જીવ અભય હોય, નિર્વિષયી હોય, ઈચ્છાથી મુક્ત હોય તો ગુરુની જરૂર નથી.

મારાં ભાઈ-બહેનો, આપણે ભયભીત છીએ, વિષયી છીએ. આપણી નબળાઈઓની કોઈ સીમા નથી. એટલા માટે આપણે કોઈ બુદ્ધપુરુષની જરૂર છે.

સુગ્રીવ પ્યારો લાગે છે. એનામાં નબળાઈઓ હોવા છતાં કાળા આકાશમાં થોડી વીજળી ચમકી રહી છે. એ બિચારો જુએ છે પરંતુ નિર્ણય નથી કરી શકતો તો વિચાર્યું, હવે હું મારા ગુરુની આંખો પર ભરોસો કરું. હે હનુમાનજી, આપ બ્રહ્મચારીનું રૂપ લઈને જાઓ અને એ કોણ છે એનો પરિચય કરો. હું ઈશ્વરને નથી ઓળખી શકતો; મારા ગુરુ મને ઓળખ કરાવી દે. ગુરુતત્ત્વ બહુ જરૂરી છે.

- જયદેવ માંકડ ■

## જીવનનું અમૃત (પાંચમા પાનાનું ચાલુ)

ગણાય છે. આ વિધિને ક્રમબદ્ધ સ્વરૂપ આપીને લોકો સમક્ષ રજૂ કરવાનું શ્રેય મહર્ષિ યાજ્ઞવલ્ક્યને ફાળે જાય છે. આમાં અધ્યાય ૧૬માં શતરુદ્રીય છે. અધ્યાય ૧૯,૨૦ અને ૨૧માં સોત્રામણી યાગ છે. અધ્યાય ૨૨થી ૨૫માં અશ્વમેધયાગનાં મંત્રો છે. અધ્યાય ૨૨નો ૨૨મો અનુવાક્ ‘અળ સ્રૂસ્રાણ્ સૂળસ્રઞળજ્ઞ’ પ્રસિદ્ધ પ્રાચીન રાષ્ટ્રગીત છે.

પછીના ૧૫ અધ્યાયો ખિલપરિશેષ તરીકે લેવાય છે. આ પંદર અધ્યાયોનું સંકલન પણ યાજ્ઞવલ્ક્યે જ કર્યું છે. અધ્યાય ૩૧માં પુરુષસૂક્ત, અધ્યાય ૩૨માં ‘ટડજ્ઞમળાક્કણ’ અધ્યાય ૩૪માં શિવસંકલ્પ સૂક્ત, અ. ૩૬માં શાંતિપાઠ અને અધ્યાય ૪૦માં ‘ઈશાવાસ્યોપનિષદ’ છે.

આમ આ યુગપુરુષ દ્વારા ‘યજુર્વેદ’ અને યજ્ઞવિદ્યા નવું કલેવર ધારણ કરે છે.

મંત્રોના સંકલનમાં સંહિતાને વ્યવસ્થિત કરીને યજ્ઞના રહસ્યને ઉકેલવા માટે મહાન ‘શતપથ બ્રાહ્મણ’ રજૂ કરનાર પણ આ જ યુગપુરુષ છે. વેદજ્ઞ વિદ્વાનો કહે છે કે મંત્રસંહિતાઓમાં જેમ ‘ઋગ્વેદ’ શ્રેષ્ઠ છે તેમ બ્રાહ્મણગ્રંથોમાં ‘શતપથ બ્રાહ્મણ’ શ્રેષ્ઠ છે. ‘શતપથ બ્રાહ્મણ’ ભારતીય યજ્ઞવિદ્યા અને યજ્ઞમીમાંસાનો શિરમોર ગ્રંથ છે. આવા મહાન ગ્રંથનું પ્રણયન કરીને મહર્ષિ યાજ્ઞવલ્ક્યે ભારતવર્ષને યાવચ્ચન્દ્રદિવાકરૌ ઋણી બનાવ્યું છે.

‘શતપથ બ્રાહ્મણ’ શુક્લ યજુર્વેદીય બ્રાહ્મણ છે. ‘શુક્લ યજુર્વેદ’ના ૪૦ અધ્યાયોમાં સંકલિત મંત્રોનાં વિનિયોગ, વિવરણ અને રહસ્યોદ્‌ઘાટન ‘શતપથ બ્રાહ્મણ’નો પ્રધાન વિષય છે. મહર્ષિ યાજ્ઞવલ્ક્ય વારંવાર સમજાવે છે કે યજ્ઞનો પ્રારંભ દેવયજનથી થાય છે, પરંતુ તેનું પર્યવસાન આત્મયજનમાં થાય છે. ‘શતપથ બ્રાહ્મણ’માં અનેક અને અનેકવિધ યજ્ઞોની વિધિઓનું સાંગોપાંગ વિવેચન છે, પરંતુ ‘શતપથ બ્રાહ્મણ’ની પરિસમાપ્તિ માત્ર વિધિ દર્શાવવામાં જ થતી નથી. યજ્ઞોનું આધ્યાત્મિક રહસ્ય પ્રગટ કરવું અને યજમાનને દેવયજનથી આત્મયજન તરફ દોરી જવો તે ‘શતપથ બ્રાહ્મણ’નું કેન્દ્રસ્થ તત્ત્વ છે.

યાજ્ઞવલ્ક્ય યાજ્ઞિક છે, સમર્થ યાજ્ઞિક છે, યજ્ઞવિદ્યાના મહાન જ્ઞાતા છે, પરંતુ યાજ્ઞવલ્ક્ય માત્ર યાજ્ઞિક નથી, યાજ્ઞવલ્ક્ય સમર્થ અધ્યાત્મવેત્તા પણ છે જ. ■

## મનન (સાતમાં પાનાનું ચાલુ)

સામે પડકાર ઊભો ન થવા દેવો. આ બધા સાથે જાતના ઉદ્ધાર માટે પણ પ્રયત્ન કરવો. ધર્મની વ્યાખ્યામાં સ્વયંની મુક્તિના માર્ગનું અવલંબન પણ ગણાય છે.

આ પ્રકારના ધર્મ-ભાવથી વ્યક્તિ સંતોષ પામી શકે. પોતાના હોવાપણા માટે તેને ગર્વ થાય. બધા વચ્ચે સ્વીકૃત બને. બધા માટે તે માન્ય બને. તેની નિયત માટે કોઈને શંકા ન થાય. તેના કાર્ય માટે કોઈ વિરોધ ન જન્મે. તેને માન-સન્માન પણ મળે. આમ પણ જે ધર્મનું આચરણ કરે તે સમાજમાં પદ અને પ્રતિષ્ઠા બંને મેળવે.

અમુક સંજોગોમાં તો તે સંપત્તિ પણ પામી શકે. ધર્મનિષ્ઠ વ્યક્તિ પ્રત્યે સામાન્ય જનસમાજ પણ હકારાત્મક લાગણી અનુભવે. આ બધા સાથે ધર્મ પાળનાર માટે મુક્તિના માર્ગ પણ ખૂલી જાય. ધર્મની આ વ્યાખ્યા છે અને ધર્મનો આ અર્થ છે.

## ગીતા મહીમા (આઠમા પાનાનું ચાલુ)

સ્વામીશ્રીએ કહ્યું, આપણે તો જીવતાંય લાખના છીએ અને મરતાંય લાખના છીએ. આત્યંતિક પ્રલય કરીને બેઠા છીએ ને!

અનાસક્તિના સર્વોચ્ચ શિખર પર બેસીને સાક્ષીભાવે સઘળી પ્રવૃત્તિ કરતા તેઓને મરણનો લેશ ભય નહોતો. જંગલમાં દવ લાગે ત્યારે ઉંદરને ચિંતા રહે, પણ જેની પાંખમાં ઊડવાનું જોર છે તે પંખીને શું ભય હોય ? તેમ આ સમજણ પાંખો આપે છે ઊડવાની. પરિસ્થિતિ ભલે એની એ જ રહેશે પણ આપણી સ્થિતિમાં પરિવર્તન ચોક્કસ થઈ જશે. આવો પ્રમુખસ્વામી મહારાજના આ શબ્દોથી જાણીએ કે આજનો દિવસ છેલ્લો દિવસ છે એમ માની વ્યાવહારિક કાર્યો કરીએ, જેથી આપણી કાર્યક્ષમતા અને અસરકારકતા વધશે, અગ્રિમતા અનુસાર કાર્યોનું આયોજન સારું થશે (જે વધારે અગત્યનું છે તેને પૂરતો ન્યાય આપી શકાશે) અને જીવનનાં ઉતાર ચઢાવમાં સ્થિરતા અને શાંતિ જળવાયેલા રહેશે.

હા, ગીતા સમજાવે છે કે સંસારવૃક્ષને કાપવા સંસારથી ભાગવાનું નથી પરંતુ સંસારમાં રહીને સંસારથી અનાસક્ત રહીને પ્રવૃત્તિ કરવાની છે. ■

## ફન વર્લ્ડ

‘મુંબઈ સમાચાર’ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી મંગળવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

### ભાષા વૈભવ...

દૈવી સ્વરૂપ અને આયુધની જોડી જમાવો

| A | B |
|---|---|
| મહાબોધિ મંદિર | ધરમશાલા |
| મહાપરિનિર્વાણ મંદિર | સારનાથ |
| ધમેખ સ્તૂપ | બોધગયા |
| માઈંડ્રોલીંગ મઠ | કુશીનગર |
| ત્સુગલગખાંગ મંદિર | દેહરાદૂન |

### ઓળખાણ પડી?



ગુજરાતના દુષ્કાળના સમયમાં કારીગરોને રોજગાર મળતો રહે એ હેતુથી બાંધવામાં આવેલા હઠીસિંહનાં દેરાં કયા સ્થળ પર આવેલા છે એ કહી શકશો?

અ) વડોદરા બ) અમદાવાદ ક) હળવદ ડ) વલ્લીભીપુર

### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ ભા | ગી | દા | ૨ રી | | ૩ કા | ૪ મ | ૫ ચો | ર | |
| તી | | | ૬ ત | ૭ પ | | ૮ ત | ર | | ૯ અ |
| ૧૦ ગ | તિ | | | ૧૧ રિ | ૧૨ ક્ષા | | ૧૩ સા | ૧૪ હ | સ |
| ળ | | ૧૫ અ | ૧૬ સ | વા | ર | | | ૧૭ દ | ર |
| | ૧૮ સા | | ૧૯ વા | ર | | ૨૦ અ | ૨૧ વ | | કા |
| ૨૨ ઘ | ર | ૨૩ બા | ર | | ૨૪ અ | પ | રં | પા | ર |
| ૨૫ ટ | પ | કું | | ૨૬ ભ | મ | ર | ડો | | ક |
| ના | | | ૨૭ સ | | ૨૮ ર | મા | | ૨૯ ફા | |
| | ૩૦ દી | ૩૧ પ | મા | ૩૨ લ | | | ૩૩ સ | ન | ૩૪ મ |
| ૩૫ અ | પ | રા | ધી | ક | ર | ણ | | ૩૬ સ | જા |

### શબ્દલાલિત્ય

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | | | ૩ | ૪ | ૫ | | |
| ૬ | | | | ૭ | | ૮ | | | ૯ |
| | | ૧૦ | | | ૧૧ | | ૧૨ | | |
| ૧૩ | ૧૩અ | | | ૧૪ | | | | | |
| | ૧૪અ | | | ૧૫ | | | ૧૬ | | |
| ૧૭ | | | ૧૮ | | | | | | |
| | | ૧૯ | | | | ૨૦ | | ૨૧ | |
| ૨૨ | | | | | ૨૩ | | | ૨૪ | ૨૫ |
| | | ૨૬ | ૨૭ | | | | ૨૮ | | |
| | ૨૯ | | | | | ૩૦ | | | |

**આડી ચાવી**

૧. દ્રોણ ગુરુએ અભિમન્યુ માટે રચ્યો (૪)
૩. ઘરેડનું, સામાન્ય (૪)
૬. ચંદ્ર (૨)
૮. તમારા ---- માટે કહું છું (૨)
૧૦. કાર્યક્રમ (૪)
૧૨. ઝઘડો, બોલાચાલી (૩)
૧૩. રાત પછી ---- આવે જ (૩)
૧૪. ગોવા રાજ્યની રાજધાની (૩)
૧૪/અ. સાચાપણું, સાર, સાચું (૨)
૧૫. દિવસ હોય ત્યાં ---- હોય (૨)
૧૬. રસોડાનું સાધન (૩)
૧૭. લઘુ, વામન (૨)
૧૮. હમદમ (૩)
૨૦. સુંદર (૩)
૨૨. રૂ કાંતીને કાઢેલો તાર (૩)
૨૩. હેત, પ્રેમ (૨)
૨૪. કિંમત, ભાવ (૨)
૨૬. આદર (૨)
૨૮. દવા ઘૂંટવાનો વાટકો (૩)
૨૯. સંપ, મન મળવું તે (૪)
૩૦. દોસ્ત, મિત્ર (૪)

**ઊભી ચાવી**

૧. તંગ (૪)
૨. વસ્તુ સંકલના, શ્રેણી, હારમાળા (૨)
૪. ફાયદો (૨)
૫. ચબરાક (૩)
૭. ચીલાચાલુ (૬)
૯. સતત પ્રયોગ કરનાર (૫)
૧૦. ધ્યાન, નજર, સ્મૃતિ (૩)
૧૧. કેળવણી (૪)
૧૩/અ. કામના, લાલસા (૩)
૧૬. એક પંખી (૩)
૧૭. નગણ્ય, ફાલતુ, નજીવી (૪)
૧૯. ઈચ્છા, આકાંક્ષા (૪)
૨૦. ઉકેલ (૨)
૨૧. ગાયબ (૪)
૨૩. નદી પાર કરવા જોઈએ (૨)
૨૫. વાગ્યા ઉપર લગાડો (૩)
૨૭. ---- તે સૌને ગમે (૨)
૨૮. રોકાઈ જા, ઊભો રે (૨)

### ગુજરાત મોરી મોરી રે

સ્તવનમાં ખૂટતો શબ્દ જણાવો.

હે ત્રિશલાના જાયા માગું તારી માયા, --------
વળ્યા છે મુજને મારા પાપના પડછાયા.

અ) કરી બ) ફરી ક) સરી ડ) ઘેરી

### ઈર્શાદ

આજ રે સપનામાં મેં તો ડોલતો ડુંગર દીઠો જો,
ખળખળતી નદીઉં રે સાહેલી મારા સ્વપનામાં ર ।
--- લોક રચના

### માતૃભાષાની મહેક

હાડનાં અનેક અર્થ પૈકી એક અર્થ છે શરીર કે શરીરનો બાંધો. હાડે હાડ લાગવું એટલે દિલમાં લાગવું, માઠું લાગવું. હાડ હસે ને લોહી તપે બહુ જાણીતી કહેવત છે જેનો અર્થ થાય છે સગું અથવા આપણું પોતાનું હોય તેને લાગણી થાય. હાડની કાંચળી થવી એટલે શરીરનું ભાંગવું, શરીર તૂટવું. હાડ ભાંગવાં એટલે સખત માર મારવો અથવા ખૂબ મહેનત કરવી.

### ચતુર આપો જવાબ

અર્થ જણાવો

‘લોકોએ કરેલી અનેક રાવ બહેરા કાને અથડાઈ’માં રાવ શબ્દનો અર્થ જણાવો.

અ) રોષ બ) અરજી ક) ફરિયાદ ડ) રક્ષણ

### સુડોકુ-૬૦૭૧

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | ૯ | | ૮ | | | |
| ૧ | | ૭ | ૩ | | ૬ | ૫ | | ૯ |
| ૨ | ૩ | | | ૧ | | | ૪ | ૬ |
| ૫ | ૪ | | | | | | ૭ | ૨ |
| | | ૮ | | | | ૬ | | |
| ૯ | ૬ | | | | | | ૮ | ૪ |
| ૩ | ૯ | | | ૭ | | | ૬ | ૮ |
| ૮ | | ૬ | ૧ | | ૪ | ૨ | | ૩ |
| | | | ૮ | | ૩ | | | |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

### સુડોકુ-૬૦૭૦

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૬ | ૮ | ૪ | ૫ | ૩ | ૯ | ૭ | ૨ |
| ૨ | ૯ | ૭ | ૧ | ૬ | ૮ | ૪ | ૫ | ૩ |
| ૪ | ૫ | ૩ | ૯ | ૭ | ૨ | ૬ | ૧ | ૮ |
| ૫ | ૪ | ૬ | ૮ | ૧ | ૯ | ૩ | ૨ | ૭ |
| ૯ | ૩ | ૧ | ૭ | ૨ | ૫ | ૮ | ૪ | ૬ |
| ૮ | ૭ | ૨ | ૬ | ૩ | ૪ | ૫ | ૯ | ૧ |
| ૭ | ૧ | ૪ | ૩ | ૯ | ૬ | ૨ | ૮ | ૫ |
| ૬ | ૨ | ૯ | ૫ | ૮ | ૭ | ૧ | ૩ | ૪ |
| ૩ | ૮ | ૫ | ૨ | ૪ | ૧ | ૭ | ૬ | ૯ |

### માઈન્ડ ગેમ

મુંબઈ પચરંગી શહેર તરીકે જાણીતું છે. આ શહેરમાં વિવિધ ધર્મના સ્થાનક છે. અફઘાન ચર્ચ મુંબઈના કયા વિસ્તારમાં આવેલું છે એ કહી શકશો?

અ) ભાયખલા બ) વાંદરા ક) કોલાબા ડ) સેન્ડહર્સ્ટ રોડ

### ગયા સોમવારના જવાબ

ભાષા વૈભવ

| | |
|---|---|
| દક્ષિણેશ્વર કાલી મંદિર | કોલકાતા |
| વરદરાજ પેરુમલ મંદિર | કાંચીપુરમ |
| જગન્નાથ મંદિર | પુરી |
| બિરલા મંદિર | દિલ્હી |
| પ્રેમ મંદિર | વૃંદાવન |

ગુજરાત મોરી મોરી રે
વઢકણી

ઓળખાણ પડી?
ડૂલ્યા મારુતિ

માઈન્ડ ગેમ
તામિલનાડુ

ચતુર આપો જવાબ
અર્થ જણાવો
શત્રુ

ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.


(૧) કિશોરકુમાર જીવણદાસ વેદ, (૨) નીતા દેસાઈ (૩) મૂળરાજ કપૂર (૪) ડો. પ્રકાશ કટકિયા (૫) સુરેખા દેસાઈ (૬) ભારતી પ્રકાશ કટકિયા (૭) ધીરેન્દ્ર ઉદેશી (૮) સુભાષ મોમાયા (૯) ભારતી બુચ (૧૦) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૧૧) ખુશરૂ કાપડિયા (૧૨) પ્રવીણ વોરા (૧૩) લજીતા ખોના (૧૪) પુષ્પા પટેલ (૧૫) શ્રદ્ધા આશર (૧૬) જ્યોતી ખાંડવાલા (૧૭) નિખીલ બંગાળી (૧૮) અમીશી બંગાળી (૧૯) મીનળ કાપડિયા (૨૦) શિલ્પા શ્રોફ (૨૧) ભાવના કર્વે (૨૨) અશોક સંઘવી (૨૩) મહેન્દ્ર લોઢાયા (૨૪) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૨૫) મહેશ દોશી (૨૬) રજનીકાંત પટવા (૨૭) જગદીશ ઠક્કર (૨૮) દેવેન્દ્ર સંપટ (૨૯) જગદીશ ઠક્કર (૩૦) હર્ષા મહેતા (૩૧) રમેશ દલાલ (૩૨) હિના દલાલ (૩૩) ઈનાક્ષી દલાલ (૩૪) જ્યોતી ગાંધી (૩૫) મનીષા શેઠ (૩૬) ફાલ્ગુની શેઠ (૩૭) અરવિંદ કામદાર (૩૮) પુષ્પા ખોના (૩૯) કલ્પના આશર (૪૦) નિતીન જે. બજરીયા (૪૧) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૪૨) શીરીન ઔરંગાબાદવાલા (૪૩) નયના ગિરીશ મિસ્ત્રી (૪૪) અબ્દુલા એફ. મુનીમ (૪૫) તાહેર ઔરંગાબાદવાલા

પ્રકરણ ૫૨



# વેર-વિખેર

■ કિરણ રાયવડેરા




જો શ્યામલીએ ફોન ઊંચક્યો હતો તો પછી દૂરથી વાસણનો અવાજ કેવી રીતે આવતો હતો?નશ્યામલીના ફ્લેટમાંથી નીકળ્યા બાદ આ પ્રશ્ન વિક્રમનો પીછો નહોતો છોડતો. કારમાં બેઠો અને થોડે દૂર સુધી કાર હંકારી પણ મન નહોતું માનતું.

ધીમો વરસાદ પડવાની શરૂઆત થઈ ગઈ હતી. એણે કારને યુ-ટર્ન ઘુમાવી. આજે જ્યારે નક્કી કર્યું છે કે શંકાનું પૂર્ણ રીતે સમાધાન કરવું તો પછી એક પણ મુદ્દો બાકી રહી જાય એવું ન કરવું જોઈએ. નહીંતર હંમેશાં એને વહેમ રહ્યા કરશે અને શંકા એનો કેડો નહિ મૂકે.

રાબેતા મુજબ એણે કારને દૂર પાર્ક કરી અને નીચે ઊતર્યો. વરસાદને કારણે એણે ગાડીમાંથી ઊતરીને શ્યામલીના મકાન તરફ ઝડપથી ચાલવાનું પસંદ કર્યું.

એ જ ક્ષણે કોઈ દાઢીવાળો માણસ એની સાથે અથડાઈ ગયો હતો ત્યારે નવિક્રમ પડતાં પડતાં બચી ગયો. બેવકૂફ... વિક્રમ બોલ્યો તો ખરો, પણ એને થયું કે ભૂલ પોતાની હતી. એટલે મોટેથી ‘સોરી’ કહી એ આગળ નીકળી ગયો હતો.

જોકે, આ દાઢીવાળી વ્યક્તિ આટલી પરિચિત કેમ લાગતી હતી? એણે આ માણસને ક્યાં જોયો હતો?નવિક્રમ દોડીને ફુટપાથ પર ઊભો રહી ગયો. થોડી ક્ષણો સુધી ત્યાં ઊભા રહ્યા બાદ એણે શ્યામલીના મકાન તરફ એક દૃષ્ટિ ફેંકી ત્યારે પેલી દાઢીવાળી વ્યક્તિ ભીડમાં વિલીન થઈ ગઈ.

એ જ વખતે વિક્રમને યાદ આવ્યું કે એણે પેલો ચહેરાને ક્યાં જોયો હતો.

શ્યામલીના બેડરૂમની દીવાલમાં લટકતી તસવીરમાં એણે આ ચહેરો જોયો હતો. શ્યામલી કહેતી હતી કે આ એના પતિનો ફોટોગ્રાફ છે. એ ફોટોમાં શ્યામલીના પતિને દાઢી નહોતી. તો શું આ માણસ શ્યામલીનો પતિ હતો? પણ શ્યામલી તો કહેતી હતી કે એના પતિનું કાર અકસ્માતમાં અવસાન થઈ ગયું છે અને એ એક વિધવાનું જીવન જીવી રહી છે.

– તો પછી શ્યામલીનો પતિ જીવિત હતો?

***

કરણનો પત્ર વાંચીને જગમોહન સામે જોઈ રહી ગાયત્રી જગમોહનના ચહેરા પર આઘાતની લાગણી છવાયેલી હતી.

શહેરના નામાંકિત ઉદ્યોગપતિના નાના પુત્રને પિતા માટે કોઈ ગેરસમજ ઊભી થઈ હતી. એણે લખ્યું હતું કે ’ જતીનકુમાર એવા ખબર લઈને આવ્યા છે કે તમે આ મકાનના એક ફ્લેટમાં કોઈની સાથે બે દિવસથી રહો છો.’

ગાયત્રી વિચારતી હતી... કરણ એના વિશે કેવી કેવી ગેરમાન્યતાઓ બાંધી બેઠો હશે.

કરણે લખ્યું હતું- ‘પપ્પા, હું ઈચ્છું છું કે તમે ઉપર ન હો, પણ જો તમે ત્યાં છો તો આ પત્ર તમારા હાથમાં આવે કે તરત જ નીચે આવી જજો... હું પંદર મિનિટ તમારી રાહ જોઈશ...’ ઈચ્છતો હતો કે એના પિતા ઉપર ન હોય તો સારું.

‘કાકુ, શું લાગે છે? તમે શું વિચારો છો?’ ગાયત્રીએ પૂછ્યું.

‘હું નીચે જાઉં છું, ગાયત્રી, આ બધાં કરતૂત અમારા જમાઈનાં છે. હું એ વિચારતો હતો કે એને કેવી રીતે ખબર પડી કે હું અહીં છું ? જગમોહન મૂંઝવાયેલો લાગતો હતો. અચાનક એનો સેલ રણકી ઊઠ્યો.

‘હલ્લો, મિ. દીવાન...’ સામે છેડે ભારેખમ અવાજ ગુંજી ઊઠ્યો.

‘બોલું છું, તમે કોણ?’ જગમોહનને આ અવાજ ગમ્યો નહીં.

‘મને ન ઓળખ્યો? હમણાં થોડી વાર પહેલાં જ તમારી સાથે વાત થઈ હતી...’

જગમોહનને ખ્યાલ આવી ગયો કે એના દુશ્મન ફરી લાઈન પર આવ્યો હતો.

‘ટેલિફોન બૂથથી ફોન કરીને કોઈ થર્ડ ગ્રેડના ટપોરી જેવી ધમકી દેવા કરતાં સામે આવ ને તો મજા પડી જાય...’

જગમોહને ઘડિયાળમાં નજર કરી. કરણ ફક્ત પંદર મિનિટ જ એની રાહ જોવાનો હતો. હવે માત્ર ૭ મિનિટ બચી હતી.

‘ઓ.કે. મિસ્ટર દુશ્મન, હમણાં હું ઉતાવળમાં છું એટલે તારી સાથે વાત નહીં કરી શકું. પછી ફોન કરજે. નિરાંતે પેટભરીને વાતો કરશું. જગમોહને કડવાશથી કહ્યું.

‘યસ , હું જાણું છું તમને શેની ઉતાવળ છે. તમારો નાનો દીકરો કરણ નીચે તમારી રાહ જુએ છે. જગમોહન દીવાન, હું જો ધારું તો હમણાં જ તમારા લાડકાને અહીં જ ટપકાવી શકું છું કે પછી એને ઉપાડીને ક્યાંક દૂર જંગલમાં એને લઈ જઈ શકું છું. પછી શોધ્યા કરજો તમારા સંતાનને આખી જિંદગી...’

જગમોહનને ધ્રાસકો પડ્યો. આ માણસનું ભલું પૂછવું. કરણને કંઈ કરી બેસશે તો...

‘જો એક વાત કાન ખોલીને સાંભળી લે. મારા દીકરાને કંઈ થયું છે તો સમજી લેજે કે તારો ભગવાન પણ તને બચાવી નહીં શકે. આમે તારી દુશ્મની મારી સાથે છે, મારા કરણ સાથે નહીં એટલે એને વચ્ચે નહીં લાવતો.’

‘શત્રુનું કોઈ પણ રીતે અહિત થાય એ જોવાનું કામ મારું છે. દુશ્મનને માર્ગમાંથી દૂર કરી દેવો જોઈએ એવું તો આપણા શાસ્ત્રમાં પણ લખ્યું છે. તમે મારા માર્ગમાં આડા આવો છો, મિ. દીવાન, એટલે તમને હટાવવા બહુ જરૂરી છે. તમે નહીં હઠો તો તમારા કોઈ સ્વજનને દૂર કરીને તમને વધુ ને વધુ આઘાત પહોંચે એવી વ્યવસ્થા હું કરી આપીશ.’

‘હું કઈ રીતે તારા માર્ગમાં આવું છું એ તો મને સમજાવ...’ જગમોહન બોલવા ગયો પણ પેલાએ લાઈન કાપી નાખી હતી.

જગમોહને ચિંતાતુર નજરે ગાયત્રી સામે જોયું.

‘કાકુ, તમે ફિકર કરો નહીં. કરણને કંઈ નહીં થાય. જેને કરવું હોય એ આ રીતે ફોનમાં ડંફાસ ન માર્યા કરે. તમે નીચે જઈ કરણને મળી લો. હવે સમય નથી.’

જગમોહને ઘડિયાળ સામે જોયુ.ચાર મિનિટ બાકી હતી. જગમોહન નીચે જવા દોડ્યો.

ગઈ કાલથી જે દોડ શરૂ થઈ છે એ હજી પૂરી નથી થઈ.જગમોહન રસ્તા પર આવ્યો.

કરણ ક્યાંય દેખાતો નહોતો.

જગમોહન થોડે સુધી ચાલીને પાછો આવ્યો. દૂર દૂર સુધી કરણનો પત્તો નહોતો. કદાચ પહેલી વાર ગાયત્રી ખોટી પડશે.

જગમોહનને ડર લાગવા માંડ્યો હતો.નશક્ય છે કે પેલા માણસે કરણનું કિડનેપિંગ કરી લીધું હોય. એનું પોતાનું અપહરણ થયું હતું ત્યારે એને ડર નહોતો લાગ્યો, પણ કરણનું કિડનેપિંગ થાય તો...!ન એ જ સેકન્ડે એણે સામેથી કરણને આવતો જોયો. ભીડમાં એનો ચહેરો વારંવાર ક્ષણેક માટે ખોવાઈ જતો હતો , પણ એ કરણ જ હતો.

જગમોહન દોડ્યો. કરણને બાથમાં લઈને ભેટવાની એને તીવ્ર ઈચ્છા થઈ આવી.

જગમોહન સામે જોઈને કરણે હાથ ઊંચો કર્યો.

જગમોહને પણ હાથ ઊંચો કર્યો.

એ જ વખતે એક મારુતિ વાન બંનેની વચ્ચે આવીને ઊભી રહી ગઈ અને કરણ દેખાતો બંધ થઈ ગયો.

ક્યાં ગયો કરણ?

‘એ સૂનો...’ ચીસ પાડતો જગમોહન દોડ્યો.

***

વરસાદથી બચવા કુમાર માથા પર રૂમાલ ઢાંકીને સામેની ફૂટપાથ તરફ જવા દોડ્યો ત્યારે એ એક વ્યક્તિ સાથે અથડાયો હતો.

પહેલાં તો એ વ્યક્તિને ઓળખી ન શક્યો. દોડીને સામે પહોંચ્યા બાદ અચાનક એને ખ્યાલ આવ્યો કે એણે આ માણસને થોડી વાર પહેલાં પોતાના જ ફ્લેટમાં જોયો હતો.

એનું નામ હતું : વિક્રમ દીવાન.

કુમાર ધ્રૂજી ગયો.

વિક્રમ દીવાન તો ક્યારનો એના ફ્લેટમાંથી નીકળી ચૂક્યો હતો તો અત્યાર સુધી એ મકાનની બહાર શા માટે આંટા મારે છે? કે પછી મેં કોઈ લોચો માર્યો? બિચારી શ્યામલી પ્લાન સફળ થાય એ માટે આટલી જહેમત ઉઠાવે છે અને પોતે વારંવાર મૂર્ખાઈ કર્યા કરે છે! થોડી વાર ફ્લેટમાં રહી ગયો હોત તો...!

પણ વિક્રમ અત્યાર સુધી અહીં શા માટે રોકાઈ ગયો? એ શું જાણીજોઈને એની સાથે ભટકાયો હશે? જો એને શક પડ્યો હોય તો એ ચૂપચાપ દૂરથી તાલ જોયા કરે, સામે ચડીને એની સાથે અથડાવા ન આવે!

એનો અર્થ એ કે વિક્રમ દીવાન સાથેનો એનો નાનકડો ‘અકસ્માત’ એક સંયોગમાત્ર હતો, એક યોગાનુયોગ હતો કે પછી કુદરતે એક સંકેત આપ્યો કે ચેતી જાવ, નહીતર મોટો એક્સિડન્ટ થશે.

કુમારે ખિસ્સામાંથી સેલ કાઢ્યો... શ્યામલીને ચેતવી દેવી જોઈએ. શ્યામલી એને ઠપકો આપશે પણ બીજો કોઈ ઉપાય નથી. શ્યામલી જ આ મુશ્કેલીમાંથી માર્ગ શોધી કાઢશે એવો એને વિશ્વાસ હતો.

કુમારે ફોન જોડ્યો.

***

વિક્રમને ક્યાંય ચેન નહોતું પડતું.

કારમાં ગોઠવાયા બાદ એણે ઇગ્નીશન કી ઘુમાવીને કારને સ્ટાર્ટ કરી પણ પછી શું સૂઝ્યું કે એણે કાર બંધ કરી દીધી.

‘શું કરવું?’

વિક્રમ અવઢ્વમાં હત્તો. થોડી વાર પહેલાં એ જે દાઢીવાળા સાથે ભટકાયો હતો એનો ચહેરો શ્યામલીના પતિ સાથે હૂબહૂ મળતો આવતો હતો. શ્યામલીના બેડરૂમમાં ઝૂલતી એની તસવીરમાં શ્યામલીના પતિનો ચહેરો વારંવાર આંખ સમે તરવર્યા કરતો હતો.

હા, ફોટોગ્રાફમાં દાઢી નહોતી,

પણ ચહેરો ઓળખવામાં વિક્રમ થાપ ખાય તેમ નહોતો. અથડાયો ત્યારે કદાચ એને શંકા હતી પણ ધીમે ધીમે એને ખાતરી થવા માંડી કે એની સાથે ટકરાયો એ માણસ અસલ શ્યામલીના પતિ જેવો લાગે છે.નજોકે આ માત્ર યોગાનુયોગ - એક કો-ઇન્સિડેન્સ પણ હોઈ શકે, વિક્રમે વિચાર્યું.

શ્યામલીના મકાનની બહાર એના ‘મૃત’ પતિ જેવો ચહેરો ધરાવતો માણસ, એના પતિનો હમશકલ આંટા મારતો હોય એ યોગાનુયોગ ન જ હોઈ શકે.

તો પછી?

એ શું ખરેખર શ્યામલીનો પતિ હતો તો એ બંને પતિ-પત્ની શહેરના નામાંકિત ઉદ્યોગણતિના માલદાર પુત્રને ફસાવવા કોઈ ચાલ રમતાં હશે? બંનેએ મળીને એને જાળમાં લેવા કોઈ ષડ્યંત્ર રચ્યું હશે?

અને જો એવું જ કરવું હોય તો શ્યામલીના પતિએ જીવતા હોવા છતાંય ‘મરવાની’ શું જરૂર હતી?

વિક્રમને લાગ્યું કે મામલો એ ધારે છે એના કરતાં વધુ પેચીદો અને ગંભીર છે.

શ્યામલીનો પતિ શું કરતો હતો એની માહિતી કઢાવવી જોઈએ. વિક્રમે ઑફિસે ફોન કર્યો. સેક્રેટરીને ફોનમાં કહ્યું :

‘પુટ મી ટુ કામથ – ધીસ ઈઝ વિક્રમ હિયર.’

ફોન તાત્કાલિક દીવાન ગ્રૂપ ઑફ ઇન્ડસ્ટ્રિઝ’ના ફાઇનાન્સ એડ્વાઇઝર વિજય કામથને ટ્રાન્સફર કરવામાં આવ્યો.

‘યસ વિક્રમભાઈ...’ કામથના અવાજમાં કાર્યદક્ષતા છલકાતી હતી.

વિજય કામથને શ્યામલીના ફ્લેટસનું સરનામું આપતાં વિક્રમે કહ્યું :

‘લૂક, આ શ્યામલી ચક્રવર્તી પોની જાતને ‘વિધવા’ તરીકે ઓળખાવે છે. એનો પતિ થોડા સમય પહેલાં કાર અકસ્માતમાં મૃત્યુ પામ્યો હતો. એનું નામ કાંત ચક્રવર્તી અથવા કુમાર ચક્રવર્તી જેવું કંઈક હતું એવું યાદ આવે છે. બટ, આઈ એમ નોટ શ્યોર... મારે આ માણસ વિશે બની શકે એટલી ઇન્ફર્મેશન જોઈએ.’

‘સર, સામાન્ય રીતે નામ વગરની વ્યક્તિ વિશે કોઈ પણ ઇન્ફોર્મેશન કઢાવવી અશક્ય ગણાય. પણ તમે જે માણસની વાત કરો છો એ કદાચ આપણી ઑફિસમાં આવ્યો હતો. એનું નામ કુમાર ચક્રવર્તી હતું. એને લોન જોઈતી હતી એટલે એ એક ફાઇનાન્સ બ્રોકર સાથે આપણી ઑફિસે આવ્યો હતો, પણ આપણે તપાસ કરાવી ત્યારે ખબર પડી કે માણસ પગથી માથા સુધી કર્જમાં ડૂબેલો હતો. હું ફક્ત એ જ કુમાર ચક્રવર્તીને ઓળખું છું. હવે હું પેલા દલાલને ફોન કરીને એનું સરનામું જાણી લઈશ, જેથી આ એ જ માણસ છે કે કેમ એ ખબર પડી જાય. બટ સર, ઈઝ ધેર એની પ્રોબ્લેમ?’

‘નેવર માઇન્ડ... તમે તપાસ કરી મને ફોન કરી મ જણાવો.’ કહીને વિક્રમે લાઇન કાપી નાખી.

ઓહ, તો શ્યામલીનો પતિ દેવાદાર હતો. દેવામાંથી મુક્ત થવા માટે એ લોકોએ અકસ્માત અને મોતનો ત્રાગડો રચ્યો હોય. તો?

વિક્રમ ધ્રૂજી ઊઠ્યો.

શ્યામલી કેટલી ભોળી અને નિર્દોષ દેખાય છે. શું એ પૈસા ખાતર આટલી હદે નીચી ઉતરી શકે?

પછી તરત જ વિક્રમ દીવાનના મનમાં એક વિચાર ઝબકી ગયો. જો જગમોહન દીવાનનો પુત્ર વિક્રમ એક વિધવા માટે આટલી હદે પડી શકે તો પછી એક સ્ત્રી પૈસા માટે શું ન કરીન શકે?

વિક્રમ કારમાંથી નીચે ઊતર્યો.

વરસાદ અટકી ગયો હતો. એણે સામેની ફૂટપાથ તરફ જોયું. શ્યામલીનો દાઢીવાળો પતિ ક્યાંય દેખાયો ન હતો.

જો ખરેખર આ વ્યક્તિ શ્યામલીનો વર નીકળશે તો એને ખૂબ જ આઘાત લાગશે, વિક્રમ વિચારતો હતો.

એણે શ્યામલીના મકાન તરફ દૃષ્ટિ કરી. આટલી માથાકૂટ કરવા કરતાં શ્યામલીને જ સીધું પૂછી લેવું જોઈએ :

‘બોલ, તેં આવું શા માટે કર્યું? તારું બધું કર્જ હું ભરપાઈ કરી આપીશ , પણ પહેલાં એ કહે કે તે તારા પતિ સાથે મળીને મારી સામે આવડો મોટ કારસો શા માટે રચ્યો?’

વિક્રમે વિચારમાં ધીરે ધીરે શ્યામલીના મકાન તરફ ચાલવાનું શરુ કર્યું. એ જ વખતે એનો સેલ રણક્યો.

વિજય કામથનો ફોન હશે એમ વિચારીને એણે બેધ્યાનપણે મોબાઈલ કાને લગાડીને હલો’ કહ્યું.

સામે છેડે પરિચિત અવાજ સાંભળીને એ આઘાતની અને આશ્ચર્યમિશ્રિત લાગણી અનુભવી રહ્યો.

સામે છેડે શ્યામલી હતી.

‘વિક્રમબાબુ, સોરી, તમને ડિસ્ટર્બ કરું છું. મને ખબર છે તમે ઑફિસે પહોંચી ગયા હશો, પણ તમે હમણાં જ મારા ફ્લેટ પર આવી શકો છો? બહુ જ અર્જન્ટ કામ છે.’

‘શું થયું, શ્યામલી? તું આટલી ગભરાયેલી શા માટે છો ?’ વિક્રમના અવાજમાં ચિંતા છલકાઈ ઊઠી.

‘વિક્રમબાબુ, તમે તાબડતોબ મારા ઘરે આવી જાઓ. મારી જિંદગી જોખમમાં છે.’

(ક્રમશઃ)■

# પનઘટ લીલા પરમેશ્વરની-૨

અલખનો ઓટલો

ડૉ. નિરંજન રાજ્યગુરુ
feedback@bombaysamachar.com



સંતકવિ મીઠા ઢાઢીના નામાચરણ સાથે આ જ પ્રસંગની ત્રણેક રચનાઓ લોકકંઠે ગવાતી રહે છે.

*ચાલો જળ જમુના રે હો નાવા,*
*ગિરધર આવશે ગૌધન પાવા..*
*ગોવાળુંની મંડળી રે હો લઈને,*
*વ્હાલો મારો નાચશે થૈ થૈ થૈ ને...*
*ચાલો જળ જમુના રે હો નાવા..૦*
*જો જો એની ચાલનો રે હો ચટકો,*
*કાંધે જેને કાંબળીનો છે કટકો,*
*દાણીલો આવશે રે હો લોઠો,*
*દાણ સાટે દઈશું અંગૂઠો...*
*ચાલો જળ જમુના રે હો નાવા..૦*
*દાણીલો દાણ રે હો લેશે,*
*અંગૂઠો આપણી પાસે રહેશે,*
*દાસ મીઠાના રે હો સ્વામી,*
*સુંદરી વ્રજની મહાસુખ પામી...*
*ચાલો જળ જમુના રે હો નાવા..૦*

***

*જમનાજી ગ્યાંતાં રે હો પાણી,*
*વાલે મારે જાતાં મુજને જાણી,*
*ધોડી હરિ છેડલે રે હો વળગ્યા,*
*રહો રહો રસિયા મુજથી અળગા..*
*મારે મૈડાં વેચવા રે હો જાવા,*
*તારે નિત્ય લૂંટી લૂંટીને ખાવા,*
*મારે મૈના દોકડા રે હો કરવા,*
*જઈને કંસ રાજાને ભરવા,*
*ચાલો સૈયરું રાવે રે હો જાયો,*
*જઈને નંદબાવાને કહીએ..*
*તમારા કાનને રે હો વારો,*
*રોક્યો મારો જમુનાજીનો આરો,*
*જઈને જ્યારે કહેશો જશોદા માને,*
*ત્યારે હરિ સખણા રે હો રેશે..*
*ત્યારે જઈને કીધું જશોદામાને,*
*માખણ લૂંટ્યા રે હો કાને,*
*દાસ મીઠાનો રે હો સ્વામી,*
*ત્યારે ગોપી આનંદ સુખડાં પામી...*

***

*કીધી મને ઘેલી ઓધા,*
*કીધી મને ઘેલી રે ,*
*કાનુડે કામણગારે, કીધી મને ઘેલી ...*
*જળ જમનાનાં ગયાંતા,*
*માથે બેડું મેલી ઓધા*
*મુખડાની માયા લાગી,*
*નવ શકું મેલી રે,*
*ઘર તણો ધંધો ભૂલી,*
*સોળસે સાહેલી ઓધા*
*વનમાં વગાડી વ્હાલે,*
*મોરલી રંગીલી રે...*
*કાનુડે કામણગારે, કીધી મને ઘેલી ...*
*સાળુડાની શુદ્ધ રે ભુલી,*
*ભાંગ પીધી લીલી ઓધા*
*સેંથાને ઠેકાણે મેં તો,*
*ચોડી દીધી ટીલી રે,*
*આંખલડીમાં એવી લાગી,*
*અષાઢની એલી ઓધા*
*મળ્યો રે મીઠાનો સ્વામી,*
*રંગ રિયો રેલી રે...*
*કાનુડે કામણગારે, કીધી મને ઘેલી ...*

*આપણાં અનેક લોકગીતોમાં ગવાયું છે-*

*ચંદન તલાવડી રોકી કાનુડે,*
*ને જળ ભરવા ન દિયે;*
*-કાનુડો મારે ખેધે પડ્યો છે...૦*
*ખેધે પડ્યો છે ગુણગારો,*
*હઠીલો મારે ખેધે પડ્યો છે.*
*વનમાં કાનો દાતણ મગાવે,*
*વનમાં દાતણ ક્યાંથી?*
*વનમાં કાનો નાવણ મંગાવે,*
*વનમાં નાવણ ક્યાંથી?*
*-કાનુડો મારે ખેધે પડ્યો છે...૦*
*ખેધે પડ્યો છે ગુણગારો,*
*હઠીલો મારે ખેધે પડ્યો છે.*
*વનમાં કાનો ભોજન મગાવે,*
*વનમાં ભોજન ક્યાંથી?*
*વનમાં કાનો મુખવાસ મગાવે,*
*વનમાં મુખવાસ ક્યાંથી?*
*-કાનુડો મારે ખેધે પડ્યો છે...૦*
*ખેધે પડ્યો છે ગુણગારો,*
*હઠીલો મારે ખેધે પડ્યો છે.*
*વનમાં કાનો પોઢણ મગાવે,*
*વનમાં પોઢણ ક્યાંથી?*
*ચંદન તલાવડી રોકી કાનુડે,*
*ને જળ ભરવા ન દિયે,*
*-કાનુડો મારે ખેધે પડ્યો છે...૦*

સંતકવિ દાસી જીવણ પનિહારીની સુરતા-લગન-ધ્યાનના રૂપક દ્વારા સંતોની અધ્યાત્મમાર્ગની સહજસાધના વર્ણવે છે.

*એવાં હેત રાખજો તમે રામસે,*
*રાખે જેમ ચંદ્ર ને ચકોર,*
*રાખે જેમ બાપૈયા ને મોર,*
*- એવાં હેત રાખજો તમે રામસે...૦*
*હેત રે વખાણીયે પનિહારી કેરાં,*
*જળ ભરવાને રે જાય,*
*હસે રે બોલે ને કર તાળીયું દિયે,*
*એની સુરતા છે બેડલિયાની માંય...*
*- એવાં હેત રાખજો તમે રામસે...૦*

બે-ચાર પનિહારીઓ નદી કાંઠેથી પાણી ભરીને ચાલી આવે છે. સોના ઈંઢોણી રૂપા-બેડલાં ચળકતાં આવે છે. સરખી સૈયરો એકબીજી સાથે મીઠી મજાક મશ્કરી કરતી અંગે અંગે હિલોળા લેતી તાળી લેતી, આજુબાજુ નજર ફેરવતી તો ક્યારેક હાથ એકના ઘૂંઘટમાં લાજ કાઢીને નાચતી ગાતી ચાલી આવે છે. પણ એની સુરતા,લગન,તલ્લીનતા અને એનું ધ્યાન તો માથા પરના બેડા પ્રત્યે જ છે. તો સતત અજ્ઞાનપણે અભાનપણે એનું માનસ એક જ ઠેકાણે કેન્દ્રીત થયેલું છે કે બેડું નમી ન જાય, પડી ન જાય, ક્યાંક પગે ઠેશ ન આવી જાય. એવી સતત કાળજી જો ભક્તિસાધનાના ક્ષેત્રમાં લેવાય, શ્વાસે શ્વાસે સ્મરણ થતું રહે તો પછી હરિ ઢુંકડો જ હોય ને. ■

# પોતાના ધર્મમાં મૃત્યુ શ્રેય છે

મનન

હેમંત વાળા
feedback@bombaysamachar.com



જ્યારે મહાભારત ઇતિહાસમાં ઘટીત થયું, જ્યારે શ્રીકૃષ્ણએ ગીતામાં ‘સ્વધર્મે નિધનં શ્રેય’ એમ જણાવ્યું ત્યારે વિશ્વમાં એકમાત્ર ‘સનાતની’ વિચારધારા – સનાતન ધર્મ પ્રવર્તમાન હતો. તો પછી પ્રશ્ન એ થાય કે શ્રીકૃષ્ણ જ્યારે પોતાના ધર્મમાં મૃત્યુ શ્રેય એમ કહે ત્યારે તેમણે કયા ધર્મની વાત કરી હશે. આ ધર્મ એટલે ‘ઉત્તરદાયિત્વ’. જ્યારે ધર્મ, અર્થ, કામ, મોક્ષ – એમ ચાર પ્રકારના પુરુષાર્થની વાત થાય ત્યારે પણ ધર્મને ઉત્તરદાયિત્વ સાથે સાંકળવામાં આવે છે.

ઉત્તરદાયિત્વ ત્રણ પ્રકારના હોય, જન્મ સાથે જોડાયેલું ઉત્તરદાયિત્વ, જે તે પરિસ્થિતિમાં ઉદ્‌ભવેલું ઉત્તરદાયિત્વ, અને સંસારના સમીકરણ પ્રત્યેનું ઉત્તરદાયિત્વ. મા-બાપની સેવા કે ભાઈ-બહેન માટે સહકાર જેવી બાબતો જન્મ સાથે જોડાયેલા ઉત્તરદાયિત્વ સમાન હોય છે. માર્ગ પર જતી વખતે રસ્તામાં કોઈને અકસ્માત નડ્યો હોય તો તેને મદદરૂપ થવું એ પરિસ્થિતિ દ્વારા ઉદ્‌ભવેલું પ્રાસંગિક ઉત્તરદાયિત્વ કહેવાય. આ સાથે સમગ્ર સૃષ્ટિના પર્યાવરણ બાબતે પણ ઉત્તરદાયિત્વ હોય છે. આ ત્રીજા પ્રકારનું ઉત્તરદાયિત્વ. આ ત્રણે પ્રકારના ઉત્તરદાયિત્વમાં જન્મ સાથે જોડાયેલા ઉત્તરદાયિત્વ પ્રત્યે વધુ સભાનતા જરૂરી છે. આકસ્મિક ઉત્તરદાયિત્વ માટે કરુણા જરૂરી છે જ્યારે પર્યાવરણ લક્ષી ઉત્તરદાયિત્વ માટે સંવેદનશીલતા જરૂરી છે.

અર્જુન તરીકે જન્મ લેવો એટલે માતા કુંતી તથા અન્ય વડીલો પ્રત્યેની જવાબદારી નિભાવવી જરૂરી બને. સાથે સાથે સહોદર યુધિષ્ઠિર, ભીમ, સહદેવ અને નકુલ પ્રત્યે પણ ખાસ પ્રકારની જવાબદારી જોડાઈ જાય. કુરુવંશમાં જન્મ લીધો એટલે પણ અમુક પ્રકારની જવાબદારી નિભાવવી પડે. ધર્મરાજના સહયોગી તરીકે ધર્મની સ્થાપના માટે પ્રયત્ન પણ કરવો પડે. માર્ગદર્શક શ્રીકૃષ્ણની આજ્ઞા પણ પાડવી પડે. સાથે સાથે દ્રૌપદી, અભિમન્યુ, સુભદ્રા માટે પણ ચોક્કસ પ્રકારની જવાબદારી જોડાઈ જાય. આ જન્મ સાથે જોડાયેલા ઉત્તરદાયિત્વનું ઉદાહરણ. જેમ અર્જુનને તેમ દરેક વ્યક્તિને. જન્મની સાથે કેટલું ઉત્તરદાયિત્વ જોડાઈ જાય જેની નિભાવણી એટલે ધર્મ.

દરેક વ્યક્તિની અજાણી વ્યક્તિ પ્રત્યે પણ જવાબદારી હોય છે. તકલીફના સમયે મદદ કરવી, જરૂરિયાતમંદને આર્થિક તેમજ અન્ય પ્રકારની સહાય કરવી, નિર્દોષને અભયદાન આપવું, સાધુ પુરુષને સંતુષ્ટ કરવા, સાત્વિક પરંપરાનું અનુમોદન કરવું, સંસ્કૃતિની રક્ષા કરવી, આધ્યાત્મિકતાનો વ્યાપ શક્ય હોય તેટલો વધે તે માટે પ્રયત્નશીલ રહેવું, નકારાત્મકતાનું ખંડન કરી હકારાત્મકતા સ્થાપવા પુરુષાર્થ કરવો, સુ-શિક્ષણ તથા સુ-વિચારનો પ્રચાર કરવો, સર્વત્ર શાંતિની કામના કરવી, વડીલો પ્રત્યે વિશેષ વિવેક દાખવવો, સાત્વિકતાનો પ્રભાવ વધારવો તથા શાસ્ત્રોક્ત વિચારધારાનો આગ્રહ રાખવો; જેવી બાબતો સામાજિક પરિસ્થિતિના પરિપ્રેક્ષ્યમાં આવે. આ આકસ્મિક પણ હોઈ શકે અને પૂર્વ નિર્ધારિત પણ.

ધર્મનું ત્રીજું સ્તર સૃષ્ટિ રચનાના સમીકરણ – પર્યાવરણ પ્રત્યેનું છે. સૃષ્ટિનું દરેક તત્ત્વનું મહત્ત્વ છે. સૃષ્ટિનું દરેક તત્ત્વ સૃષ્ટિનું સંતુલન જાળવી રાખવામાં અગત્યનો ભાગ ભજવે છે. તેમનું એક કાર્યક્ષેત્ર હોય છે જે સૃષ્ટિના નિયમો માટે અગત્યની ભૂમિકા સમાન હોય છે. આ બધું જળવાવવું જોઈએ. આ માટે સૃષ્ટિના, પર્યાવરણના દરેક તત્ત્વનું મહત્ત્વ સમજવું પડે અને તેનો પર્યાવરણમાં તેનો ફાળો સ્વીકારવો પડે. સૃષ્ટિના કોઈપણ તત્વને વધારે પડતું નીચોવી ન નખાય કે તેને નષ્ટ કરવાનો પ્રયત્ન ન કરાય. અહીં બધું જ જરૂરી છે, પરસ્પર સંકળાયેલું છે, પરસ્પરના આધારે છે, સમગ્રતામાં એકબીજા સાથે સંકલિત છે, હેતુસર છે, પરિણામ લક્ષી છે, સપ્રમાણ છે, પરસ્પર સંવાદિતતા સાથે એકરાગમાં છે. અહીં એકને ખલેલ પહોંચાડવાથી સમગ્ર સંતુલન ખોરવાઈ શકે. સૃષ્ટિનું સંતુલન જાળવી રાખવું એ એક ધર્મ છે.

મા બાપ જેટલાં મહત્ત્વનાં છે, તેટલા જ મહત્ત્વના અન્ય નાગરિકો છે, તેટલા જ મહત્ત્વના ઝાડ પાન છે. અહીં પ્રત્યેક પ્રત્યે ઉત્તરદાયિત્વ છે. અહીં પ્રત્યેક માટે એક ધર્મ છે, અને પ્રત્યેક પ્રત્યે પણ એક ધર્મ છે. પાણીનો ધર્મ છે અને પાણી પ્રત્યે ધર્મ છે. પાણી પોતાની પ્રકૃતિ પ્રમાણે આગ શાંત પાડે છે અને માનવીએ તે પાણીનું મહત્ત્વ સમજી તેની સાચવણી કરવી પડે. પાણીના સ્રોતની સાચવણીથી, પાણીના સ્વાભાવિક પ્રવાહને માન્ય રાખવાથી તથા પાણીનો બગાડ અટકાવવાથી પાણી પ્રત્યેનું ઉત્તરદાયિત્વ – સૃષ્ટિ પ્રત્યેનો ઉત્તરદાયિત્વ નિભાવી શકાય. આ માટે પાણીની કિંમત સમજવી જરૂરી છે.


સમગ્રતામાં જોતા ધર્મ એટલે સૃષ્ટિના દરેક અંગ પ્રત્યે એક પ્રકારની સભાનતા અને તેની સાથે તે સભાનતા પૂર્વકનું વર્તન. ધર્મ એટલે સમાજના પ્રત્યેક માનવી સાથે માનવીય વર્તન. ધર્મ એટલે પ્રત્યેક પશુ-પક્ષી સાથે સંવાદિતતા સ્થપાય તે પ્રમાણેની વર્તણૂક. ધર્મ એટલે ઝાડપાન સહિત પર્યાવરણના પ્રત્યેક તત્ત્વની કાળજી રાખવાનો પ્રયત્ન. અંતર વધી જાય, પણ જો અંતરની મર્યાદાને પાર જઈને જોવામાં આવે તો ધર્મ એટલે સૂર્ય કે ચંદ્રની સ્થાપિત થયેલી ક્ષમતાનો વ્યક્તિગત સ્વાર્થ ખાતર ઉપયોગનો અટકાવ.

ધર્મ એટલે દરેક તત્ત્વને જીવવાનો – અસ્તિત્વનો અધિકાર આપવો, દરેક તત્ત્વને તેની પ્રકૃતિ અનુસાર વિકસવાની તક આપવી, દરેક સંબંધ તંદુરસ્ત રહે તે માટે પ્રયત્ન કરવો, દરેક સંજોગો હકારાત્મક પરિણામ લાવે તેવી પરિસ્થિતિ માટે પ્રયાસ કરવો, માતા-પિતા તથા વડીલ જેવી વ્યક્તિઓને સેવા થકી સંતોષ આપવો, ભાઈ-બહેન તથા અન્ય સમવયસ્કની પ્રગતિ માટે પ્રોત્સાહન તેમજ ટેકો આપવો, અને પ્રત્યેક જડ તેમજ ચેતનવંતી બાબતના અસ્તિત્વ (જુઓ પાનું ૬) ▶▶

ચિંતન

હેમુ ભીખુ
feedback@bombaysamachar.com

# જ્ઞાનથી ઉઘડતી મુક્તિની સંભાવના



જ્ઞાનનો અનેરો મહિમા છે. ગીતામાં તો કહેવાયું છે કે આ લોકમાં જ્ઞાન સમાન અન્ય કશું પવિત્ર નથી, જ્યારે પવિત્ર બાબતને ધારણ કરવામાં આવે ત્યારે આપમેળે પવિત્રતાની સ્થાપના થાય. આ પવિત્રતા આગળના માર્ગ ખોલી નાખે. પવિત્રતાની હાજરીમાં અશુભ બાબતો સ્પર્શી ન શકે. અશુભની બાદબાકી થતાં આપમેળે શુભતાનું - સાત્ત્વિકતાનું - આધ્યાત્મિકતાનું સામ્રાજ્ય સ્થપાતું જાય, અને મુક્તિના દ્વાર ખૂલતા જાય.

સમજવાની વાત એ છે કે માહિતી એ જ્ઞાન નથી. ઉપનિષદોમાં શું શું લખાયું છે તેની જાણકારી આપનાર ઘણા મળી રહેશે, પરંતુ ઉપનિષદનો આત્મા જે આત્માની ઓળખ છે તે વિશેનો સાચો ચિતાર તો જેણે આત્માનો અનુભવ કર્યો હોય તે જ્ઞાની જ આપી શકે. બ્રહ્મસૂત્રમાં જણાવાયેલ સત્ય સમજવામાં કેટલું મુશ્કેલ છે તેની વાત ઘણા કરશે, પણ તે સરળતાથી સમજાવવા માટેનો પ્રયત્ન જ્ઞાની જ કરી શકે. તેના વિશે વાતો તો ઘણા કરશે, પણ સાંખ્યદર્શન તો જ્ઞાની જ સમજાવી શકે. જ્ઞાની જ વિજ્ઞાન-ભૈરવનો આધાર પ્રસ્તુત કરી શકે. ગીતા વિશે પ્રવચન તો ઘણા આપે છે, ગીતામાં જણાવેલ અગત્યની દસ વાતો સોશિયલ મીડિયામાં ફરતી જ રહે છે, પણ ભાગ્યે જ આમાંથી કોઈને ગીતાનું વાસ્તવિક જ્ઞાન હોય છે. કુંડલિનીના વિજ્ઞાનની ચર્ચા હવે તો સામાન્ય વાત બનતી જાય છે - કેટલા ચક્રો, કયો રંગ, કયો આકાર, કયું પુષ્પ, કયું સ્થાન - આ બધી ચર્ચામાં ભાગ લેનાર કોઈની પણ કુંડલીની જાગ્રત નહીં હોય તેવી મારી દૃઢ માન્યતા છે. પતંજલિના યોગ-સૂત્ર વિશે પ્રવચન આપનારે ભાગ્યે જ યોગની સિદ્ધિ પ્રાપ્ત કરી શકી હશે.

માહિતી એ જ્ઞાન નથી. જાણકારી એ જ્ઞાન નથી. માહિતીને આધારે શબ્દોની માયાજાળ રચનાર જ્ઞાની નથી. કોઈ વાત કંઠસ્થ થઈ ગઈ હોય એનો અર્થ એમ નથી કે જ્ઞાન પ્રાપ્ત થઈ ગયું છે. વાત વાતમાં ગીતાના શ્લોક બોલનાર વ્યક્તિ વાસ્તવમાં ગીતાને જાણે છે એમ માની ન શકાય. સફરજન શબ્દની ભાષાકીય ઉત્પત્તિ, તે શબ્દનું બંધારણ તથા તેના ઉપયોગમાં રહેલી સંભાવનાઓ પર વાત કરવાથી સફરજનના સ્વાદની ખબર ન પડે - તે સ્વાદની અનુભૂતિ ન થાય. સફરજન પર મહાન બંધ લખવાથી, સફરજનનું કલાત્મક વર્ણન કરવાથી, સફરજનનું આબેહૂબ ચિત્રણ કરવાથી કે સફરજન વિશે કોઈ કાવ્ય લખવાથી સફરજનનો સ્વાદ ધ્યાનમાં ન આવે. સફરજનની અનુભૂતિ માટે તો તેને ખાવું પડે. જ્ઞાનની અનુભૂતિ અનુભવવાની હોય. ઘણીવાર એમ લાગે છે કે જ્ઞાન એ અનુભૂતિનો વિષય છે, તર્કબદ્ધ દલીલ કે કલાત્મકતાનો નહીં.

સનાતનની સંસ્કૃતિમાં વેદ યાદ રાખવાની એક પરંપરા હતી. વ્યક્તિને કેટલા વેદ કંઠસ્થ છે તેને આધારે તેની વેદી, દ્વિવેદી, ત્રિવેદી કે ચતુર્વેદી તરીકે ઓળખ સ્થપાતી. પાઠક જેવી ઓળખ માટે પણ આવો જ આધાર હતો, પણ આ તો એક પદ્ધતિ હતી, વેદની પરંપરા ચાલુ રાખવાની. તે વખતે મુદ્રણ વ્યવસ્થા ન હોવાથી વેદની પરંપરા ચાલુ રાખવા માટે આ સિવાય કોઈ વિકલ્પ ન હતો. તો પણ આ પ્રથામાં સમજનો આગ્રહ રાખવામાં આવતો. ત્રિવેદી વ્યક્તિને ત્રણ વેદ કંઠસ્થ હોય તે સાચું, પણ સાથે સાથે તેને એ ત્રણેય વેદની સમજ પણ રહેતી. સમજ વગરની સ્મૃતિ તે વખતે પણ માન્ય ન હતી. અહીં સ્મૃતિ અને સમજનો સમન્વય હતો. પરિસ્થિતિને કારણે અસ્તિત્વમાં આવેલી આ એક વ્યવસ્થા હતી - પરિણામ હતું.

જોકે સમજ અને જ્ઞાનમાં પણ ભેદ છે. સમજમાં જે પણ કહેવાયું છે તે યોગ્ય સ્વરૂપે જાણવાની વાત છે જ્યારે જ્ઞાનમાં તે સ્વરૂપની અનુભૂતિની વાત છે. સમજ એ વચગાળાનું પગલું છે. પહેલા વાંચન આવે, પછી તેના પર મનન થાય, પછી થોડું ચિંતન થાય, પરિણામે કોઈક બાબત સ્મરણમાં અંકિત થાય, પછી તેની વિશેષતાને અન્ય સાથે સાપેક્ષતામાં સરખાવવાથી સમજ ઊભી થાય. આ સમજને જ્યારે જીવનમાં ઉતારવામાં આવે ત્યારે જ્ઞાન પ્રગટે. અંતિમ ધ્યેય જ્ઞાન છે. જ્ઞાનની પ્રાપ્તિ ન થાય તો બધું જ વ્યર્થ છે. જ્ઞાનથી જ મુક્તિની સંભાવના ઊઘડે છે.

જ્ઞાતે તત્ત્વે કઃ સંસારઃ - આદિ શંકરાચાર્ય દ્વારા લખાયેલ ભજગોવિંદમ્ સ્તોત્રમાં આ વાત કહેવાઈ છે. યુવાની વીતી ગયા પછી કામવાસના રહેતી નથી, પાણી સૂકાઈ ગયા પછી તળાવમાં કાદવની સંભાવના નથી રહેતી, સંપત્તિ જતી રહે તે પછી સામાજિક તેમ જ કૌટુંબિક સંબંધો ક્ષીણ થવા માંડે છે, તેવી જ રીતે તત્ત્વની સમજ પડતા - મૂળ તત્વ વિશે જ્ઞાન મળે ત્યારે સંસારનું બંધન નાશ પામે છે. સંસારના બંધન પાછળનું મૂળ કારણ અજ્ઞાન છે. અષ્ટાવક્ર ગીતામાં પણ આમ કહેવામાં આવ્યું છે. બંધનની માન્યતા જ બંધન છે, જ્ઞાન પ્રાપ્ત થતાં બંધન નથી તેની સમજ પડે છે અને આપમેળે મૂળ સ્વરૂપની પ્રતીતિ થાય છે - મુક્તિ અનુભવાય છે.


જીવનમાં જ્ઞાનની પ્રાપ્તિ એ બહુ અગત્યની ઘટના છે. જ્ઞાન એટલે જે તે પરિસ્થિતિનું યથાર્થ આકલન. જ્ઞાન એટલે જીવનનું અંતિમ લક્ષ્ય, જેના આધારે તે પરમ સ્થિતિ પ્રાપ્ત થઈ શકે. સમગ્રતામાં જોતાં જ્ઞાન પણ એક સાધન છે, અને પરમ સ્થિતિને પ્રાપ્ત થયા પછી તેનો પણ ત્યાગ કરવો પડે. તેથી જ્ઞાન જીવનનું અંતિમ લક્ષ્ય છે - જ્યાં સુધી જીવન છે ત્યાં સુધીનું તે અંતિમ લક્ષ્ય છે. જીવનને પાર પરિસ્થિતિ બદલાઈ જાય. પછી જ્ઞાન નહીં પણ તેના દ્વારા ઉદ્ભવેલી પ્રતીતિ અગત્યની બની રહે. જ્ઞાનને કારણે તે પ્રતીતિ સંભવ બને પણ પ્રતીતિ થયા પછીની સ્થિતિમાં જ્ઞાન પણ ગૌણ બની રહે. જ્ઞાન સોપાન સમાન છે, ઉપર ચડી ગયા પછી તેનો ત્યાગ કરવાનો હોય. લક્ષ્ય સોપાન નહીં, પરંતુ ઉચ્ચ સ્થાન છે. ■

---

ભજનનો પ્રસાદ

ડૉ. બળવંત જાની
feedback@bombaysamachar.com

# મુક્તાનંદ સ્વામીઃ મહત્તા અને મૂલ્યવત્તા-ભાગ-૧૫



મુક્તાનંદ સ્વામી સ્વામિનારાયણ સંપ્રદાયના આદ્યકોટિના ચરિત્ર- આલેખકદ્નબાયોગ્રાફિકલ રાઇટર છે. એમણે રચેલા ત્રણેય ચરિત્રો અત્યંત પ્રમાણભૂત મનાયા છે. શ્રીહરિની અને એમના સમકાલીનોની ઉપસ્થિતિમાં કહેવાયેલી વિગતોને દસ્તાવેજી અને શ્રદ્ધેય પ્રમાણ તરીકે સ્વીકૃતિ પ્રાપ્ત થયેલી છે.

એમના ભક્તિમૂલક ગ્રંથો સંપ્રદાયની ભક્તિધારાની સૈદ્ધાન્તિક પીઠિકા રચી આપનારા છે. મૂળ ભાગવત કથિત સનાતન ધર્મના સિદ્ધાન્તો એમાં દત્તની વિવિધ ગુરુની વિગત, ઉદ્ધવનો ભક્તિમર્મ વગેરે નિહિત છે. સહુથી મોટું પ્રદાન તો શ્રી હનુમાનજીની પૂજા-અર્ચના માટે સંસ્કૃતમાં એમની વ્યક્તિમત્તાની મહત્તાને ચીંધી બતાવતું સાહિત્ય સર્જ્યું અને મંત્રો રચ્યા એ છે. એના પ્રભાવરૂપે સંપ્રદાયનું સીમા ઉલ્લંઘન હનુમંત ઉપાસકો સુધી વ્યાપક રૂપે પ્રચલિત થયું છે. એના રચયિતાનું નામ વિલાઈ ગયું અને સ્તોત્ર અમરત્વને પામ્યા એ રીતે તેઓ મંત્રદ્રષ્ટા છે.

એમનું ઉપદેશાત્મક સાહિત્ય સામુદાયિક બોધને જ નિર્દેશે છે પણ એમાં નિહિત વિવેકનું સ્વરૂપ, સતીગીતામાંનું નારીચિંતન, રુક્મિણીવિવાહમાંનાં લગ્નગીતો વ્યાપક રૂપે પ્રચલિત હોઈને મુક્તાનંદ સ્વામી સાંપ્રદાયિક સંત ભલે રહ્યા પણ એમની મહત્તા માત્ર સંપ્રદાય પૂરતી સીમિત નથી. એ સાંપ્રદાયિક ઉપદેશનું વ્યાપક જનસમુદાય માટે પણ ઘણું મહત્ત્વ છે. એ કારણે એ યુગાનુકૂલ, પ્રાસંગિક બનીને આજે પણ પ્રસ્તુત જણાય છે.

સંપ્રદાયનું તત્ત્વદર્શન, ભાષ્ય આલેખનારા પણ તેઓ આદ્ય છે. એમની વિદ્વત્તાને, શાસ્ત્રીય જ્ઞાનને શ્રીહરિએ 'વચનામૃતમાં એકાધિક વખત અને જાહેરમાં અનેક વખત પ્રમાણભૂત વિદ્વત્તાની મૂર્તિ તરીકે ઓળખાવેલ છે. સંપ્રદાયનાં મૂળતત્ત્વોને તેમણે સંપ્રદાયના નામકરણ પૂર્વે 'મુકુંદબાવની'માં વણી લીધેલાં. પછી 'નારાયણગીતા' અને 'કપિલગીતા'માં ભક્તિમૂલક તાત્ત્વિક પીઠિકાને ભારે અસરકારક, સુરેખ અને સરળ રીતે સમજાવેલ છે. બ્રહ્મસૂત્રનું ભાષ્ય તેમને આચાર્યની સમકક્ષ સ્થાપી આપે છે. રાસલીલામાંનો સાંપ્રદાયિક સંદર્ભ ખોળવો, અર્થઘટનને તર્કપૂત રીતે મૂકવાની તેમની પ્રતિભા એમને તત્ત્વદર્શી કવિ અને તત્ત્વદ્રષ્ટા સંત તરીકે સ્થાપી આપે છે.

પોતાના અનેક ગ્રંથોમાં, કૃતિઓમાં પ્રારંભે સાખી, ચોપાઈ અને દોહા રચીને મુક્તા જણાયા છે. એમના એ મૌક્તિક રૂપની લઘુરચનાઓને પણ આગવી, અનોખી સ્વતંત્ર રચના ગણીને એનો સ્વાધ્યાય પણ થવો જોઈએ. એમાં એમનું મૌખિક સારરૂપ અને તાત્ત્વિક દર્શન પ્રતિબિંબિત થતું અવલોકવા મળ્યું છે. આ બધી ચોપાઈ, સાખી કે દુહા પ્રકારની લઘુકંડિકાઓ પણ મુક્તાનંદસ્વામીનું પોતીકું આગવું પ્રદાન જણાયું છે. આવા મૌક્તિકો આજ પર્યંત પરંપરામાં પ્રવચનમાળામાં અનેક સંતો વણતા કથતા આવ્યા છે. એટલે એમની સાખી, ચોપાઈ અને દુહાબદ્ધ મૌક્તિક માળાને પણ સ્વતંત્ર કૃતિ તરીકે ગણકને એ સાહિત્ય પ્રકારમાંના એમના પ્રદાનની મહત્તા ઐતિહાસિક સંદર્ભે મૂલ્યવાન છે.

શ્રીમદ્ ભાગવતના તો તેઓ ઊંડા અને આકંઠ અભ્યાસી છે. એમનું મોટાભાગનું સાહિત્ય શ્રીમદ્ ભાગવત કેન્દ્રી છે. એમણે કરેલ અનુવાદરૂપ ગ્રંથોની રચના એનું બળકટ ઉદાહરણ છે.

વિપુલ અને સત્ત્વશીલ પદરાશિ મધ્યકાલીન ગુજરાતી પદકવિતાનાં કર્ણફૂલો છે. એ કારણે મધ્યકાલીન ગુજરાતી પદકવિતા રૂપાળી, રમણીય અને ગેયતાની પરિચાયક બની છે.

આવા મહાન કવિનાં વિપુલ સર્જનમાંથી પસાર થયા પછી, શ્રીહરિના ચિત્તને પણ તોષનારા કવિ તરીકે સ્વયં શ્રીહરિ દ્વારા પ્રમાણ પામ્યા હોઈને એ મહાકવિના પદના અધિકારી જણાય છે. આવા મધ્યકાલીન ગુજરાતીના મહાકવિનાં વ્યક્તિત્વ અને વાઙ્મય વિશેનાં પુરોગામીઓનાં મૂલ્યાંકનોના સ્વાધ્યાય કર્યા પછી, એમનું ઊંડાણથી અધ્યયન કર્યા પછી મને તેઓ દયસ્પર્શી અને અર્થપૂર્ણ અભિવ્યક્તિનાં પ્રતિભાસંપન્ન મહત્તા અને મૂલ્યવત્તા ધરાવતા મહાકવિ જણાયા છે. અસ્તુ. ■

---

શિવ રહસ્ય

ભરત પટેલ
feedback@bombaysamachar.com

# કોઈપણ ઉદ્દેશની પ્રાપ્તિ માટે સાચી ભક્તિ ભાવના અને નિષ્ઠા હોવી આવશ્યક છે

(ગતાંકથી ચાલુ)

વિદલ અને ઉત્પલના વધ બાદ દેવતાઓ પોતપોતાના લોક ચાલ્યા જાય છે. નાના નાના અસુરો પોતાનું પ્રભુત્વ પ્રાપ્ત કરવા દેવગણો પર આક્રમણ કરતા રહે છે પણ તેઓ સ્વર્ગલોક પર વિજય થઈ શકતાં નથી, આથી દેવતાઓને પોતાની શૂરવીરતા પર બહુ ગર્વ થવા લાગ્યો. આવી વાતો સાંભળી દેવર્ષિ નારદ દુઃખી થાય છે અને તેઓ કૈલાસ પહોંચે છે, તેઓ જુએ છે કે ભગવાન શિવ આરાધનામાં લીન છે, માતા પાર્વતી શિવગણો સાથે ભગવાન શિવની પૂજા-અર્ચના કરી રહ્યાં છે. દેવર્ષિ નારદ માતા પાર્વતીને કહે છે, 'માતા હું છેલ્લા કેટલાક સમયથી જોઈ રહ્યો છું કે દેવરાજ ઇન્દ્ર સહિત દેવગણો ગર્વિષ્ટ થઈ ગયા છે, તેઓ કહેવા માંડ્યા છે કે, અમારું બળ અદ્ભુત અને દૈત્યકુળનો વિનાશ કરવામાં સમર્થ છે, અસુરો શું કરી લેવાના છે. તો ભગવતી તમે એમની પરીક્ષા લો, જેથી તેઓની શાન ઠેકાણે આવે.' માતા પાર્વતીઃ 'જેવી તમારી ઇચ્છા દેવર્ષિ.' થોડાક સમય બાદ દેવતાઓની સામે તેજનો એક મહાન પૂંજ પ્રગટ થયો, દેવરાજ ઇન્દ્ર સહિત દેવગણો વિસ્મય પામ્યા આ તેજપૂંજ શાનો છે એ જાણવા દેવરાજ ઇન્દ્રએ આદેશ આપ્યો કે, 'દેવગણો જાઓ અને યથાર્થરૂપે જાણો કે આ તેજપૂંજ કોણ છે.' પ્રથમ પવનદેવ તેજપૂંજ પાસે ગયા અને અભિમાનપૂર્વક જોઈ રહ્યા એ જોઈ પ્રકાશમાન તેજપૂંજે પૂછ્યું, 'હે દિવ્ય પુરુષ તમે કોણ છો?' તેજપૂંજ દ્વારા આ પ્રકારના પ્રશ્ન પર વાયુદેવતા અભિમાનપૂર્વક બોલ્યાઃ 'હું વાયું છું, પવન દેવ છું, સંપૂર્ણ જગતનો પ્રાણ છું, મુજ વગર આ સૃષ્ટિ નિઃશ્ચેતન છે, હું જ સમસ્ત જગતનું સંચાલન કરું છું.' તેજપૂંજે કહ્યું, 'હે વાયુ! જો તમે જગતના સંચાલનમાં જો ખરેખર સમર્થ હો તો આ તણખલું મૂક્યું છે એ તમારી ઇચ્છાનુસાર હલાવીને બતાવો.' પવનદેવે પોતાની સમગ્ર શક્તિ લગાવી દીધી પણ એ તણખલુંને તસુભર પણ ખસેડી ન શક્યાં. ત્યારબાદ એક પછી એક દેવગણો પોતાની શક્તિ દાખવવાની કોશિશ કરે છે પણ એ શક્તિપૂંજ સમક્ષ તેઓ નિઃસ્તેજ પુરવાર થાય છે. દેવરાજ ઇન્દ્ર બુદ્ધિનો ઉપયોગ કરી કહે છે, 'જેનું આવું ચરિત્ર છે એ સર્વેશ્વરના હું શરણે છું, અમે લજ્જિત છીએ, તમે દર્શન આપો.' શિવપ્રિયા માતા પાર્વતી એ દેવતાઓ પર દયા કરવા અને એમનો ગર્વ હરવા પ્રગટ થયાં, દેવરાજ ઇન્દ્ર સહિત સમગ્ર દેવગણ ભક્તિભાવથી મસ્તક નમાવીને પરમેશ્વરીની સ્તુતિ કરવા લાગ્યા, 'હે પરમેશ્વરી પ્રસન્ન થાઓ. હે માતા! એવી કૃપા કરો જેથી ફરી ક્યારેય અમને ગર્વ ન થાય.' ત્યારથી સમગ્ર દેવતાગણે ગર્વ છોડીને એકાગ્રચિત્ત થઇને વિધિપૂર્વક માતા પાર્વતીની આરાધના કરવા લાગ્યા.

***

દેવતાઓનો ગર્વ ઊતરી ગયા બાદ દરેક દેવતાગણ પોતપોતાના લોક તરફ પ્રયાણ કરે છે. માતા પાર્વતી કૈલાસ પહોંચે છે, ઘણો સમય વીતી ગયા બાદ દેવર્ષિ નારદને ભગવાન શિવના દર્શનની ઇચ્છા જાગૃત થાય છે. તેઓ કૈલાસ તરફ પ્રયાણ કરે છે. તેઓ કૈલાસ પહોંચીને જુએ છે કે ભગવાન શિવ અને માતા પાર્વતી ક્યાંય દેખાતા નથી.



દેવર્ષિ નારદઃ 'ક્યાં છો મહાદેવ, ક્યાં છો માતા પાર્વતી. આપ ક્યાં ચાલી ગયા છો?'

દેવર્ષિ નારદને આમ બૂમાબૂમ કરતાં જોઈ નંદી અને શિવગણ તેમની સમક્ષ દોડતાં આવે છે.

દેવર્ષિ નારદઃ 'માફ કરજો નંદીશ્વર, ભગવાન શિવ અને માતા પાર્વતીને ગેરહાજરી કૈલાસ પર ખાળતાં હું અસ્વસ્થ થઈ ગયો હતો, કૈલાસની શાંતિ ભંગ કરવા બદલ મને માફ કરો.'

નંદીશ્વરઃ 'દેવર્ષિ આ શું બોલી રહ્યા છો, તમે અમારા પૂજનીય છો, આમ માફી માગશો નહીં.'

દેવર્ષિ નારદઃ 'તમે એ જણાવવાની કૃપા કરશો કે ભગવાન શિવ અને માતા પાર્વતી ક્યાં ગયાં છે.'

નંદીશ્વરઃ 'થોડા સમય પહેલા માતા પાર્વતીએ ભગવાન શિવને ગગન વિહાર તથા મુક્તિ નગરી કાશી જવાની ઇચ્છા પ્રગટ કરી હતી.'

દેવર્ષિ નારદઃ 'હું પણ આકાશમાર્ગે મુક્તિ નગરી કાશી તરફ જ જઈ રહ્યો છું, ત્યાં જ એમના દર્શન કરીશ.'

આટલું કહી દેવર્ષિ નારદ ત્યાંથી વિદાય લે છે. આકાશમાર્ગે આગળ વધતાં દેવર્ષિ નારદ જુએ છે 'કોઈ પોતાનો વેશ ધારણ કરેલો માનવ 'જય બ્રહ્મદેવ'નો જાપ કરતાં વિહાર કરી રહ્યો છે. તેઓ તેની નજદીક જાય છે. જુએ છે તો તેમનો બાળપણનો સખા પર્વત નજરે પડે છે.

દેવર્ષિ નારદઃ 'મિત્ર પર્વત તને મળીને ખૂબ આનંદ થયો. આટલાં વર્ષોથી ક્યાં હતો?'

પર્વતઃ 'નારદ તમે અને હું દેવગુરુ બૃહસ્પતિના આશ્રમમાં ભણતા હતા એટલે આપણે મિત્ર કહેવાઈએ, પણ આપણા વચ્ચે અન્ય એક સંબંધ પણ છે. તમે પરમપિતા બ્રહ્માજીના માનસપુત્ર છો અને હું બ્રહ્માજીની માનસપુત્રી રિષીકાનો પુત્ર છું એટલે હું તમારો ભાણેજ થયો અને તમે મારા મામા. બે-બે સંબંધ હોવા છતાંય આપણું મિલન વર્ષો સુધી ન થયાનું મને દુઃખ છે.'

દેવર્ષિ નારદઃ 'એમ દુઃખી થવાની જરૂરત નથી, આપણે ભલે મળી ન શક્યા હોઈએ પણ આપણી વચ્ચે પ્રેમ અવશ્ય છે. પણ હું આ શું જોઈ રહ્યો છું તું મારી નકલ કરી મારા જેવો જ વેશ ધારણ કર્યો છે, તો તારા સંપર્કમાં આવતા લોકો ભ્રમિત થતા હશે કે તું નારદ જ છે.'

પર્વતઃ 'આ વાત ખરી તો છે જ, પણ મેં તમને જ મારા આદર્શ માન્ય છે. તમારી દરેક બાબતો મારી આદર્શ છે, તો તમારા દરેક રંગ અને વેશભૂષાને અંગિકાર કરું તો કંઈ ખોટું નથી અને બીજી વાત એ કે તમે નારાયણના ભક્ત છો અને હું મારા નાના બ્રહ્મદેવનો ભક્ત છું. તમે હંમેશાં નારાયણનો જાપ કરતા હોવ છો તો હું બ્રહ્મદેવનો જાપ કરું છું. વર્ષો સુધી જાપ કર્યા બાદ પણ મને કોઈ વરદાન નથી મળ્યું. લાંબા સમયથી બ્રહ્મલોક અને વિષ્ણુલોકની શોધ કરતો રહ્યો પણ ત્યાં સુધી નથી પહોંચી શકયો.'

દેવર્ષિ નારદઃ 'ઉદ્દેશની પ્રાપ્તિ માટે સાચી ભક્તિ ભાવના હોવી આવશ્યક છે.'

પર્વતઃ 'તો શું મારી ભક્તિ ભાવના ખોટી છે?'

દેવર્ષિ નારદઃ 'તારી ભક્તિ ભાવના સાચી હોત તો સફળ અવશ્ય થાત. નારદના બાહ્ય રંગ-રૂપને ધારણ કરી લીધું પણ તું એ નહીં ધારણ કરી શક્યો જે નારદ ધારણ કરી વરસોથી ફરતો રહે છે.'

પર્વતઃ 'એ શું છે જે મનમાં ધારણ કરવાનું છે?'

દેવર્ષિ નારદઃ 'ભક્તિ, નિષ્ઠા, પરમાર્થ, લોકકલ્યાણની ભાવના અને પરપીડા, આ બધું તમે જો ધારણ કર્યું હોત તો તમને નારદનો વેશ ધારણ કરવાની જરૂરત નહોતી. તને વિષ્ણુલોક અને બ્રહ્મલોક સુધીનો માર્ગ સુલભ થાત.'

પર્વતઃ 'મને માર્ગદર્શન આપો કે જેથી હું ત્રણે લોક સુધી પહોંચી બ્રહ્મા, વિષ્ણુ અને મહેશના દર્શન કરી શકું.'

દેવર્ષિ નારદઃ 'તમારે મનમાં શ્રદ્ધા, ભક્તિ અને નિષ્ઠા જાગૃત કરવી પડશે. મનમાં ત્રિદેવના દર્શનની ઈચ્છા જગાવવી પડશે.'

પર્વતઃ 'તમારા માર્ગદર્શન પ્રમાણે હું પ્રયત્ન કરીશ.'

દેવર્ષિ નારદઃ 'મને ખબર છે તમે એમ નહીં કરી શકો, હું બ્રહ્મદેવની મળીને વિનંતી કરીશ કે મારા ભાણેજ પર્વત પર કૃપા કરી વરદાન આપો.'

પર્વતઃ 'તમે બ્રહ્મદેવ સુધી મારી વાત પહોંચાડો અને મને બતાવો કે તેમણે શું કહ્યું.'

દેવર્ષિ નારદઃ 'હું તમારી વાત બ્રહ્મદેવ સમક્ષ અવશ્ય રજૂ કરીશ પણ તમને કઈ રીતે મળીશ, તમારું નિવાસ ક્યાં છે.'

પર્વતઃ 'હું મંદાકિની પર્વતની તળેટી પર મારો આશ્રમ છે હું ત્યાં નિવાસ કરું છું.'

દેવર્ષિ નારદઃ 'અવશ્ય, આપણે બહુ જલદી મળીશું.'

આટલું કહી દેવર્ષિ નારદ અને પર્વત છુટા પડે છે.

(ક્રમશઃ)■

---

ગીતા મહિમા

સારંગપ્રીત
bhandev@bombaysamachar.com


# અસંગ શસ્ત્ર

ગત અંકમાં કર્મ અને સમયના સંબંધને સમજાવીને હવે ભગવાન કૃષ્ણ અનાસક્તિના લાભની વાત કરે છે. ગીતા સમજાવે છે કે સંસારરૂપી વૃક્ષ અતિ મોહક છે. પંચવિષયો દ્વારા તે માનવીને ખેંચીને બાંધી રાખે છે. આ મોહજાળ અતિ ઘટ્ટ છે. તેનાં મૂળ ઘણા ઊંડે ઉતરેલા છે. માટે ભગવાન કહે છે કે ''असङ्गशस्त्रेण दृढेन छित्वा'' અનાસક્તિરૂપી શસ્ત્રથી સારી પેઠે તેનાં વિષયમૂળ ઉખેડવાં પડે.

અનાસક્તિ એ વૈરાગ્યમાંથી ઉપજે છે. અને સંસારમાં અપ્રીતિથી વૈરાગ્ય જન્મ લે છે. જેટલો સંસારમાં સ્નેહ તેટલો વૈરાગ્યનો અભાવ! ફળસ્વરૂપે અનાસક્તિ પણ અસંભવ બને છે. જીવન અને સંસાર પ્રત્યેનો મોહ જ આસક્તિ કરાવે છે. આ મોહ દૂર કરવા જીવનનું અંતિમ લક્ષ્ય નજર સમક્ષ હોવું જરૂરી છે.

૧૫ જાન્યુઆરી, ૨૦૦૯ના યુએસ એરવેઝ ફ્લાઇટ ૧૫૪૯ ન્યૂયોર્ક સિટીના લગવાર્ડિયા એરપોર્ટથી રવાના થયું. ટેક ઓફ થયા પછી તરત જ પક્ષીઓના એક ઝૂંડ સાથે અથડાયું. કેપ્ટન સલનબર્ગ અને ફર્સ્ટ ઓફિસરને હડસન નદી પર પ્લેનનું ઇમરજન્સી લેન્ડિંગ કરવું પડે એમ હતું. પ્લેન પાણીની સપાટી સુધી પહોંચ્યું ત્યારે પ્લેનમાં રહેલી દરેક વ્યક્તિને એવું લાગતું હતું કે હવે મૃત્યુ હાથવેંત જ છેટું હતું.

આ છેલ્લી ક્ષણમાં ઘણા મુસાફરોને ક્યારેય વિચારી નહીં હોય એવી જીવનની સ્પષ્ટતા મળી હતી. જ્યારે પાઇલટે પ્લેનનું હડસન નદી પર ચમત્કારિક રીતે લેન્ડિંગ કર્યું ત્યારે મુસાફરોએ જીવતા હોવાના આનંદની સાથે જીવનના હેતુ વિશેની એક નવી સમજ મળી.



૧- D સીટ પર બેઠેલા બિઝનેસમેન રિક એલિયાસે પ્લેનના એક મુસાફર(યાત્રી) હતા. એમણે જ્યારે પ્લેનને નદીની નજીક આવતું જોયું ત્યારે તેઓ પોતાના જીવન વિશેના ત્રણ મહત્ત્વના પાઠ શીખ્યા.

૧. હવે હું જીવનમાં કંઈ પણ ભવિષ્ય પર મુલતવી રાખવા માંગતો નથી. અને એ હેતુએ ખરેખર મારા જીવનને બદલી નાખ્યું છે.

૨. હું મારી પત્ની, મારા મિત્રો અને લોકો સાથેના મારા સંબંધ વિષે વિચારતો રહ્યો. એ સંબંધો વિષે વિચાર્યા પછી મેં મારા જીવનમાં રહેલી નકારાત્મક ઊર્જાને દૂર કરવાનો નિર્ણય કર્યો. છેલ્લાં બે વરસમાં મારી પત્ની સાથે મારે એકવાર પણ ઝઘડો થયો નથી એને લીધે હું ઘણું સારું અનુભવું છું. હું સાચો છું એવું દેખાડવાનો પ્રયત્ન કરતા હવે હું ખુશ રહેવાનું પસંદ કરું છું.

૩. મારા જીવનમાં હું એક સારો પિતા બની શકું આ જ વાતની અગત્યતા છે.

એલિયાસને એક નવજીવન મળેલું અને પોતાની જાત સાથે થયેલા સંવાદમાંથી જે સ્પષ્ટતા મળી એનાથી વધુ અર્થસભર જીવન જીવવા લાગ્યા. સાથે સાથે જીવન અનિશ્ચિતતાઓથી ભરેલું છે. અણધારેલી આપત્તિઓ વ્યક્તિને ઊંડા શોકમાં નાંખી દે છે. પણ મૃત્યુના સ્વીકારની પૂર્વતૈયારીથી વ્યક્તિના જીવનમાં ગજબની સ્થિરતા આવી જાય છે. કારણ કે મૃત્યુ સામે બધી જ લૌકિક ઘટનાઓ, પરિસ્થિતિઓ કે અનુભવો વામણા લાગે છે.

મૃત્યુ જીવનનું સત્ય છે. જો તેને બરાબર સમજી લઈએ તો જીવન અને સંસાર પ્રત્યેનો મોહ દૂર થાય છે. પરિણામે અનાસક્તિ જન્મે છે. વિષયોમાંથી મનની વૃત્તિ પાછી વળે છે. જે અતિ અગત્યનું છે તેના ઉપર જ વૃત્તિ લાગે છે અને અનાવશ્યક વસ્તુઓ જીવનમાંથી દૂર થવા લાગે છે.

તા. ૨૯/૯/૧૯૮૦ના રોજ એક વાતચીતના પ્રસંગમાં કોઈએ પ્રમુખસ્વામી મહારાજને કહ્યું : સ્વામી! એક વૈજ્ઞાનિકે એવી આગાહી કરી છે કે ધૂમકેતુ પૃથ્વી સાથે સન ૧૯૯૦, ૧૯૯૩ અને ૧૯૯૪ માં અથડાશે અને પૃથ્વીનો નાશ થશે. ત્યારે (જુઓ પાનું ૬)



# મુંબઈ રંગાયું મોરચાના રાજકારણમાં

## મહાવિકાસ આઘાડીના મોરચા સામે મહાયુતિનો મોરચો

## સત્તાધારી અને વિપક્ષે એકબીજાને શક્તિનો પરચો દાખવ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ સિંધુદુર્ગમાં છત્રપતિ શિવાજી મહારાજની પ્રતિમા તૂટી પડવાના કારણે મહારાષ્ટ્રમાં રાજકીય ભૂકંપ આવ્યો છે અને આ મુદ્દે રાજકારણ ગરમાતું જાય છે. રવિવારે આ ઘટનાનો વિરોધ કરવા માટે તેમ જ મહાયુતિની સરકારને ઘેરવા માટે વિપક્ષો દ્વારા વિશાળ 'સરકારને જૂતા મારો' વિરોધ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. બીજી બાજુ મહાયુતિના પક્ષો પણ તેમને વળતો જવાબ આપવા માટે

(જુઓ પાનું ૪) ▸▸





**રવિવારે રંગાયું રાજકારણઃ** શિવાજી મહારાજની પ્રતિમા તૂટી પડવાના ઘેરા પ્રત્યાઘાત આખા મહારાષ્ટ્રમાં પડ્યા છે અને આ ઘટનાને રાજકીય રંગ પણ લાગ્યો છે. રવિવારે વિપક્ષોના ગઠબંધન મહાવિકાસ આઘાડીએ સરકાર વિરુદ્ધ આ મુદ્દે મોરચો કાઢ્યો એ દરમિયાન મોટી સંખ્યામાં મહાવિકાસ આઘાડીના નેતાઓ અને કાર્યકર્તાઓ ગેટ-વે ઑફ ઈન્ડિયા ખાતે વિરોધ વ્યક્ત કરવા એકઠા થયા હતા. (અમય ખરાડે)

### વડા પ્રધાનની માફીમાં 'ગુમાન'ની છાપઃ ઉદ્ધવ

ગેટ-વે ઑફ ઇન્ડિયા ખાતે આંદોલનકારીઓને સંબોધતા ઉદ્ધવે જણાવ્યું હતું કે શિવાજી મહારાજની પ્રતિમા તૂટી પડી એ ઘટના બદલ મહારાષ્ટ્ર મહાયુતિને માફ નહીં કરે. વડા પ્રધાન મોદીએ માગેલી માફીમાં અભિમાન છલકાતું હતું તેમ કહેતા ઉદ્ધવે જણાવ્યું હતું કે વડા પ્રધાને માફી માગી તેમાં તમે એક વાત ધ્યાનમાં લીધી? તેમાં ગુમાનની ઝલક દેખાતી હતી. વડા પ્રધાન શેની માફી માગી રહ્યા હતા? પ્રતિમા બનાવવામાં થયેલા ભ્રષ્ટાચાર બદલ? અમે અહીં 'ભાજપ ભારત છોડો'ની માગણી સાથે એકઠા થયા છે.

### ઘટના શિવપ્રેમીઓનું અપમાનઃ શરદ પવાર

આંદોલનમાં ભાગ લેનારા રાષ્ટ્રવાદી કૉંગ્રેસ(શરદચંદ્ર પવાર) જૂથના પ્રમુખ શરદ પવારે ભ્રષ્ટાચાર આચરાયો હોવાનો આરોપ મૂકતા જણાવ્યું હતું કે સિંધુદુર્ગમાં છત્રપતિ શિવાજી મહારાજની પ્રતિમા ધરાશાયી થઇ તે સરકારમાં લથબથતા ભ્રષ્ટાચારનું ઉદાહરણ છે. આ ઘટના શિવાજી મહારાજને માનનારા દરેક શિવપ્રેમીઓના અપમાન સમાન હતી.

### મુંહ મેં શિવાજી મહારાજ, બગલ મેં ઔરંગઝેબઃ શિંદે

છત્રપતિ શિવાજી મહારાજના નામે વિપક્ષો ફક્ત રાજકારણ ચમકાવી રહ્યા છે એવો આરોપ મૂકતા મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ મહાવિકાસ આઘાડી પર જોરદાર પ્રહાર કર્યો હતો અને કહ્યું હતું કે વડા પ્રધાન, બંને નાયબ મુખ્ય પ્રધાન અને મેં પણ આ દુર્ભાગ્યપૂર્ણ ઘટના બદલ માફી માગી હોવા છતાં વિપક્ષો રાજકીય રોટલા શેકી રહ્યા છે. ઉદ્ધવ ઠાકરેને મહારાષ્ટ્રની જનતાએ બે વર્ષ પહેલા તેમનું સ્થાન બતાવી દીધું હતું. તે નામ છત્રપતિ શિવાજી મહારાજનું લે છે, પરંતુ કામ તેમના ઔરંગઝેબ અને અફઝલ ખાન જેવા છે. આમ કહી શિંદેએ વિરોધ પક્ષને આડે હાથ લીધો હતો.

### કર્ણાટક-મધ્ય પ્રદેશમાં શિવાજીની પ્રતિમા કેમ તોડી?ઃ ફડણવીસ

અચાનક શિવાજી મહારાજની ચિંતા કરનારી કૉંગ્રેસ આટલાં વર્ષો સુધી શિવાજી મહારાજનું અપમાન શા માટે કરતી રહી તેવો પ્રશ્ન પૂછતા નાયબ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે કૉંગ્રેસને તીખા સવાલ પૂછ્યા હતા. ફડણવીસે ભારતના પહેલા વડા પ્રધાન જવાહરલાલ નહેરુએ છત્રપતિ શિવાજી મહારાજના કરેલા અપમાનને યાદ દેવડાવતા પૂછ્યું હતું કે નહેરુએ પોતાના પુસ્તક 'ડિસ્કવરી ઑફ ઇન્ડિયા'માં શિવાજી મહારાજનું અપમાન કર્યું એ બદલ કૉંગ્રેસ માફી માગશે? કમલનાથની સરકાર દરમિયાન મધ્ય પ્રદેશમાં શિવાજી મહારાજનું પૂતળું તોડી પડાયું, કર્ણાટકમાં જેસીબીથી શિવાજી મહારાજની પ્રતિમા તોડી પડાઇ એ બદલ કૉંગ્રેસ ક્યારે માફી માગશે? ■

# જનતા ચોક્કસ તેમને જોડા મારશેઃ એકનાથ શિંદે

નાગપુરઃ માલવણમાં છત્રપતિ શિવાજી મહારાજની પ્રતિમા તૂટી પડવાની ઘટના થોડા દિવસો પહેલાં બની હતી. જેના વિરોધમાં રાજ્ય સરકાર સામે મહા વિકાસ આઘાડી વતી રાજ્યભરમાં 'જોડા મારો' આંદોલન કરવામાં આવ્યું છે. આ આંદોલન પર પ્રતિક્રિયા આપતાં મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ મહાવિકાસ આઘાડીની જોરદાર ઝાટકણી કાઢી હતી અને કહ્યું હતું કે લોકો વિપક્ષને જોડા મારશે.

મહારાજાની પ્રતિમાની દુર્ઘટના ખરેખર કમનસીબ બનાવ છે. આને માટે વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને અમે ત્રણેય જણાએ માફી માગી લીધી છે. ઘટના કમનસીબ છે, પરંતુ આ જ ઘટના પર રાજકારણ કરવું એ તેનાથી પણ વધુ કમનસીબ છે. ગયા વર્ષે કર્ણાટકમાં કોંગ્રેસની સરકાર વખતે આરાધ્ય શિવાજી મહારાજની પ્રતિમાને હટાવવા માટે બે જેસીબીનો ઉપયોગ કરવામાં આવ્યો હતો તે લોકો ભૂલ્યા નથી એમ જણાવતાં એકનાથ શિંદેએ કહ્યું હતું કે મહારાષ્ટ્રના લોકો આગામી ચૂંટણીમાં અત્યારે આ ખોટા આંદોલન કરી રહેલા લોકોને જનતા નક્કી જોડા મારશે.

દરમિયાન આ પ્રસંગે બોલતા તેમણે શિવસેના (યુબીટી)ના વડા ઉદ્ધવ ઠાકરે પર પણ નિશાન સાધ્યું હતું. એકનાથ શિંદેએ કહ્યું હતું કે મહારાષ્ટ્રની જનતાએ આ લોકોને તેમનું સ્થાન બતાવી દીધું છે. તેમણે વધુમાં કહ્યું હતું કે મહાવિકાસ આઘાડીના કાર્યકાળમાં મહિલાઓ ખરેખર સુરક્ષિત હતી? નવનીત રાણાને જેલમાં ધકેલી દેવાયા. કંગના રણૌતના ઘરમાં તોડફોડ કરવામાં આવી હતી. તેથી જ આ લોકોને મહારાજનું નામ લેવાનો કોઈ અધિકાર નથી.

નાયબ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે પણ મહાવિકાસ અઘાડીની આકરી ટીકા કરી છે. આ એક શુદ્ધ સ્વરૂપમાં રાજકીય આંદોલન છે. મહાવિકાસ આઘાડીને મારો સવાલ છે કે ઈન્દિરા ગાંધીનું એક ભાષણ બતાવો કે તેમણે

(જુઓ પાનું ૪) ▸▸

### ભાજપનું વિરોધ પ્રદર્શન

# એમવીએ શિવાજીની પ્રતિમા તૂટી પડવાને મુદ્દે રાજકારણ કરતું હોવાનો આક્ષેપ

નાગપુરઃ સિંધુદુર્ગમાં છત્રપતિ શિવાજી મહારાજની પ્રતિમાના પતનના મુદ્દા પર કથિત રીતે રાજકારણ કરવા બદલ ભાજપે રવિવારે વિપક્ષી મહા વિકાસ આઘાડી વિરુદ્ધ સમગ્ર મહારાષ્ટ્રમાં વિરોધ પ્રદર્શન કર્યા હતા.

માલવણ તાલુકાના રાજકોટ કિલ્લામાં ૧૭મી સદીના મરાઠા યોદ્ધા છત્રપતિ શિવાજી મહારાજની પ્રતિમા ૨૬ ઓગસ્ટના રોજ તૂટી પડી હતી. વડા પ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા ચાર ડિસેમ્બર, ૨૦૨૩ના રોજ નૌકાદળ દિવસના અવસરે તેનું અનાવરણ કરવામાં આવ્યું હતું. મહારાષ્ટ્ર ભાજપના અધ્યક્ષ ચંદ્રકાંત બાવનકુલેએ અહીં એક વિરોધ પ્રદર્શનમાં સહભાગી થતાં કહ્યું હતું કે, વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ પતન અંગે છત્રપતિ શિવાજી મહારાજ તેમજ તેમના અનુયાયીઓની માફી માગી છે. તેમની માફી છતાં એમવીએ વોટ બેંકની રાજનીતિ માટે આ મુદ્દે રાજકારણ કરી રહ્યું છે. એમવીએ વિધાનસભા ચૂંટણી પહેલાં રાજ્યમાં અરાજકતા ફેલાવવાનો પ્રયાસ કરી રહી છે, એમ બાવનકુલેએ જણાવ્યું હતું.

ભાજપના કાર્યકરોએ નાગપુર, છત્રપતિ

(જુઓ પાનું ૪) ▸▸

### મહાયુતિમાં ૧૦ દિવસમાં બેઠક વહેંચણીનો નિર્ણયઃ બાવનકુળે

મુંબઈઃ મહારાષ્ટ્ર ભાજપના વડા ચંદ્રશેખર બાવનકુળેએ રવિવારે જણાવ્યું હતું કે સત્તાધારી સાથી પક્ષો વચ્ચે વિધાનસભા ચૂંટણી માટે બેઠકની વહેંચણીની વાટાઘાટો ૧૦ દિવસમાં પૂર્ણ થશે. તેમણે નાગપુરમાં પત્રકારોને જણાવ્યું હતું કે, બેઠકોની સંખ્યા

(જુઓ પાનું ૪) ▸▸

# આરએસએસ અને ભાજપની બંધબારણે ચર્ચા

## ભાજપના વિધાનસભ્યો સાથે છ કલાક ચાલ્યો વાતચીતનો દોર

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ લોકસભાની ચૂંટણી દરમિયાન આરએસએસ(રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ) ભાજપથી વિવિધ મુદ્દે નારાજ હોવાને પગલે ચૂંટણીમાં સહયોગ નહોતો મળ્યો અને તેની અસર ચૂંટણીના પરિણામો પર થઇ હોવાની ચર્ચા હતી ત્યારે વિધાનસભાની ચૂંટણી દરમિયાન જોખમ કોઇપણ પ્રકારનું જોખમ લેવા માગતી ન હોય તેવું જણાય છે. તે માટે લોકસભાની ચૂંટણી બાદ તરત જ આરએસએસ અને ભાજપમાં ફરી સમન્વય સધાઇ રહ્યો હોવાનું ચિત્ર છે.

રવિવારે ભાજપના વિધાનસભ્યો અને આરએસએસના આગેવાનો વચ્ચે લાંબી ચર્ચા થઇ હતી. મુંબઈના લોઅર પરેલના યશવંત ભવનમાં બંધ બારણે યોજાયેલી આ બેઠક છ કલાક ચાલી હતી, જેમાં આગામી વિધાનસભાની ચૂંટણીને લઇને વાતચીત થઇ હોવાના અહેવાલ છે. આ બેઠકમાં ભાજપના મુંબઈ એકમના ટોચના નેતાઓ અને પદાધિકારીઓ હાજર રહ્યા હતા. જોકે, બેઠક

(જુઓ પાનું ૪) ▸▸

# ચેમ્બુરમાં કાર ઊંધી વળીને ટેન્કર સાથે ટકરાતાં ત્રણ મિત્રનાં મોત

મુંબઈઃ ગોરેગામ પૂર્વ સ્થિત આરે કોલોનીમાં બાઇક વીજળીના થાંભલા સાથે ભટકાતાં ત્રણ જણનાં મોત થયાંની ઘટના તાજી છે ત્યાં જ ચેમ્બુરમાં ડ્રાઇવરે કાબૂ ગુમાવતાં કાર ઊંધી વળીને ટેન્કર સાથે ટકરાતાં ત્રણ મિત્રનાં મોત થયાં હતાં, જ્યારે ડ્રાઇવર સહિત ત્રણ જણ ઘવાયા હતા.

પોલીસના જણાવ્યા અનુસાર રવિવારે બપોરે આ અકસ્માત થયો હતો, જેમાં મૃત્યુ પામેલા ત્રણેય મિત્રની ઓળખ હરિચંદન દિલીપ દાસ (૨૩), પ્રમોદ શંકર પ્રસાદ (૩૫) અને હુસેન શેખ (૪૦) તરીકે થઇ હતી. અકસ્માતમાં ઘવાયેલા ડ્રાઇવર જાવેદ સૈફુલા ખાન, મનોજ મની કરંટમ અને સંજય સિંહને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. મૃતકો અને ઘાયલો મિત્રો હોઇ તેઓ ચેમ્બુરમાં અલગ અલગ વિસ્તારમાં રહેતા હોવાનું જાણવા મળ્યું હતું.

આરસીએફ પોલીસ સ્ટેશનના અધિકારીએ જણાવ્યું હતું કે જાવેદ ખાન ક્વોલીસ હંકારી રહ્યો હતો અને કારમાં અન્ય પાંચ જણ હાજર હતા. ગવ્હાણપાડાથી વાશીનાકા જતી વખતે ડ્રાઇવરે અચાનક સ્ટિયરિંગ પરથી કાબૂ ગુમાવ્યો હતો, જેને કારણે કાર ઊંધી વળી ગઇ હતી અને રસ્તાને કિનારે ઊભેલા ટેન્કર સાથે ટકરાઇ હતી.

આ અકસ્માતમાં કારમાં હાજર તમામ લોકો ઘાયલ થયા હતા. અકસ્માતની જાણ થતાં આરસીએફ પોલીસ સ્ટેશનનો સ્ટાફ ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. ઘાયલોને સારવાર માટે હોસ્પિટલમાં લઇ જવામાં આવ્યા હતા, જ્યાં ત્રણ જણને તપાસીને મૃત જાહેર કરવામાં આવ્યા હતા. ■

# મહારાષ્ટ્રમાં રમખાણો કેમ ન થયા?

### ઉદ્ધવ જૂથના નેતાની જીભ લપસી

મુંબઈઃ છત્રપતિ શિવાજી મહારાજની પ્રતિમાના મુદ્દે પહેલાથી જ રાજ્યમાં ભારે હોબાળો મચ્યો છે અને રવિવારે સત્તાધારી પક્ષ તેમ જ વિપક્ષ દ્વારા મોરચા-વિરોધ રેલીઓ કાઢવામાં આવી હતી. જોકે, એવામાં ઉદ્ધવ ઠાકરે જૂથની શિવસેનાના નેતા તેમ જ ભૂતપૂર્વ સાંસદ ચંદ્રકાંત ખૈરેએ મહારાષ્ટ્રમાં રમખાણો કેમ ન થયા એવું નિવેદન આપતા મોટો વિવાદ ઊભો થયો છે.

ચંદ્રકાંત ખૈરેએ પ્રતિમા તૂટી

(જુઓ પાનું ૪) ▸▸







**ગણપતિબાપ્પા મોરયા!ઃ** ગણેશોત્સવના તહેવારને ગણતરીના દિવસ રહ્યા છે ત્યારે મુંબઈના મોટાભાગના સાર્વજનિક ગણેશોત્સવ મંડળની ૧૦ ફૂટથી ઊંચી ગણેશજીની મૂર્તિનું આગમન મંડપમાં થઈ ગયું છે. પરેલ, લાલબાગ અને ચિંચપોકલીમાં આવેલા મૂર્તિકારોના કારખાનામાંથી ગણેશોત્સવના આરંભ પહેલાના છેલ્લા રવિવારે મુંબઈના જુદા જુદા વિસ્તારોથી જ નહીં પણ ગુજરાતના પણ અનેક ગણેશમંડળો ગણેશમૂર્તિને લેવા આવ્યા હતા. બીજી તરફ ગણેશોત્સવ માટે લાલબાગ, દાદર વગેરે બજારોમાં ખરીદી માટે ભીડ જામી હતી. (અમય ખરાડે)

# અંધેરી-જોગેશ્વરીના વિસ્તારોમાં આજે પાણીપુરવઠો બંધ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈ મહાનગરપાલિકા દ્વારા વેરાવલી જળાશય-બેના ઈનલેટ પર બે ૯૦૦ મિલીમીટર બટરફલાય વાલ્વને બદલવાનું કામ રવિવાર મોડી રાતથી હાથ ધરવામાં આવ્યું છે, જે સોમવાર બપોર સુધી ચાલવાનું છે. તેથી પશ્ચિમ ઉપનગરના જોગેશ્વરી-અંધેરી અને મરોલ સુધીના વિસ્તારોમાં સોમવાર બપોર સુધી પાણીપુરવઠાને ફટકો પડવાનો

(જુઓ પાનું ૪) ▸▸

# વિઘ્નહર્તાને નડયા રસ્તા પરના ખાડા

## અનેક સાર્વજનિક ગણેશમંડળો હજી મંજૂરીની રાહમાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈના મોટાભાગના સાર્વજનિક ગણેશ મંડળોની વિશાળ ગણેશમૂર્તિઓનું આગમન તેમના મંડપમાં થઈ ગયું છે, છતાં મુંબઈના રસ્તા પરના ખાડાઓની સમસ્યા જેમની તેમ જ રહી છે. મુંબઈ મહાનગરપાલિકાએ રસ્તા પરના ખાડાઓને યુદ્ધના ધોરણે પૂરી નાંખ્યા હોવાનો દાવો કર્યો છે, છતાં મુંબઈના દૂર દૂરના વિસ્તારોથી દક્ષિણ મુંબઈના કારખાનામાં ગણેશમૂર્તિને લેવા ગયેલા મોટાભાગના ગણેશમંડળોને રસ્તા પરના ખાડાઓનું વિઘ્ન નડ્યું હતું. ત્યારે સુધરાઈ પ્રશાસનનું એક જ ગાણું ચાલી રહ્યું છે મોટાભાગના ખાડાઓ પૂરી દેવામાં આવ્યા છે અને જ્યાં ખાડાની ફરિયાદ આવે છે તેને યુદ્ધના ધોરણે પૂરી દેવામાં આવે છે.

બૃહનમુંબઈ સાર્વજનિક ગણેશોત્સવ સમન્વય સમિતિના સેક્રેટરી ગિરીશ વાલાવલકરે 'મુંબઈ સમાચાર'ને જણાવ્યું હતું કે મુંબઈના મોટાભાગના સાર્વજનિક ગણેશોત્સવ મંડળોની મૂર્તિઓનું આગમન થઈ ગયું છે. એટલે કે લગભગ ૮૦થી ૮૫ ટકા સાર્વજનિક મંડળોની મૂર્તિઓ આવી ગઈ છે. હવે બાકીની ૧૦થી ૧૫ ટકા મૂર્તિઓનું શુક્રવારે મોડી રાતના અથવા શનિવારે આગમન થશે. સાર્વજનિક મંડળો ધૂમધામથી તેમના ગણપતિબાપ્પાની મૂર્તિઓને લઈ ગયા છે, જોકે તેમને સતત રસ્તા પરના ખાડાઓનું ટેન્શન રહ્યું હતું.

રસ્તા પરના ખાડાઓ બાબતે ગિરીશ વાલાવલકરે કહ્યું હતું કે પાલિકા સાથે અમે સતત સંપર્કમાં છે અને તેઓ યુદ્ધના ધોરણે ખાડા પૂરવામાં આવી રહ્યા હોવાનો દાવો કરી રહ્યા છે, છતાં હજી પણ અનેક જગ્યાએ રસ્તા પર ખાડા દેખાઈ રહ્યા છે. ગણપતિના આગમન પહેલા રસ્તા ખાડા મુક્ત કરવાનો દાવો પાલિકા અને સરકારે કર્યો હતો, પરંતુ પરિસ્થિતિમાં કોઈ સુધારો આવ્યો નથી. આગામી દિવસોમાં ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે ત્યારે ખાડા કેવી રીતે પૂરવામાં આવશે. વરસાદને કારણે ખાડાઓની સંખ્યા પણ વધશે. તેથી જે રીતે ગણેશજીનું આગમન ખાડામય રસ્તાઓ પર થયું છે, તેવી જ રીતે તેમનું વિસર્જન પણ ખાડાવાળા રસ્તા પરથી થશે એવું જણાઈ રહ્યું છે. એટલું જ નહીં પણ લાલબાગમાં આવેલા બ્રિજ પરથી વરસાદ દરમિયાન પાણી પડતું હોવાને કારણે મંડળોને તકલીફ થતી હોવાની ફરિયાદ કરી કરીને થાકી ગયા છે, છતાં હજી સુધી પાલિકાએ તેને લઈને કોઈ પગલા લીધા નથી. ■

### અનેક મંડળોની અરજી રિજેક્ટ કરાઇ

ખાડાઓની સમસ્યા સાથે જ અનેક મંડળોની અરજીને પોલીસ દ્વારા રિજેક્ટ કરી દેવામાં આવી છે, એ બાબતે ગિરીશ વાલાવલકરે કહ્યું હતું એક તરફ સરકાર દાવો કરી રહી છે કે પાંચ વર્ષ સુધીની પરમીશન આપી દેવામાં આવશે. મંડળોને કોઈ ત્રાસ આપવામાં નહીં આવે. પરંતુ ઓનલાઈન અરજી કરવા દરમિયાન પાલિકા તરફથી અને અન્ય એજન્સીઓપાસેથી મંજૂરી મળી ગઈ છે, પરંતુ પોલીસ વિભાગ તરફથી અનેક મંડળોની મંજૂરીને રીજેક્ટ કરી દેવામાં આવી છે. વાલકેશ્વનરના એક જાણીતા અને બહુ જૂના ગણેશમંડળ પાસે ગયા વર્ષથી પરમીશન છે, છતા પોલીસે આ મંડળની અરજીને રીજેક્ટ કરી નાખી છે.

# ધારાવી પુનઃવિકાસ સર્વેનો વિરોધ ફક્ત બિન-રહેવાસીઓ દ્વારા કરાતો હોવાનો આક્ષેપ

મુંબઇઃ ધારાવીમાં કામ કરતી કેટલીક બિન-સરકારી સંસ્થાઓએ એશિયાની સૌથી મોટી ઝૂંપડપટ્ટીમાં અનૌપચારિક ભાડૂતોના રાજ્ય સરકારની આગેવાની હેઠળ ચાલી રહેલા સર્વેને સમર્થન આપવાનું વચન આપ્યું છે અને બિન-સ્થાનિકો પર ખોટી માહિતી ફેલાવીને પુનઃવિકાસને અટકાવવાનો પ્રયાસ કરવાનો આરોપ મૂક્યો છે. તેઓએ રાજ્ય સરકારના અધિકારીઓને પત્રો લખ્યા હતા. એનજીઓએ ધારાવી રિડેવલપમેન્ટ પ્રોજેક્ટ/સ્લમ રિહેબિલિટેશન ઓથોરિટી (ડીઆરપી/એસઆરએ)ને સર્વેને સમર્થન આપતો પત્ર લખ્યો છે, જે અદાણી જૂથ દ્વારા ચલાવવામાં આવી રહેલા ત્રણ બિલિયન ડોલરના રિડેવલપમેન્ટ પ્રોજેક્ટની દેખરેખ રાખતી મહારાષ્ટ્ર સરકારની સંસ્થા છે.

આરોગ્ય, શિક્ષણ, મહિલા સશક્તિકરણ સહિતની વૈવિધ્યસભર કલ્યાણ પ્રવૃત્તિઓમાં સંકળાયેલા કુલ આઠ એનજીઓ અને નાગરિક કલ્યાણ સંગઠનોએ ધારાવી રિડેવલપમેન્ટ પ્રોજેક્ટના સીઈઓ સાથે મુલાકાત કરી અને રાજ્ય સરકારની આગેવાની હેઠળ હાલમાં હાથ ધરાઈ રહેલા સર્વેમાં ધારાવીકરોનું વિસ્તૃત સમર્થન આપ્યું. સર્વેક્ષણને સમર્થન આપતાં, એનલાઈટન ફાઉન્ડેશને ૨૦ ઓગસ્ટના રોજ ડીઆરપીના સીઈઓ એસવીઆર શ્રીનિવાસનને પત્ર લખીને જણાવ્યું હતું કે, રહેવાસીઓ અને વ્યાપારી જગ્યાના માલિકો પ્રોજેક્ટની વિરુદ્ધ નથી, ન તો સર્વેક્ષણની. સર્વેક્ષણનો ફક્ત મુઠ્ઠીભર લોકો દ્વારા વિરોધ કરવામાં આવે છે જેઓ પુનઃવિકાસના વિરોધમાં છે. વિરોધ કરી રહેલા મોટાભાગના લોકો સ્થાનિક નથી અને ધારાવીની બહાર રહેતા હતા અને ધારાવીની સ્થાનિક પરિસ્થિતિથી અજાણ છે, એમ એનલાઈટન ફાઉન્ડેશનના સ્થાપક અને પ્રમુખ રાજેશકુમાર પનીરસેલ્વમે જણાવ્યું હતું. ■

# પૅરિસમાં ૧૭ વર્ષની શીતલ દેવી મેડલ ન મેળવી શકી, પણ અનેકનાં દિલ જીતી લીધાં

પૅરિસઃ જમ્મુ અને કાશ્મીરની શીતલ દેવી નામની ૧૭ વર્ષીય તીરંદાજ પૅરિસમાં દિવ્યાંગ સ્પર્ધકો માટેની પૅરાલિમ્પિક્સમાં મેડલ જીતી નથી શકી, પણ તેણે અનોખી સ્ટાઇલના પર્ફોર્મન્સથી અનેકનાં દિલ જીતી લીધાં છે.

શીતલને જન્મથી જ બન્ને હાથ નથી. જોકે તેણે પગથી તીર છોડવાની તાલીમ લીધી અને અવ્વલ દરજ્જાની તીરંદાજ બની ગઈ અને પૅરાલિમ્પિક્સ સુધી પહોંચી ગઈ. તેણે શારીરિક રીતે જે સંઘર્ષ કરવો પડ્યો હોવા છતાં આટલા મોટા રમતોત્સવમાં સ્થાન મેળવ્યું એનાથી તેમ જ પગથી નિશાન બનાવવાની ટેક્નિકથી જે પર્ફોર્મ કર્યું એનાથી લોકો ખૂબ પ્રભાવિત થઈ ગયા છે.

ખુરસી પર બેઠેલી શીતલ જમણા પગથી તીર ઊંચકે છે અને પછી એ જ પગથી બાણ ઊંચક્યા બાદ એમાં તીર ગોઠવીને ખભાની મદદથી બાણના તાર ખેંચીને તેમ જ જડબાની મદદ લઈને તીર છોડે છે.

બે હાથ ન હોવા છતાં પગની મદદથી મોટી-મોટી સ્પર્ધાઓમાં નિશાના પર તીર છોડવાની શીતલ દેવીની સ્ટાઇલથી પૅરિસમાં સાથી સ્પર્ધકો તેમ જ પ્રેક્ષકો વાહ-વાહ પોકારી ઊઠ્યા છે. તેના દરેક શૉટ વખતે પ્રેક્ષકોએ તાળી પાડી હતી.

નિષ્ણાતોના મતે શીતલની તીર છોડવાની પદ્ધતિ અનેકને આકર્ષિત કરનારી છે જ, નાનપણથી જે રીતે તેણે સંઘર્ષ કરીને અસાધારણ સંકલ્પશક્તિથી ખેલકૂદના ક્ષેત્રે પ્રવીણતા મેળવી એ બાબત લોકોના જીવનમાં જરૂર પ્રેરણારૂપ બની શકે એવું પણ એક્સપર્ટ્સ માને છે.




શીતલ રૅન્કિંગ રાઉન્ડમાં બીજા સ્થાને રહી હતી અને એક ક્ષણે તે માત્ર એક પૉઇન્ટ માટે વર્લ્ડ પૅરા આર્ચરી રેકૉર્ડ ચૂકી ગઈ હતી. શનિવારે તેની મેડલ જીતવાની આશા પર પાણી ફરી વળ્યું હતું.

વિમેન્સ ઇન્ડિવિજ્યુઅલ કમ્પાઉન્ડ ઓપન ૧/૮ એલિમિનેશન મૅચમાં શીતલે ચિલીની મારિયાના ઝુનિગાની તીવ્ર હરીફાઈનો સામનો કરવો પડ્યો હતો અને શીતલ તેની સામે ૧૩૭-૧૩૮ના તફાવતથી હારી ગઈ હતી. ■

# ૮ ફૂટ ૧ ઈંચના પ્લેયરને લાંબો બેડ ન મળ્યો એટલે જમીન પર સૂએ છે!




પૅરિસઃ ૧૮૦થી ૨૦૦ દેશના ૪,૦૦૦થી પણ વધુ ઍથ્લીટ્સ-પ્લેયર્સ ભાગ લઈ રહ્યા હોય એટલે ગેરવ્યવસ્થાની બાબતમાં પૅરિસ પૅરાલિમ્પિક્સના આયોજકોની ટીકા થાય એ સ્વાભાવિક છે. તાલીમની બાબતમાં કે સ્પર્ધકોને સુવિધા પૂરી પાડવામાં મૅનેજમેન્ટથી કોઈ ચૂક થઈ જાય એ પણ સમજી શકાય, પરંતુ પ્રૅક્ટિસ કરીને કે મૅચ રમીને થાક્યા બાદ પોતાની રૂમમાં પાછા ફરતા ખેલાડીને જો શાંતિથી સૂવા ન મળે એવી ગેરવ્યવસ્થા આયોજકોની મોટી કચાશ જ કહેવાય. વૉલીબૉલની સ્પર્ધાના એક ખેલાડીની હાઇટ આઠ ફૂટ, એક ઇંચ છે અને તેને તકલીફ એ છે કે તેની રૂમમાં તેના માપનો પલંગ જ નથી અપાયો. પરિણામે, તેણે જમીન પર કંઈક પાથરીને સૂવું પડી રહ્યું છે.

પૅરિસ પૅરાલિમ્પિક્સ દિવ્યાંગ સ્પર્ધકો માટેનો રમતોત્સવ છે. એમાં ઇરાનથી આવેલા મોર્ટેઝા મેહરઝાદસેલાકયાની નામના વૉલીબૉલના ખેલાડીની ઊંચાઈ ૮.૧ ફૂટ છે. વિશ્વમાં તે બીજા નંબરનો સૌથી ઊંચો ખેલાડી છે.

ઇરાનના હેડ-કોચ હાદી રેઝાઈગાર્કાનીએ ૩૬ વર્ષીય મોર્ટેઝાની ટૅલન્ટ પારખીને તેને પહેલાં ઇરાનની ટીમ સુધી અને પછી પૅરાલિમ્પિક્સ સુધી પહોંચાડ્યો છે. મોર્ટેઝા ઍક્રોમેગાલી નામની બીમારીનો શિકાર છે. આ બીમારીમાં દર્દીના શરીરના અમુક ભાગ વધુ પડતા વિક્સિત થઈ જતાં તે સામાન્ય જિંદગી નથી જીવી શક્તો. મોર્ટેઝા માંડ ૧૬ વર્ષનો થયો ત્યાં સુધી તેની હાઈટ છ ફૂટ થઈ ગઈ હતી. તે નાનો હતો ત્યારે સાઇકલ ચલાવતી વખતે થયેલા અકસ્માતમાં તેના જમણા પગમાં તીવ્ર પેલ્વિક ફ્રૅક્ચર થઈ ગયા પછી તેના એ પગનો વિકાસ અટકી ગયો હતો. તેના ડાબા પગ કરતાં જમણો પગ ૧૫ સેન્ટિમીટર ટૂંકો છે.

મોર્ટેઝા ૨૦૧૬માં ઇરાનની ટીમમાં જોડાયો હતો. ત્યાર પછી ઇરાને ઑલિમ્પિક્સના બે ગોલ્ડ મેડલ અને વર્લ્ડ ચૅમ્પિયનશિપના બે ગોલ્ડ મેડલ મેળવ્યા છે. મોર્ટેઝાને ૮.૧ ફૂટની ઊંચાઈનો બહુ મોટો લાભ મળે છે. શારીરિક રીતે અક્ષમ અને ખાસ કરીને પગની તકલીફવાળા બન્ને ટીમના છ-છ ખેલાડીની મૅચમાં મોર્ટેઝાની હાઇટ સૌથી વધુ છે એટલે તે આસાનીથી બૉલને ઝડપભેર (સ્મૅશથી) હરીફના હિસ્સામાં મોકલીને પોતાની ટીમને પૉઇન્ટ અપાવી શકે છે.

હેડ-કોચ હાદી કહે છે, 'મોર્ટેઝાને પોતાની ઊંચાઈ જેટલી લંબાઈનો બેડ નથી મળ્યો એટલે જમીન પર સૂઈ જાય છે, પરંતુ તે એ અગવડ પર કે પોતાને શું ખાવા નહીં મળે એની ચિંતા કરવાને બદલે ફક્ત એટલું જ ધ્યાનમાં રાખે છે કે પોતાની ટીમને ચૅમ્પિયન બનાવવાની છે.' ■


# પૅરાલિમ્પિક્સના વિજેતાંઓને ફોન પર મોદીના અભિનંદન

## ગોલ્ડ મેડલિસ્ટ અવનિ લેખરા સાથે વડા પ્રધાનની વાતચીત ન થઈ શકી







નવી દિલ્હીઃ પૅરિસની ઑલિમ્પિક્સ બાદ હવે દિવ્યાંગ ઍથ્લીટ્સ-પ્લેયર્સવાળી પૅરિસ પૅરાલિમ્પિક્સમાં મેડલ મેળવનાર સ્પર્ધકોને વડા પ્રધાન નરેન્દ્ર મોદીના અભિનંદન મળ્યા છે. તેમણે રવિવારે ભારતના ચાર મેડલ વિજેતાઓને ફોન પર અભિનંદન આપ્યા હતા. જોકે ગોલ્ડ મેડલ વિજેતા અવનિ લેખરા સાથે વાતચીત નહોતી થઈ શકી.

ભારતને શૂટિંગમાં અવનિએ ગોલ્ડ તેમ જ મનીષ નરવાલે સિલ્વર તથા મોના અગરવાલ અને રુબિના ફ્રાન્સિસે બ્રૉન્ઝ મેડલ મેળવ્યો છે. પ્રીતિ પાલ ૧૦૦ મીટર દોડમાં બ્રૉન્ઝ જીતી છે.

પીએમ મોદીએ ફોન કરીને મનીષ, મોના, રુબિના અને પ્રીતિને અભિનંદન આપ્યા હતા. જોકે અવનિ અન્ય એક સ્પર્ધામાં ભાગ લઈ રહી હોવાથી વડા પ્રધાનની તેની સાથે વાતચીત નહોતી થઈ શકી.

મોદીએ દરેક વિજેતા ઍથ્લીટને અભિનંદન આપ્યા હતા તેમ જ ભવિષ્યની સ્પર્ધાઓ માટે તેમને શુભેચ્છા આપી હતી. તેમણે અવનિ માટે પણ અભિનંદન પાઠવ્યા હતા.

વડા પ્રધાને પછીથી સોશિયલ મીડિયામાં જણાવ્યું હતું કે 'આ સ્પર્ધકોએ દેશને ગૌરવ અપાવ્યું છે.'

બાવીસ વર્ષની અવનિ ૧૦ મીટર ઍર રાઇફલ ઇવેન્ટમાં ૨૪૯.૭ પૉઇન્ટના પૅરાલિમ્પિક રેકૉર્ડ સાથે સુવર્ણ ચંદ્રક જીતી છે. એ જ ઇવેન્ટમાં મોના અગરવાલે કાંસ્ય ચંદ્રક મેળવ્યો છે. અવનિ ૨૦૨૧ની ટોક્યો પૅરાલિમ્પિક્સમાં પણ ગોલ્ડ જીતી હતી. મનીષ નરવાલ ૧૦ મીટર ઍર પિસ્તોલ ઇવેન્ટમાં અને રુબિના ૧૦ મીટર ઍર પિસ્તોલમાં બ્રૉન્ઝ જીતી છે. ■

# લિટન દાસની લડાયક સદી, પાકિસ્તાન ફરી હારી શકે

રાવલપિંડીઃ બાંગ્લાદેશની ટીમે ગયા અઠવાડિયે પાકિસ્તાનને અહીં એની જ ધરતી પર હરાવીને ઐતિહાસિક ટેસ્ટ વિજય મેળવ્યો અને હવે સિરીઝ જીતીને નવો ઇતિહાસ સર્જી શકે એમ છે.

બીજી અને આખરી ટેસ્ટમાં ત્રીજા દિવસની રમતને અંતે પાકિસ્તાનનો બીજા દાવનો સ્કોર બે વિકેટે નવ રન હતો. બન્ને વિકેટ હસન મહમૂદે લીધી હતી. શાન મસૂદની યજમાન ટીમ ફક્ત ૧૨ રનની સરસાઈ લઈ શકી અને લીડ સાથે એના ૨૧ રન છે. જો બાંગ્લાદેશ એને સસ્તામાં આઉટ કરી દેશે તો આ ટેસ્ટ પણ જીતીને શ્રેણીમાં ૨-૦ની ઐતિહાસિક ક્લીન સ્વીપ કરી શકશે.

બાંગ્લાદેશ માટે વિકેટકીપર લિટન દાસ (૨૨૮ બૉલમાં ચાર સિક્સર, તેર ફોર સાથે ૧૩૮ રન) આ મૅચનો હીરો છે.

શુક્રવારના પ્રથમ દિવસે વરસાદને લીધે રમત નહોતી થઈ શકી અને શનિવારે પાકિસ્તાનની ટીમ ૨૭૪ રનમાં ઑલઆઉટ થઈ ગઈ હતી. રવિવારે સવારે પેસ બોલર ખુર્રમ શાહઝાદ અને મીર હમઝાએ મળીને માત્ર ૨૬ રનમાં બાંગ્લાદેશની પહેલી છ વિકેટ લઈ લીધી હતી, પરંતુ પછીથી લિટન દાસ અને ઇન-ફૉર્મ ઑલરાઉન્ડર મેહદી હસન મિરાઝ (૧૨૪ બૉલમાં એક સિક્સર અને બાર ફોરની મદદથી ૭૮ રન)ની જોડીએ ધબડકો અટકાવીને ૪૦ ઓવરમાં ૧૬૫ રનની ભાગીદારી કરી હતી. બાંગ્લાદેશે પ્રથમ દાવમાં ૨૬૨ રન બનાવ્યા હતા. પાકિસ્તાની બોલર્સમાં ખુર્રમે ૯૦ રનમાં સૌથી વધુ છ વિકેટ લીધી હતી. ■

# ભારતે બૅડમિન્ટનમાં ત્રણ મેડલ પાકા કર્યા

પૅરિસઃ પૅરિસમાં દિવ્યાંગ સ્પર્ધકો માટેની પૅરાલિમ્પિક્સમાં ભારતે ત્રણ મેડલ પાકા કરી લીધા છે. બૅડ્મિન્ટનમાં શનિવારે સુકાંત કદમ અને સુહાસ યથિરાજ વચ્ચેની સેમિ ફાઇનલ નક્કી થતાં ભારત માટે આ રમતમાં પહેલું મેડલ પાકું થયું હતું. રવિવારે મનીષા રામદાસ અને ભારતની જ થુલાઇસિમથી મુરુગેસન વચ્ચેની પણ સેમિ નક્કી થતાં એમાં પણ ભારતે ઓછામાં ઓછું એક મેડલ નક્કી કર્યું હતું. ભારતનો નિતેશ કુમાર બૅડમિન્ટનની જ એસએલ-થ્રી કૅટેગરીની ફાઇનલમાં પહોંચી ગયો હતો જેને પગલે તે ગોલ્ડ અથવા સિલ્વર જીતી શકશે. ■

# હિટમૅન રોહિત શર્માનું વેકેશન પૂરું, પ્રૅક્ટિસ શરૂ



મુંબઈઃ ભારતના ટેસ્ટ અને વન-ડે કૅપ્ટન રોહિત શર્માને બીસીસીઆઇએ પાંચમી સપ્ટેમ્બરે શરૂ થનારી દુલીપ ટ્રૉફીમાંથી આરામ આપ્યો છે, પરંતુ હિટમૅને બાંગ્લાદેશ સામે ઘરઆંગણે ૧૯મી સપ્ટેમ્બરે શરૂ થનારી ટેસ્ટ-શ્રેણી માટે અત્યારથી જ પ્રૅક્ટિસ શરૂ કરી દીધી છે.

પરિવાર સાથે યુરોપના પ્રવાસે જઈ આવ્યા બાદ રોહિત માટે હવે 'બૅક ટુ બિઝનેસ' જેવું છે.

બાંગ્લાદેશ સામે ભારતની બે ટેસ્ટ અને ત્રણ ટી-૨૦ રમાશે. ટેસ્ટ ચેન્નઈ અને કાનપુરમાં રમાશે. ટી-૨૦ મૅચો ગ્વાલિયર, દિલ્હી અને હૈદરાબાદમાં રમાશે.

એક વાત નક્કી છે કે ટી-૨૦ ઇન્ટરનૅશનલ્સમાંથી નિવૃત્ત થઈ ગયેલો રોહિત ફુલ્લી ફિટ થઈ જવાની બાબતમાં મક્કમ તો છે જ.

રોહિતની કૅપ્ટન્સીમાં ભારત અત્યાર સુધીમાં ૧૬ ટેસ્ટ રમ્યું છે જેમાંથી ૧૦ ટેસ્ટમાં ભારતની જીત થઈ છે, ચાર ટેસ્ટમાં પરાજય થયો છે અને બે ટેસ્ટ ડ્રૉમાં ગઈ છે. એ રીતે, ટેસ્ટમાં રોહિત સુકાની તરીકે ૭૧.૪૨ ટકા સફળ રહ્યો છે. ■

# ગાવસકરની સ્ટીવ સ્મિથને 'ચેતવણી'...બુમરાહથી બચીશ તો અશ્વિન તને પાછો મોકલી દેશે



નવી દિલ્હીઃ ટીમ ઇન્ડિયાની ઑસ્ટ્રેલિયામાં શરૂ થનારી ટેસ્ટ-શ્રેણી હજી પોણાત્રણ મહિના દૂર છે, પરંતુ અત્યારથી માઇન્ડ-ગેમ શરૂ થઈ ગઈ છે. જોકે એની શરૂઆત સ્વાભાવિક રીતે ઑસ્ટ્રેલિયાની ધરતી પરથી જ થઈ છે અને એનો ભારતીય બૅટિંગ-લેજન્ડ સુનીલ ગાવસકરે જડબાતોડ જવાબ આપ્યો છે. તેમણે ખાસ કરીને ઑસ્ટ્રેલિયાના મુખ્ય બૅટર સ્ટીવ સ્મિથને લક્ષ્યાંક બનાવ્યો છે. યોગાનુયોગ, આગામી સિરીઝ બોર્ડર-ગાવસકર ટ્રોફીના નામે રમાવાની છે અને ખુદ ગાવસકરે અત્યારથી માઇન્ડ-ગેમના મેદાનમાં ઊતરવું પડ્યું છે.

ઑસ્ટ્રેલિયામાં ભારત છેલ્લી બન્ને ટેસ્ટ-શ્રેણી જીત્યું હોવાથી હવે રોહિત શર્મા ઍન્ડ કંપનીને હૅટ-ટ્રિકનો મોકો છે. જોકે ભૂતપૂર્વ ઑસ્ટ્રેલિયન ક્રિકેટર જ્યૉફ લૉસન અને રિકી પૉન્ટિંગ એવું માને છે કે ઑસ્ટ્રેલિયાની ટીમ આસાનીથી ભારતને શ્રેણીમાં હરાવશે અને ટ્રૉફી જીતી લેશે.

હવે સામા તીર છોડવાનો ગાવસકરનો વારો છે. તેમણે એક જાણીતા અંગ્રેજી દૈનિકની કૉલમમાં લખ્યું છે કે 'ભારતના ઑસ્ટ્રેલિયા-પ્રવાસ પહેલાં જ માઇન્ડ ગેમ શરૂ થઈ ગઈ છે. ભારતીય ખેલાડીઓએ એ ટફ ટૂર પહેલાં મનોબળ મજબૂત કરવું જોઈશે. જોકે એક ફાયદો એ છે કે એ પ્રવાસ પહેલાં ભારતીયો ઘરઆંગણે કુલ પાંચ ટેસ્ટ (બે બાંગ્લાદેશ સામે અને ત્રણ ન્યૂ ઝીલૅન્ડ સામે) રમવાના છે એટલે પૂર્વતૈયારી ઘણી થઈ હશે.'

ગાવસકર કટારમાં વધુમાં લખે છે કે 'એટલું સારું છે કે ઑસ્ટ્રેલિયનો આ વખતે ગ્લેન મૅકગ્રા જેવો (ક્લીન-સ્વીપથી સિરીઝ જીતીશું એવો...) દાવો નથી કરી રહ્યા. હા, તેઓ એટલું જરૂર માને છે કે ભારતને ઑસ્ટ્રેલિયા સિરીઝ હરાવશે તો ખરું જ. દુખની વાત એ છે કે રવિ શાસ્ત્રીને બાદ કરતા ભારતના બીજા કોઈ ભૂતપૂર્વ કે વર્તમાન ક્રિકેટર ઑસ્ટ્રેલિયનોને માઇન્ડ ગેમનો વળતો જવાબ આપતા નથી જોવા મળ્યા.'

રવિચન્દ્રન અશ્વિન ખાસ કરીને સ્ટીવ સ્મિથને જાળમાં ફસાવવા નવા પ્રકારનો સ્પિન ડેવલપ કરી રહ્યો હોવાનું જાણવા મળ્યું છે.

ગાવસકરે આ વર્ષની શરૂઆતથી ટેસ્ટમાં ઓપનિંગમાં રમતા સ્ટીવ સ્મિથને ટાર્ગેટ બનાવ્યો છે. સની લખે છે કે 'સ્ટીવ સ્મિથ જો ઓપનિંગમાં રમવાનું ચાલુ રાખશે તો પહેલાં તો તેણે જસપ્રીત બુમરાહથી બચવું પડશે. જો તે બુમરાહથી બચી જશે તો પછી રવિચન્દ્રન અશ્વિનના નવા પ્રકારના સ્પિનથી બચવું તેના માટે મુશ્કેલ બની જશે.' ■


**પ્રતીક્ષાનો અંતઃ અંક પ્રગટ થઇ ચૂક્યો છે**

**જ્યોતિષશાસ્ત્રની સૂક્ષ્મ ગણતરી આપતું ફક્ત એકમાત્ર પંચાંગ**

**ત્રીજી સદીમાં પ્રવેશી પ્રતિષ્ઠિત પરંપરાને વધુ પ્રાણવાન બનાવતું 'મુંબઈ સમાચાર'નું પ્રગતિ-પ્રેરક પંચાંગ**

આરંભઃ ઈ.સ. ૧૮૧૪ ▪ વર્ષઃ ૨૧૧

**વેધસિદ્ધ પ્રત્યક્ષ પંચાંગ**

**મુંબઈ સમાચાર**

- વિક્રમ સંવત ૨૦૮૧-૮૨
- શાલિવાહન શક સંવત ૧૯૪૬-૪૭
- ઈ.સ. તા. ૦૨-૧૧-૨૦૨૪ થી તા. ૧૯-૦૩-૨૦૨૬

કિંમતઃ ₹ ૧૦૦/-



**સંપૂર્ણ ૧૭ માસનો સરળ, સચોટ, માહિતીસભર ૩૫૨ પૃષ્ઠનો દળદાર અંક**

માહિતી માટે સંપર્ક કરોઃ ફોન નં. ૨૨૦૪૫૫૩૧-33

**મુંબઈ સમાચાર** રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, હોર્નિમન સર્કલ, ફોર્ટ, મુંબઈ-૪૦૦૦૦૧.

**ધ દાંગટ ન્યૂઝપેપર એજન્સી** ગ્રાઉન્ડ ફ્લોર, દાંગટ સદન, ૬૩, મોદી સ્ટ્રીટ, ફોર્ટ, મુંબઈ-૪૦૦૦૦૧. ફોનઃ (૦૨૨) ૪૩૪૪૭૭૭૭, ફેક્ષઃ (૦૨૨) ૨૨૬૯૧૨૩૬


# હાલૅન્ડ ફરી હૅટ-ટ્રિક હીરોઃ મૅન્ચેસ્ટર સિટીને મોખરે પહોંચાડ્યું

લંડનઃ નોર્વેના અર્લિંગ હાલૅન્ડે શનિવારે ઇંગ્લિશ પ્રીમિયર લીગ (ઇપીએલ)માં સતત બીજી મૅચમાં હૅટ-ટ્રિક ગોલ કરીને મૅન્ચેસ્ટર સિટીની ટીમને પૉઇન્ટ્સ ટેબલમાં મોખરે પહોંચાડી દીધી હતી.

દરેક ટીમને જીત બદલ ત્રણ પૉઇન્ટ મળે છે. સિટીની હજી માંડ ત્રણ મૅચ થઈ છે અને ત્રણેય જીતીને કુલ નવ પૉઇન્ટ સાથે આ ટીમ અવ્વલ થઈ ગઈ છે. ટાઇટલ માટેની હરીફ ફેવરિટ આર્સેનલની ટીમ ત્રણમાંથી બે મૅચ જીતી છે, પણ એક ડ્રૉ થઈ હોવાને લીધે એના ફક્ત સાત પૉઇન્ટ છે અને બ્રાઇટન (૭)ની જેમ ત્રીજા સ્થાને છે. બ્રાઇટન અને આર્સેનલ, બન્નેને નવ-નવ પૉઇન્ટ સાથે મોખરે થવાનો મોકો હતો, પણ તેમની મૅચ ૧-૧થી ડ્રૉમાં જતાં બન્ને રહી ગયા અને સિટીએ નંબર-વનનું સ્થાન મેળવી લીધું હતું.

હાલૅન્ડના હૅટ-ટ્રિક ગોલની મદદથી સિટીએ શનિવારે વેસ્ટ હૅમ સામે ૩-૧થી વિજય મેળવ્યો હતો. સિટીના ત્રણેય ગોલ હાલૅન્ડે ૧૦મી, ૩૦ અને ૮૩મી મિનિટમાં કર્યા હતા. વેસ્ટ હૅમનો એકમાત્ર ગોલ ૧૯મી મિનિટમાં થયો હતો અને એ પણ સિટીના રુબેન ડાયસના ઑન ગોલ (સેલ્ફ ગોલ)ને કારણે મળ્યો હતો.



૨૪મી ઑગસ્ટે સિટીએ ઇપ્સવિચ ટાઉનને ૪-૧થી હરાવ્યું એમાં પણ હાલૅન્ડે ગોલની હૅટ-ટ્રિક કરી હતી.

ઇપીએલમાં શનિવારે અન્ય મૅચોમાં ઍસ્ટન વિલાએ લિસેસ્ટર સિટીને ૨-૧થી અને એએફસી બૉર્નમાઉથે એવર્ટનને ૩-૨થી અને બ્રેન્ટફર્ડે સાઉધમ્પ્ટનને ૩-૧થી હરાવી હતી. ■

# અમેરિકાના ફુગાવાની જાહેરાત પશ્ચાત્ વૈશ્વિક સોનામાં નરમાઈ છતાં અન્ડરટોન મજબૂત, સ્થાનિકમાં ઊંચા મથાળેથી માગ રૂંધાઈ

**કોમોડિટી**

રમેશ ગોહિલ

અમેરિકામાં ગત જુલાઈ મહિનાના ફુગાવામાં અર્થશાસ્ત્રીઓની અપેક્ષાનુસાર સાધારણ વૃદ્ધિ થવાની સાથે આંતરરાષ્ટ્રીય વિનિમય બજારમાં ડૉલર ઈન્ડેક્સ અને અમેરિકી ટ્રેઝરીની યિલ્ડમાં ઘટ્યા મથાળેથી સુધારાતરફી વલણ જોવા મળ્યું હોવાથી સપ્તાહના અંતે ગત શુક્રવારે ન્યૂ યોર્ક ખાતે સોનાના હાજર અને વાયદાના ભાવમાં ઘટાડો આવ્યો હતો. તેમ છતાં ગત ઑગસ્ટ મહિનામાં એકંદરે ફેડરલ રિઝર્વ દ્વારા આગામી સપ્ટેમ્બર મહિનામાં વ્યાજદરમાં કાપ મૂકવામાં આવે તેવો આશાવાદ, ડૉલર ઈન્ડેક્સમાં નરમાઈ અને મધ્યપૂર્વના દેશોમાં તણાવની સ્થિતિ રહી હોવાથી સોનાના વૈશ્વિક ભાવમાં માસિક ધોરણે બે ટકા જેટલો વધારો નોંધાયો હતો. વધુમાં સ્થાનિક ઝવેરી બજારમાં પણ ગત સપ્તાહે વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલ અને ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયામાં માસાન્તને કારણે ડૉલરમાં આયાતકારોની લેવાલી રહેતાં સોનાની આયાત પડતરોમાં વધારો થવાને કારણે ભાવમાં સાપ્તાહિક ધોરણે અંદાજે ૦.૭૫ ટકા જેટલો સુધારો આવ્યો હતો.

ઈન્ડિયા બુલિયન ઍન્ડ જ્વેલર્સ એસોસિયેશનની આંકડાકીય માહિતી અનુસાર ગત સપ્તાહના આરંભે સ્થાનિકમાં ૯૯.૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ આગલા સપ્તાહના અંત અથવા તો ગત ૨૩મી ઑગસ્ટના ૧૦ ગ્રામદીઠ રૂ. ૭૧,૪૨૪ના બંધ સામે રૂ. ૭૧,૭૦૯ની સપાટીએ ખૂલ્યા બાદ સપ્તાહ દરમિયાન નીચામાં રૂ. ૭૧,૬૯૧ અને ઉપરમાં રૂ. ૭૨,૦૪૨ની રેન્જમાં અથડાઈને અંતે સાપ્તાહિક ધોરણે ૦.૭૫ ટકા અથવા તો રૂ. ૫૩૪ વધીને રૂ. ૭૧,૯૫૮ની સપાટીએ બંધ રહ્યા હતા. નોંધનીય બાબત એ છે કે અગાઉ જુલાઈ મહિનામાં નાણાં પ્રધાને અંદાજપત્રના પ્રસ્તાવોમાં સોના પરની આયાત જકાત જે ૧૫ ટકા હતી તે ઘટાડીને છ ટકા કર્યા બાદ ગત ૨૫ જુલાઈના રોજ સોનાના ભાવ એક તબક્કે ઘટીને ચાર મહિનાની નીચી ૧૦ ગ્રામદીઠ રૂ. ૬૭,૪૦૦ની સપાટી સુધી પહોંચ્યા હતા.




જોકે, ત્યાર બાદ વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલ સાથે સ્થાનિકમાં પણ સોનાના ભાવમાં સુધારો આગળ ધપતો રહ્યો હતો. તેમ જ ગત સપ્તાહ દરમિયાન ભાવ ઊંચી સપાટીએ રહ્યા હોવાને કારણે રિટેલ સ્તર સહિત જ્વેલરી ઉત્પાદકોની માગ રૂંધાઈ ગઈ હતી. મુંબઈ સ્થિત સોનું આયાત કરતી ખાનગી બૅન્કના ડીલરે જણાવ્યું હતું કે અગાઉ જ્યારે સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૭૦,૦૦૦ આસપાસની સપાટીએ હતા ત્યાં સુધી જ્વેલરી ઉત્પાદકોની ખરીદી જોવા મળી હતી, પરંતુ હવે ઊંચા મથાળેથી જ્વેલરો સાઈડ લાઈન થઈ જતાં ગત સપ્તાહે સ્થાનિકમાં ડીલરો સોનાના ભાવ વૈશ્વિક ભાવની સરખામણીમાં ઔંસદીઠ આઠ ડૉલર આસપાસ ડિસ્કાઉન્ટમાં ઑફર કરી રહ્યા હતા, સૂત્રોના જણાવ્યાનુસાર આ પૂર્વેના સપ્તાહે ડિસ્કાઉન્ટ છ ટકા આસપાસની સપાટીએ રહ્યું હતું.

નવી દિલ્હી સ્થિત એક બુલિયન ડીલરે જણાવ્યું હતું કે તાજેતરમાં સોનાના ભાવ વધી આવ્યા હોવાથી રિટેલ સ્તરની માગ પણ શાંત પડી ગઈ છે અને ખરીદદારો ભાવમાં સ્થિરતા આવે તેની રાહ જોઈ રહ્યા છે. હવે ટૂંક સમયમાં ગણેશોત્સવ, નવરાત્રી અને દિવાળી જેવાં તહેવારોની મોસમનો આરંભ થશે અને જો તહેવારોને ટાંકણે ભાવ ઊંચી સપાટી આસપાસ જળવાયેલા રહેશે તો ખાસ કરીને રિટેલ સ્તરની માગ પર માઠી અસર થવાની શક્યતા જ્વેલરો વ્યક્ત કરી રહ્યા છે. સોનાના ભાવમાં વધારો થવાને કારણે માત્ર ભારતમાં જ નહીં, પરંતુ સોનાના વૈશ્વિક અગ્રણી વપરાશકાર દેશ ચીનમાં પણ માગ રૂંધાઈ જવાથી ડીલરો સોનાના ભાવ પર વૈશ્વિક ભાવની સરખામણીમાં ઔંસદીઠ એક ડૉલરથી ૧૦ ડૉલર સુધીના ડિસ્કાઉન્ટમાં ઑફર કરી રહ્યા હોવાનું ચીન સ્થિત એમકેએસ પીએએમપીનાં રિજિનલ ડિરેક્ટર બર્નાર્ડ સિને જણાવતા ઉમેર્યું હતું કે તાજેતરમાં ચીનની કેન્દ્રવર્તી બૅન્ક પીપલ્સ બૅન્ક ઑફ ચાઈનાએ સોનાની આયાત માટેનાં ક્વૉટા જારી કર્યા હોવા છતાં ભાવ વધવાને કારણે રિટેલ સ્તરની માગનો ટેકો નથી મળી રહ્યો.

અમેરિકી ફેડરલ રિઝર્વ આગામી સપ્ટેમ્બર મહિનાથી વ્યાજદરમાં કાપ મૂકશે, એવા સંકેત ફેડરલ રિઝર્વના અધ્યક્ષ જૅરોમ પૉવેલે આગલા સપ્તાહે આપ્યા હોવાથી હવે બજાર વર્તુળોમાં ૨૫ બેસિસ પૉઈન્ટનો કે ૫૦ બેસિસ પૉઈન્ટનો કાપ મૂકવામાં આવશે તેની ચર્ચાએ જોર પકડ્યું છે. સામાન્યપણે ફેડરલ રિઝર્વ વ્યાજદરમાં કપાત માટે ફુગાવાના દરને ધ્યાનમાં લેતી હોય છે અને ગત સપ્તાહના અંતે શુક્રવારે અમેરિકાના જુલાઈ મહિનાના ફુગાવાની જાહેરાત થવાની હોવાથી સપ્તાહ દરમિયાન રોકાણકારોએ સોનામાં નવી લેવાલીમાં સાવચેતીનો અભિગમ અપનાવ્યો હતો. જોકે, અમેરિકામાં જુલાઈ મહિનાના ફુગાવામાં અર્થશાસ્ત્રીઓની અપેક્ષાનુસાર જ ૦.૨ ટકાની સાધારણ વૃદ્ધિ થઈ હોવાથી ડૉલર ઈન્ડેક્સ અને અમેરિકી ૧૦ વર્ષીય બૉન્ડની ટ્રેઝરીની યિલ્ડમાં વધારો થવાથી ન્યૂ યોર્ક મર્કન્ટાઈલ એક્સચેન્જના કૉમેક્સ વિભાગ પર સપ્તાહના અંતિમ સત્રમાં હાજરમાં ભાવ ૦.૯ ટકા ઘટીને ઔંસદીઠ ૨૪૯૭.૫૩ ડૉલર આસપાસ અને વાયદામાં ભાવ ૦.૯૫ ટકા ઘટીને ૨૫૩૬ ડૉલર આસપાસના મથાળે રહ્યા હતા.

હવે ફુગાવાના ડેટા ફેડરલ રિઝર્વ માટે ચિંતાનો મુખ્ય વિષય નથી રહ્યો અને હવે ફેડરલ રિઝર્વે ફુગાવાથી ધ્યાન હટાવીને બેરોજગારી પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે આથી હવે રોકાણકારોની નજર આગામી સપ્તાહે ફેડરલ રિઝર્વની ૧૭-૧૮ સપ્ટેમ્બરની નીતિવિષયક બેઠક પૂર્વે જાહેર થનારા નોન ફાર્મ પે રૉલ ડેટા પર સ્થિર થઈ છે. તેમ જ આ ડેટા વ્યાજદર કપાતની માત્રા નિર્ધારિત કરવા માટે નિર્ણાયક પુરવાર થશે, એમ એલિગન્સ ગોલ્ડનાં ચીફ ઓપરેટિંગ ઑફિસર એલેક્સ એબકેરિયને જણાવ્યું હતું. ગત સપ્તાહના અંતે સીએમઈ ફેડ વૉચ ટૂલ પર ફેડરલ રિઝર્વ આગામી સપ્ટેમ્બર મહિનાથી વ્યાજદરમાં ૨૫ બેસિસ પૉઈન્ટનો કાપ મૂકે તેવી ૬૯ ટકા શક્યતા અને ૫૦ બેસિસ પૉઈન્ટનો કાપ મૂકવામાં આવે તેવી ૩૧ ટકા શક્યતા ટ્રેડરો મૂકી રહ્યા છે.

વધુમાં એસએમસી ઈન્વેસ્ટમેન્ટ્સ ઍન્ડ ઍડવાઈઝર્સના વિશ્લેષકોના મતાનુસાર આગામી સપ્ટેમ્બર મહિનાથી વ્યાજદરમાં કપાતનો આશાવાદ, મધ્યપૂર્વના દેશોમાં તણાવની સ્થિતિને કારણે સોનામાં સલામતી માટેની માગ તેમ જ કેન્દ્રવર્તી બૅન્કોની લેવાલીને ધ્યાનમાં લેતા આગામી સપ્તાહે વૈશ્વિક સોનાના ભાવ ઔંસદીઠ ૨૫૨૦થી ૨૬૧૦ આસપાસની રેન્જમાં અથડાતા રહેશે, જ્યારે સ્થાનિકમાં સોનાના ઓનલાઈન વાયદામાં ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૭૦,૦૦૦થી ૭૩,૦૦૦ની રેન્જમાં અથડાતા રહેવાની શક્યતા વ્યક્ત કરી હતી. ■

### શૅરોનાં ઊંચા વૅલ્યુએશન્સ

## ઑગસ્ટમાં એફપીઆઈનો ઈક્વિટીમાં આંતરપ્રવાહ ઘટીને ₹ ૭૩૨૦ કરોડ

નવી દિલ્હીઃ ગત ઑગસ્ટ મહિનામાં શૅરોનાં ઊંચા વૅલ્યુએશન્સ અને બૅન્ક ઑફ જાપાને વ્યાજદરમાં વધારો કરતાં યેન કેરી ટ્રેડ અંતર્ગત થયેલા વેપારો સુલટાવાતા ફોરેન પોર્ટફોલિયો ઈન્વેસ્ટરોએ સાવચેતીનું વલણ અપનાવતા તેઓનો ભારતીય ઈક્વિટીમાં આંતરપ્રવાહ ઘટીને રૂ. ૭૩૨૦ કરોડનો રહ્યો હતો.

ઑગસ્ટ મહિનાનો આંતરપ્રવાહ અગાઉના જુલાઈ મહિનાના રૂ. ૩૨,૩૬૫ કરોડ અને જૂન મહિનાના રૂ. ૨૬,૫૬૫ કરોડનાં રોકાણ સામે ઓછો હોવાનું ડિપોઝીટરીઝની આંકડાકીય માહિતી પરથી જાણવા મળ્યું છે.

જોકે, સ્થાનિક સ્તરે રાજકીય સ્થિરતા, મજબૂત આર્થિક પરિબળો, વૈશ્વિક સ્તરે થનારા વ્યાજદરમાં ફેરફારો, સ્ટોકના ભાવની સ્થિતિ, પસંદગીનાં ક્ષેત્રોમાં રોકાણ અને ડેબ્ટ માર્કેટની આકર્ષકતાને ધ્યાનમાં લેતા વર્તમાન સપ્ટેમ્બર મહિનામાં વિદેશી રોકાણકારો ભારતમાં રોકાણ કરવા ઈચ્છુક રહે તેવી શક્યતા વૉટરફિલ્ડ એડવાઈઝર્સના ડિરેક્ટર વિપુલ ભોવારે વ્યક્ત કરતા ઉમેર્યું હતું કે યેન કેરી ટ્રેડના અનવાઈન્ડિંગની પણ અસર જોવા મળી છે.

પ્રાપ્ત આંકડાકીય માહિતી અનુસાર ગત ઑગસ્ટ મહિનામાં ફોરેન પોર્ટફોલિયો ઈન્વેસ્ટરોનું ઈક્વિટીમાં ચોખ્ખું રોકાણ રૂ. ૭૩૨૦ કરોડનું રહ્યું હતું. રોકાણ ઓછું થવાનું મુખ્ય કારણ ખાસ કરીને નિફ્ટી નાણાકીય વર્ષ ૨૫૨૫નાં અંદાજિત અર્નિંગ કરતાં ૨૦ ગણી ઊંચી સપાટીએ ટ્રેડ થઈ રહ્યો હતો. આમ અગાઉના બે મહિનાની સરખામણીમાં શૅરોના ઊંચા વૅલ્યુએશન્સ હતા. આમ એકંદરે ફોરેન પોર્ટફોલિયોએ જે બજારોમાં નીચા વૅલ્યુએશન હતા તે બજારોને અગ્રતાક્રમ આપ્યો હોવાનું જિઓજીત ફાઈનાન્સિયલ સર્વિસીસનાં ચીફ ઈન્વેસ્ટમેન્ટ સ્ટ્રેટેજિસ્ટ વી. કે. વિજયકુમારે જણાવ્યું હતું.

અત્રે રસપ્રદ બાબત એ છે કે ઊંચા વૅલ્યુએશન્સને કારણે ફોરેન પોર્ટફોલિયો ઈન્વેસ્ટરોએ સેકન્ડરી માર્કેટમાં વેચાણ કરીને રોકાણ નીચા વૅલ્યુએશનવાળી પ્રાઈમરી માર્કેટમાં રોકાણ વિકેન્દ્રિત કર્યું હોવાથી ગત ઑગસ્ટ મહિનામાં તેઓનો ડેબ્ટ માર્કેટમાં રૂ. ૧૭,૯૬૦ કરોડનો આંતરપ્રવાહ રહ્યો હતો. એકંદરે વર્તમાન વર્ષ ૨૦૨૪માં ફોરેન પોર્ટફોલિયો ઈન્વેસ્ટરોનું ઈક્વિટીમાં રોકાણ રૂ. ૪૨,૮૮૫ કરોડનાં સ્તરે અને ડેબ્ટ માર્કેટમાં રોકાણ રૂ. ૧.૦૮ લાખ કરોડની સપાટીએ રહ્યું હોવાનું આંકડાકીય માહિતી પરથી જાણવા મળ્યું છે. ■

## વિદેશી હૂંડિયામણની અનામત સાત અબજ ડૉલર વધીને વિક્રમ સપાટીએ

મુંબઈઃ ગત ૨૩મી ઑગસ્ટના રોજ પૂરા થયેલા સપ્તાહે દેશની વિદેશી હૂંડિયામણની અનામત ૭.૦૨૩ અબજ ડૉલર વધીને ૬૮૧.૬૮૮ અબજ ડૉલરની વિક્રમ સપાટીએ રહી હોવાનું રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયાએ સાપ્તાહિક આંકડાકીય માહિતીમાં જણાવ્યું છે. આ પૂર્વેનાં સપ્તાહમાં પણ અનામત ૪.૫૪૬ અબજ ડૉલર વધીને ૬૭૪.૬૬૪ અબજ ડૉલરની સપાટીએ રહી હતી. અગાઉ ગત બીજી ઑગસ્ટના રોજ દેશની કુલ વિદેશી હૂંડિયામણની અનામત ૬૭૪.૯૧૯ અબજ ડૉલરની સર્વોચ્ચ સપાટીએ રહી હોવાનું રિઝર્વ બૅન્કે માહિતીમાં ઉમેર્યું હતું.

દરમિયાન સમીક્ષા હેઠળના સપ્તાહમાં દેશની કુલ અનામતોમાં બહોળો હિસ્સો ધરાવતી વિદેશી ચલણી અસ્ક્યામતો ૫.૯૮૩ અબજ ડૉલર વધીને ૫૯૭.૫૫૨ અબજ ડૉલરના સ્તરે રહી હતી. નોંધનીય બાબત એ છે કે વિદેશી ચલણી અસ્ક્યામતોમાં સપ્તાહ દરમિયાન ડૉલર ઉપરાંત યુરો, પાઉન્ડ અને યેન જેવાં અન્ય મુખ્ય ચલણો સામે રૂપિયામાં થયેલી વધઘટને પણ ધ્યાનમાં લેવામાં આવતી હોય છે. વધુમાં સપ્તાહ દરમિયાન દેશની સોનાની અનામત ૮૯.૩ કરોડ ડૉલર વધીને ૬૦.૯૯૭ અબજ ડૉલર, ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ સાથેના સ્પેશિયલ ડ્રોઈંગ રાઈટ્સ (એસડીઆર) ૧૧.૮ કરોડ ડૉલર વધીને ૧૮.૪૫૯ અબજ ડૉલર અને ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ સાથેની અનામત ત્રણ કરોડ ડૉલર વધીને ૪.૬૮ અબજ ડૉલરના સ્તરે રહી હતી. ■

## ટોચની ૧૦ કંપનીઓ પૈકી આઠ કંપનીઓના માર્કેટકેપમાં ₹ ૧.૫૩ લાખ કરોડનો વધારો

નવી દિલ્હીઃ ગત સપ્તાહે બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સમાં ૧૨૭૯.૫૬ પૉઈન્ટ અથવા તો ૧.૫૭ ટકાનો ઉછાળો આવ્યો હોવાથી સપ્તાહના અંતે દેશની ટોચની ૧૦ કંપનીઓ પૈકી આઠ કંપનીઓના માર્કેટ કેપિટલાઈઝેશન (માર્કેટકેપ)માં રૂ. ૪,૫૩,૦૧૯.૩૨ કરોડનો વધારો થયો હતો. જેમાં ભારતી એરટેલ, ઈન્ફોસિસ અને ટીસીએસનાં માર્કેટકેપમાં નોંધપાત્ર વધારો જોવા મળ્યો હતો.

ગત સપ્તાહના અંતે સતત નવમાં સત્રમાં બજારમાં સુધારો આગળ ધપતાં બીએસઈનો ૩૦ શૅરનો બૅન્ચમાર્ક સેન્સેક્સ ૨૩૧.૧૬ પૉઈન્ટ અથવા તો ૦.૨૮ ટકા વધીને ઑલ ટાઈમ હાઈ ૮૨,૩૬૫.૭૭ની સપાટીએ બંધ રહ્યો હતો. જોકે, સત્ર દરમિયાન એક તબક્કે સેન્સેક્સે ૫૦૨.૪૨ પૉઈન્ટના વધારા સાથે ઈન્ટ્રા ડે ધોરણે ૮૨,૬૩૭.૦૭ની સપાટી દર્શાવી હતી.

દરમિયાન ગત સપ્તાહના અંતે ટોચની ૧૦ કંપનીઓ પૈકી સૌથી વધુ ભારતી એરટેલનું માર્કેટકેપ રૂ. ૪૭,૧૯૪.૮૬ કરોડ વધીને રૂ. ૯,૦૪,૫૮૭.૧૨ કરોડની સપાટીએ રહ્યું હતું. ત્યાર બાદ અનુક્રમે ઈન્ફોસિસનું માર્કેટકેપ રૂ. ૩૩,૬૧૧.૩૭ કરોડ વધીને રૂ. ૮,૦૬,૮૮૦.૫૦ કરોડ, ટીસીએસનું માર્કેટકેપ રૂ. ૩૧,૭૮૪.૯ કરોડ વધીને રૂ. ૧૬,૪૬,૮૯૯.૧૭ કરોડ, આઈસીઆઈસીઆઈ બૅન્કનું માર્કેટકેપ રૂ. ૧૮,૭૩૪.૩ કરોડ વધીને રૂ. ૮,૬૬,૩૭૪.૪૧ કરોડ, રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝનું માર્કેટકેપ રૂ. ૧૩,૩૯૬.૪૨ કરોડ વધીને રૂ. ૨૦,૪૩,૧૦૭.૧૦ કરોડ, એચડીએફસી બૅન્કનું માર્કેટકેપ રૂ. ૫૬૦૦.૨૪ કરોડ વધીને રૂ. ૧૨,૪૪,૨૦૬.૪૩ કરોડ, એલઆઈસીનું માર્કેટકેપ રૂ. ૨૩૪૦.૨૫ કરોડ વધીને રૂ. ૬,૭૩,૩૯૦.૮૮ કરોડ અને સ્ટેટ બૅન્ક ઑફ ઈન્ડિયાનું માર્કેટકેપ રૂ. ૩૫૬.૯૮ કરોડ વધીને રૂ. ૭,૨૭,૯૩૫.૯૭ કરોડની સપાટીએ રહ્યું હતું.

જોકે, સપ્તાહના અંતે હિન્દુસ્તાન યુનીલિવરનું માર્કેટકેપ રૂ. ૮૪૧૧.૫૪ કરોડ ઘટીને રૂ. ૬,૫૨,૭૩૯.૯૫ કરોડ અને આઈટીસીનું માર્કેટકેપ રૂ. ૪૭૭૬.૪૮ કરોડ ઘટીને રૂ. ૬,૨૭,૫૮૭.૭૬ કરોડના સ્તરે રહ્યું હતું. એકંદરે ગત સપ્તાહે માર્કેટકેપમાં રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝે ટોચનો ક્રમ જાળવી રાખ્યો હતો. ત્યાર બાદ અનુક્રમે ટીસીએસ, એચડીએફસી બૅન્ક, ભારતી એરટેલ, આઈસીઆઈસીઆઈ બૅન્ક, ઈન્ફોસિસ, સ્ટેટ બૅન્ક ઑફ ઈન્ડિયા, એલઆઈસી, હિન્દુસ્તાન યુનીલિવર અને આઈટીસી રહ્યા હતા. ■

## સૌથી વધુ નિકાસ થતી કૉમૉડિટીમાં ઈલેક્ટ્રોનિક્સ પાંચમા ક્રમાંકે

નવી દિલ્હીઃ વર્ષે ૨૩ ટકાના દરની વૃદ્ધિ સાથે સૌથી વધુ નિકાસ થતી કૉમૉડિટીઝમાં ઈલેક્ટ્રોનિક્સ પાંચમો ક્રમાંક ધરાવે છે, એમ મિનિસ્ટ્રી ઑફ ઈલેક્ટ્રોનિક્સ ઍન્ડ આઈટીએ તાજેતરમાં જણાવ્યું છે. વર્ષ ૨૦૧૭માં ઈલેક્ટ્રોનિક્સ ઉત્પાદન અથવા તો મેન્યુફેક્ચરિંગની બજારનું કદ જે વર્ષ ૨૦૧૭માં ૪૯ અબજ ડૉલરની સપાટીએ હતુ તે માર્ચ, ૨૦૨૪માં ૧૦૦ અબજ ડૉલરનો આંક વટાવી ગઈ હોવાનું ઈલેક્ટ્રોનિક્સ અને આઈટી મંત્રાલયના અતિરિક્ત સચિવ ભુવનેશકુમારે અત્રે નેટવેબ ટેક્નોલૉજીસ દ્વારા સ્વદેશી બનાવટના ટારોન્ન સર્વરનાં લૉન્ચિંગ પ્રસંગે જણાવ્યું હતું.

દેશમાંથી ઈલેક્ટ્રોનિક્સ નિકાસ ઝડપભેર ૨૩ ટકાના દરે વૃદ્ધિ પામી રહી રહી છે અને ગત સાલ આપણી નિકાસ ૩૦ અબજ ડૉલરના સ્તરે રહી હતી તેમ જ આશ્ચર્યજનક રીતે દેશમાંથી નિકાસ થતી તમામ કૉમૉડિટીમાં ઈલેક્ટ્રોનિક્સ નિકાસ પાંચમા ક્રમાંકે રહી હોવાનું કુમારે ઉમેર્યું હતું. વધુમાં તેમણે આગામી વર્ષોમાં દેશમાં સેમિકન્ડક્ટરનું ઉત્પાદન શરૂ થતાં ઈલેક્ટ્રોનિક્સ નિકાસમાંથી થતી ચોખ્ખી આવકમાં નોંધપાત્ર વધારો થવાનો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. દેશનાં ત્રણ ટ્રિલિયન ડૉલરના ડિજિટલ અર્થતંત્રમાં ઈલેક્ટ્રોનિક્સ મેન્યુફેક્ચરિંગનો હિસ્સો ૪૦૦ અબજ ડૉલરનો છે અને શેષ હિસ્સો આઈટીનો રહ્યો છે. જેમાં ૪૩ ટકા હિસ્સો મોબાઈલ ફોનનો, ૧૨ ટકા હિસ્સો કન્ઝ્યુમર ઈલેક્ટ્રોનિક્સનો, આઠ ટકા હિસ્સો ઑટોમેટિવનો, પાંચ ટકા હિસ્સો સ્ટ્રેટેજિક ક્ષેત્રનો અને ચાર ટકા હિસ્સો આઈટી હાર્ડવૅરનો રહ્યો છે. મને વિશ્વાસ છે કે આઈટી હાર્ડવૅર ઍન્ડ મેન્યુફેક્ચરિંગમાં કૂદકે અને ભૂસકે વૃદ્ધિ જોવા મળશે અને ટૂંક સમયમાં આપણે કાંઠુ કાઢશું. ■

## જાન્યુઆરીથી જુલાઈ દરમિયાન દ્વિપક્ષીય વેપારમાં ૧૫૧ દેશો સાથેની વેપાર તુલા પુરાંતમાં અને ૭૫ દેશો સાથે ખાધમાં

નવી દિલ્હીઃ વર્તમાન કૅલેન્ડર વર્ષ ૨૦૨૪નાં પહેલા છમાસિકગાળામાં અર્થાત ગત જૂન સુધીમાં આંતરરાષ્ટ્રીય સ્તરે થયેલા દ્વિપક્ષીય વેપારમાં અમેરિકા અને નેધરલેન્ડ સહિત ૧૫૧ દેશો સાથેનાં દેશોમાં વેપારી તુલા પુરાંતમાં રહી છે, જ્યારે ચીન અને રશિયા સહિતનાં ૭૫ દેશો સાથેની વેપાર તુલા ખાધમાં રહી હોવાનું થિન્ક ટેન્ક ગ્લોબલ ટ્રેડ રિસર્ચ ઈનિશિયેટીવ (જીટીઆરઆઈ)એ જણાવ્યું છે.

જીટીઆરઆઈએ એક અહેવાલમાં જણાવ્યું હતું કે જે દેશોથી ક્રૂડતેલ અને કોલસાની આયાત થઈ રહી છે તે દેશો સાથેની વેપાર ખાધથી ભારતે ચિંતા કરવાની આવશ્યકતા નથી. જોકે, ચીન જેવાં દેશોથી ઔદ્યોગિક ઉત્પાદનોની આયાતમાં ઘટાડો કરવા તરફ ધ્યાન કેન્દ્રિત કરવાની જરૂર છે. કેમ કે આ ભારતની આર્થિક સ્વતંત્રતા સામે ભીતિ છે.

અહેવાલની આંકડાકીય માહિતી અનુસાર વર્ષ ૨૦૨૪ના પહેલા છ મહિનાના દ્વિપક્ષીય વેપારમાં ૧૫૧ દેશો સાથે ભારત વેપારમાં ૭૨.૧ અબજ ડૉલરના કુલ વેપાર પૈકી ૫૫.૮ ટકા નિકાસ અને ૧૬.૫ ટકા આયાત સાથે વેપાર પુરાંત ધરાવે છે, જેમાં અમેરિકા સાથે વેપારમાં ૨૧ અબજ ડૉલરની પુરાંત અને નેધરલેન્ડ સાથેના વેપારમાં ૧૧.૬ અબજ ડૉલરની પુરાંત રહી છે.

આ સમયગાળામાં ૭૫ દેશો સાથે દેશની વેપાર તુલા ખાધમાં રહી છે. આ દેશોમાં નિકાસ ૪૪.૨ ટકા અને આયાત ૮૩.૫ ટકા રહેતાં વેપાર ખાધ ૧૮૫.૪ અબજ ડૉલરની સપાટીએ રહી છે જે કુલ વેપાર ખાધ કરતાં વધુ છે.

આથી આયાત નિર્ભરતા ઘટાડવા અને સ્થાનિકમાં ઉત્પાદન વધારવા તરફ વધુ ધ્યાન રાખવાનો નિર્દેશ આપે છે.

આ ડેટાનું વિશ્લેષણ કરતાં જીટીઆરઆઈએ જણાવ્યું હતું કે આ ૭૫ દેશો પૈકી ૨૩ દેશો સાથેનાં વેપારમાં ખાધ એક અબજ ડૉલર કરતાં વધુ રહી છે. આ દેશોમાં ભારતની નિકાસનો હિસ્સો ૩૨.૯ ટકા છે અને આયાતનો હિસ્સો ૭૩.૫ ટકા જેટલો બહોળો છે.

આ ૨૩ દેશો પૈકી સૌથી વધુ વેપાર ખાધ ધરાવતા મુખ્ય પાંચ દેશોમાં ચીન ૪૧.૮૮ અબજ ડૉલર સાથે મોખરે રહ્યું છે. ત્યાર બાદ અનુક્રમે ૩૧.૯૮ અબજ ડૉલર સાથે રશિયા બીજા ક્રમાંકે, ૧૫.૦૭ અબજ ડૉલરની ખાધ સાથે ઈરાક ત્રીજા ક્રમાંકે, ૯.૮૯ અબજ ડૉલરની ખાધ સાથે ઈન્ડોનેશિયા ચોથા ક્રમાંકે અને ૯.૪૭ અબજ ડૉલરની ખાધ સાથે યુએઈ પાંચમાં ક્રમાંકે રહ્યું છે. અન્ય ૧૮ દેશો જેની સાથેની વેપાર ખાધ એક અબજ ડૉલર કરતાં વધુ છે તેમાં સાઉદી અરેબિયા (૯.૪૩ અબજ ડૉલર), સ્વિટ્ઝર્લેન્ડ (૮.૪૬ અબજ ડૉલર), દક્ષિણ કોરિયા (૬.૯૩ અબજ ડૉલર), જાપાન (૬.૧૩ અબજ ડૉલર), કતાર (૫.૭૬ અબજ ડૉલર), હોંગકોંગ (૫.૨૧ અબજ ડૉલર), તાઈવાન (૪.૨૮ અબજ ડૉલર), ઑસ્ટ્રેલિયા (૩.૩૪ અબજ ડૉલર), થાઈલેન્ડ (૨.૬૦ અબજ ડૉલર), જર્મની (૨.૧૦ અબજ ડૉલર), વિયેટનામ (૨.૦૭ અબજ ડૉલર), મલયેશિયા (૧.૪૯ અબજ ડૉલર), વેનેઝુએલા (૧.૪૭ અબજ ડૉલર), પેરુ (૧.૧૦ અબજ ડૉલર) અને આયર્લેન્ડ (૧.૧૦ અબજ ડૉલર)નો સમાવેશ થાય છે.

અન્ય ૧૧ દેશો જેમ કે ઍંગોલા, ઈરાક, સાઉદી અરેબિયા, ઑસ્ટ્રેલિયા અને નાઈજિરિયા જેવા દેશો સાથેની વેપાર તુલા ખાધ અંગે ખાસ ચિંતાનો વિષય નથી કેમ કે તેઓ ક્રૂડતેલ અને કોલસાની ભારતમાં નિકાસ કરે છે, પરંતુ આ ૨૩ દેશો પૈકી ચાર દેશો સાથેની વેપાર તુલા પર નજર રાખવાની જરૂર છે કેમ કે તે દેશો સોનું, ચાંદી અને હીરાની ભારત ખાતે નિકાસ કરે છે. તેમ જ તાજેતરમાં અંદાજપત્રમાં સોનાચાંદી પરની આયાત જકાત જે ૧૫ ટકા હતી તે ઘટાડીને છ ટકા કરવામાં આવી હોવાથી આયાત વધવાની શક્યતા જીટીઆરઆઈનાં સ્થાપક અજય શ્રીવાસ્તવે વ્યક્ત કરી હતી.

આ દેશોમાં પેરુ, સ્વિટ્ઝર્લેન્ડ, યુએઈ અને હોંગકોંગનો સમાવેશ થાય છે. ■

## સરકારે ખરીફ ચોખાની પ્રાપ્તિનો લક્ષ્યાંક પાંચ ટકા વધારીને ૪૮૫ લાખ ટનનો મૂક્યો

નવી દિલ્હીઃ આગામી ઑક્ટોબર મહિનાથી શરૂ થતી વર્તમાન વર્ષ ૨૦૨૪-૨૫ની માર્કેટિંગ મોસમ માટે કેન્દ્ર સરકારે ખરીફ ચોખાની પ્રાપ્તિનો લક્ષ્યાંક વર્તમાન ૪૬૩ લાખ ટનની પ્રાપ્તિ સામે પાંચ ટકા વધારીને ૪૮૫ લાખ ટનનો મૂક્યો છે. ડાંગરનું વાવેતર ખરીફ અને રવી એમ બન્ને મોસમમાં થાય છે અને તેની પ્રાપ્તિ જાહેર ક્ષેત્રની અધિકૃત એજન્સી ફૂડ કોર્પોરેશન ઑફ ઈન્ડિયા દ્વારા થાય છે. કેન્દ્રિય અનાજ ખાતાના સચિવના વડપણ હેઠળ રાજ્યોના અનાજ સચિવો સાથે યોજાયેલી બેઠકમાં વર્ષ '૨૪-૨૫ની માર્કેટિંગ મોસમમાં ખરીફ પાકની પ્રાપ્તિ અંગેની વ્યવસ્થા અંગે ચર્ચા કરવામાં આવી હતી. વધુમાં બેઠકમાં પ્રાપ્તિને અસર કરતા પરિબળો જેમ કે હવામાનની આગાહી, ઉત્પાદનના અંદાજ અને પ્રાપ્તિ પ્રક્રિયા અંગેની સજ્જતાની પણ સમીક્ષા કરવામાં આવી હતી. ચર્ચા પશ્ચાત્ વર્તમાન વર્ષ ૨૦૨૪-૨૫ની ખરીફ મોસમમાં ૪૮૫ લાખ ટન ડાંગરની પ્રાપ્તિનો લક્ષ્યાંક મૂકવામાં આવ્યો હતો, જે વર્તમાન મોસમની ૪૮૫ લાખ ટન ખરીફ પ્રાપ્તિ સામે પાંચ ટકા વધુ છે. કેન્દ્ર સરકારે ૧૯ લાખ ટન ખરીફ કડ ધાન્ય અથવા તો શ્રી અન્નની પ્રાપ્તિનો લક્ષ્યાંક આગલી મોસમના ૬.૬ લાખ ટન સામે વધારીને ૧૯ લાખ ટનનો મૂકવાની સાથે રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને પોષકત્વ ધરાવતા જુવાર-બાજરી જેવાં પાકો તરફ ખેડૂતોને વિકેન્દ્રિત કરવા પ્રોત્સાહિત કરવાનો અનુરોધ કર્યો છે. ■

## સરકાર હળદરના ખેડૂતોને ટેકો આપવા કટિબદ્ધ

મુંબઇઃ ભારત તેજાનાનો સૌથી મોટો ઉત્પાદક, ગ્રાહક અને નિકાસકાર દેશ છે અને મહારાષ્ટ્ર હળદરના ઉત્પાદનમાં એક તૃતિયાંશ જેટલો ફાળો આપીને મહત્ત્વનું યોગદાન આપે છે, એમ મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ એનઆઇસીઆર દ્વારા આયોજિત ધી ગ્લોબલ ટરમરિક કોન્ફરન્સ, ૨૦૨૪ને સંબોધતા જણાવ્યું હતું. તેમણે કહ્યું હતું કે સમૃદ્ધ મહારાષ્ટ્રની થીમ હેઠળ આ પરિષદે ઉદ્યોજકો અને અન્ય હિતધારકોને એક છત્ર હેઠળ લાવવામાં અસરકારક ભૂમિકા ભજવી છે. તેમણે એમ પણ કહ્યું હતું કે સોનેરી તેજાના તરીકે ઓળખાતી હળદરનું વિક્રમી ઉત્પાદન થયું છે અને કેન્દ્ર સરકારના નિર્દેશને અનુસરતા સરકાર ઉદ્યોજકો અને ખેડૂતોને માર્ગદર્શન અને ટેકો આપવા માટે કટીબદ્ધ છે. ■

## ઑગસ્ટમાં મારુતિ સુઝુકીનાં વેચાણમાં ચાર ટકાનો ઘટાડો

નવી દિલ્હીઃ ગત ઑગસ્ટ મહિનામાં દેશની અગ્રણી કંપની મારુતી સુઝુકીનું વેચાણ ઑગસ્ટ, ૨૦૨૩નાં ૧,૮૯,૦૮૨ યુનિટ સામે ચાર ટકા ઘટીને ૧,૮૧,૭૮૨ યુનિટના સ્તરે રહ્યું હોવાનું કંપનીએ એક યાદીમાં જણાવ્યું છે.

કંપનીની યાદી અનુસાર ગત ઑગસ્ટ મહિનામાં હૉલસેલ ધોરણે સ્થાનિકમાં પેસેન્જર વાહનોનું વેચાણ ઑગસ્ટ, ૨૦૨૩નાં ૧,૫૬,૧૧૪ યુનિટ સામે આઠ ટકા ઘટીને ૧,૪૩,૦૭૫ યુનિટના સ્તરે રહ્યું હતું. જેમાં અલ્ટો અને એસ-પ્રેસો જેવાં મિની સેગ્મેન્ટ કારનું વેચાણ ઘટીને ૧૦,૬૪૮ યુનિટ (૧૨,૨૦૯ યુનિટ)ના સ્તરે તથા બલેનો, સેલેરિયો, ડિઝાયર, ઈગ્નિસ અને સ્વિફ્ટ જેવાં કોમ્પેક્ટ કારના સેગ્મેન્ટમાં વેચાણ ૨૦ ટકા ઘટીને ૫૮,૦૫૧ યુનિટ (૭૨,૪૫૧ યુનિટ)ના સ્તરે રહ્યું હતુ.

વધુમાં ગત ઑગસ્ટમાં ગ્રાન્ડ વિટારા, બ્રીઝા, અર્ટિગા, ઈનવિક્ટો, ફ્રોનેક્સ અને એક્સએલ૬ જેવાં યુટિલિટી વાહનોનું વેચાણ વધીને ૬૨,૬૮૪ યુનિટ (૫૮,૭૪૬ યુનિટ)ની સપાટીએ રહ્યું હતું. જોકે, ઈકોનું વેચાણ ઘટીને ૧૦,૯૮૫ યુનિટ (૧૧,૮૫૯ યુનિટ) અને હળવા વેપારી વાહન સુપર કેરીનું વેચાણ ઘટીને ૨૪૯૫ યુનિટ (૨૫૬૪ યુનિટ)ની સપાટીએ રહ્યું હતું. ■

# સૌરાષ્ટ્ર યુનિ.ના ૧૦થી વધુ ભવનની છત જર્જરિત

## વિદ્યાર્થીઓ અને અધ્યાપકો લિકેજથી ત્રસ્ત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં છેલ્લા એક સપ્તાહ દરમિયાન થયેલા મુશળધાર વરસાદથી લોકોને હજુ પણ કળ વળી નથી. સૌરાષ્ટ્રના સૌથી મોટા શહેર રાજકોટ અને જિલ્લામાં પડેલા ભારે વરસાદના કારણે અનેક જગ્યાએ જનજીવનને અસર પહોંચી હતી. આ દરમિયાન સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં પણ ભારે વરસાદને કારણે લાખો રૂપિયાનું નુકસાન પહોંચ્યું હોવાનું જાણવા મળ્યું છે. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં દર વર્ષે વરસાદને કારણે ભવનોમાં નાનું મોટું નુકસાન પહોંચતું હોય છે પરંતુ, આ વખતે ચાર દિવસમાં ૨૯ ઇંચ જેટલો વરસાદ વરસી જતા ખૂબ જ મોટું નુકસાન થયું હતું. યુનિવર્સિટીના પ્રવેશ દ્વાર પાસે જ બે વીજપોલ જમીનમાંથી ઉખડી ધરાશાયી થયા છે. હજુ સુધી આ વીજપોલ ઊભા કરવામાં આવેલા નથી. વરસાદ દરમિયાન તો અહીં ક્વાર્ટરમાં રહેતા અધિકારીઓ, અધ્યાપકો અને કર્મચારીઓના ઘરમાં લાઈટ ગૂલ થઈ જતાં કલાકો સુધી મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો.

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના ૧૦થી વધુ ભવનો કે જે ૪૦ વર્ષથી વધુ સમયથી જૂના છે ત્યાં અગાશીમાં ટાઇલ્સને બદલે ડામર પાથરવામાં આવ્યો છે, જેને કારણે ચોમાસાની સિઝનમાં અધ્યાપકોની ચેમ્બર અને વર્ગખંડોમાં વરસાદી પાણી તો ભરાય જ છે જેથી વિદ્યાર્થીઓ અને અધ્યાપકોને ભારે હાલાકીનો સામનો કરવો પડે છે, જેથી તાજેતરમાં જ પ્રધાનમંત્રી ઉચ્ચતર શિક્ષા અભિયાન અંતર્ગત ૧૦૦ કરોડની ગ્રાન્ટ મળી છે તેમાંથી સત્વરે જૂના ભવનો માટે ગ્રાન્ટ ફાળવણી કરી કામ શરૂ કરવામાં આવે એવી વિદ્યાર્થીઓ અને અધ્યાપકોમાં માગ ઊઠી છે. ■



રાજકોટમાં શ્રી રાજકોટ જૈન તપગચ્છ સંઘ સંચાલિત શ્રી મહાવીર સ્વામી દેરાસર (જાગનાથ)માં શ્રી મહાવીર જન્મવાંચન મહોત્સવ અંતર્ગત હીરા-મોતી-સોનાની ભવ્ય આંગી તૈયાર કરવામાં આવી હતી. (તસવીરઃ પ્રવિણ સેદાણી)

# જામનગરમાં મેળાની મુદત આઠ દિવસ વધારવામાં આવી

## મેળો માણવા માનવમહેરામણ ઊમટ્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ જામનગર શહેરના પ્રદર્શન ગ્રાઉન્ડમાં ૨૦ ઑગસ્ટથી ૩ સપ્ટેમ્બર દરમિયાન મેળાનું આયોજન કરવામાં આવ્યું છે. સાતમ, આઠમ અને નોમના ત્રણ દિવસીય મેળા ભારે વરસાદના કારણે ધોવાઈ ગયા હતા, જેના કારણે લોકોમેળાની મજા માણી શક્યા ન હતા. ભારે વરસાદના કારણે શહેરના મોટાભાગના વિસ્તારમાં લોકોએ આફતનો સામનો કરવો પડ્યો હતો, પરંતુ વરસાદે વિરામ લીધા બાદ આફત ટળતા જ લોકો મેળાની મોજ માણવા પહોંચી ગયા હતા. મેળાના મેદાનમાં લોકોની હાજરી જોઈ રાઈડ્સવાળા લોકોના જીવમાં પણ જીવ આવ્યો હતો. તંત્ર દ્વારા પણ મેળાની મુદતમાં ૮ દિવસનો વધારો કરવામાં આવ્યો છે. હવે જામનગર શહેરમાં હવે ૧૧ સપ્ટેમ્બર સુધી મેળો ચાલશે.

જામનગર શહેરમાં આ ત્રણ દિવસ દરમિયાન જ ૨૦ ઈંચ કરતાં વધુ વરસાદ ખાબકતા મેળાના મેદાનથી લઈ લોકોનાં ઘર સુધી જળબંબાકારની સ્થિતિ સર્જાઈ હતી. લોકો ઘરની બહાર જ નીકળી શક્યા ન હતા અને તંત્રએ પણ સલામતીના ભાગરૂપે મેળો બંધ રાખવાની જાહેરાત કરી હતી.

જામનગર શહેરમાં શુક્રવારથી જ વરસાદે વિરામ લેતા તંત્ર દ્વારા મેળો શરૂ કરવાની મંજૂરી આપવામાં આવી હતી. શનિવારથી મેળો શરૂ થતા જ પ્રદર્શન મેદાનમાં માનવ મહેરામણ ઊમટી પડ્યું હતું અને મોટી સંખ્યામાં શહેરીજનોએ મેળાની મોજ માણી હતી. ■

# મુંદરા નગરપાલિકાની મહિલા પ્રમુખ અને મહિલા મામલતદાર વચ્ચેની 'કેટ ફાઈટ' ચર્ચાના ચગડોળે

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ અતિભારે વરસાદ બાદ ઊભી થયેલી પાણીજન્ય સમસ્યાઓથી ઘેરાઈ ગયેલા કચ્છના પેરિસ તરીકે ઓળખાતા મુંદરા શહેરને ફરી ધબકતું કરવા માટે ત્વરિત પગલાં ભરવાના બદલે અત્રેના મામલતદાર અને મુંદરા નગરપાલિકાના મહિલા અધ્યક્ષા વચ્ચે જાહેરમાં તું-તું મેં-મેં થયા બાદ નગરપાલિકાના પ્રમુખે મામલતદાર ઉદ્ધતાઇથી વર્તતા હોવાનું જણાવી તેમની સાથે મળીને હવે પછી કોઈ જ કામ નહીં થઈ શકે તેમ જાહેર કરી પોતાના હાથ અદ્ધર કરી દેતાં નાગરિકો દ્વારા ચૂંટાયેલાં પ્રતિનિધિઓ અને વહીવટી તંત્રમાં ભારે ચકચાર પ્રસરી ગઈ છે.

જાણવા મળેલી વિગતો અનુસાર, બે દિવસ અગાઉ આફતગ્રસ્ત કચ્છની મુલાકાતે આવેલા પ્રભારી મંત્રી પ્રફૂલ પાનશેરિયાએ ભુજમાં અધિકારીઓ સાથે સમીક્ષા બેઠક યોજી હતી જેમાં મંત્રીએ યુદ્ધના ધોરણે કચ્છને ફિનિક્સ પક્ષીની જેમ બેઠું કરવા માટે કરેલી તાકીદના પગલે સ્થાનિક તંત્ર દ્વારા અન્ય વિસ્તારોની જેમ મુંદરાના અસરગ્રસ્ત વિસ્તારોનો સર્વે હાથ ધર્યો હતો. ભાજપશાસિત પાલિકાના પ્રમુખ રચનાબેન જોશીએ જણાવ્યું હતું કે, આ અંગે મામલતદારે પાલિકાના લાગતાં વળગતાંઓને સંદેશા મોકલી દીધાં હતાં. ત્યારબાદ સર્વેની કામગીરી અંતર્ગત પૂર અસરગ્રસ્ત વોર્ડ નંબર ત્રણમાં પાલિકા પ્રમુખ સહિતના પદાધિકારીઓ સ્થળ પર પહોંચ્યાં હતાં. મામલતદાર કલ્પનાબેન ગોંદિયા કારમાં ત્યાં આવ્યાં હતાં.

રચનાબેનના આરોપ મુજબ ચાર ફૂટ ભરાયેલાં પાણીમાં અમારી સાથે આવવાનો મામલતદારે સ્પષ્ટ ઈનકાર કરી દીધો હતો અને તમે અમારા બોસ નથી કહીને ગાડીમાંથી નીચે ઉતાર્યા વગર નીકળી ગયાં હતાં.

આવા સમય અને સંજોગોમાં સરકારી તંત્રોએ પરસ્પરના સંકલન અને સહકારથી કામ કરવું જોઈએ તેના બદલે મામલતદારે પાલિકા કંઈ જ કામ કરતી નથી અને અમે જ બધું કરીએ છીએ તેવો અભિગમ દાખવીને ગેરવર્તાવ કર્યો હતો. એટલું જ નહીં, કલ્પનાબેને રચનાબેનને જાહેરમાં કહી દીધું હતું કે 'તમારે જ્યાં મારી ફરિયાદ કરવી હોય ત્યાં કરી લેજો'

મામલતદારની ઉદ્ધતાઈથી રોષે ભરાઈને મહિલા પ્રમુખ રચનાબેન પૂર્વ પ્રમુખ અને નગરસેવક કિશોરસિંહ પરમાર, કારોબારી ચેરમેન ભોજરાજ ગઢવી સહિતના નગરસેવકો તથા સ્થાનિક અસરગ્રસ્તોને લઈ મામલતદાર કચેરીએ પહોંચ્યાં હતાં.

કચેરીમાં પણ મામલતદાર અને પ્રમુખ તથા પાલિકા પદાધિકારીઓ વચ્ચે ઉગ્ર બોલાચાલી થતાં માહોલમાં ગરમાવો આવી ગયો હતો. કારોબારી ચેરમેન ગઢવીએ મામલતદાર કલ્પનાબેનને તાત્કાલિક હટાવીને બીજા સક્ષમ અધિકારીને મૂકવા માધ્યમો સમક્ષ રજૂઆત કરી છે. બીજી તરફ, કલ્પનાબેનનો સંપર્ક કરતાં તેમણે આવી કોઈ ઘટના ઘટી ના હોવાનું અને તેમના પર થયેલાં આરોપ તથ્યહિન હોવાનું જણાવી વધુ અભિપ્રાય આપવાનું ટાળ્યું હતું. ઉલ્લેખનીય છે કે, વિવાદોના કેન્દ્રમાં આવી ગયેલાં કલ્પનાબેન ગોંદિયા અગાઉ ભુજમાં મામલતદાર તરીકે ફરજ બજાવતાં હતાં. ■

# ભાવનગરમાં ભાદેવાની શેરીમાં વધુ એક જર્જરિત મકાન ધરાશાયી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ભાવનગરમાં વધુ એક જર્જરિત મકાન ધરાશાયી થવા પામ્યું હતું. જો કે કોઇ જાનહાનિ થઇ ન હતી. હજુ બે દિવસ પહેલા જ શહેરમાં જૂનું મકાન ધરાશાયી થયું હતું ત્યાં બે દિવસમાં આ બીજી દુર્ઘટના સર્જાઇ છે.

ભાવનગર મહાનગરપાલિકા દ્વારા દર વર્ષે ચોમાસામાં સતત ભારે વરસાદથી જર્જરિત મકાનો પડવાના કારણે થતી જાનહાનિ અટકાવવા માટે જાહેર ચેતવણી આપી જર્જરિત ઇમારતોના આસામીઓને મકાન ઉતારી લેવા અથવા મરામત કરી લેવા તાકીદ કરવામાં આવે છે. પરંતુ આવી કોઇ કામગીરી ન થતા શહેરના ભાદેવાની શેરીમાં જર્જરિત મકાન ધરાશાયી થયું હતું.

જોકે જર્જરિત મકાન ધરાશાયી થતા સદ્‌નસીબે કોઇ જાનહાનિ થઇ નથી. શહેરમાં હજુ આવા કેટલાય મકાનો, શોપિંગ સેન્ટરો જર્જરિત હાલતમાં હોય કોઇ જાનહાનિ થાય તે પહેલા નગરપાલિકા દ્વારા મકાનો ઉતારી લેવા, મરામત કરવામાં આવે તેવી માગ ઊભી થવા પામી છે. નગરપાલિકા દ્વારા કોઇ જાનહાનિ થાય તે પહેલા પોતાના વિવિધ કોમ્પલેક્ષ, વિવિધ વિસ્તારમાં આવેલા શોપિંગ સેન્ટરો, બહુમાળી બિલ્ડિંગોનો સર્વે કરી યોગ્ય પગલાં ભરવા માગ ઊભી થઇ છે.

ચોમાસામાં ભારે વરસાદના કારણે અકસ્માત થતાં કોઇ જાનહાની સર્જાય તે પૂર્વે ઇમારતો રિપેર કરવા અથવા ઉતારી લેવા જાહેર ચેતવણી આપ્યા બાદ આવા આસામીઓને નગરપાલિકા નોટિસ ફટકારે છે, પરંતુ નગરપાલિકાની મિલકતો જ જર્જરિત હાલતમાં હોય નગરપાલિકાને કોણ નોટિસ આપશે તેવો પ્રશ્ન નગરજનોમાં ઊભો થયો છે.

શહેરમાં આવા અનેક જર્જરિત મકાન હોય હજુ પણ આવા બનાવો બનવાની શક્યતા વ્યકત કરવામાં આવી છે અને ભાવનગર નગરપાલિકા દ્વારા તાત્કાલિક ધોરણે આવા જર્જરિત મકાનનું રિપેરિંગ કામ હાથ ધરવામાં આવે તેવી માગ ઊઠવા પામી છે. ■

# જામનગર જિલ્લામાં અતિવૃષ્ટિથી ૮૩,૭૩૪ હેકટર વાવેતર વિસ્તારમાં પાક નુકસાનની આશંકા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ જામનગર જિલ્લામાં અતિભારે વરસાદથી ૮૩૭૩૪ હેકટર વાવેતર વિસ્તારમાં પાક નુકસાનની આશંકા વ્યક્ત કરવામાં આવી છે. જિલ્લા પંચાયતના ખેતીવાડી વિભાગના પ્રાથમિક સર્વેના અંદાજમાં જિલ્લામાં અતિભારે વરસાદથી કુલ ૩,૨૧,૧૭૭માંથી ૨૬ ટકા વાવેતર વિસ્તાર અસરગ્રસ્ત થયાનું નોંધાયું છે. જો કે, સ્થળ સર્વે બાદ નુકસાનીનો આંકડો સ્પષ્ટ થશે. સમગ્ર જિલ્લામાં કપાસ, મગફળી, તલ, ડુંગળી, અડદ, તુવેર, અજમાના પાકનું મોટાપાયે ધોવાણ અને સૂકાઇ ગયો હોવાનું ખેડૂતોએ જણાવ્યું હતું.

જામનગર જિલ્લામાં અતિવૃષ્ટિના કારણે તમામ તાલુકામાં ખેતરોમાં ઊભેલા પાકને મોટાપાયે નુકસાન થયાની ફરિયાદ ખેડૂતોમાં ઊઠી છે. ત્યારે જિલ્લા પંચાયત ખેતીવાડી વિભાગ દ્વારા કરાયેલા પ્રાથમિક સર્વેના અંદાજમાં જિલ્લામાં કુલ ૮૩૭૩૪ હેકટર વાવેતર વિસ્તાર ભારે વરસાદના કારણે અસરગ્રસ્ત થયો છે, જેમાં તમામ તાલુકામાં કપાસ, મગફળી, તલ, ડુંગળી, અડદ, તુવેર, અજમાના પાકને વ્યાપક નુકસાન થયાનું નોંધાયું છે. જો કે, સ્થળ સર્વે હજુ બાકી હોય નુકસાનીનો આંકડો ત્યારબાદ સ્પષ્ટ થશે.

જિલ્લાભરમાં અતિવૃષ્ટિના કારણે કુલ ૩૮૮ ગામમાં ખેડૂતોના પાકને નુકસાન થયું છે, જેમાં મોટાભાગે પાકનું ધોવાણ, સૂકાઇ જવો, ઢળી જવો, સૂયા ઉંચકાઇ જવાના કારણો જાણવા મળ્યા છે. એકમાત્ર ધ્રોલ તાલુકામાં ઉંડ અને આજી ડેમના પાણી છોડાતા નદીકાંઠાના ગામોમાં પાકનું ધોવાણ થયું છે.

જ્યારે અન્ય તાલુકામાં ભારે વરસાદ તથા ડેમ ઓવરફલો થતાં પાણી છોડાતા ખેતરોમાં પાણી ભરાઇ જતા પાકને વ્યાપક નુકસાની થઇ છે. આટલું જ નહીં વરસાદના કારણે મગફળી, કપાસ સહિતના પાકમાં રોગચાળાનો ખતરો પણ તોળાઇ રહ્યો છે. આથી ખેડૂતોની મુશ્કેલી વધશે. બીજી બાજુ પાકનું ધોવાણ થતાં ઉત્પાદન ઘટશે. આથી આગામી દિવસોમાં ગુણવતાયુકત પાકના ભાવમાં વધારો થવાની શક્યતા પણ જોવા મળી રહી છે. ■

# નારાયણ સરોવર-કોટેશ્વર માર્ગ ભારે વાહનો માટે બંધ કરાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ જમીન પર સર્જાયેલા દુર્લભ ડીપ ડિપ્રેશનના લીધે આફત થઈને વરસેલા ભારે વરસાદથી રાજ્યની સાથે સરહદી કચ્છમાં તારાજી સર્જાઈ છે. અબડાસા, લખપત, માંડવી, નખત્રાણા, નારાયણ-સરોવરના મોટા ભાગના વિસ્તારોમાં હજુ પણ વરસાદી પાણી ઓસર્યા નથી અને માર્ગોનું ધોવાણ થઇ જતાં વાહન-વ્યવહારને માઠી અસર પહોંચી છે અને જીવન-જરૂરિયાતની ચીજ-વસ્તુઓનો પુરવઠો પણ ખોરવાયો છે. પૌરાણિક તીર્થધામ નારાયણ સરોવર અને તેની આસપાસના વિસ્તારોને જોડતા મહત્ત્વના બંધારા પાસે રસ્તાનું ધોવાણ થતાં મોટાં વાહનોની અવરજવરને બંધ કરી દેવામાં આવી છે.

નારાયણ સરોવર ફાટક પરથી સરહદી સલામતી દળના ઓલ ટેરેન વાહનોમાંથી સર સામાન લોડ કરી ચોકીઓ ઉપર પહોંચાડવામાં આવી રહ્યો છે, કારણ કે, ગુહર પાપડીમાં પણ પાણી ભરાયેલું હોવાનું અત્રેના પ્રાંત અધિકારી સૂરજ સુથારે જણાવ્યું હતું.

લક્કીનાળા કેમ્પોમાં માલસામાન માટે નાના વાહનોની મદદ લેવામાં આવી રહી છે. બહારથી આવતી યાત્રિક બસોને પણ ફાટક પાસે રોકી નાના વાહનો મારફતે પોલીસ દ્વારા જવા સૂચનાઓ આપવામાં આવી રહી છે. ના.સરોવર સહિત સેહ, કનોજ, ગુહર સહિતના છેવાડાના ગામની અધિકારીઓએ મુલાકાત કરી હતી.

બી.એસ.એફ. બી.ઓ.પી, કમળાદેવી મંદિર, ના. સરોવર પ્રાથમિક શાળા, ઝૂલેલાલ મંદિર, હૉટેલ તોરણ ખાતે પણ વરસાદી પાણી ભરાયેલાં છે તેમજ આ સીમાવર્તી વિસ્તારોમાં વીજ સમસ્યા યથાવત્ રહેતાં લોકો પારાવાર મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે.

દરમિયાન, રાજ્યમાં સૌથી વધુ ૧૭૭ ટકા ખાબકેલા વરસાદના કારણે રાજ્ય પરિવહન વિભાગને વ્યાપકપણે અવળી અસર પહોંચી છે. છેવાડાના અબડાસા તાલુકાના વડા મથક નલિયા એસ.ટી. ડેપોના મહત્ત્વના બે રૂટ પણ માર્ગ અવરોધના બંધ થવા પામ્યા હોવાનું જાણવા મળી રહ્યું છે. નલિયા એસ.ટી. ડેપોની બસો નલિયાથી માંડવી અને નલિયાથી બીટા નખત્રાણા રૂટ, બારાથી ગુડથરવાળા મતિયા દેવ રૂટ અને માતાના મઢ રૂટની બસોને જ્યાં સુધી માર્ગ પૂર્વવત ના થાય ત્યાં થોભાવી દેવામાં આવતાં લોકોની હાલાકીમાં વધારો થયો છે.

શુક્રવારથી નીકળેલી વરાપ વચ્ચે હજુ પણ અનેક નદીઓ કોઝવે પરથી વહી રહી હોવાથી વાહનવ્યવહારને અસર પહોંચી રહી હોવાનું નલિયા એસ.ટી. ડેપોના અધિકારી ચંદનસિંહે જણાવ્યું હતું. ■


સફેદ કમળનું તળાવ ક્યાંક અને ક્યારેક જ જોવા મળે. ભાવનગર જિલ્લાના દેવલી અને પીપરલા ગામ વચ્ચે કાચા રસ્તે દેવલી ગામનું તળાવ આવે છે. અહીં સફેદ કલરના કમળ હજારોની સંખ્યામાં સૂર્યના કિરણો સાથે ઊગે છે. શિવભક્તો અહીં મોટી સંખ્યામાં કમળ લેવા આવે છે. (તસવીરઃ વિપુલ હિરાણી)

# ભાવનગરના કોળિયાક દરિયામાં ભાદરવી અમાસના મેળામાં હજારો ભાવિકો દરિયાઈ સ્નાન કરશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ રવિવારે ચૌદશીની રાત્રિથી ભાવનગર નજીકના કોળિયાક ખાતે દ્વિદિવસીય ભાતીગળ લોકમેળાનો પ્રારંભ થયો છે. જે સોમવતી અમાસને તા.૨-૯ને સોમવાર સુધી સતત ૨૪ કલાક ચાલશે. જેમાં ગુજરાત રાજ્ય જ નહિ બલકે અન્ય પરપ્રાંતોમાંથી પણ આવેલા લાખો શ્રદ્ધાળુઓ કોળિયાકના શ્રદ્ધેય નિષ્કલંક મહાદેવજીના દરિયામાં પૂજન અર્ચન કરી દરિયામાં અમાસનું પવિત્ર સ્નાન કરીને નિષ્કલંક થશે.

દેવાધિદેવ મહાદેવની આરાધનાના પાવનકારી શ્રાવણ માસના અંતિમ દિવસને અનુલક્ષીને તા.૧ સપ્ટેમ્બરના રોજ પાંચમાં શ્રાવણિયા સોમવારે ભાદરવી (સોમવતી)અમાસના પર્વે વહેલી સવારથી જ ગોહિલવાડના પ્રાચીન અને અર્વાચીન શ્રદ્ધેય શિવાલયોમાં ભાવિકો હર હર (મહાદેવ)ને રિઝવવા માટે જળાભિષેક, દુગ્ધાભિષેક બીલીપત્ર અને ચોખા ચઢાવવા માટે બહોળી સંખ્યામાં ઊમટી પડશે. સોમવારે દિવંગત પિતૃઓના તર્પણ અને શ્રાદ્ધ માટેની સર્વોત્તમ તિથિ હોય પિતૃકાર્યો સંપન્ન કરવા માટે હરિ (વિષ્ણુ) ભગવાનનું શાસ્ત્રોકત રીતે વિધિવિધાનપૂર્વક પૂજન અર્ચન કરાશે.

કોળિયાકમાં વર્ષોથી ચાલી આવતી પરંપરા પ્રમાણે સૌ પ્રથમ ભાવનગર ગોહિલવંશના રાજવી પરિવાર દ્વારા શાસ્ત્રોકત પૂજનવિધિ સાથે ધ્વજા ચઢાવાતી હોય શનિવારે શહેરના નિલમબાગ પેલેસ ખાતે રાજવી પરિવારના હસ્તે ધ્વજાજીનું વિધિવિધાનપૂર્વક પૂજન અર્ચન કરી નિષ્કલંક મહાદેવજીની ધ્વજાને કોળિયાક તરફ પ્રસ્થાન કરાવાયું હતું. આ ધ્વજાને સોમવારે સવારે મંગલ મુર્હૂતે વાજતે ગાજતે નિષ્કલંક મહાદેવજીને ચઢાવવામાં આવશે. ત્યારબાદ પરંપરાગત રીતે લોકમેળાને ભાવિકો માટે ખુલ્લો મૂકવામાં આવશે. પવિત્ર સમુદ્ર સ્નાન માટે રજા મળતાની સાથે જ મોડી રાતથી સમુદ્ર તટે આતુરતાથી રાહ જોતા ભાવિકો હર હર મહાદેવના જયઘોષ સાથે સમુદ્ર ભણી દોટ મૂકી મધદરિયે બિરાજમાન નિષ્કલંક મહાદેવના દર્શન, પૂજન અર્ચન કરી સમુદ્ર સ્નાન કરશે. આ દરમિયાન કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે પોલીસ, આરોગ્યનો સ્ટાફ, તરવૈયાઓની ટીમ વગેરે સરકારી તંત્ર ખડેપગે રહેશે. મેળામાં આવનાર ભાવિકો માટે સુસજ્જ કોળિયાક ગ્રામ પંચાયત દ્વારા રાઉન્ડ ધ કલોક કન્ટ્રોલ રૂમ પણ કાર્યરત રહેશે. દરમિયાન રવિવારે મોડી સાંજથી શરૂ થયેલા કોળિયાકના આ દ્વિ-દિવસીય લોકમેળાનું સોમવારે ભજન, ભોજન અને ભકિતના ત્રિવેણી સંગમ સાથે સમાપન થશે. ■

# દ્વારકા નગરી બની "ખાડા નગરી"

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ યાત્રા ધામ દ્વારકામાં આવેલા ઇસ્કોન ગેઇટથી નાગેશ્વર જ્યોતિર્લિંગ મહાદેવ મંદિર સુધી ખાડાઓનું સામ્રાજ્ય જોવા મળે છે. દ્વારકાથી નાગેશ્વર જ્યોતિર્લિંગ મંદિર સુધી છેલ્લા કેટલાક સમયથી આ રસ્તા પર ઠેર ઠેર ખાડાઓ પડી ગયાં છે. એવું લાગે કે આ કોઈ રસ્તો નથી પરંતુ ખાડામાં બનેલું શહેર છે, લોકો હવે ભગવાનનું નામ લઈને ઘરની બહાર નિકળી રહ્યાં છે.

શ્રાવણ માસ દરમિયાન ભગવાન નાગેશ્વર જ્યોતિર્લિંગ દર્શન કરવા જતાં વાહનચાલકો રસ્તાને કારણે ભારે પરેશાનીનો સામનો કરી રહ્યા છે. આ અંગે દ્વારકાનાં વકીલે દેવભૂમિ જિલ્લા કલેકટર તેમ જ પીએમો પોર્ટલ પર ફરિયાદ કરી છે. ઘરની બહાર નિકળતી વખતે ભારે સમસ્યાનો સામનો કરવો પડે છે, જયારે રોડ પર ઈમરજન્સી એમ્બ્યુલન્સ નિકળે છે ત્યારે ડ્રાઈવરને સૌથી વધારે તકલીફ પડે છે. આગામી સમયમાં આ ખાડા નહીં પૂરાય તો સ્થાનિકોએ ધરણા કરવાની ચીમકી ઉચ્ચારી છે.

જામ ખંભાળિયામાં ભારે વરસાદને પગલે વિવિધ રસ્તાઓ પર તોતિંગ ખાડાઓનું સામ્રાજ્ય જોવા મળે છે. શહેરના મુખ્ય માર્ગો ખખડધજ બનતા વાહનચાલકો સહિત નગરજનો ત્રાહિમામ્ પોકારી ઊઠયા છે. એવું લાગે છે કે આખો રોડ ઊખડી ગયો છે. નગરપાલિકા જલદીથી રોડ રિપેર કરાવે તેવી માગ ઊઠી છે. ■

# કંડલામાં અત્યંત જ્વલનશીલ હાઈસ્પીડ ડીઝલનું વહન કરતી લાઈનમાં લીકેજથી દોડધામ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ કચ્છના બંદરીય કંડલામાં જ્વલનશીલ પ્રવાહીનું વહન કરતી પાઇપલાઈનમાં લીકેજ થવા લાગતાં દોડતી થયેલી દિન દયાલ પોર્ટ ઓથોરીટીના ફાયર વિભાગની ટુકડીએ તાબડતોબ લીકેજ બંધ કરી મોટી દુર્ઘટના થતી અટકાવી હતી.

આ અંગે કંડલાના પોલીસ ઇન્સ્પેકટર વાળાએ માહિતી આપતાં જણાવ્યું હતું કે, સી.આર.એલ. અને ઈફકોની સામે હાઈસ્પીડ ડીઝલ વહન કરતી બી.પી.સી.એલ.ની ૨૪ ઈંચની પાઇપલાઈનમાં એકાએક લીકેજ થવા સાથે અત્યંત જ્વલનશીલ ઈંધણ બહાર ઢોળાવા લાગ્યું હતું.

આ ગંભીર બાબતની જાણ થતાં ડીપીએ પ્રશાસનની ટુકડીએ એક્શનમાં આવીને આ લીકેજ અટકાવ્યું હતું. પ્રાથમિક તપાસમાં આ લાઈનમાં વધુ પડતા પ્રેશરના કારણે લીકેજ થયું હોય તેવું જાણવા મળ્યું હતું. ચોરીનો પ્રયાસ કરાયો હોવાનું પ્રથમ દૃષ્ટિએ લાગતું નથી, તેમ છતાં આવું કાંઈ જણાશે, તો પોલીસ વિધિવત રીતે ફરિયાદ લેવા તૈયાર હોવાનું વાળાએ ઉમેર્યું હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે, મહાબંદર કંડલામાં જ્વલનશીલ ઈંધણ વહન કરતી લાઈનોમાં સુરક્ષા જોખમાવીને કેટલાક તેલ ચોર તત્ત્વો ચોરી કરતા હોવાની ફરિયાદ વર્ષો જૂની છે. પોલીસ પ્રશાસન દ્વારા સમયાંતરે આવી ટોળકીને પકડવા સહિતની કામગીરી કરવામાં આવે છે, તેમ છતાં આ બદી અટકવાનું નામ નથી લેતી. રાષ્ટ્રીય સંપત્તિને નુકસાન પહોંચાડવાની આ હિલચાલથી મોટી દુર્ઘટના થવાની શક્યતા રહેલી હોવાનું જાણકારો જણાવી રહ્યા છે. ■

# થાનગઢમાં અતિભારે વરસાદના કારણે સિરામિક ઉદ્યોગને મોટું નુકસાન

અમદાવાદઃ થાનગઢમાં વરસેલા અતિભારે વરસાદના કારણે સિરામિક ઉદ્યોગને ભારે નુકસાન થયું છે. થાનગઢમાં વરસેલા ધોધમાર વરસાદના કારણે ઠેર ઠેર તારાજી સર્જી હતી અને અનેક વિસ્તારોમાં કારાખાનામાં ખરાબી સર્જાઈ છે. આ વરસાદી પાણીના કારણે અનેક વિસ્તારોમાં નુકસાન જોવા મળ્યું છે. વગડિયા રોડ ઉપર આવેલા સિરામિક ઉદ્યોગમાં પાણી ભરાવવાના કારણે નુકસાન થયું હતું. આ નુકસાનમાં સિરામિક ઉદ્યોગમાં વપરાતા રો મટિરિયલ તેમ જ તૈયાર થયેલો કાચો માલ અને પેકિંગ થયેલા માલને મોટું નુકસાન પહોંચતા કારખાનેદારોને ભારે આર્થિક નુકસાન વેઠવાનો વારો આવ્યો છે. વરસાદના કારણે થયેલા નુકસાનની હજુ દિવસો વીતી ગયા હોવા છતાં બગડી ગયેલા માલની કારખાનેદારો સફાઈ કરાવી રહ્યા છે. આગામી સમયમાં જો વરસાદ વરસે તો હજુ વધારે નુકસાન ભોગવવાની ભીતિ કારખાનેદારો સેવી રહ્યા છે. વગડિયા રોડ ઉપર પુલનું કામ ચાલુ છે અને આ પુલના કામને કારણે ડાયવર્ઝન આપવામાં આવેલું હોવાથી ઉપરના ભાગે પાણી ભરાવાના કારણે આ કારખાનામાં પાણી ઘૂસ્યા હતા તેવું કારખાનેદારો જણાવી રહ્યા છે. ઉદ્યોગમાં હાલ સિરામિકનું ઉત્પાદન બંધ છે, ત્યારે ફરી આ રીતે પાણી ન ભરાય અને તાત્કાલિક પુલનું કામ પૂર્ણ થાય તેવી સિરામિક ઉદ્યોગકારો માગણી કરી રહ્યા છે. ■